રસદર્શન



આદર્શ પ્રકાશન : ૧૪

ઈ. સ. ૧૯૪૪ની સાલનો 'કુમારચંદ્રક' મેળવનાર લેખમાળા

રસદર્શન

લેખક

ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

આદર્શ પુસ્તક ભંડાર ભદ્ર—અમદાવાદ

સોલ એજન્ટ

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

ત્રણ દરવાજા : અમદાવાદ

રસદર્શન

પ્રથમ વાર, એપ્રિલ '૪૭

મૂલ્ય

૨—૧૨—૦

પ્રકાશક

રતિલાલ એચ. શાહ

યુગધર્મ કાર્યાલય

પ્રિન્સેસ સ્ટ્રીટ

મુંબઈ


મુદ્રક

મણિલાલ કલ્યાણદાસ પટેલ

શ્રી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ

પાંચકૂવા દરવાજા બહાર

અમદાવાદ


રસદર્શન

પ્રવેશક

બનો* મેરા આપે રંગીલો !
આપે છબિલો ! પ્રિયા મિલન કો જાય ! [1]

બડી ધૂન મચાવતો, વાજતેગાજતે, ફૂલો અને અત્તર ઉડાવતો, કોઈ એક વરરાજા, ઘોડે ચડીને જાન લઈને ચાલ્યો....

જાન વેવાઈને ત્યાં પહોંચી ગઈ. ભારે મિષ્ટાન્ન જમીને, મોટી ઉમ્મરનાં સ્ત્રીપુરુષો તો ઘોરવા લાગ્યાં.

બહાર શરદપૂર્ણિમાનો ચંદ્ર ઊગ્યો છે, અને રસિક કિશોરકિશોરીઓ, સંતાકુકડીની રમત રમવા વૃક્ષોની ઘટા છે ત્યાં, છાયા અને પ્રકાશમાં, પહોંચી ગયાં છે.

લગ્ન તો હજી બે દિવસ પછી થવાનાં છે, અને પૂર્ણિમા ફરી ફરીને આવી ઊગવાની નથી.

(બનો) પ્રીતમ અને પ્રિયા પણ એ સંતાકુકડીની રમતમાં જોડાયાં છે. એમના સુખની કલ્પના કરો, એટલે તમને મારું 'રસદર્શન' સમજાશે.

તા. ૨૩-૩-'૪૭, વિલેપારલે, મુંબઈ — લેખક

---

* વરરાજા ૧ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં ગવાતા એક લગ્નગીતમાંથી આ કાવ્યટૂંકની પહેલી લીટી ઊંચકી લીધી છે.

આ જ ધાટીનું લેખકનું બીજું પુસ્તક

નાના હતા ત્યારે

'શિક્ષણ અને સાહિત્ય' જેવું અગ્રણી માસિક એના વિશે લખે છે :

'દરેક નવયુવક યુવતીએ વાંચવા જેવી જીવનકથા આ છે. તેમાં જીવનરસની પિપાસા સાથે સદાચારનો ઉત્કટ આગ્રહ, અને તેને માટે જાગૃતિ જોવા મળે છે તે ગમે એવાં છે; અને, જે નિરાડંબરી શૈલીથી પોતાની વાત દાક્તર સાહેબ કહે છે, એ એમના સાદા સ્વભાવનું બરોબર પ્રતિબિંબ છે. અને, એ આખા કથનમાં મજેદાર આછા વિનોદની છાંટણી સાથે ગંભીરતા પણ મેળવાય છે. એવી દાક્તરની ભાષણશૈલી આ એમના લખાણુમાં ય જોવા મળે છે. ખાસ તો ગૂજરાતીઓ માટે એમનો પ્રેમ વાચકને ચેપક નીવડે એવો છે.'

મૂલ્ય અઢી રૂપિયા

મળવાનું મુખ્ય મથક

આદર્શ પુસ્તક ભંડાર

ભદ્ર : અમદાવાદ

અર્પણ

સૌન્દર્યનારાયણને—

અમારાં પ્રકાશનો

ઘુવડ બોલ્યું	નીરુ દેશાઇ	૨–૪
પરિહાસ	સ્વ. પ્રોફે. નવલરામ જ. ત્રિવેદી એમ. એ.	૨–૮
શેષ વિવેચનો	,,	૨–૦
વૃજરાણી	સ્વ. પ્રેમચંદજી	૩–૮
વિવાહ–મંદિર	સ્વ. નારાયણબાબુ	૩–૦
નાના હતા ત્યારે	ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ	૨–૮
પ્રેમ અને પૂજા ભા. ૧–૨	'દર્શક'	૫–૦
અજ્ઞાતા	ચુ. વ. શાહ	૧–૮
વિસર્જન	અનુ. 'પલાશ'	૨–૮
બહિષ્કાર	'પલાશ'	૩–૦
બંદૂક અને તેનું શાસ્ત્ર	સ્વ. કૅપ્ટન મોડક	૧-૧૨
પ્રવાસી ભાગ ૧–૨	પ્રો. ના. સી. ફડકે	૪–૪
એક પુસ્તકની આત્મકથા	મણિલાલ વ્યાસ	૦-૪
અવશેષ વિવેચનો	સ્વ. નવલરામ જ. ત્રિવેદી	છપાય છે
કલાદર્શન	ડૉ. હરિપ્રસાદ વ્ર. દેશાઈ	,,
રાજકારણના પાયા	પ્રો. હેરોલ્ડ લાસ્કી	,,
	અનુ. નીરુ દેશાઈ	,,
શિક્ષણસાધના	ક્ષિતિમોહન સેન	,,
પતિવ્રતા	જૈનેન્દ્રકુમાર	,,

આદર્શ પુસ્તક ભંડાર

ભદ્ર : **અમદાવાદ.**

રસદર્શન

[૧]

પચાસ વર્ષની વાત છે. ત્યારે હું સત્તર વર્ષનો હતો. સરસ્વતીચંદ્રનો પહેલો ભાગ વાંચ્યો હતો. એમાં 'કુસુમમાળા'માંના 'ચંદા' કાવ્યનું અવતરણ મને બહુ જ ગમેલું :

> 'મેઘ પેલો મસ્તીખોરો, મુજને રંજાડવા
> કંઈ યુક્તિઓ બહુવિધ કરે ભંગાણ સુખમાં પાડવા !'

એ ઉપરાંત, સ્વ. નારાયણ હેમચંદ્રની 'ગૃહજીવનનાં વિશુદ્ધ સુખો'ની કેટલી યે બંગાળી નવલકથાઓ અને નવલિકાઓ વાંચી હતી તેનાથી મુગ્ધ થયો હતો.

ન્યૂ ઈંગ્લિશ સ્કૂલમાં હું છઠ્ઠા ધોરણમાં હતો ત્યારે કવિતામાં અમારે ગોલ્ડસ્મિથની 'ટ્રાવેલર' કવિતા ચાલતી.

શ્રી. નગીનલાલ દેસાઈ (જેઓ સદ્‌ભાગ્યે આજે પણ હયાત છે તે) અમારા અંગ્રેજીના વર્ગો લેતા. એ 'ટ્રાવેલર' ('મુસાફર') કાવ્યનું થોડુંક ભાષાન્તર ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં આપેલું છે. એ ભાષાન્તર સાથે વંચાવીને માસ્તરે અમને એ કાવ્યમાં અને ગોલ્ડસ્મિથના બીજા કાવ્ય 'ડેઝર્ટેડ વિલેજ' ('ઉજ્જડ ગામ')માં બહુ રસ લગાડ્યો :

'ઘર તજી ભમું હું દૂર, સ્વજનહીન, ઉર ભરાઈ આવે,
નહિ ચરણ ઊપડે હુંથી શોકને માર્યે;
ધીમીધીમી 'શેલ્ટ' વહી જતી, 'પો' નદી છંદે,
ભમી ભમી મૂક્યા નિઃશ્વાસ ત્યાં જ મન મંદે.'

ડાકોર પાસેનું અમારું બ્રહ્મક્ષત્રિયોનું મૂળ અલિણા ગામ છોડી, અમે બધા શહેરી જીવનના મોહમાં પડીને તેમ જ પુરુષાર્થ ખેડવા માટે અમદાવાદ નાસી આવ્યા તેથી તે ઉજ્જડ થયેલું ગામ મેં જાતે જોયેલું હતું; એટલે, 'ડેઝર્ટેડ વિલેજ'ની છાપ હું આબાદ રીતે મનોગત કરી શક્યો.

મારા પિતાજીની ગામપરગામ બદલીઓ બહુ થયેલી, ત્યારે અમે સંજોગવિજોગનાં સુખદુઃખ પણ વેઠ્યાં હતાં. ગોલ્ડસ્મિથની કવિતામાં માસ્તરે મને એવો તો રસ ઉત્પન્ન કરાવ્યો કે, ત્યારથી જીવનની ઊંડી વ્યથાઓ અને ભાવનાઓ માટેનું સંવેદન મારામાં જાગૃત થયું; એટલું જ નહિ, પણ બીજી બાજુ સૃષ્ટિસૌન્દર્ય પણ જોતાં આવડ્યું.

થોડા જ વખતમાં મારે જૂનાગઢ જવાનું થયું; ને આમ, અકસ્માતે, ગોલ્ડસ્મિથ તથા ગિરનારની ઓળખાણ જીવનમાં સાથેસાથે થઈ. જનાગઢમાં ઉપરકોટના ઈશાન

ખૂણે એક એકાન્ત સ્થળ શોધીને મેં ગિરનારનું અનંત સૌન્દર્ય એક સાંજે જોયા જ કર્યું....જોયા જ કર્યું.

બીજે દિવસે પ્રાતઃકાળથી અમે ગિરનારનાં શિખરો પર ચડવાનું શરૂ કર્યું. ત્યારે પણ જેમજેમ ઊંચા ચડીએ તેમ તેમ લીલાં ખેતરો, પર્વતમાળા, સરિતાઓ અને વનોની શોભા વખતોવખત વધતી જતી લાગતી હતી. એ ગિરિ-પ્રદેશની રમણીયતાથી મને બહુ જ આનંદ થયો. એ દિવસથી સૌંદર્યલોકમાં જે પ્રવેશ મળ્યો છે તેણે મારા જીવનને બહુ અગત્યનો પલટો આપ્યો છે; અને, તે દિન-પ્રતિદિન વધારે ને વધારે સુખદાયક થતો ગયો છે.

ત્યારે ન્હાનાલાલ કવિ ગૂજરાતી સાહિત્યાકાશના પૂર્વ ક્ષિતિજમાંથી ધીમે ધીમે ઉપર આવતા હતા.

'રાત્રી વ્હેરણુ થાય, ચંદા બહેની ! રાત્રી વ્હેરણુ થાય,
પ્રેમ નિરર્થ ઢોળાય, ચંદા બહેની ! રાત્રી વ્હેરણુ થાય.'

શ્વેતાંબરી સંન્યાસિનીનું એમનું એ પહેલું કાવ્ય 'જ્ઞાન-સુધા'માં છપાયેલું. એ વાંચ્યું, ને હું એ ગાતાંગાતાં એના ભાવના ઊંડાણમાં ઊતરી ગયો.

'વ્હાલી ! જાને પેલી કોયલડી, તરુવૃંદમાં રે, ગાતી છંદમાં રે.
કુહૂ કુહૂ કહી તુજને બોલાવે, મીઠી મીઠી ને મન ભાવે—'

એમ, નરસિંહરાવ પ્રેમપ્રસંગોને મધુર બનાવતા હતા;

'એ તે કયમ વિસરાય, પ્રિયે રે ! એ તે કયમ વિસરાય ?'

વગેરે મણિલાલ નભુભાઈએ ઉતારેલી ભવભૂતિના 'ઉત્તરરામ-ચરિત'ની લાવણીઓ હૃદય પર ચોંટતી હતી : આ સંજો-ગોમાં મારા ગૃહસ્થાશ્રમમાં જીવનસખીનો પ્રવેશ થયો, અને બધું ઝાકઝમાળ થઈ ગયું.

કાંકરિયું તળાવ મારું પ્રિય સ્થળ હતું. બદલાતી ઋતુઓ હું નિરંતર ત્યાં બેસીને જોતો. પ્રાતઃકાળ, મધ્યાહ્ન, સાંજ, શુકલપક્ષ તથા કૃષ્ણપક્ષની રાત્રીઓ મેં કાંકરિયાને કિનારેકિનારેથી ભોગવી છે. વર્ષાદની ઝડીઓમાં, ઠંડીના સૂસવાટમાં અને હૃદયના ઉકળાટમાં હું ત્યાં કલાકો ને કલાકો બેઠો છું. વળી,

" મેહુલો ગાજે ને માધવ નાચે
મોરલો નાચે ને મેહુલો ગાજે
પાયે બજે છુમછુમ ઘૂઘરી જી રે ! "

એવાં કેટલાં યે ગીતના ઝણુકાર કાંકરિયાના મનોહર સ્થળે-સ્થળેથી હું ગુંજ્યો છું.

અશ્રુમતિ નાટક મેં ચાર વાર જોયું હતું. ગરીબાઈને કારણે ચાર આનાથી વધારે હું ખર્ચી શકું એમ ન હતું. પણ, એથી તો ઊલટું, સારું થયું. દૂરથી પડદાના દેખાવો વધારે આબેહૂબ લાગતા હતા, અને મને એ બહુ જ ગમતા.

સલીમ જ્યારે અશ્રુને ગુમાવીને એક પાતળી નદીને તીરે ઊભેલા બાવળિયા આગળથી, આથમતી સંધ્યાના ભુંસાઈ જતા રંગો વચ્ચેથી જે ગીતો ગાતો ગાતો પસાર થતો હતો તે મને હજી સાંભરે છે.

એક વાર હું વડોદરાનો લક્ષ્મીવિલાસ મહેલ જોવા ગયો. ત્યાં રાજા રવિવર્માનું એક મહાન ચિત્ર મેં જોયું. માતા પૃથ્વી, પાછળથી પોતાની દુઃખી દીકરી, સીતાને છાતી સરસી દબાવીને પોતાને ઘેર-ભૂમિના અંતરાળમાં-લઈ જતાં હતાં. રામ, લક્ષ્મણ, લવ, કુશ અને વસિષ્ઠ-વિશ્વામિત્ર

વગેરે આ કરુણ દૃશ્ય ભયચકિત થઈને જોઈ રહ્યા હતા. મારા હૃદયને હલાવી નાખનારું એ પહેલું ચિત્ર.

સાક્ષરવર્ય શ્રી. મણિલાલ નભુભાઈના દેવલોક થયા પછી હું એમને ઘેર એક વખત જઈ શકેલો. ત્યાં એમનાં પુસ્તકો જોયાં. એમણે નિશાનો ને નોંધો કરેલી અવલોકન માટેની ચોપડીઓ જોઈ. પણ સૌથી વધારે યાદગાર વસ્તુ તો પોતાના દીવાનખાનામાં એમણે રાખેલી રવિવર્માની 'મેનકા અને શકુન્તલા'ની મોટી છબિ હતી. એ છબિ ઉપર 'જ્ઞાનસુધા'માં શ્રી. ધીરજલાલ ઠાકોરનું એક કાવ્ય મેં તરતમાં જ વાંચેલું હતું તે યાદ આવ્યું:

'રમણીયપણું સ્થળમાં ઊભર્યું,
શું ખિલંત હસંત વસંતઋતુ!'

પરંતુ, મણિલાલે આ ચિત્ર એ વસંતઋતુ માટે નહોતું રાખ્યું; એમણે તો, વાંકો હાથ કરીને પશ્ચાત્તાપથી બળતા-નાસતા વિશ્વામિત્રની દુઃખદ સ્થિતિ જોયા કરવા એ રાખ્યું હતું.

એક મિત્રના લગ્નપ્રસંગે દિલ્હીથી વારાંગના આવી હતી. એ જાતે કંઈ સુંદર તો ન હતી; પણ એણે

'ગંગાજી કે ઘાટ પે દર્શન કિયા કરો!'

એ એક લીટી લગભગ સોએક અભિનયથી ગાઈ હતી ત્યારનો હું એ ગંગાજીનો ઘાટ ઢૂંઢ્યા કરતો હતો. હું કલકત્તે ગયો ત્યાં એ ઘાટ ન મળ્યો; કાશી ગયો ત્યાં પણ ન મળ્યો. છેવટે, પચીસ વર્ષ વહી ગયા બાદ, હરદ્વારને કિનારે એ ઘાટ જડ્યો ત્યારે એ વારાંગનાને મેં માનસિક

પ્રણામ કર્યાં હતા.

બેતાલીસ વર્ષ પર હું અજમેર ગયો હતો ત્યારે સ્ટેશન પર ગુલમહોરનાં વૃક્ષો એટલાં બધાં જોયાં કે, મરુભૂમિની તમામ શુષ્કતાનું દુઃખ હું ત્યાં વીસરી ગયો; અને, ત્યાં ને ત્યાં ભગવાનની પ્રાર્થના કરી કે, મને બીજું કંઈ ન આપવું હોય તો ન આપીશ, પણ ગુલમહોરનાં ઝાડ તો આપજે જ. તે પછી પચીસછવ્વીસ વર્ષે ભગવાને મારી એ પ્રાર્થના સાંભળી; અને, આજે મારા ઘર પાસે બે મોટાં ગુલમહોરનાં વૃક્ષો ઝૂકી રહ્યાં છે. એના ઉપર કોયલ, બુલબુલ, દેવચકલી વગેરે મીઠાં પક્ષીઓ આવે છે, અને ગ્રીષ્મ બેસતાં જ્યારે બધે સૂકવણાં પડે છે ત્યારે લીલાં ઝીણાં પાન અને લાલચટ્ટક ગુલમહોરના ગુચ્છેગુચ્છા આંખને તૃપ્તિ આપે છે.

મારા પિતાજીની સૂરત બદલી થઈ ત્યારે એક સુઘડ, સંસ્કારપૂર્ણ અને રળિયામણા શહેરમાં અમને રહેવાનું મળવાથી મને આનંદ થયો હતો. મુખ્ય રસ્તા પર એક ફોટોગ્રાફરની દુકાન હતી. દુકાનને ઓટલે અને દાદર પર એણે સુવસ્ત્રધારિણી સુન્દર સ્ત્રીઓની ઘણીઘણી જાતની છબિઓ ગોઠવીને મૂકી હતી. વારંવાર એ છબિઓ જોવા હું જતો, અને બહુ વાર એ સ્વરૂપો જોયા કરતો. જણાવવાની જરૂર છે કે, એ નિરીક્ષણમાં સહેજ પણ વિકારની દૃષ્ટિ નહોતી. જેવા તાપીકિનારા પરના સંધ્યાના રંગો જોવા ગમતા, જેવાં રાણીના બાગનાં ફૂલો મોહક લાગતાં, અને પછીનાં વર્ષોમાં એ જ સૂરતના રઝાક બૅન્ડે જેવો સંગીતનો

આનંદ આપેલો, તેવા જ ભાવસૌંદર્યની કોઈ અજબ પ્રાપ્તિની લાગણીઓથી હું પેલી છબિઓ જોતો.

'સરસ્વતીચન્દ્ર'ના કર્તા ગોવર્ધનરામે નડિયાદમાં નિવૃત્તિનિવાસ લીધો તે પછી તરત જ અમે ત્રણચાર મિત્રો નડિયાદ ગયેલા. તે વખતે 'સરસ્વતીચંદ્ર'ના ત્રણે ભાગ હું સમજપૂર્વક વાંચી ગયેલો. એમનાં કુમુદ, કુસુમ, વિદ્યાચતુર, ચન્દ્રકાંત, સરસ્વતીચંદ્ર, જમાલ વગેરે મારી આંખ આગળ ભમતાં હતાં. ગોવર્ધનરામે અમને ઉપર બોલાવ્યા, અને નાના-મોટાના લેશમાત્ર ભેદ વગર ઘણી વાતો કરી. ન્યાયમૂર્તિ રાનડેની છબિ એમણે ઘરમાં મહત્ત્વના સ્થાનકે મૂકી હતી. વિદ્વત્તા અને કવિત્વવાળા, માનવસ્વભાવના મહાન પૃથક્કરણકાર, પ્રતિભાસંપન્ન સર્જક, એ મહાન ગૂજરાતીના સાન્નિધ્યમાં અમે બેઠા છીએ એ સદ્‌ભાગ્ય હું ક્ષણ પણ વિસર્યો નહિ, અને જે અરધોએક કલાક એમની સાથે પસાર થયો તેની સેકંડેસેકંડ મેં શ્રવણ, દર્શન અને ભક્તિમાં ગાળી. એ ધન્ય દિવસ તો મારા જીવનનું એક પુનિત સંભારણું છે.

અમદાવાદના 'પ્રાર્થના સમાજે' મને અપૂર્વ પ્રેરણા આપી છે. ત્યાં ફત્તાલાલ નામના એક ગાયક હતા. એમના સિતારે અને એમના જોડીદારોની સારંગી તથા મૃદંગે મારાં ઘણાં પડળ ઉઘાડી નાખ્યાં છે. ભક્તવૃન્દને એ જે સંબોધન કરતા, આનંદ સાથે પ્રેમભાથું બાંધીને પ્રભુના ધામની યાત્રાએ જવા બોલાવતા એ શબ્દો હજી મારા કાનમાં ગુંજે છે :

'દયાસિંધુ તારે બારણે પોકારું દીન બાળ.

× × ×

જો ઊભા પિતાજી, માર્ગ મુખ નિરીખતા!
જો ઊભા, કરો પ્રસારી, પ્રેમમય પિતા!'

એવાં અનેક ભજનો, સ્વ. કૃષ્ણરાવ ભોળાનાથ, શ્રી. ગટુલાલ પ્રભુ, શ્રી. વિદ્યાબહેન-શારદાબહેન અને સ્વ. રમણભાઈની તથા ડૉ. સુમન્તની સુપુત્રીઓને મધુર કંઠેથી મેં ત્યાં સાંભળી, હૃદયમાં ઉતારીને એ ભજનો મેં જીવનના રેષાઓ અને લોહીના કોષો સુધી ઊંડે ઉતારી દીધાં છે. 'પ્રાર્થના સમાજ'ના આખા ઋણ વિષે તો મારે એક જુદો લેખ જ લખવો જોઈએ. આ તો માત્ર રસદર્શનની, અને જ્યાં જ્યાં એ રસે દેહ અને પ્રાણને ફળદ્રુપ કર્યાં છે, તેની નોંધ છે. સ્વ. ડૉ. ભાંડારકરે ત્યાં કરેલું એક કીર્તન, જેમાં

'ચલતી ચક્કી દેખકે નયનન આયા રોઈ,
દો પટ ભીતર આય કે સાબિત રહા ન કોઈ!'

એ કીલક હતું તે વખતે તથા સ્વ. નરસિંહરાવે પોતાના કીર્તનમાં

'મરવાં સોહ્યલાં રે, સંતો સુખ જગતથી જાશે!'

એ ગીત જયારે પોતે હાથમાં એકતારો લઈને ગાયેલું તે વખતે, તથા સ્વ. રમણભાઈએ

'બૂરા દેખન મેં ગયો, બૂરો મિલો ન કોય,
જો દેખું દિલ ખોજકે મોંસે બૂરા ન કોય!'

એ મુખ્ય વિચાર પર કીર્તનની કથા રચી હતી તે વખતે, અનંતની સાથેની જે એકતાનતા મેં સાધી છે તેનો, તથા એ 'પ્રાર્થના સમાજમાં'થી જીવનશોધનમાં જે કેટલાં યે ગંગાજળ મળેલાં છે તેનો તો હિસાબ કરવો અશક્ય છે.

'તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની.'

એ અને બીજાં હૃદયવેધક કાવ્યોના કવિ 'કલાપી'નો અકાળે સ્વર્ગવાસ થયો ત્યારે, અમદાવાદના ભોળાનાથ લેડીઝ ઈન્સ્ટિટયૂટમાં સાહિત્ય સભા તરફથી શોકસભા મળી હતી ત્યાં મારા મિત્ર શ્રી ગટુલાલ ધ્રુએ પોતાના બુલંદ કંઠથી

'સુરતાની વાડીના મીઠા મોરલા
ઉછળતા શા ઉરસાગર ઉલ્લાલ જો !
નન્દનવનના પ્રાસાદોની ટોચથી
મધુરી કેકા આજે શી ઉભરાય જો !'

વગેરે ગાઈને અમારા હૃદયનાં આંસુ ઉભરાવ્યાં હતાં.

કવિશ્રી ન્હાનાલાલને ત્યાં એમની પુત્રીનો લગ્નપ્રસંગ હતો. સ્વ. મણિશંકર ભટ્ટ 'કાન્ત', કરુણાશંકર માસ્તર અને એમની મંડળી તથા લલિતજી વગેરે તે વખતે આવ્યા હતા. કવિ દલપતરામ જે ઘરમાં રહેતા તે જ એ ઘર હતું. ત્યાં લલિતજીએ બંને દિવસ મંજીરાં સાથે

'એક જ્વાલા જલે તુજ નેનનમાં,
રસજ્યોતિ નિહાળી નમું હું નમું.'

એ ગીત, બહુ જ ભાવ પૂર્ણ રીતે ગાયું હતું, અને એનો એકેએક અર્થ રસોલ્લાસથી ભરી દીધો હતો. એમાં યે જ્યારે

'તુજ નેનમાં મોર ચકોર હતા'

આવ્યું ત્યારે તો મારા પત્નીપ્રેમમાં અદ્ભુત પ્રફુલ્લિતતા આવી ગઈ.

ઈ. સ. ૧૯૦૧માં સુરેન્દ્રનાથ બેનરજીના પ્રમુખપદે મળેલી અમદાવાદની કોંગ્રેસમાં એમની વક્તૃત્વશક્તિએ મને

સ્વદેશભક્તિની દીક્ષા આપી; અને, ૧૯૦૫ પછીનાં દેશભક્તિનાં ગીતોએ

'વીર જાગો! જાગો રે, સ્વજન જાગો જાગો રે'

કહીને જગાડી દીધો.

'નિંદલડી ન આવી, સારી રૈના વહી ગઈ!'

થી ઉજાગરા કરાવ્યા; અને,

'કિસ્મત ક્યાંથી ભારતહિત કાયા ઢળે રે?'

એવાં ગીતોએ મહાત્માજીના આશ્રમમાં જવાનો અધિકાર આપ્યો. પણ આની યે વિસ્તારપૂર્વક નોંધ કોઈ વાર કરીશું.

[૨]

ત્રેવીસ વર્ષની ઉમ્મરે અજમેરના અનાસાગર સરોવરને કિનારે બેસીને સામેના લાલ પહાડો જોવાની, બાજુપરના બગીચાની લહેર ભોગવવાની અને જહાંગીરની આરસની છત્રીનું સૌન્દર્ય નિહાળવાની જે ત્રિરંગી મોજો મેં ભોગવી તે હૃદયમાં જડાઈ ગઈ છે. ત્યાંથી ફોયસાગર સરોવર જઈને સાક્ષરવર્ય બલવન્તરાય ઠાકોરના 'ફોયસાગર' કાવ્યમાંની—

' શાન્તિ શાન્તિ ઝરમર ઝરી ગૈ ગળી વાદળી આ '

એ લીટી સાક્ષાત અનુભવી હતી. અને ત્યાંથી પછી પુષ્કરના પહાડોમાં થઈને જતાંઆવતાં રાજસ્થાનના પ્રતાપી ઇતિહાસના પ્રસંગોએ અંતરને ભરી દીધું હતું.

જયપુરની સમપ્રમાણ નગરરચના અને અજાયબઘર (સંગ્રહસ્થાન): ગલ્ટા નામની ટેકરી, જ્યાંથી એક ઝરણુ નીકળી કુંડમાં પડે છે ત્યાં બેસીને કરેલું સ્નાન ત્યાંના રાજમહેલમાં આવેલા ગોવિંદજીનાં હાથી દર્શન કરવા આવે છે તે જ વખતે મેં પણ દર્શન કરીને રાજાના વૈભવ કરતાં યે વધારે ભોગવેલો વૈભવઃ નિમચ અને નસીરાબાદની છાવણીમાં ફરી સો માઈલની મરુભૂમિના શુષ્ક પ્રદેશમાં

પગરસ્તાનની મુસાફરી કરી, આખરે દેવલી કેમ્પમાં ત્રણ દિવસ રહેવાનું લીધેલું સુખ: ત્યાં બાર મહિનાના વિયોગ પછી એક પરમ પ્રિય મિત્રની સાથે 'નેક ચાલ' નામના સરોવરને કિનારે ચાંદનીમાં બેસી માણેલો આનંદ: એ બધું એવું તો રસતૃપ્તિથી માણ્યું છે, જે થોડાના જ નશીબમાં હશે. એ બધું જયપુરની હુન્નરશાળાના મીનાકારીનાં પિત્તળનાં ગૃહશણગારનાં વાસણ ખરીદનારના સુખ કરતાં પણ વધારે સુખથી મેં જોયું છે.

ત્રેવીસ વર્ષની ઉંમરે મને કલકત્તા, કાશી અને પ્રયાગરાજ જોવાનું સૌભાગ્ય મળ્યું. કલકત્તા તો મહેલોનું શહેર ગણાય છે. ત્યાંના ચૌરંગી લત્તામાં એક બાજુ મહેલો અને સામી બાજુએ વિસ્તીર્ણ લીલું મેદાન છે. કંઈ પણ કામ વગર ત્યાં મેં અનેક વાર લટારો માર્યા કરી છે, અને મેદાનને નિરખ્યા કર્યું છે! ઊંચા ઓક્ટરલોનીના મિનારા પર ચડીને એ વિસ્તીર્ણ શહેર, ત્યાંની વિસ્તીર્ણ ગંગા નદી, બગીચા, તળાવો, ઘુમ્મટો, મંદિરો અને માનવ-સમાજનાં વિહંગાવલોકન કર્યાં છે ત્યારે કેટલા યે ગૂજ-રાતીઓએ મારી એ ખાલી 'ટાંગાતોડ'ની મશ્કરીઓ કરી છે. દરિયો હજી મેં જોયો નહોતો; પણ, કલકત્તાના આ માનવસાગરે તો મારી કલ્પનાશકિત પર જુલમ કર્યો હતો!

ત્યાંનો ઇડન ગાર્ડન, ખરે જ, નંદનવન જેવો છે. ત્યાં આવેલું બ્રહ્મદેશના ઘાટનું લાકડાનું મંદિર, વાંકીચૂંકી જલનહેર, લતાકુંજો, વૃક્ષોની ઘટાઓ અને રંગબેરંગી ફૂલોની વચમાં બેસી રાત પડતાં સુધી હું બૅન્ડ સાંભળ્યા જ કરતો. અને, જીવન એટલું મધુરું લાગતું કે, સંસારને

અસાર કહેનારની સાથે હું લડતો.

અમારી સાતની ટોળીમાંથી કોઈ વિવેકાનંદના બેલુરમઠમાં આવેલું નહિ. હું એકલો ગયેલો. 'સુજલામ્, સુફલામ્, મલયજ શીતલામ્' એવી હરિયાળી લીલાલીલા ઘાસ અને ભવ્ય વૃક્ષોથી શોભતી એ ભૂમિ જોતો જોતો રેલવે માર્ગે હું ત્યાં પહોંચ્યો.

મઠના ઓટલાને ગંગા નદીનાં પાણી પ્રક્ષાલે છે. તેનાં પગથિયાં પર પગ પલાળતા બેસીને વિશાળ ગંગામૈયા સાથે, જાણે એના ખોળામાં વાતો કરતો, હું બેઠો. દૂર હિમાલયનાં બરફના શિખરોની તેને ખબર પૂછવા લાગ્યો. પણ, હવે તો એ બંગાળી સમુદ્રને મળવાની તયારીમાં હતી તેથી એનો ઉલ્લાસ માતો નહોતો. એ મને જવાબ શાની દે?

પાછા વળતાં એક નાનકડી હોડીમાં બેસીને ગંગાના ભરપૂર પટ પર જાણે ચત્તાપાટ તરતાંતરતાં, ઉપર આકાશના ઘુમ્મટની પ્રગાઢ શાન્તિનું મેં પાન કર્યું, અને ચોતરફ વિસ્તરી રહેલાં ગંગાજીના ઘેરા જળમાંથી માથા પર વારંવાર પાણી નાંખીને, એ શાન્તિને મેં મૂર્ત કરી હતી. બન્ને કિનારે પનિહારીઓ પાણી ભરતી; અને, સાયંકાળની આરતીના ઘંટ મંદિરોમાં વાગી રહ્યા હતા. એ ધન્ય અનુભવ હતો.

ઘેર જઈને મિત્રોને મારા આ દૈવી સુખની મેં વધામણી ખાધી, અને એમના જીવ બાળ્યા.

ભાગીરથી (ગંગાજી), મેદાનો, વૃક્ષો, બગીચા વગેરેની નિવૃત્તિ ભોગવી, વર્તમાન કાળની પ્રવૃત્તિ જોવા મારો જીવ

તલસ્યો, ને બીજે દિવસે 'ડેલહાઉસી સ્કેવર'ના રાજમાર્ગોની વચ્ચે, પાકી ફરસબંધીના એક બાંકડા પર બેસીને 'જનતાજનાર્દન'નાં એના વિરાટ રૂપમાં, મેં ધરાઈ ધરાઈને, દર્શન કર્યાં. લોક, લોક ને લોક. ટ્રામો દોડે; ઘોડાગાડીઓ ગડગડે. ચળકતા કાળા કોટ, સફેદ પાટલૂન ને છત્રીઓ લઈને બાબુલોક પાન ચાવતા ચાવતા રોફબંધ ચાલી રહ્યા હોય! ભૂતકાળનાં ખંડેરો, અથવા એક સમયના ગૌરવવંતા પણ હાલ નિર્જન બનેલાં પાટનગરોની નિરાશા ત્યાં નહોતી; ત્યાં તો બધે ઉદ્યમ, આશા, ઉત્સાહ અને ઉછળતાં જીવન હતાં. ભારતની રાજધાનીનું એ શહેર (તે વખતે) હતું.

રાજા રામમોહનરાય, દેવેન્દ્રનાથ ઠાકુર અને બંકિમચંદ્ર સમા, સંસ્કારસ્વામીઓનું એ શહેર હતું. સિંહ જેવા સુરેન્દ્રબાબુ છટાદાર વકતૃત્વશકિતથી ત્યાં ગર્જતા. 'અમૃત બઝાર પત્રિકા'ના શ્રી. મોતીબાબુની તલવાર જેવી તેજીલી કલમનું ઉદ્ભવસ્થાન પણ એ જ.

કોઈવાર 'સાધારણ બ્રહ્મોસમાજ'માં ને કોઈ વાર કેશવચંદ્રસેનના નવનિધાનમંદિરમાં હું જતો. ત્યાં ગાનાર જણાતા નહિ. પણ, અમૃત જેવું સંગીત જાણે આકાશમાંથી ટપકતું. બ્રહ્મોસમાજમાંથી બુદ્ધિસ્વાતંત્ર્યની અને નવવિધાનમંદિરોમાંથી 'પ્રેમભકિત'ની દીક્ષા મને મળી.

કલકત્તામાં રહીને પ્રવૃત્તિનો આનંદ હું સમજ્યો. આપણા રૂઢ થઈ ગયેલાં ધર્મશાસ્ત્રોને લીધે, અને ત્યાગ તથા વિરાગની, ઉત્સાહને ભાંગી નાખતી માન્યતાઓને લીધે,

ખરું સુખ નિવૃત્તિમાં છે, એમ આજ સુધી ઠસાવવામાં આવેલું. તે માન્યતા 'Pleasures of Life' ('સંસારમાં સુખ') નામના પુસ્તકના અભ્યાસથી કંઈક શિથિલ તો થઈ જ ગઈ હતી. તે કલકત્તામાં ત્રણચાર મહિના રહ્યો તેથી નષ્ટ થઈ; અને, પ્રવૃત્તિમાં પણ સુખ છે, એમ મને લાગવા માંડયું. પુરુષાર્થ, ઉત્સાહ, આશાવાદ, વર્તમાનમાંથી જ આનંદ મેળવવાની ટેવ એવા એવા નવા ધર્મ મને ત્યાં સમજાયા. સંસાર અસાર નહિ પણ બહુ સારવાળો છે, એમ હું માનવા લાગ્યો.

કલકત્તામાં એ વખતે રવિવર્માનાં ચિત્રો ઉપરથી તૈયાર કરેલાં ટપાલના સચિત્ર કાર્ડ તથા કવરો મળવા માંડયાં હતાં. એની એકેએક છબિમાં હું રસ શોધી શકતો. મારી સ્ત્રી ઉપર શુક–રંભા, હંસ–દમયંતી અર્જુન–સુભદ્રા શકુન્તલા–મેનકા, કાદંબરી ઇત્યાદિ છબિઓવાળા કાગળો લખતો. સિવિલ હૉસ્પિટલમાં હું જ્યારે વૈદકનો અભ્યાસ કરતો ત્યારે 'Absence makes the heart grow fonder' એ નામનું એક અંગ્રેજ ચિત્રકારનું સુંદર ચિત્ર જોયેલું. ત્યાં શિકારનાં, સૃષ્ટિસૌન્દર્યનાં તથા સાંસારિક સુખદુઃખનાં આવાં ઘણાં સુંદર ચિત્રો દરદીઓના આનંદ માટે રાખવામાં આવેલાં. તે સૌમાં મને ઉપર્યુક્ત 'વિયોગથી હૃદય વધારે પ્રેમાળ બને છે' એ ચિત્રે બહુ અસર કરી હતી. કલકત્તાના સુખી વસવાટ દરમિયાન પણ વિજોગનું તીવ્રતર દુઃખ હું અનુભવવા લાગ્યો. એનો ભાર ઓછો કરવા હુ. પેલી છબિઓવાળા કાગળો પસંદ કરીને મારી પત્ની પર મોકલતો.

એક બંગાળી ચિત્રકારનું 'ઉત્તરા–અભિમન્યુ'નું ચિત્ર બજારમાં વેચાતું હતું. ઉત્તરા–અભિમન્યુ વિષેનું સ્વ. નરસિંહરાવનું કાવ્ય મેં વાંચ્યું હતું તેનો રસ અંતરમાં જાગ્રત થતો, અને ઉપરાંત પ્રેમાનંદના

'રથ બેડો તો પાડું મારા પ્રાણ રે, બાળા રાજા રે!'

એ ગીત પણ સાંભરતું.

કલકત્તાના નામચીન અને સમૃદ્ધ સંગ્રહસ્થાને તો મારા મનને રસ અને જ્ઞાનથી તરબોળ કરી મૂકયું છે. તેમાં સંઘરાયેલાં દેશદેશનાં કલાકૌશલ્ય; પૃથ્વીની અજાયબીઓ, ખનીજસંપત્તિ અને ધન–ધાન્ય–વનસ્પતિ, પશુ, પંખી, પ્રાણી આદિ જીવસૃષ્ટિ; ભૂગોળખગોળના વિરલ સંગ્રહો; ત્યાંનો બેનમૂન ગણાતો ચિત્રસંગ્રહ–બધું વખત કાઢીકાઢીને ધીમેધીમે નિરાંતથી રસ પીતા જઈને મેં જોયું છે, અને ભગવાનની લીલા પર તથા માનવ ચિત્તની મનોહર સૃષ્ટિ પર આફરીન પોકારી છે.

ત્યાંનો પ્રાણીબાગ, એનાં જળાશયો, ફૂલો, વાંકાચૂંકા રસ્તા અને ટેકરીઓથી તો શોભે જ છે; પણ, પૃથ્વીની તમામ પ્રાણીસૃષ્ટિ ત્યાં વસતી જોઈને હૃદયે એક જાતની વિશાળતા અનુભવી. પ્રાચીન ઋષિઓ પહાડો કે નદીકનારાની કુદરતની લીલામાં તન્મય થઈ જેમ ધ્યાન કરવા બેસતા તેમ એ સંગ્રહસ્થાન અને પ્રાણીબાગમાંની ઈશ્વરની અદ્ભુત લીલાકૃતિઓ જોઈને વચ્ચે વચ્ચે હું આંખો મીંચીને ધ્યાન કરવા લાગી જતો. ત્યાં 'બર્ડ ઓવ પેરેડાઈઝ' ('સ્વર્ગનું પંખી') નામનું એક સુંદરતમ પંખી મેં જોયું. એ કોયલ

કરતાં યે મીઠું બોલે છે. પોપટ, મોર, અને લાલભૂરા કાકાકૌઆઓના તમામ રંગો એના નાનકડા દેહમાં ભરીને એ બેઠું છે. ખોરાકમાં એ કેળાં, નારંગી, દાડમ ને ચીકુ જેવાં ઉત્તમ જ ફળ ખાય છે.

એવો જ સમૃદ્ધ, અને વનસ્પતિસંગ્રહની દૃષ્ટિએ દુનિયાભરમાં સુપ્રસિદ્ધ એક 'બોટેનિકલ ગાર્ડન' કલકત્તામાં છે. આખા એશિયા ખંડમાંના આવા બાગોમાં એક કોલંબો-(શ્રીલંકા)ના બાગથી જ આ બાગ બીજે નંબરે છે. વિશાળ ગંગાને કિનારે, ઊંચાંઊંચાં તાડ અને ખજૂરીઓની વચ્ચે, ભૂરા આકાશની નીચે, આ બાગ વિસ્તરેલો છે. કબીરવડ જેવો જ બીજો વિશાળકાય વડ ત્યાં છે. ઑસ્ટ્રેલિયા, અમેરિકા, આફ્રિકા, યુરોપ, ન્યૂ ઝિલાન્ડ વગેરે ખંડોમાંથી ચૂંટીચૂંટીને આણેલાં વૃક્ષો ત્યાં છે. પર્ણ અને પુષ્પોની વિવિધતા–વિભિન્નતાનો તો ત્યાં પાર નથી. એક લીલો રંગ પણ કેટલી તરાહો ધારણ કરે છે! અને, ફૂલોના તો કેટલા અસંખ્ય રંગો! ચોમેર રૂપરૂપના અંબાર છે. ડાળિયોનાં વળાંક ને વૃક્ષના ઘુમ્મટોની છટાઓ તો જોયા જ કરીએ! ખરેખર, મને એ જોઈને તો એમ જ થયું કે, પૃથ્વી શું આટલી બધી સુંદર છે?

અલ્લાહાબાદના ત્રિવેણીસંગમનું સ્થાન પણ જીવનનો એક ધન્ય લહાવો છે. જમના નદી પર થઈને વાજતે-ગાજતે યાત્રાળુઓ સંગમ પર આવે છે. ત્યાં દક્ષિણી ગૃહસ્થોને પોતાની ગૃહિણીઓ સાથે છેડા ગાંઠીગાંઠીને સ્નાન કરતાં જોઈ મારા મનમાં એક પ્રકારની સાત્ત્વિક

અદેખાઈ આવી ! માન્યતા એવી છે કે, અહીં વરવહુ છેડા ગાંઠીને સ્નાન કરે તો અનંત કાળ સુધી એ બે જીવો જોડાયેલાં જ રહે. મૃત્યુ પણ એમનો વિયોગ ન કરાવી શકે. ત્યાં જ મેં સંકલ્પ કર્યો કે, એક દિવસ હું પણ પત્નીને આ સ્થળે યાત્રાએ લાવીશ, છેડા ગાંઠીને નહાવાનો તો માત્ર બાહ્ય વિધિ છે. અને તે પછી બાવીસ વર્ષે એ સંકલ્પ ફળ્યો, જ્યારે ગોકુળ, મથુરા, વૃન્દાવન, દિલ્હી, આગ્રા, હરદ્વાર, ઋષિકેશ ને લક્ષ્મણ ઝૂલા થઈને કાશી, અલ્લાહાબાદની મેં સજોડે યાત્રા કરી.

પહેલી કાશીયાત્રા ગંગાઘાટ, અન્નપૂર્ણા, હરિશ્ચન્દ્રના મણિકર્ણિકાઘાટ વગેરેથી પૂરી થઈ. પણ, ગંગાકાંઠા પરની ઔરંગઝેબની મસ્જિદના મિનારા પરથી ત્યાંનું સૃષ્ટિસૌન્દર્ય જોઈને જે સંતોષ મેં મેળવ્યો છે એવો તો કોઈ મંદિરમાંથી મને મળ્યો નથી. અત્યંત મનોહર એ સંધ્યા હતી. સૂર્યાસ્તના ભવ્ય રંગોએ આકાશ અને ગંગાજીનાં પાણીને ભરી દીધાં હતાં. ઔરંગઝેબની મસ્જિદના ટોડા ઉપરથી એક તરફ પથરાયેલું આખું કાશી અને બીજી બાજુ ગંગાજીનો વિશાળ પટવિસ્તાર હું જોઈ શકતો હતો. રંગો ક્ષણેક્ષણે બદલાઈને અદ્ભુત રમણીયતા ધારણ કરતા હતા. ગંગાજળ જાણે દેવતાઈ બન્યાં હતાં. એવામાં હજારો મંદિરોમાંથી એકસામટા આરતીના ઘંટારવ વાગવા માંડ્યા, અને રૂપસૃષ્ટિનું અલૌકિક મિલન થયું !

ચોવીસ વર્ષની ઉંમરે, મારા નવા થનારા દવાખાનાનો સામાન લેવા, અને પ્રદર્શન તથા કોંગ્રેસ જોવાને

નિમિત્ત હું પહેલવહેલો મુંબાઈ ગયો, અને ત્યાં સમુદ્રના પ્રથમ દર્શને મને ઉન્મત્ત કરી મૂકયો. ચોપાટી પર એક કોકિલકંઠી દક્ષિણી બાઈ હારમોનિયમ સાથે

'ધીરે ધીરે ! યમુનાને તીરે'

ગાતી હતી. ત્યાં યમુનારૂપી આ સંસારને તીરે, ધીરે ધીરે ચાલીને આપણી સામે આવતા સમુદ્ર રૂપી શ્રીકૃષ્ણને જાણે મેં જોયા. વાલકેશ્વર પર સરસ્તીચંદ્રના પિતા લક્ષ્મીનંદનનો બંગલો હું કલ્પનાથી શોધવા લાગ્યો. ચર્નિરોડ સ્ટેશન પાસેના દરિયામાં તરતી કઈ હોડીમાં બેસીને સરસ્વતીચંદ્ર ચાલ્યો ગયો હશે તેના હું તરંગો કરતો, અને ગોવર્ધનરામના કવિત્વને ઘડવામાં અલબેલી મુંબઈ નગરીએ કેટલો બધો ફાળો આપ્યો હશે તે જોતો.

એપોલો બંદર પરની માનવમેદનીને અને સાંજની ભરતી સમયે ઉછળતા દરિયાને જોતાં હું ધરાતો જ નહિ. એમાં ચોપાટી પરની એક પૂર્ણિમાની રાત્રિ તો અદ્ભુત બની ગઈ. સમુદ્ર ઘૂઘવી રહ્યો હતો. માદક પવન વાતો હતો. અને, ત્યાં સ્વ. 'કાન્ત'નું

આજ મહારાજ ! જળ પર ઉદય જોઈ ને
ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે

પેટ ભરી ભરીને ગાયું હતું. પછી તો સાગરદર્શન માટે હેંગિંગ ગાર્ડન પર એક એકાન્ત જગ્યા મેં શોધી કાઢી. એ વાતને આજે ચાળીસ વર્ષ થઈ ગયાં છે. પણ, ત્યારથી જયારે જયારે હું મુંબઈ જાઉં છું ત્યારે ત્યારે લગભગ તે જ જગ્યાએથી સાગરરાજનાં દર્શન કરું છું; અને, પાવન થાઉં છું !

તે વખતે સ્ટીમલોંચમાં બેસવાના મારી પાસે પૈસા નહોતા; એટલે, ત્રણત્રણ આના આપીને, અમદાવાદના મારા જેવા મુફલિસો સાથે હોડીઓમાં બેસીને, હું એલિફન્ટા(ઘારાપુરી)ની ગુફાએ ગયેલો. પણ, તે વખતના નૌકાવિહારથી જે સુખ મળ્યું છે તે 'ન ભૂતો ન ભવિષ્યતિ' બની ગયું છે. એલિફન્ટાની ગુફામાંના શિવનું સ્વરૂપ તે વખતે મારા હૃદયમાં તો અંકાઈ જ ગયું હતું. પરન્તુ, એના સૂચનની ભવ્યતા તો હું પાછળથી સમજ્યો.

[૩]

ભરૂચ જવાનું છેક નાનપણથી મારે બહુ વાર થયેલું છે. ત્યારે, નર્મદાનાં દર્શન કરતાં હું કદાપિ ધરાયો નથી. પ્રાતઃકાળમાં તો મેં નર્મદાકિનારે જાણે સત્યયુગ વ્યાપેલો જોયો છે.

સવાર, બપોર, સાંજ ત્રણે સમયે, નર્મદા નવે નવે રૂપે મેં જોયાં છે. સૂર્યોદયના રંગોથી દેદિપ્યમાન નર્મદા બપોરના તાપમાં ચમકતાં નર્મદાથી જુદાં જ છે; ને, સાયંકાળની એની રૂપભરી રંગશોભા કરતાં વળી પૂર્ણિમાની ચાંદનીમાં તો તેની રૂપે રસેલી રૂપસૃષ્ટિ અનોખી જ હોય છે. આ સૌન્દર્યશ્રી માણતાં, હોડીઓમાં બેસીને લહેરિયાં લેતાં, સ્નાન કરતાં, સામા તટનાં નાળિયેરી અને તાડનાં વૃક્ષો જોતાં હું નવા ને નવા જ વિચારોમાં ગરકાવ થયો છું. લોકોની શ્રદ્ધા ખરી છે કે, જમના પાને, ગંગા સ્નાને અને નર્મદા દર્શને. જમના પાસેથી પુણ્ય મેળવવું હોય તો એનું પાન કરો; ગંગા પાસેથી પુણ્ય મેળવવું હોય તો એમાં સ્નાન કરો; પણ, નર્મદાના તો દર્શનમાત્રથી યે પુણ્ય મળે છે.

ભરૂચથી શુકલતીર્થ, વ્યાસ બેટ, કબીરવડ, માલસર ને ચાણોદકરનાળી સુધીનાં જાજરમાન ને રૂપસમૃદ્ધ નર્મદા જોવાં, અને એ લાંબી સફર સતત હોડીની મુસાફરીમાં ગાળવી એ સુખદ લહાવ છે, અને અમે તે લીધો છે. ગૂજરાત પાસે ધન છે તેની હું એના નર્મદાકિનારાના વૈભવરૂપી ધન સાથે સરખામણી કરું છું ત્યારે એનું નગદ ધન છેક તુચ્છ લાગે છે.

'ઊંડાં કોતર ઊતરે, ચડે ગિરિકરાડ'

એ વૈદર્ભીના વલવલાટનું વર્ણન, મહીસાગરનાં કોતરો જોઈ ને પ્રેમાનંદે કરેલું, એમાં શંકા નથી. એ કોતરો અને મહી નદીનો કંઈક પ્રદેશ જોવો એવો મેં મનસૂબો કર્યો હતો.

ગોધરે જતાં ગળતેશ્વર મહાદેવ પાસે મહીસાગર ગાજે છે. ત્યાં, કહે છે કે, ચંદ્રહાસનું પ્રાચીન નગર પડ્યું છે. અમે ત્યાં ફરી આવ્યા, ને મહીમાં સ્નાન કર્યાં. વાસદ પાસેનાં ઉમેટા આગળની વિશાળગંભીર મહી નદી શુકલપક્ષની રાત્રિઓએ ભોગવી. પણ, સૌથી સરસ ઉપભોગ તો એ મહામાયા મહીસાગર અરબી સમુદ્રને ખંભાત પાસે મળે છે ત્યાં કર્યો. કાળા કાદવમાં પગ તો છેક ઢીંચણ સુધી ખૂંચી ગયેલા; પણ, મનનો કાદવ એ સ્થળે બહુ ધોવાઈ ગયો.

આમોદ પાસેની ઢાઢર નદી તો છેક જ નાની છે; પણ, એક વર્ષા ઋતુમાં ઝરમરઝરમર વર્ષાદ આવતો હતો, ને જ્યારે એ બંને કાંઠે ભરપૂર હતી ત્યારે એના કિનારે લીલી

ઘાસ શોભી રહી હતી, સંધ્યા જતી હતી, ને "ચંદ્રીનું અમૃત" આવતું હતું, તે વખતે મેં એની રમણીયતા માણી છે.

સાત નદીઓના સંગમનું સ્થાન વૌઠા જોવાનું તો મને બહુ મન હતું. તે જોવા માટે ખાસ પ્રસંગો યોજ્યા; અને, બેત્રણ વાર મિત્રમંડળ સાથે ત્યાં જઈ ઠીક સમય ગાળ્યો છે. સાત નદીઓનાં પાણી તો ખરાં, પણ ત્યાં સંગમ તો ફક્ત વાત્રક અને સાબરમતીનો જ છે. પરંતુ, બે નદીઓનો તો યે સંગમ! અને તે પણ ગૂજરાત પાથરીને પડેલી વાત્રક અને સાબરમતી જેવીઓનો! જો કે તલસતું મન નિરાશ તો બહુ થયું, પણ વાત્રક ત્યાં જે મનોહારી વળાંકો લે છે, તેને કિનારે કિનારે માઈલો સુધી ફરતાં એ અસંતોષ ભુલાઈ ગયો.

વાત્રકમાં મોટા મગરો પડયા રહે છે. તૈયબઅલી ચાચાના મહમદભાઈએ અમને એ મગરોના શિકારની મોજ ચખાડી છે. હિંદુ ભાઈઓને શિકારનો શો ખ્યાલ? પણ, હું કહું છું કે, એ અનુભવ આપણા જીવનના તમામ અનુભવોથી તદ્દન જુદો જ છે. ત્યારે, રુધિરાભિસરણ બહુ જોરથી થાય છે, ને રગેરગે ઉદ્રક વ્યાપી જાય છે.

કપડવણજની અજાણ પણ સુંદર મ્હોર નદીનું રૂપ મેં કઠલાલ ગામે ભોગવેલું. સરદાર વલ્લભભાઈ, સ્વ. મોહનલાલ પંડયા ('ડુંગળીચોર') અને વામન મુકાદમની સાથે અમે કઠલાલ પાસે એમાં ખૂબ નહાયા. પણ, એના સૌન્દર્યનું ખરું પાન તો નહાયા પછી પાસેની ઊંચી ટેકરી પર ચડીને એક મહાદેવની પડાળીમાંથી દૂર દૂર સુધી નજર નાખતો

હું બેઠો ત્યારે કર્યું. એ પાન કરતાં જાણે તૃપ્તિ જ ન થાય. પંડ્યા કહે, 'અલ્યા, આ દાક્તર તો અમારી નદી જ અહીં પી જવા બેઠો છે!'

અને, સાબરમતી? અમદાવાદમાં એને સરખેજ પાસેથી, શાહવાડી પાસેથી, જમાલપુર બહારના આશાભીલના ચોતરા પરથી, સપ્તર્ષિના આરેથી, નારાયણઘાટ ને ભીમનાથના ઓવારાઓ પરથી, હાંસોલથી, વળાદ ગામની ઊંચી ભેખડો પરથી ને સાદરાના એક મંદિરમાં બેઠેબેઠે મેં અનેક સમયે, અનેક રૂપે ભોગવી છે.

ખેડબ્રહ્મા એક કાળે ગૂજરાતની સંસ્કૃતિનું ક્ષેત્ર હતું. છેક ત્યાં પણ મે સાબરને ગૌરી સ્વરૂપે જોઈ છે. એ બધું વર્ણવતાં તો મોટો લેખ થાય.

હાથમતીનું સૌન્દર્ય ભોગવવા તો ખાસ હું પ્રાંતીજના મોટા બોખ પરના સોમનાથ મહાદેવને ઓવારે ગયો છું. એ બોખ તો એક 'ચીજ' છે. ધોળાં અને ગુલાબી બંને પ્રકારનાં કમળો આ બોખમાં થાય છે, ને ઠંડા પવનની લહેરીઓમાં પ્રકૃતિદેવી ત્યાં પ્રૌઢ વેશમાં વિલસે છે.

સરસ્વતી પ્રાચીન કાળમાં તો ગંગા અને યમુનાની સાથે બોલાતી હતી. ભૂમિનાં અનેક કારણોને લીધે એનો પ્રવાહ ક્ષીણ અને લુપ્ત થઈ ગયો. પાટણ પાસે તો એને જોઈને જીવ બળે છે. પણ, સિદ્ધપુરમાં રુદ્ર મહાલયનાં ખંડેરો જોઈને અમે સરસ્વતીકિનારે ગયા. ત્યાં તો અમને ખરેખર તીર્થ જેવું લાગ્યું હતું. અને, એ 'તીર્થસલિલ' અમને એકલાને નહિ, પણ ઉત્તર ગૂજરાતનાં

હજારો સ્ત્રીપુરુષ અને બાળકોને આશ્વાસન દઈ રહ્યું છે.

ઊંટડિયા (ઉત્કંઠેશ્વર) મહાદેવ પાસે વાત્રકમાં ઝાંઝરી અને કેદારી એ બે નાની નદીઓ થોડે થોડે અંતરે મળે છે. ઝાંઝરી જ્યાં વાત્રકને મળે છે ત્યાં એક ગોળ ચોતરો છે. ગોવર્ધનરામે 'સરસ્વતીચન્દ્ર'માં કુસુમને તણાતી તણાતી આવી ત્યારે બચાવાયેલી કલ્પી છે તે આ જ જગ્યા પરથી. વાત્રકકિનારાનું ઉત્કંઠેશ્વરનું એ સ્થળ તો ખરેખર ગૂજરાતને ગૌરવ અપાવે એવું નિસર્ગમનોહર છે.

ગિરનાર જોયે બહુ વખત થઈ હતો, ને પહાડો જાણે પોકાર કરી રહ્યા હતા. એટલે, એક વર્ષે રાજપીપળાની સારસા ટેકરી, બીજે વર્ષે પાવાગઢ ને ત્રીજે વર્ષે પાલીતાણાનો શત્રુંજય જોઈ આવ્યો.

સારસાની આસપાસની લીલોતરી વચ્ચે, આંખ અને મનને ઠારતા શાન્ત પ્રાતઃકાળનો સમય મેં જે સ્તુતિ અને પ્રાર્થનામાં ગાળ્યો છે, એ સ્મરણીય બની ગયો છે.

પાવાગઢ ચડતાં તો જો કે દમ નીકળી જાય એવું છે; પણ, ત્યાં મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીના સાન્નિધ્યમાં, તળાવને કિનારેથી, નીચે પથરાયેલું નાશ પામેલું ચાંપાનેર જોતાં થયેલો શોક ત્યાંના 'રમણે ચડેલા વીંઝણા'-(પવન)વડે કંઈક ઓછો થાય છે.

'ચાંપાનેરનાં ચાર ચૌટાં મહાકાળી રે!'
'વિંઝણો રમણે ચડયો રે લોલ!' અને વળી,
"હાથમાં તે લઉં લાલ લાકડી, ગોવાલણુ હો, કે જાવું રે"

એ ગૂર્જરીનો ગરબો ત્યાં સાંભરી આવ્યા વિના રહેતો

નથી. 'ચાલો ચાલો' કહીને સૃષ્ટિસૌન્દર્યના યોગમાંથી સમાધિનો ભંગ કરાવનાર ત્યાં કોઈ નહિ હોવાથી નિરાંતે ખૂબ વખત બેસીને ગૂર્જરાતના એ સમૃદ્ધ નગરની પૂર્વની જાહોજહાલી, ત્યાંની જાણીતી મેના ગૂર્જરીની પવિત્રતા, અને કાલ, અર્થ અને જ્ઞાનની શક્તિનું મેં મનન કર્યા કર્યું.

પાલીતાણાના શેત્રુંજયની તો કાંઈ ઝાઝી અસર ન થઈ.

'નરી સરળતા કોણ પૂજશે ?
નથી તેજ નથી તરંગ !'

માત્ર એ કવિ ન્હાનાલાલે વર્ણવેલું શત્રુંજયની કેડ પરનું એક તળાવ ત્યાં સાંભર્યું હતું; પરંતુ, તે પણ લગભગ સુકાઈ ગયું હતું.

ઘેર આવ્યો ને મારા સ્વ. મિત્ર ચૂનીલાલ બહેરાવાળા મળ્યા. એ કહે, 'મારી અત્યાર સુધીની બધી મુસાફરીઓ રદ; બધું જોયેલું રદ. એક આબુ જોયો એણે મારું બધું અભિમાન ઉતારી નાંખ્યું.' એમ કહીને એમણે મને આબુમાં રહેવાનો બંદોબસ્ત કરી આપ્યો, અને હું મારા મોટા પુત્ર ઇન્દ્રપ્રસાદ સાથે આબુ ગયો.

ખરેડીથી ઉપર ચડવા માંડતાં જ જાણે નવા વાતાવરણમાં જતા હોઈએ એવું લાગ્યું, અને ગિરિપ્રદેશની શોભાએ આંખને ઠારી દીધી. ત્યાંના નખી તળાવની રમણીયતા તો અપાર છે. એ સરોવરને કિનારે કિનારે વિવિધ સ્થળે બેસીને ખૂબ આનંદ લૂંટયો છે. એને દક્ષિણ

છેડે બેસીને સૂર્યાસ્તનાં પ્રતિબિંબ જોવાં એ અનેરો લ્હાવ છે. સૂર્યાસ્ત જોવાની રંગલીલા વડે રંગાતું નખી તળાવ તો અદ્ભુત લાગે છે.

સૂર્યાસ્તની બીજી અદ્ભુતતા આબુના 'સૂર્યાસ્ત છેડે' (Sunset Point નામના સ્થળે) સાંપડે છે. સૂર્ય ક્ષિતિજની મર્યાદા વટાવી ગયા પછી પણ ત્યાં અરધો–પોણો કલાક અસ્ત થતો જણાય છે. તે વખતે એનો પ્રકાશ તો ઓછો થઈ જાય છે; પરંતુ, મોટો થાળ જેવો એ ઝાંખો પડી જઈને પણ અપૂર્વ દૃશ્ય રજૂ કરે છે.

પૃથ્વીની સાત અજાયબીઓમાં ગણી શકાય એવી દેલવાડાનાં આરસનાં મંદિરોની શિલ્પસમૃદ્ધિ જ્યારે આબુમાં મેં પ્રત્યક્ષ જોઈ ત્યારે એવું અદ્ભુત સુંદર શિલ્પ બતાવવા માટે મેં ઈશ્વરના ધન્યવાદ ગાયા. એના સ્તંભો અને ગોખો પર કોરેલ પક્ષીઓ, વેલો, પુષ્પો ને નૃત્ય તથા સંગીતના ભાવમાં લીન અપ્સરાઓની ભરચક્ક ને રૂપસુંદર કોતરણી, એનાં દેવદેવીઓની ને પુરાણકથાના પ્રસંગોની મૂર્તિઓ, બધું જ અદ્ભુત છે. ઘુમ્મટમાં કોરેલાં લોલક ને છતોની કોતરણી જોવા માટે તો સૂવું પડતું હતું. પણ ઈશ્વરકૃપાએ ત્યાં કોઈ ઉતાવળ કરનાર ન હતું, એટલે મેં પેટ ભરી ભરીને એ કોતરણીની રૂપશ્રીનું પાન કર્યું. એના સમસ્ત શિલ્પ અને સ્થાપત્યમાં એક જાતની સુસંવાદી તાલમયતા હતી. બહાર અરવલ્લીની ભવ્યતા અને નખીનું સૌન્દર્ય હતાં, અંદર મંદિરોમાં સ્થાપત્યની તાલમય સુપ્રમાણતા અને શિલ્પનું સૌન્દર્ય માતાં નહોતાં. અને,

પૃથ્વીના વિશ્વકર્માની એ સૃષ્ટિ બ્રહ્માના બાહ્ય જગત સાથે જાણે સ્પર્ધામાં ઊતરીને દિગ્વિજય કરી રહી હતી.

એના બંધાવનાર વસ્તુપાલ–તેજપાલ અને વિમળ-શાહના ભક્તિભાવે અહીં સૌન્દર્યે રૂપ રૂપ અને રૂપ ધારણ કર્યાં છે. એના શિલ્પીઓની સાધના પણ અજબ છે. અહીંની કોતરણી કરતાં એમણે અખંડ બ્રહ્મચર્ય પાળ્યાં હતાં, અને માત્ર પૂજા અર્થે જ એમણે છીણી પકડી હતી. અને, એને પરિણામે, જે અમર આનંદ એમણે સાતસો વર્ષથી અહીં વહેતો મૂકયો છે તે હજી યે અનંત ફુવારાની જેમ ઊડયા જ ક છે!

આઠ દિવસ હું આબુ રહ્યો, અને એના એકેકેએક દિવસની એકેકેએક જાગૃત ઘડી મેં જીવનની ધન્ય ઘડી બનાવી દીધી. બીજી વાર પંદર દિવસ રહ્યો ત્યારે પણ જોયેલાં સ્થળો ફરી ફરીને જોતાં, લેશમાત્ર કંટાળો નથી આવ્યો.

ગૌમુખ પાસે આબુની તળેટીની શોભા પણ અવર્ણ-નીય છે. ત્યાં રણબંકા દેવડાની પિત્તળની એક મૂર્તિ છે. જો કે પૂજારી એને ઇંદ્રની મૂર્તિ કહ્યા કરે છે. એ બંકો શિરોહીનો બીજો મહારાણો પ્રતાપ હતો. એવી જ રીતે, અચલેશ્વર પાસે મેવાડના પ્રતાપી સ્વદેશભક્તોના સંતાઈ રહેવાના મહેલો પડયા છે. લોકો એ ઇતિહાસ ભૂલીને એમને ગોપીચંદ અને ભરથરીની ગુફાઓ કહ્યા કરે છે!

આબુના બીજા ‘ અનાદ્રા છેડે ’ (અનાદ્રા પૉઈન્ટ)થી ભિન્નમાળ તરફ મુસાફરોને જતા જોયા, અને ગૂજરાતના એક વખતના એ ગૌરવવંતા શ્રીમાળનાં સ્મરણ થયાં.

વિશાળતા, શાન્તિ, એકાન્ત અને સૌન્દર્યનાં આબુમાં સાક્ષાત દર્શન કર્યાં. શિલ્પ અને સ્થાપત્યની આશ્ચર્યકારક રચનાએ મન ભરી દીધું. દવાખાનું ચલાવ્યે મને દસબાર વર્ષ થવા આવ્યાં હતાં. કંઈ બહુ પૈસો તો મેં નહોતો મેળવ્યો, પણ ગૂર્જરદેશની શ્રી મારા પર તૃષ્યમાન થયાં હતાં. એ કહેતાં, ‘ માગ્ય! માગ્ય! માગે તે આપું! ’ હું માગ્યા જ કરતો હતો, અને એ આપ્યે જ જતાં હતાં.

[૪]

હવે રોજ સવારે મેં સ્વામી વિવેકાનંદનાં વ્યાખ્યાનો વાંચવા માંડયાં હતાં. એની અસર એટલી બધી થતી કે, એમનું બધું જ કથન મને અક્ષરશઃ ખરું લાગતું. મેં જાણ્યું કે, હું સ્નાન કરીને પૂર્ણ ભક્તિભાવથી વાંચવા બેસું છું, તેથી આમ થતું હશે. મારી પોતાની બુદ્ધિ છેક દબાઈ જાય, ને સ્વતંત્ર વિચાર પણ ન કરી શકાય એટલી બધી ગુરુભક્તિ સારી નહિ, એમ વિચારી મેં તટસ્થપણે વાંચવા માંડયું. ત્યારે દબાણ ઓછું થયું, ને કેટલીક બાબતમાં મતભેદ પણ જણાવા લાગ્યો. અને, જ્યાં હું સંમત થતો ત્યાં પણ વિચારપૂર્વક.

એવી મનોવૃત્તિમાં મેં એમનું 'God the Terrible' [ભયંકર સ્વરૂપમાં કાળીરૂપે ભગવાન] વાંચ્યું. મને થયું, ભગવાન તો સદા મંગળ સ્વરૂપે જ હોય છે; તો પછી આ ભયંકર, ક્રૂર અને ઘાતકી રૂપ તેનું કેમ થાય? હું એનો સ્વતંત્રપણે વિચાર કરવા લાગ્યો.

થોડા જ દિવસમાં મારો નાનો ભાઈ પ્રાણલાલ ગુજરી ગયો, ને ભયંકર સ્વરૂપમાં ભગવાનને મેં જોયા! અમારી બે ભાઈની રામલક્ષ્મણ જેવી જોડી હતી. શરીર બે,

પણ જીવ એક હતા. ઘડી પણ એના વગર મને ચાલવું અશકય હતું. મારું જીવન ખારું થઈ ગયું. સંસારમાં કોઈ રસ રહ્યો નહિ. બધું શૂન્યકાર થઈ ગયું. દુઃખ અતિશય ઊંડું હતું, અને કરુણ રસથી મારા દિવસો અને રાત્રિઓ છવાઈ ગયાં.

એને 'સ્પ્રૂ' [આંતરડાનો ક્ષય]થયો હતો. શરીર આ જીવનમાં કોઈ જ કામ કરવા લાયક રહ્યું નહોતું. વધારે સારું શરીર આપીને એને નવા જન્મે વધારે સારી ઉન્નતિ કરવા યોગ્ય બનાવવા માટે જ ભગવાને મોત આપ્યું હશે, અને દેખીતી એ ભયંકરતા પાછળ ભગવાનની એના પર તો અપાર કરુણા જ હશે, એમ મને બહુ દિવસ પછી લાગવા માડયું. અમારા શોક, પ્રેમને લઈને અથવા અમારા સ્વાર્થ પૂરતા જ હતા, એના જીવનું તો મૃત્યુથી જ કલ્યાણ હશે, એવી મને પ્રતીતિ થઈ. અને, કાળી તે 'ભદ્ર'કાળી જ—કલ્યાણમયી છે, એવી શ્રદ્ધા ધીમે ધીમે બેઠી. એવામાં એક માસિકમાં કોઈ કવિની હૃદયભેદક કવિતા વાંચી, અને મારી જ દશા એમાં હું જોઈ શકયો:

'બહુ દિવસથી, મારે માટે નથી રસ કૈં રહ્યો,
કુદરત મહીં શોધું છું હું બધે રસધોધવા.'

દુઃખનું ઓસડ દહાડા છે. બહુ દિવસે પહેલાંના 'રસધોધવા' પાછા શોધાયા તો ખરા; પરંતુ, હવે તો, સ્વ. નરસિંહરાવના 'સરિત્ સંગમ' કાવ્યમાં જે અનુભવ છે તેવા અનુભવથી ઘડાયેલા હૃદયમાંથી જ એ આવતા હતા. હૃદયમાં ઊંડો ઘા હતો. એ રુઝાયો હતો; છતાં, પ્રસંગોપાત દરદ ઊપડી આવતું હતું. એક નદી ઘોર અરણ્યમાંથી સૂકાં

પાંદડાં અને ઊંડાં જળ લઈને ગંભીર ચાલે ચાલી આવતી હતી. બીજી હાસ્યમય, કુદરતને રસ્તે ફૂલો અને ચમકતાં જળને લઈને કૂદતી અને ઊછળતી આવતી. એ બે નદી-ઓના સંગમ થઈ ગયેલાં જળ પીતાં આપણે સંસારમાં બેઠા છીએ, એમ કહીને કવિ નરસિંહરાવ કહે છે કે, હર્ષના પ્રસંગે શોકનાં પણ થોડાં જળપાન કરતો બેઠો છું.

ગાન મધુરું કરી ઉછંગે હર્ષનદી નાચતી,
ઘોર શોકસરિતા ગંભીર, ઘૂઘવાટે વહી જતી.
એ બે સરિતા તણાં જ્યાં નીર વહે એકમેકશું,
નાની પર્ણકુટીમાં તે ઠામ નિરંતર હું વસું.
શોકજળમાંથી કદી પાન કરું હર્ષનીરનું,
હર્ષનીરમાંથી શોકપાન કદી કરું ધીર હું.

એવામાં સ્વ. મગનલાલ ચિત્રકાર મને મળ્યા. એ કોઈ ચિત્રશાળામાં ભણ્યા નહોતા. પણ ટ્રેનિંગ કૉલેજમાં ડ્રૉઇંગ શીખંતાં શીખતાં જ એમણે ચિત્રો દોરવા માંડેલાં. રાજા રવિવર્માનાં ચિત્રોની અસર તે વેળા પ્રજામાનસ પર ખૂબ હતી. મગનલાલના તો રવિવર્મા દેવ હતા.

છેક ૧૯૦૨–'૩માં, સ્વ. માધવલાલ હરિલાલ દેસાઈ જે અહીંની ટ્રેનિંગ કૉલેજમાં પ્રિન્સિપાલ હતા એમના પ્રયાસથી અમદાવાદમાં એક આદર્શ શિક્ષણ પરિષદ મળી હતી. એ પરિષદ વેળા મગનલાલ ભણતા. પરિષદ માટે કાળા પાટિયા પર 'દમયંતી ને અજગર'નું ચિત્ર ચાકથી એમણે દોરેલું. એ બહુ જ સુંદર બન્યું હતું. પાસ થયા પછી એ મ્યુનિસિપલ નોકરીમાં રહ્યા, પણ નવરાશના વખતમાં એમણે ચિત્રો દોરવાની પ્રવૃત્તિ ચાલુ રાખી.

એક દિવસ મને એ પોતાનાં ચિત્રો બતાવવા એમને ઘેર લઈ ગયા. ત્યાં મેં 'દમયંતી અને અજગર'વાળું ચિત્ર ખૂબ વિકાસ પામી ગયેલું જોયું. રંગ, ભાવ, પ્રકાશ, છાયા અને શોકનું વાતાવરણ પૂરેપૂરું જામ્યું હતું. એમાંનો અજગર ચિતરવા માટે એ વડોદરા જઈને પ્રાણીસંગ્રહ જોઈ આવ્યા હતા. મૂર્છાવશ થયેલી દમયંતી, ભયંકર અજગર, વનનું સૌંદર્ય અને કુહાડો ઉપાડીને અજગરને મારવા ઊભેલો પારધી એ બધાં મારા હૃદયમાં કોમળ અને રૌદ્ર રસો જાગૃત કરી રહ્યાં!

બીજું ચિત્ર સિદ્ધરાજ અને રાણકદેવીનું હતું. રા'ખેંગારના ગભરુ છોકરાઓને મારવા તલવાર ઉગામતા સિદ્ધરાજ સામે, સિંહણની માફક ત્રાટકી, રાણક એક તરફથી એનો હાથ પકડવા જાય છે, અને બીજી તરફથી પોતાના છોકરાઓને વીરને મોતે મરવા આગ્રહ કરે છે. પોતાની રાણકદેવીનું રૂપ શોધવા મગનલાલ કાઠિયાવાડની રૂપવતીઓને જોવા ઘણા રાજ્યોમાં ફરી આવેલા. તે વખતનાં પાઠ્યપુસ્તકોમાં, ભારતવર્ષની રમણીઓ કોળણ અને ભીલડીઓ જેવી ચીતરવામાં આવતી હતી, તેથી ચિત્રકારનું સ્વદેશાભિમાની હૃદય વીંધાયું હતું. એમને પોતાની નાયિકા રૂપવાન, ગુણવાન અને પ્રભાવશાળી ચીતરવી હતી. 'અને, જેની પાછળ પાટણનો રાજરાજેશ્વર બાર વર્ષ ઘૂમ્યો હતો તે રાણકદેવી શું કમ હતી? એ તો પદ્મિની હતી. એ સતી થઈ, પણ શિયળ ન વેચ્યું. એવી રાણક, મારે જેવીતેવી નહોતી ચીતરવી. આ રૂપ પાછળ મેં મારા ગજા ઉપરાંત

ખર્ચ કરી નાંખ્યું છે.' આવી લાગણી ને ભાવાવેશથી મગનલાલે મને ચિત્ર બતાવ્યું.

ત્રીજું ચિત્ર ખોલતાં પહેલાં એમણે ગ્રામોફોનની ચૂડી મૂકી. એમાં,

'શેઠ શગાળશા, સાધુને સેવે, વાણિયો પાળે વૃત્ત.'

વગેરે ગવાયું, અને ધીમે ધીમે મગનલાલે એમના ત્રીજા ચિત્રનો પડદો ખોલ્યો. એમાં શગાળશા શેઠ, અઘોરી અને શેઠાણી આગળ નિશાળેથી પાટી ખભે ભરવીને હસતે મુખે પુત્ર આવેલો છે, અને શેઠશેઠાણીના મુખ પર ગ્લાનિ છવાઈ રહી છે, તેનું અસરકારક આલેખન હતું.

પછીનું ચિત્ર હિંદદેવીનું હતું. એમાં હિંદદેવી હોઠે આંગળી અડાડીને ઊભાં છે. વસ્ત્રથી બ્રહ્મદેશ સુદ્ધાં આખો હિંદુસ્તાન પોતાના આશ્રયમાં લઈ લીધો છે, દેવી ગંભીર, પ્રૌઢ અને પવિત્ર લાગે છે. ત્રણે બાજુ સાગર ગર્જી રહ્યો છે. આકૃતિ હિંદના આબેહૂબ નકશામાં સુઘટિત રીતે ગોઠવાઈ ગઈ છે.

આ છબિને અમે અસંખ્ય રાજદ્વારી સભાઓમાં, પોળોમાં, સ્વદેશી વસ્ત્રો પહેરવાની પ્રતિજ્ઞાઓ લેવાતી તેના મેળાવડાઓમાં, અને સ્વદેશકીર્તનો તથા દેશભકતોની જયંતીઓના પ્રસંગે વારંવાર લઈ જતા હતા. મગનલાલ કહેતા કે, 'તમે અમદાવાદમાં સંગ્રહસ્થાન કરો તો આ છબિ હું મફત આપી દઉં!' પણ, એવું સંગ્રહસ્થાન આ મખ્ખીચૂસ શહેરે હજી કર્યું નહિ; અને, એ છબિ, ઘણું કરીને, જમનાલાલ બજાજ લઈ ગયા.

બીજું એક ચિત્ર પિતૃભકત શ્રવણનું હતું. એમાં કાંગરા કલમ જેવી સૃષ્ટિસૌંદર્યની ઝીણવટ હતી, અને રવિવર્મા જેવી વાસ્તવિકતા હતી.

આ ચિત્રોએ મારી આંખોને ખૂબ કેળવી. ચિત્રસૃષ્ટિ કેવી રસમય છે, તે હું સમજ્યો. કવિ નાનાલાલ, કાકા કાલેલકર, મિ. અને મિસિસ પોલોક તથા ખુદ મહાત્માજીને એ ચિત્રો મેં દેખાડ્યાં. પછી તો હું ને મગનલાલ ચિત્રવિદ્યા અને એની મહત્તા પર અનેક ચર્ચાઓ પણ કરતા. એમણે જ મને ' સાંજ વર્તમાન 'માં છપાયેલો શ્રી.રવિશંકર રાવળનો એક સુંદર લેખ બતાવ્યો, ને પછી તો રવિભાઈ પોતે અમદાવાદ આવ્યા, અને કલાતીર્થે અમારો સત્સંગ જામ્યો.

હવે મને લાગવા માંડ્યું કે, સૌન્દર્ય તો સર્વત્ર ભર્યું છે; કોઈ વિરલ પ્રસંગે કે યાત્રાના ધામે જ જોવા મળે એવું કંઈ જ નથી.

આથી, અમદાવાદનાં બધાં મંદિરો અને મસ્જિદોમાં હું જવા લાગ્યો. તેમાંનાં સ્થાપત્ય, શિલ્પ અને મૂર્તિઓનાં નિરીક્ષણથી મને ઉચ્ચ પ્રકારનું સુખ મળતું હતું.

દિલ્હી દરવાજા બહાર હઠીસીંગના દેવળ પરની નર્તકીઓની મૂર્તિઓનાં મુખ પર આનન્દસમાધિનું દૃશ્ય બહુ જ આકર્ષક હતું. એ બધું ઘણા મિત્રોને તેમ જ અમદાવાદમાં આવેલા પરદેશી વિદ્વાનો અને કવિતાપ્રેમી સાહિત્યરસિકોને પણ બતાવવા હું વારંવાર હઠીસીંગનાં મંદિરે લઈ જતો, અને તે દરેક પ્રસંગે નવો નવો આનંદ મળતો. ત્યાંના તીર્થંકરોના

મુખભાવમાં અવ્યકત શાન્તિને વ્યકત કરનાર, વિશ્વકર્માના શિષ્યો—સોમપુરા સલાટોને હું નમસ્કાર કરતો.

અમદાવાદની મસ્જિદોના સ્થાપત્યની સપ્રમાણતા, એમાંની કોતરણીનું સૌંદર્ય ને તેની જાળીઓની વિવિધતા પર તો હું મુગ્ધ બન્યો હતો. લાલ દરવાજાની જાળીઓની કોતરણીની સુકુમારતા ને લાલિત્ય જોઈ મને મિઠ્ઠી કોયલો ને દયારામ કવિનાં ગીતો સાંભરતાં. એ કોતરણીમાંનું ઝાડ જોઈને મને મરોડદાર ગૂજરાતી લિપિ યાદ આવતી. દેવનાગરીની માથા બાંધેલી લીટીઓ તળે ઊભેલા અક્ષરો જાણે ' હડેટ હોમ 'ના હુકમ પર ડ્રિલ કરતા લાગતા, ત્યારે ગૂજરાતી લિપિમાં સુરેખાઓનાં વ્હેણુ ગરબે ઘૂમતી કન્યાઓ જેવાં મુક્તપ્રવાહી લાગતાં.

સૂર્યાસ્તના રંગો વખતે જ્યારે એ લાલ દરવાજાની જાળીઓ જોતો ત્યારે તો એ સ્થળ અને કાળને ભૂલી કોઈ અલૌકિક ભૂમિમાં વસતો હોઉં, એવું લાગતું. એ જાળીઓ પણ મેં બહુ જણને બતાવી છે. ' રૂપમ્ ' ના તંત્રી કલાવિદ્દ અર્ધેન્દ્રકુમાર ગાંગુલી તો એ જોઈને કહે 'મેં આના ચિત્રો તો બહુ જોયાં હતાં; પણ, ખરી જોયાથી જેવો આનંદ થાય છે તેવો તો કોઈ છબિ કે ચિત્રથી નહિ થયેલો.' પછી તો આ જાળી ઉપરથી રૂપાની નાની નાની જાળીઓની પેટીઓ બનાવડાવીને તેમાં મેં કેટલાં યે માનપત્રો અપાવડાવ્યાં. અને ઓંધના રાજાસાહેબને પણ એક રૂપાના એવી જાળી મેં કરાવી આપી હતી.

સરખેજ અને શાહઆલમના રોજા તથા રાણી સિપ્રી,

રાણી રૂપમતી અને મુઆફિઝખાનની મસ્જિદો, જુમ્મા-મસ્જિદ તથા બાદશાહ અને રાણીના હજીરા જોવા હું વારંવાર જતો. સરખેજનું એકાન્ત, વાતાવરણની પવિત્રતા ને કલા-સમૃદ્ધિ તો મને ખૂબ ગમતાં. વિદ્યાર્થીઓનાં ટોળેટોળાંને હું ત્યાંની યાત્રા એ લઈ જતો. ત્યાંનાં તળાવનો ઓવારો, ગરનાળાં ઉપરની કોતરણી, ગુંબજમાં આછા પ્રકાશ અને પડઘાની યોજના તથા મહમદ બેગડા અને અહમદ ખટ્ટુ ગંજબક્ષની કબરો પરની કોતરણી જોતાં હું કદી ધરાતો નહિ.

શાહઆલમની જાળીઓમાંથી ગળાઈને આવતો પ્રકાશ ભક્તિભાવનો પોષાક લાગતો, અને પશ્ચિમનાં ગોથિક દેવળોમાંની ' સ્ટેઈન્ડ ગ્લાસ વિન્ડોઝ ' એટલે રંગીન કાચની બારીઓના તેજ કરતાં આના તેજની માનસિક અસર વધારે સારી લાગતી. વળી, એ કોતરણીની ભિન્ન ભિન્ન આકૃતિઓમાંથી જોવાતું ભૂરુ આકાશ પણ પ્રભુની વધારે નજદીક લઈ જતું લાગતું. ત્યાંના ટોડા પર ચડીને મેં કલાકો સુધી દૂરદૂરનું સૃષ્ટિસૌન્દર્ય પીધું છે. ત્યાંથી નજરે પડતાં તળાવો, વૃક્ષો ને વાદળના રંગો નિસર્ગદેવીની અદ્ભુત લહાણ છે.

મને લાગતું કે, આવડા મોટા શહેરમાં મારા જેવો કોઈ સુખી નથી. સાંજના પાંચ પછી હું કોઈ દિવસ ઘેર રહેતો નહિં 'ગૂજરાત કલબ'નો પણ સભાસદ ન થયો; કારણ, દરરોજ સાંજનાં આવાં અદ્ભુત કલાપર્યટન અને સૃષ્ટિસૌન્દર્યનાં સુખ મૂકીને, એ પત્તાંબાજી, બ્રિજ કે કુથ-

લીઓમાં સલૂણી સંધ્યાઓ વેડફવી મને વ્યાજબી લાગી નહિ.

અમદાવાદનું સ્વામીનારાયણનું મંદિર પણ હઠીસીંગના મંદિરનું સમકાલીન છે. એની લાકડાની કોતરણી, સભામંડપના સ્તંભો, સહજાનંદ સ્વામી ને નરનારાયણની મૂર્તિઓ વગેરેએ મને ખૂબ અસર કરી હતી.

છતાં, આ બધું ભૂતકાળનું હતું. મારે વર્તમાનમાં કોઈ શિલ્પકાર હોય તો તેને મળવું હતું, અને એમની આધુનિક સ્થિતિ અને ભવિષ્યની આશાઓમાં કંઈ સાથ અપાય તો આપવાની મને લ્હે લાગી હતી.

મગનલાલ ચિત્રકાર અને પછી રવિભાઈ સાથે કલાના પુનરુદ્ધારની ઘણી વાતો થતી, ને દેશના પુનર્જીવનમાં કળાઓ અને કળાકારો જો મળે તો પ્રજાજીવનમાં રસિકતા અને આનંદ આવે, એમ આશા બંધાઈ હતી.

આ ઉપરથી નવા જૈન મંદિરોના શિલ્પી રવિકરણ, અમદાવાદની અદ્‌ભુત લાકડાની કોતરણી હમણાં સુધી સજીવન રાખનાર સોમનાથ ભૂધર મિસ્ત્રી, કિનખાબ વણનારા થોડાંક શાળવીઓ અને એક ગાલીચાના કારખાનાવાળાને હું મળ્યો. રવિકરણ પાસેથી સોમપુરા બ્રાહ્મણોનો ઇતિહાસ જાણ્યો, અને ગૂજરાત, રજપૂતાના તથા માળવા સુધીની એમની કોતરણીની અને રૂપકામની એકતા એમની પાસેથી સમજ્યો.

અમદાવાદમાં બનતા ગાલીચા, કિનખાબ, લાકડાનું કોતરકામ અને ખેતરપાળની પોળનું રવિકરણે જીર્ણો-

દ્વાર કરેલું મંદિર, બધું મેં મહાત્માજીને બતાવ્યું, અને એમના ઉત્તમ અભિપ્રાયને જાણી મને એટલી ખાત્રી થઈ કે, હું કોઈ કલ્પિત સ્વર્ગમાં ફરતો નહોતો.

આત્મા દૃશ્ય રીતે તો જણાતો નથી, પણ ઉન્નત માનવઆત્માએ કરેલાં આવાં મનોરમ સર્જન જોઈને આત્માના વૈભવનું હું સાંન્નિધ્ય અનુભવવા લાગ્યો, અને પ્રભુના આનંદસ્વરૂપનું સાક્ષાત દર્શન કલામાં મને થવા લાગ્યું.

એક દિવસ ફત્તાશાની પોળનું એક નવું જૈન મંદિર બાબુ ક્ષિતિમોહન સેનને હું બતાવવા ગયો. એ મંદિરના ઘાટ અને પૂતળીઓ વગેરેની વર્ણસંસ્કારતા જોઈને બાબુ જરા ખિન્ન તો થયા હતા, પરંતુ ત્યાં મને પોતાની સાથે એક ખૂણામાં બેસાડીને દર્શન કરવા આવનાર ભક્ત જનોનાં મુખ ઉપરના ભાવ જોવા એમણે મને સૂચના કરી.

એ દર્શન અજબ હતું. દર્શને આવનારમાં બાળકો, યુવતીઓ, યુવકો અને વૃદ્ધો તમામ હતાં; પણ, દ્વારમાં પેસતાં જ એ સૌનાં મોં એકદમ નમ્ર થઈ જતાં. ખૂબ ઠાઠમાઠમાં આવનારી અલબેલીઓ, દેવ સામે જોતાં જ અભિમાન રહિત થઈ જતી, અને છેક રાંક બની જઈ ભગવાન આગળ પોતાનાં હૃદય ખોલતી લાગતી હતી. મંદિરો અને દર્શનની આ અસર મેં પહેલી જ વાર જોઈ.

[૬]

'પ્રાર્થના સમાજ'ની મારા ધાર્મિક જીવન પર બહુ અસર છે. ત્યાંની પ્રાર્થનાઓ, ઉપાસના, ઉપદેશ અને સંગીતે મને ભક્તિરસ પાયો છે, અને આધ્યાત્મિક પોષણ આપ્યું છે. પરંતુ, 'પ્રાર્થના સમાજ'ની દીક્ષા લેવાનો સમય આવ્યો, અને એના નિયમો મેં જોયા ત્યારે એક નિયમ ઉપર હું અંતઃકરણપૂર્વક સંમત થઈ શકયો નહિ. એ નિયમ એવી મતલબનો હતો કે, હું મૂર્તિપૂજાને પાપ ગણીશ. બાળપણમાં મૂર્તિપૂજાથી પણ મારા હૃદયમાં ધાર્મિક સંસ્કાર જાગૃત થએલા મેં અનુભવ્યા હતા. અને, જો કે, ભગવાનની સગુણ ઉપાસનામાં મૂર્તિ છેક ઊતરતી કોટીમાં છે એમ માનવા તો હું તે વખતે તૈયાર હતો; પણ મૂર્તિ-પૂજા 'પાપ' છે, એ સિદ્ધાંત તો મારે ગળે ઊતર્યો નહિ. એટલે, ધર્મે હું પ્રાર્થનાસમાજી ન થયો.

ત્યાર પછી થોડેક જ વર્ષે હું પાછો મુંબઈ ગયો, અને ત્યાં નવું ગોઠવાયેલું પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ જોયું. ત્યાં ઘણું કરીને સ્વ. દોરાબ તાતા તરફથી મ્યુઝિયમને ભેટ મળેલી બે મૂર્તિઓ જોઈ. એ, ઇટાલીના કોઈ શિલ્પીની બનાવેલી, શુદ્ધ આરસની હતી. એક પર લખ્યું હતું:

'વેનિટી' (મિથ્યાભિમાન) બીજી પર લખ્યું હતું: 'મોડેસ્ટી'. (નમ્રતા)'.

મિથ્યાભિમાન અને નમ્રતા જેવાં ભાવવાચક નામોને પ્રત્યક્ષ કરાવવાનું મુશ્કેલ કામ આ શિલ્પીએ સફળ રીતે કર્યું હતું. મિથ્યાભિમાની સ્ત્રી, ઊંચી એડીનાં બૂટ, પાતળી કેડ ને વાંકી ચાલવાળી, માથે ખૂબ પીંછા ઘાલેલી ને હાથમાં ફેન્સી છત્રીવાળી હતી. એના મોં પર મદ હતો, ને ભ્રમર ચડાવેલી તીરછી દૃષ્ટિ હતી. એને જોઈ ને જ થતું કે, રખેને આપણે આ સ્ત્રી જેવા આડંબરી અને ઘમંડી ના હોઈએ!

'નમ્રતા'નાં વસ્ત્ર સાદાં હતાં, અલંકાર કંઈ જ નહોતા. નયનો ઢળેલાં હતાં, અને ઈશુ ખ્રિસ્તની માતા મેરીનું સ્મરણ કરાવતાં હતાં. એ મૂર્તિ જોઈ ને જ અજાણતાં પ્રાર્થના થઈ જતી કે, 'પ્રભો! મને પણ આવી નમ્રતા આપજો!'

ત્યાંથી જ મને લાગ્યું કે, આપણી મૂર્તિઓમાં પણ આવું જ તત્ત્વ હોવું જોઈએ અને તેથી મૂર્તિપૂજામાં પાપ તો નથી; એટલું જ નહિ. પણ આદર્શો સિદ્ધ કરાવી આપવાની અનુપમ શકિત એમાં રહેલી હોવી જોઈએ. મારો એ તર્ક ત્યાર પછીની મારી કલાયાત્રાઓમાં સેંકડો અવલોકનો અને પ્રયોગો દ્વારા મેં સિદ્ધ કરી જોયો છે. રૂઢિચુસ્ત ક્રિયાકાંડ ને દર્શનની ઘેલછામાં હું નથી પડયો, ને ગતાનુગતિક મૂર્તિપૂજા પણ મેં નથી કરી; પરન્તુ, 'અવલોકિતેશ્વર' કે 'વિષ્ણુ'ની જૂની મૂર્તિઓ જોતાં તો

મને લાગ્યું છે કે, કીડીથી કુંજર સુધીનાં પ્રાણીમાત્રનાં સુખદુ:ખનું અવલોકન કરી એમની સંભાળ લેનાર, પાળનાર ને પોષનાર ભગવાન આવા જ હોવા જોઈએ.

'પ્રજ્ઞાપારમિતા'ની જાવાસુમાત્રાની મૂર્તિની છબિ મેં શ્રી. હેવેલનાં કલાવિષયક પુસ્તકોમાં જોઈ હતી. એ મૂર્તિ હાલ બર્લિનમાં છે. એ પછી ઘણે વર્ષે, છેક સો વર્ષ પર ઘડાયેલી ગાયત્રીની મૂર્તિ ખંભાતના સ્વામીનારાયણના મંદિરમાંથી ફેંકાઈ ગયેલી મારે હાથ આવી હતી. બંનેમાં મેં, જ્ઞાનથી શુદ્ધ થયેલી બુદ્ધિને, અને સન્માર્ગે પ્રેરણા આપતી અંતઃકરણની શકિતને, પ્રત્યક્ષ જોઈ.

'નટરાજ'ની મૂર્તિમાં, પ્રવૃત્તિમાં નિવૃત્તિનો શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ આંખોઆંખ જોયો. ગુપ્ત સમયની 'ધ્યાની બુદ્ધ'ની મૂર્તિમાં આત્મદર્શનનું પરમ સુખ ભોગવતા પવિત્ર આત્માના દર્શન કર્યાં. પણ, એ બધી કલાયાત્રાની વાત અહીં હું નહિ કરું. એ તો મારે ક્રમવાર આગળ ઉપર જરા વિગતે કહેવી પડશે. આ દૃષ્ટાંતો પાછળ તો, શિલ્પ અને મૂર્તિવિધાનની કલામાં કેટલો રસ ભર્યો છે, અને એના ફોટોગ્રાફ જોવાથી પણ આપણી કેટલી બધી છૂપી શકિતઓ બહાર આવી શકે છે, એટલું જ બતાવવાનો મારો ઉદ્દેશ છે.

કાવ્યોમાં ઉત્તમ કાવ્યો 'વ્યંગ' કે 'ધ્વનિ'વાળાં કાવ્યો કહેવાય છે. એનો મુખ્ય ઉદ્દેશ આનંદ આપવાનો ગણાય છે, પણ આનંદ સાથે એ 'કાન્તાની માફક' રસમય બોધ પણ એવો આપી દે છે કે, ધર્માચાર્યો કે વેદાંતના

ગ્રંથો એની આગળ નિર્માલ્ય થઈ પડે છે.

ઉપર જે મૂર્તિઓની વાત મેં કહી, અને હજી બીજી વિષે આગળ હું ઘણું કહેવાનો છું તે આવાં ધ્વનિકાવ્યો જેવી સુંદર અને ભવ્ય છે. મને એમાંથી સત્ય, સૌન્દર્ય, પ્રેમ, આનંદ અને કલ્યાણના દર્શન થયાં છે, અને હજી થાય છે. એ મારી બૅંકની મૂડી છે. એ વડે હું મને ધનવાન માનું છું.

ઈ. સ. ૧૯૦૫થી '૧૮ સુધી હું મારી રીતે દેશસેવા કરતો હતો; પણ, ગાંધીજીએ ૧૯૧૮માં ખેડા સત્યાગ્રહ આદર્યો ત્યારે ગામડામાં જઈ, લોકોમાં રહી લોકો જેવા થવું પડયું.

ત્યારે મને ગોવર્ધનરામનું એક વાકય યાદ આવ્યું કે, 'શકુન્તલાના હાથનું ઘાસ હરણ ખાતું હતું, પણ દુષ્યંતના હાથનું એ નહોતું ખાતું; કેમકે, દુષ્યંત પર એને વિશ્વાસ ન હતો.' એ જ રીતે અમે અંગ્રેજી ભણેલા સાચી દેશસેવા કરી શકતા ન હતા; કેમકે, ગરીબ ગામડિયાંને અમારા પર વિશ્વાસ બેસતો નહિ. પણ, છેલ્લેછેલ્લે જનસમાજના ભીતરમાં જવાનો એક વિરલ પ્રસંગ મળ્યો.

જપ્તીઓ થઈ ગઈ હતી. લોકોએ મહેસૂલ ખાતે એક પાઈ પણ ભરી નહિ. આખરે, ભેંસો પર ટાંચ લાવવામાં આવી અને દૂર ચોરામાં ગામલોકોની બધી ભેંસોને મહેસૂલી અમલદારો લઈ ગયા. ત્યાં એ ભેંસોને બિચારીને કોઈએ પૂળો ઘાસ પણ નાખ્યું નહિ કે ટીપું પાણી પણ પાયું નહિ. તાપે એ તરફડતી હતી, છતાં આખા ગામમાંથી કોઈ ન ડગ્યું. બધા ટેક સાચવી રહ્યા.

રાત્રે મેં ગામલોકોને કહ્યું કે, વચનપાલનનો આવો સુંદર યોગ કલિયુગમાં તો આ પહેલી જ વાર હું જોઉં છું. ચાલો આપણે ભેગા થઈ ઈશ્વરની પ્રાર્થના કરીએ, અને હજી ભારે કસોટીઓમાંથી પસાર થવા માટે બળ માગીએ.

લોકો આવ્યા—સ્ત્રીઓ, વૃદ્ધો, જુવાનો અને બાળકો સુધ્ધાં આવ્યાં. રામજી મંદિર પાસેનો ચોક ભરાઈ ગયો. મારી પાસે સ્વદેશભકિતનાં ગીતો, એક હારમોનિયમની પેટી અને એક સારા કંઠથી ગાનાર કૉલેજનો એક વિદ્યાર્થી હતાં. હું પણ ગાઈ શકત, અને બીજાઓને ઝીલાવત. પરન્તુ, તે જ વખતે, મને એક વધારે સારો વિચાર આવ્યો, ને મેં અમારાં ગીતો ને સાજ રહેવાં દીધાં. ગામલોકોને જ મેં એમનાં મંજીરા, એકતારા અને ઢોલક લાવવા કહ્યું. એ લાવ્યા, અને ભજનમંડળીઓ જામી. એકતારા ઝણઝણવા લાગ્યા. મેં એમને જ ભજનો ગાવા કહ્યું. અને, એ અભણ ને મૂર્ખ ગણાતા લોકોએ સાચાં, બલવર્ધક, નિશ્ચયને દૃઢ કરનારાં એવાં ગીતો ગાયાં કે, અમારાં ગીતો એમની આગળ અમને નિર્માલ્ય, ઓઠાં ને તરજમિયાં લાગ્યાં !

ત્યારથી, જે લોકોની સેવા કરવી છે તેમના સંસ્કાર અને ખરા ઇતિહાસ જાણવાની મને જરૂર લાગી; અને, એ જ અરસામાં ઇ. બી. હેવેલનું ‘આર્યન રુલ ઇન ઇન્ડિયા’ તથા કલા ઉપરનાં બીજાં એમનાં પુસ્તકો વાંચતાં સાચાં દેશદર્શન માટે મારી આંખ ઊઘડી.

[૭]

શરદ પૂર્ણિમાની રાત હતી. મિત્રો સાથે હું એલિસ-બ્રિજના કઠેરાઓ પરથી વહેતા પાણીમાં ચંદ્રનો પ્રકાશ જોતો હતો.

મિયાં તાજુદ્દીને, એની હૃદયવેધક વાંસળી વગાડવા માંડી, અને એના મીઠા સૂરો, રૂપેરી રેતીમાં, દૂધિયા આકાશમાં અને દૂરદૂરની વનરાજિમાં અમૃત રેલાવવા લાગ્યા. આત્મા ને દેહની વચ્ચે અનેક પડદા પડ્યા હતા. તાજુદ્દીનના એકએક આલાપે એકએક પડદો ઊપડ્યો, ને એવી અસર કરી કે, લયયોગની કોઈ આનંદસમાધિમાં હું ડૂબી ગયો. એ રાત્રિને ચાળીસ વર્ષ વીતી ગયાં છતાં ઘણી વાર એ ગીતસુધા હજી સાબરમતીનાં જળમાં અને વિસ્તીર્ણ વેણુ-પટમાં હું કર્ણદ્વારા પીધા કરું છું.

ફરી તાજુદ્દીન મને મળ્યા નથી. અહીંથી એ કરાંચી ગયા હતા. પણ, એનું સ્મરણ હું જિંદગી પર્યંત સાચવી રાખીશ. હજી યે કોઈ પણ વાંસળીવાળો એકાદ સાધારણ ગીત ગાય છે ત્યારે મને તાજુદ્દીન સાંભરી આવે છે.

શાંતિભુવન થિયેટરમાં કલકત્તાવાળી ગૌહરનો જલસો હતો. ઓછામાં ઓછી ટિકિટ બે રૂપિયાની હતી. આપણે

તે રાત્રે બે રૂપિયા કુરબાન કરવા ધાર્યા. મારી સાથે એ જ વર્ગમાં ઘણા રસિક પારસી અને મુસલમાન બિરાદરો હતા તે જોઈને આશ્વાસન મળ્યું

ગૌહર સર્વાંગસુંદર હતી. વાળે વાળે મોતી પરોવ્યાં હતાં, ત્યાંથી માંડીને મખમલ ને કસબની મોજડીઓ સુધીની એની વેશભૂષા સુંદર હતી. બે સારંગીવાળા, 'તુનતુન થુન-થુન'માં બિલકુલ વખત બગાડ્યા વગર એકદમ આશાવરીમાં ઊતરી પડ્યા, ને ગૌહરે કોકિલ કંઠે ગાવા માંડ્યું, અને અમદાવાદ શહેર, થિયેટર, રાત્રિનો સમય, એ બધો દેશ-કાળ ભૂલીને હું તો એ ગાનના તાનમાં ઊડયો, જાણે અલકાપુરીના કોઈ નન્દનવનમાં ઇન્દ્ર અને બીજા દેવો સાથે બેસીને ગાંધર્વ ને અપ્સરાનાં સંગીત સાંભળવા લાગ્યો!

ગોહર ગમે તે હોય;–મારે મન એના સંગીતથી એ દેવી સ્વરૂપે–સરસ્વતી તુલ્ય લાગતી હતી. એનો વહેતો પ્રસાદ રાતના એક સુધી ચાલ્યો, ને મારા અંતરને ફળદ્રુપ બનાવી ગયો.

પાસેના ગામડે કોઈ દરદીને જોવા ગયો હતો. થોડી દવા આપતાં જ ચેન પડ્યું. એણે જ મારા મનોરંજન અર્થે રાત્રે અગિયાર વાગ્યે એકતારાવાળાઓને બોલાવ્યા.

કોઈ પેટ્રોમેક્સ ત્યાં આંખ ફોડવા ન હતો. અરે, દીવેલનું કોડિયું પણ એ સંતોને નહોતું જોઈતું, એમના તો દિલમાં દીવો પ્રકટતો હતો. અને, અંધારી રાતના ખીચોખીચ તારાઓની શાખે, ઊંડા શ્યામગંભીર આકા-શના ઘુમ્મટ નીચે, 'જી....જી....જી' ચાલ્યું. બેએક કલાક

શાન્ત સાત્ત્વિક તાનમાં ગાળેલી એ મધુર રજની, દેશના સંસ્કાર પ્રત્યે મને કાયમનો આદર કરાવતી ગઈ છે.

'ગીતાંજલિ' (અંગ્રેજી) પહેલવહેલી અમદાવાદમાં વાંચનાર હું હતો. એ મેં ગાંધીજી પાસેથી કોચરબના આશ્રમમાંથી મેળવી હતી.

'સંસાર રૂપી મેળામાં, પ્રભો! તેં મને વાંસળી વગાડવાનું કામ સોંપ્યું છે. અને તારું સોંપેલું, એટલે શી મણા! સાંભળનાર ખુશ થઈ જાય છે! આખો મેળો પણ આનંદદાયક ને મનોહારી છે. એ ફસામણ કે માયા નથી. ખરે જ, સર્વત્ર રસ રસ ને રસ ભર્યો છે.

'પણ હવે તો મને વાગે છે કે, સાંજ પડી. લોકો વેરાવા લાગ્યા છે. આરતીના ઘંટારવ થઈ રહ્યા છે. આપની આજ્ઞા હોય તો હું પણ હવે ઊઠું, અને દર્શન કરીને ઘેર જાઉં'

'પ્રભો! આ શરીરના છિદ્રેછિદ્ર તારો સ્પર્શ થવાનો, એટલે હું તેને સ્વચ્છ રાખીશ.

'પ્રભો! મનના એકેએક વિચાર તું જાણવાનો, એટલે એના ખૂણેખૂણેથી હું અસત્યને ખંખેરી નાખીશ. હૃદયની એકેએક ભાવના ને લાગણી હું શુદ્ધ કરીશ; કારણ કે, હૃદયના છેક અંદરના ખંડમાં તું બેઠો છે!'

આવા ભાવાર્થનાં 'ગીતાંજલિ'નાં અનેક કાવ્યો મારી અમૂલ્ય મિલકત થઈ પડી છે. એ ધન વપરાય છે તેમ વધે છે!

પ્રાણલાલ કિરપારામ દેસાઈએ મને મેરી કોરેલીના

'સોરોઝ ઓફ સેતાન'ની પિછાન કરાવી. સેતાન મારા ચે અંતઃકરણમાં હતો. એને મેં તે દિવસથી પકડયો, અને મારા ચારિત્ર્યથી એનો શોક વધે નહિ, એવું કરવાના મારા પ્રયત્ન આજદિન સુધી ચાલુ છે.

મેરી કોરેલી અજબ લેખિકા છે. અંગ્રેજ વિવેચકો ભલે એની કદર ન કરે. મારે મન આ એક જ પુસ્તક બસ છે. એનો સેતાન પણ બાઇબલના સેતાન કરતાં જુદો છે. એ તો કોઈ યોગભ્રષ્ટ આત્મા જેવો શાપિત છે.

એને લોકોને પ્રલોભનોમાં નાંખવાનું કામ ભગવાને સોંપ્યું છે, અને જ્યાં સુધી લોકો પાપમાર્ગે લલચાતા રહેશે ત્યાં સુધી એને પણ ભગવાનનો વિયોગ રહેવાનો છે. તેથી એ સન્માર્ગે જતાં માનવીઓને લલચાવી, વિપથગામી તો કરે છે, પણ જેમ જેમ એ જીવો વિમાર્ગે વળતાં રહે છે તેમ તેમ એનો શોક વધે છે; 'મારાં કૃત્યોથી એનો શોક ન વધો !' એવો સંકલ્પ એ પુસ્તક વાંચીને મેં કર્યો હતો.

પછી આવ્યું ટોલ્સટોયનું 'રિસરેકશન'–'પુનરુદ્ધાર.' એના નાયકના પશ્ચાત્તાપે મને જાગતો કરી મૂકયો છે. કહી તો નથી શકાતું કે, એ જાગૃતિ હમેશ રહી છે, પણ મહાન લેખકોનો કરેલો સત્સંગ તો કદી ભૂંસાતો નથી.

શેકસપિયરનું 'હેમ્લેટ,' શીલરનું 'ડોન કારલૉસ,' ગેટેનું 'ફાઉસ્ટ'. એ બધાં મારા સાહિત્યભંડારનાં રત્નો છે. ડોન કારલોસે તો મને ઐતિહાસિક નાટકોની મહત્તા શીખવી છે. એનો શાહજાદો હેમ્લેટ કરતાં વધારે દુઃખી હોવા છતાં વધારે નિશ્ચયબળવાળો બને છે.

ગાદી મળે ત્યારે સ્વદેશની ઉન્નતિ કરવાના એના મનોરથ છે. એને એક પ્રાણેશ્વરી છે. એ પણ આદર્શોની એકતાને લીધે એના પર મોહિત થઈ છે. બંનેએ મળીને દેશને સ્વતંત્ર કરવાના, ને પારકી ધૂંસરીમાંથી મુક્ત કરવાના સંકલ્પ કર્યા છે. એટલામાં વિઘ્ન આવે છે. રાજા પોતે એ કન્યાને પરણી બેસે છે, અને જે જીવનસખી સાથે શાહજાદો ક્રાન્તિ કરવાનો હતો તે હવે એની મા બની જાય છે.

'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય', એવી નિરાધાર દશામાંથી નવાં રાણી, શાહજાદાને અંગત દુઃખ ગળી જવાનો સંદેશો કહાવે છે, અને દેશાર્પણ કરેલા એમના બંનેના જીવોને કોઈ પણ ભોગે સંકલ્પ સિદ્ધ કરવા ફરમાવે છે.

આ સંદેશ તે દિવસથી મને પણ બહુ આકર્ષક થઈ પડયો છે.

સમજણ આવ્યા પછી જ હું જેમ મુંબઈ જોઈને ત્યાંનાં સૃષ્ટિસૌન્દર્ય, સુવ્યવસ્થા, પ્રવૃત્તિ, નાગરિકતા, કલાકૌશલ્ય, સ્વચ્છતા, વગેરેની કદર કરી શકયો તેમ કાલિદાસ ને ભવભૂતિ પણ, એમને સમજવાનો અધિકાર બરાબર પ્રાપ્ત થયા પછી જ, મેં વાંચ્યાં.

સંસ્કૃતમાં એ મહાકવિઓને સમજવા જેટલી મારી આવડત ન હતી. આથી, 'શાકુંતલ' અને 'ઉત્તરરામચરિત'નો આસ્વાદ મારે ઝવેરીલાલ યાજ્ઞિક અને મણિલાલ નભુભાઈનાં ભાષાંતરો વાંચીને લીધા વગર છૂટકો ન હતો. પણ, એ બંને મેં હાથમાં લીધાં તેવાં જ એ કેવાં મહાન છે એ ખ્યાલ સતત મને રહ્યા કર્યો.

બંનેમાં ભાષાંતરકારોના વ્યક્તિત્વ પણ દેખા દેતાં; અને, તેમાં યે મણિલાલ નભુભાઈની 'પ્રિયે રે ! એ તે કયમ વિસરાય'થી શરૂ થતી લાવણીઓ બહુ આનંદ આપતી.

'શકુંતલા'ની શિષ્ટતા, કાવ્યમય હૃદયભેદકતા, એનું સંપૂર્ણ પાત્રાલેખન, તથા શકુંતલાની વિદાય જેવા પ્રસંગોએ મને કોઈ ઉચ્ચ ભૂમિમાં મૂકી દીધો,—એવો કે હજી પણ જ્યારે ત્યાં જવું હોય ત્યારે સંભારતાં વેંત ત્યાં જઈ શકું છું.

રવિવર્માનું 'શકુંતલાપત્રલેખન'નું ચિત્ર એ કલ્પનાપ્રદેશની રમ્યતામાં વધારો કરતું.

ભવભૂતિના રામ ભવ્ય લાગ્યા. કારુણ્યમૂર્તિ, લાવણ્ય-ભરપૂર સીતા, શુદ્ધ ને અચળ પતિભક્તિથી અતિશય સુંદર લાગ્યાં.

મૃત્યુ પછી મારે શું શું ગુમાવવું પડશે તેનો જ્યારે વિચાર કરું છું ત્યારે શકુંતલા અને સીતાની ખોટ પહેલી યાદ આવે છે.

આ પછી બીજે વર્ષે મેં મણિલાલનું 'કાન્તા' નાટક ને રમણભાઈનું 'રાઈનો પર્વત' વાંચ્યાં. પેલાં જ્યારે ભાષાં-તર હતાં, ત્યારે આ બે મૂળ ગૂજરાતી નૈસર્ગિક નાટકો હતાં; ને, બે સમર્થ સાક્ષરોની પ્રાસદી હતાં. 'રાઈનો પર્વત'માંનો મધ્યવર્તી સંદેશ તો મારી મોંઘી મિલકત છેઃ

'જાઓ ભલે જીવનઆશ સર્વ,
ઉત્પાત થાઓ, ઉપહાસ થાજો,
થાઓ તિરસ્કાર વિનાશ થાઓ:
ન એક થાજો પ્રભુપ્રીતિનાશ.'

'સત્યાગ્રહ આશ્રમના' સંગીતશાસ્ત્રી ખરેએ મને 'રાષ્ટ્રીય સંગીત મંડળ'નો અધ્યક્ષ બનાવ્યો. અને એ મંડળ દ્વારા અમે અમદાવાદ શહેરને શાસ્ત્રીય ને ઉચ્ચ સંગીતનો રસ લગાડવાનો પ્રયત્ન કરવા માંડ્યો. દેશી રાગોની પ્રતિષ્ઠા વધારી, અને જલસાઓ તથા પરિષદ સાથે કીર્તનકારો અને માણભટ્ટની કળાનાં સાચાં મૂલ્યાંકન કરાવ્યાં. જે શહે-રને મીઠામા મીઠો રણકો કલદાર રૂપિયાનો જ લાગતો, ને નિત્ય નૈમિત્તિક સંગીત મિલોનાં ભૂંગળાનું જ સાંભળવા

મળતું તેને, સ્વ. ખરેના પ્રયાસથી. સરણાઈઓ, મૃદંગ. ઇસ્રિરાજ, વીણા, જલતરંગ અને ફીડલમાં રસ પડવા માંડ્યો.

અમે ભરેલી 'અખિલ હિંદ સંગીત પરિષદ'માં ઇન્દોરથી આલા બંદાખાન આવ્યા હતા. બંગાળથી ઐનરજી અને તામિલદેશથી ઢોલ તથા શરણાઇવાળા આવ્યા હતા. અને, દ્વિજેન્દ્રલાલ રૉયના સુપુત્ર, દિલીપકુમાર રૉયે મીરાંબાઈનું 'મને ચાકર રાખોજી' ગાઈને સર્વનાં હૃદય સ્પર્શ્યાં હતાં. પં. વિષ્ણુશાસ્ત્રી દિગંબર, અને આ બધા પાસેથી મેં સૂરસરિતાનાં અમૃત પીધાં; ને, શ્રવણેન્દ્રિય દ્વારા માધુર્ય ગ્રહણ કરવાની અજબ તાકાત લીધી.

સુરતના કલાપ્રિય સજ્જન હરગોવિંદદાસ ચિત્રોના બહુ શોખીન હતા. મુઘલ, રાજપૂત, કાંગડી તથા ઈરાની કલમનાં જૂનાં ચિત્રોનો એમની પાસે સારો સંગ્રહ હતો. એ બધાં પરદેશ વેચે તો એમને બહુ ધનપ્રાપ્તિ થાય તેવું હતું. પણ, એમણે, પોતે અતિશય તાણમાં રહેતા થઈ ગયા હતા છતાં, પૈસાને લોભે કદાપિ હિંદ બહાર એક પણ ચિત્ર વેચ્યું નહિ.

એમનો સંગ્રહ જોઈને મને બહુ જ આનંદ થયો. 'ગીતગોવિંદ'નાં કાવ્યો જેવાં, હિમાલયનાં સૃષ્ટિસૌન્દર્ય જેવાં, ગંગા અને યમુનાના લીલા તટ અને વૃક્ષો જેવાં, શરદપૂર્ણિમાની રાત્રી જેવાં, મોર અને કોયલ જેવાં, કમળ મધુવન અને રાસ જેવાં, ગોપીના પ્રેમ જેવાં, રાધાનાં સૌન્દર્ય અને કૃષ્ણની વાંસળી જેવાં, એ હતાં. માર્દવ અને સૌરભનાં ત્યાં ઢગલા હતા. વેલો અને લતામંડપો,

લાવણ્ય અને માધુર્ય પાર વિનાનાં હતાં.

ફૂલોની શય્યા કરીને રાધા કૃષ્ણની રાહ જોતી બેઠી છે, પણ કૃષ્ણ આવતા નથી. ટોડી રાગિણી હરણો ને વીણા સંભળાવતી વનમાં એકલી ચાલી જાય છે. તાજમહાલ બંધાવનાર શાહજહાં, પાઘડીથી મોજડીઓ સુધી, સર્વાંગસુંદર વસ્ત્રો પહેરી હાથમાં કોતરણીવાળી લાકડી ને ગુલાબનું ફૂલ લઈ ઊભો છે. કાચથી હરવોવિંદદાસે એમનો ઝબ્બો મને બતાવ્યો આટલે વર્ષ પણ એમાં પાણીદાર સાચાં મોતી જડેલાં ચળકી રહ્યાં હતાં!

ઈ. સ. ૧૯૨૦ '૨૧ની અમદાવાદ કૉંગ્રેસ વખતે આ ચિત્રો લઈને એ જાતે આવેલા. કૉંગ્રેસના કલાપ્રદર્શનનો હું એક મંત્રી હતો. ને, મારી વિનતિને માન આપી મહાત્માજીએ દેશના જુદા જુદા ભાગોમાં સ્વયંસેવકોને પત્રો આપીને કલાસામગ્રી લાવવા મોકલેલા. તેઓ શાંતિનિકેતન વગેરે સ્થળેથી નવાં બંગાળી ચિત્રો પણ લાવેલા. આ પ્રસંગે મને બંગાળી ચિત્રોનો અને એની વિશિષ્ટ શૈલીનો નિકટ પરિચય થયો. પણ, તેમાં અવનીન્દ્રનાથ ઠાકુરનું "ભારતમાતા" ચિત્ર મારા હૃદયમાં અંકાઈ ગયું.

એના ચાર હાથમાં અન્ન, વસ્ત્ર, શિક્ષા અને દીક્ષાનાં સૂચક પ્રતીકોરૂપે અનુક્રમે ઝવેરા, વસ્ત્ર, પુસ્તકનાં પાનાં અને માળા છે. ભગવાં વસ્ત્ર એના ત્યાગમય જીવનનાં સૂચક છે; છતાં, એણે સેંથામાં સિંદૂર પૂરી પોતે ચાળીસ કોટિ સંતાનોની ભાગ્યશાળી માતા છે, એમ દર્શાવ્યું છે. એનો રાજમુકુટ તો ધૂળમાં રગદોળાયો છે; પણ, પગ પાસે ફૂલો,

ફૂલો ને ફૂલો તરે છે. દક્ષિણ સમુદ્રમાં એણે સિંહલદ્વિપ, જાવા, સુમાત્રા અને બાલી ટાપુઓ સુધી પોતાની સંસ્કૃતિ ફેલાવેલી છે; તે કવિચિત્રકારે સ્વદેશાભિમાનના ભાવથી આ રીતે દર્શાવ્યું છે. પોતે ધીર, ગંભીર ને આધેડ છતાં યૌવન ને આરોગ્યપૂર્ણ છે; શરીરનો વાન ઘઉંવર્ણો છે, પણ હાથ તડકા ને સ્વાશ્રયના શ્રમથી જરા વધારે કાળા બન્યા છે. એ એટલા માટે કે, એણે પારકાના પરિશ્રમ પર કદી પોતાનાં પેટ ભરવાનો વિચાર રાખ્યો નથી. એણે કોઈ પ્રજાને દબાવી કે લૂંટી નથી. મુખ પર સાત્ત્વિકતા, પવિત્રતા ને સાદાઈનો પ્રતાપ શોભી રહ્યો છે.

એમનું બીજું ચિત્ર 'શાહજહાંની મૃત્યુશય્યા'નું હતું. આગ્રાના કિલ્લામાં ઔરંગઝેબે કેદ કરેલો શાંહજહાં સુમનબુરજમાં મરણશય્યા પર સૂતો છે, ને ડોક જરા ઊંચી કરી, એ દૂર જમનાકિનારે અધૂરો સોહંતો તાજ જોતો ગત પત્નીનું સ્મરણ કરે છે. તેની પુત્રી રોશનઆરા પાસે બેઠી છે. એ દુઃખી પિતાની મૂંઝવણ સમજે છે. કરુણરસિક કાવ્ય જેવું આ મહાન ચિત્ર છે. પ્રસંગ શોકનો હોવાથી ચિત્રકારે રંગો પણ ઘેરા અને ઊંડા પૂર્યા છે.

બીજાં પણ સામાજિક, ધાર્મિક, ઐતિહાસિક અને આધ્યાત્મિક અનેક ચિત્રો સ્વયંસેવકો પ્રદર્શન માટે લાવ્યા હતા, અને હરગોવિંદદાસ તથા કાકા કાલેલકર એમને યોગ્ય સ્થળે ગોઠવાવતા હતા. ત્યાં અમારી કલાચર્ચા ચાલ્યા કરતી.

[૯]

સાહિત્યમાં આવતા પશ્ચાત્તાપના પ્રસંગો મને બહુ અસર કરતા. પાઠમાળાના ચોથા ભાગમાં 'હવે બધું સૂઝે છે' નામનો પાઠ છે. તે વાંચ્યા બાદ એવી દુઃખી દશા મારી કદિ ન થાય એ માટે હું સાવધ રહેતો. આપણને દુનિયામાં જણાતાં અસમાનતા અને દુઃખમાં, માણસનાં પોતાનાં કર્મો પણ ઘણી રીતે જવાબદાર છે, એવી મારી પ્રતીતિ થઈ હતી, અને પાપને માર્ગે જવાથી મેં પણ તીવ્ર પશ્ચાત્તાપમાંથી પસાર થવાનું અગ્નિસ્નાન કરેલું હતું. તેથી રોજેરોજનાં, મનસા વાચા કર્મણા થતાં કાર્યો અને વિચારો સુદ્ધાંને રોજ રાત્રે ત્રણ વખત તપાસી જઈને એની નિત્યનોંધ કરવાનું કામ મેં લાગટ પંદર વર્ષ સુધી કર્યું છે. 'ઉચ્ચ જીવનનું અઠવાડિયું' કરીને 'થીઓસોફી ઇન એવરી ડે લાઈફ' નામની એક અંગ્રેજી પોથીનું મારા મિત્ર સ્વ. મણિલાલ નભુભાઈ દોશીએ ભાષાંતર કરેલું તેનું દરરોજ હું પારાયણ કરતો.

મેરી કોરેલીનું 'સોરોઝ ઓવ સેતાન,' ટોલ્સ્ટોયનું 'રિસરેકશન', ઓસ્કાર વાઈલ્ડનું 'પિકચર ઓવ ડોરિયન ગ્રે' તથા 'તોબેનસૂહ' નામની એક ધાર્મિક ચોપડી—એ બધાં-

માંનાં, કરુણાંત સાહિત્યદશ્યોમાં વર્ણવેલી વેદનાના સાક્ષાત્કારથી, શુદ્ધ નીતિમય ચારિત્ર્ય જ સાચું સુખ આપે છે એની દિનપ્રતિદિન મને ખાત્રી થતી ગઈ. ત્યારથી, આત્મશુદ્ધિનાં સાચાં સુખ મેળળવવાની જે ક્રિયા શરૂ થઈ છે તે આજ સુધી ચાલુ છે. સાહિત્યે, ધર્મે, જીવનચરિત્રોએ, 'હાં રે મને ઝેરી નાગોએ ડંખ દીધા' જેવાં કવિ નાનાલાલનાં કાવ્યોની ચીમકીએ, મને સદા જાગૃત રાખ્યો છે. સાહિત્યનાં મારાં જીવન પરનાં અનેક ઋણોમાંનું આ ઋણ હું કદાપિ વીસરીશ નહિ. કુદરતનાં એકાંત, શાંત અને સુંદર સ્થળોએ બેસીને, પ્રાર્થનાઓ કરવાની જે ટેવો મેં પાડી તેણે મને ખૂબ ફાયદો કર્યો છે. પછી તો ધીમેધીમે એવાં એકાન્ત મને મધ્યરાત્રિઓ અને વહેલી પરોઢોમાંથી પણ મળવાં લાગ્યાં. કળા અને કવિતાનો ઉદ્દેશ, સાત્ત્વિક આનંદ આપવાનો ગણાય છે. એ આનંદ ઇન્દ્રિયોઓનો નહિ, પણ આત્માનું જે સત્ય, જ્ઞાન ને આનન્દમય અમૃતસ્વરૂપ છે તે આનંદનો સાક્ષાત્કાર કરાવવાનો છે. સાહિત્ય, કળા અને કુદરતમાંથી હજારો વાર મને એ આનંદ મળ્યો છે, ને હજી યે એની ભૂખ મટતી જ નથી.

પર્યટનો અને યાત્રાઓ, શિલ્પ અને સ્થાપત્ય, કાવ્યો અને નાટકો, સિનેમા અને સંગીત, નૃત્ય અને ભજનકીર્તન, સત્સંગ અને મિત્રમેળાપો, મેળા અને નિર્જન એકાંત એ બધું હું ભટકીરખડીને માણું છું. અરે, દેશસેવાને નામે ખેંચાતો આત્મસંતોષ પણ પેલા આનંદને પોતાનો કરવા માટેનું જ એક રૂપ છે. દેશસેવા કે પરમાર્થ

એ તો માત્ર મનમનામણાં છે; મૂળે તો, એ બધી પ્રવૃત્તિઓમાં પેલા સાત્ત્વિક આનંદનો સ્વાર્થ જ છે.

સાહિત્ય પરિષદો નીરસ થતી જતી હતી. વિદ્વાનોને પણ એ પ્રેરણા આપે એવી બનાવવાનો મને અભિલાષ હતો. અમદાવાદની પહેલી પરિષદ સ્વ. ગોવર્ધનરામના પ્રમુખપદે મળેલી. તે હતી તો નાની. પણ બહુ પ્રોત્સાહક બનેલી. મુ. બલવંતરાય ઠાકોરે ગોઠવેલી રાજકોટની ત્રીજી સાહિત્ય પરિષદ પણ સુવ્યવસ્થિત, સુંદર અને પ્રેરક હતી.

ઈ. સ. ૧૯૨૦ની અમદાવાદની છઠ્ઠી પરિષદ સર્વાંગસુંદર ને પ્રેરણાદાયી બને. એવો મનોરથ મારા સ્વ. મિત્ર હીરાલાલે અને મેં કર્યો, અને ગાંધીજીને એની મેં વાત કરી. સાથે વિનંતિ પણ કરી કે, કવિવર ટાગોરને પરિષદ પર ખાસ આમંત્રણ આપો. એમણે એ આપ્યું, અને અનેક વિઘ્નો વટાવી, અમે રવીન્દ્રનાથને અમદાવાદ બોલાવ્યા.

ટાગોરે આપણને પ્રેરણા આપી તેમ ગૂજરાત તરફથી એમને પણ કંઈક પ્રેરણા મળે, એવી રચના અમારે કરવી હતી; કારણ કે, ગૂર્જરદેશ કંઈ અમારે મન રાંક કે પૈસાખાઉ ન હતો; એ તો હતો ગુણિયલ અને સંસ્કારી.

વસંત વૈતાલિક કેસૂડાંનાં ફૂલો, ચોઘડિયાં, સંસ્કૃત તેમ જ ગૂજરાતી મીઠાં સત્કારગીતો, લલિતજીનાં મંજીરાં, એકતારવાળાઓનાં ભજનો; દાંડિયા, પાવા અને ગરબા; ગાલીચા, કિનખાબ, ચિત્રો અને લાકડાની કોતરણી; રાણીબાગમાં રંગરંગીન પ્યાલાની ઠંડી રોશની અને ફૂલોના

શણુગાર : એ બધાં વડે કવિને ગૂજરાતે ભરી દીધા.

ટાગોરે ગરબા ને એકતારાની ખૂબ સ્તુતિ કરી. એ કહેવા લાગ્યા કે, 'આ બાળાઓને તમે મારી સાથે શાન્તિ-નિકેતન મોકલો. હું એમની બાદશાહી પરોણાગત કરીશ, અને જીવની માફક સંભાળીશ.'

પછી આવી ૧૯૨૧ ની કૉંગ્રેસ. દાસબાબુને સરકારે જેલમાં પૂર્યા હતા, એટલે હકીમ અજમલખાનને પ્રમુખ બનાવવા પડ્યા. મેં મારા સાથીદારોને કહ્યું કે, 'કૉંગ્રેસ તો આપણી ઇષ્ટ દેવતા છે. એનું મંદિર ભવ્ય અને સુંદર બનાવવું જોઈએ.' બધાએ એ વાત મંજૂર કરી, અને મેં ત્યાં ત્રણ દરવાજા અને ઉપર ટકોરખાનાં તો ગોઠવ્યાં. પણ, ખર્ચમાં વિવેકી અમદાવાદ મંડપનો શણગાર કરવાની ના પાડતું હતું.

એક સરદાર વલ્લભભાઈ, રવિશંકર રાવળ અને હું, ત્રણ જણ, આકર્ષક ક્રિયાકાંડ અને યજ્ઞસમારંભશા દેદીપ્યમાન ઠાઠમાં માનતા હતા. તેનું હજારબેહજારનું ખર્ચ કરવા સત્કારમંડળ મંજરી આપે નહિ, અને દિવસો તો પાસે આવતા ગયા. આખરે વલ્લભભાઈની સૂચનાથી છેક ખરે બપોરે હું મહાત્માજી પાસે પહોંચ્યો, ને કૉંગ્રેસમંડપને કલામય કરવાની આજ્ઞા માગી. એ કહે, 'દાસબાબુ જેલમાં છે, એ શોકનો પ્રસંગ છે. મંડપ તો સાદો જ રાખો.' હું નિરાશ થયો. મહાત્માજીએ એ જોયું. મને કહે, 'ફરી પૂછો ! મેં તો ઉપરઉપરથી જ જવાબ આપ્યો છે.' મેં કહ્યું, 'જેલને તો આપ મહેલ અથવા ઉત્સવ કહો છો, ને આપે શોક

ક્યારથી ગણવા માંડ્યો !' મહાત્માજી કહે, 'એને ઉત્સવના અર્થમાં પણ લઈ શકાય.' મેં કહ્યું, 'તો હવે જુઓ; અમે કોઈ દેવદેવીને માનતા નથી. અમને સાચી પ્રેરણા કૉંગ્રેસે જ આપી છે. એ છે ભારતમાતાનું પ્રતીક. ઘણાં યુવક-યુવતી આ મંદિર પહેલી જ વાર જોશે, અને એમને સ્વદેશભક્ત તો આપણે બનાવવાં છે. ફૂલ–પાન, ધજા–તોરણો અને ચિત્રોથી અમને આ મંદિર શણગારવા દો.'

મહાત્માજીએ હા પાડી. પછી, 'ભારત માતા', 'દધિચીનું અસ્થિ–અર્પણ', 'બુદ્ધનો ગૃહત્યાગ', હઠીસિંહના દહેરાં અને જુમ્મા મસ્જિદનાં ચિત્રો શ્રી. રવિશંકર રાવળની દેખરેખ નીચે તૈયાર થયાં. શહીદોની નામાવલિ રચાઈ; મંડપને રોજ નવાં નવાં ફૂલ-પાન ને આકૃતિઓથી શણગારવામાં આવ્યો. અને, 'મરાઠા' પત્રના સુપ્રસિદ્ધ તંત્રી શ્રી. કેળકરે લખ્યું કે, 'મંડપ તો એવો સુંદર બન્યો હતો કે જોયા જ કરીએ.' માત્ર બબ્બે આના મંડપ જોવાની ફી રાખી હતી. એમાંથી જ બેત્રણ હજાર તો મળી ગયા. માત્ર એ અમદાવાદ કૉંગ્રેસના પુણ્યસ્મરણરૂપ એ ચિત્રો મખ્ખીચૂસ અમદાવાદ રાખી ના શક્યું. તે લઈ ગયા શ્રી. જમનાલાલ બજાજ. અને, કશી નવાઈ નથી કે, પછી એ ખુદ મહાત્માજીને પણ અમદાવાદમાંથી લઈ ગયા !

કલાપ્રદર્શનોના વહીવટથી અને ચિત્રો જોવાના શોખથી અનેક ચિત્રોએ મને આનંદ આપ્યો છે. એ બધાનું વર્ણન કર્યે પાર આવે એમ નથી, પણ મુખ્ય મુખ્ય હું કહી જઈશ.

ઈ.સ. ૧૯૨૦ની 'અમદાવાદ સાહિત્ય પરિષદ'ના કલાપ્રદર્શનમાં શ્રી. રવિશંકર રાવળના મિત્ર રાજમહેન્દ્રીના સ્વ. રામરાવનાં ચિત્રો આવેલાં. એમનાં અજંટા અને ઇલોરાનાં ચિત્રો બહુ જ સુંદર અને ચેતનવંતાં હતાં. અજન્ટા અને ઇલોરા જાણે વસતીથી ભરપૂર છે; લોકો કોઈ તહેવારના પ્રસંગે ત્યાં એકત્ર થયાં છે, અને સ્ત્રીપુરુષો ને બાળકોથી એ કલાતીર્થો ઊભરાઈ રહ્યાં છે; સ્ત્રીઓ તે સમયના વસ્ત્રાલંકાર ને નાના પ્રકારના અંગમરોડ ને અભિનયથી શોભે છે. અજન્ટાની ભીંત પરનાં ચિત્રો જેવી જ એની વહેતી રેખાઓ, એનાં મોહક રંગો ને ભાવપૂર્ણતા અલૌકિક લાગતાં હતાં. અને, તે સમયનો દેશકાળ એ ચિત્રો એવો તો પ્રત્યક્ષ કરાવતાં કે, આપણને વર્તમાન વિસરાવી દેતાં.

એમનું ત્રીજું ચિત્ર, કિનારા પરના જડ કાળમીંઢ ખડકોને સમુદ્રના મોજાં ઉપરાઉપરી ઉછાળા મારી મારીને

ધોઈ રહ્યાં છે, એવું હતું. એમાં ખડકોને એમણે કઢંગા જડ પુરુષોની આકૃતિ આપી હતી, અને સમુદ્રનાં મોજાંને રસાર્દ્ર સુંદર સ્ત્રીઓની : ધ્વનિકાવ્ય જેવું એ ચિત્ર હતું. જડ, ખરબચડા અને ઢંગધડા વગરના પુરુષોને, સ્ત્રીઓ પોતાના સતત સંપર્કથી લાગણીવાળા, પ્રેમાળ, ઘાટીલા અને સહૃદય બનાવે છે. સંસારમાં ચાલી રહેલા અદ્વૈતમંથનનો સંદેશ એ કહી જતું હતું. વૉટર કલરથી કરેલા રામરાવનાં એ ત્રણે ચિત્રો આખા પ્રદર્શનમાં સૌથી વધુ આકર્ષક હતાં.

પચીસ વર્ષ ઉપરના અમદાવાદમાં અને આજના અમદાવાદમાં ફેર પડી ગયો છે. ત્યારે તો કોઈ આ ચિત્રોને બરાબર સમજતું પણ નહિં. રામરાવે એ ચિત્રોની કિંમત પચીસ–પચીસ રૂપિયા રાખેલી, તો પણ તે ઉત્તમ ચિત્રો કોઈએ ખરીદ્યાં ન હતાં. આખરે, અજન્ટા–ઈલોરાનાં ચિત્રો તે વખતના એક અંગ્રેજ સિવિલ સર્જન લઈ ગયેલા; પણ, અહીંના ધનવાનો, વિદ્વાનો, કવિઓ કે સાક્ષરો સુદ્ધાંમાંથી કોઈને એ સુંદર ને વ્યંજનાભર્યાં ચિત્રો રાખી લેવાનું સૂઝેલું નહિ. સ્વ. ત્રિભુવન પટેલનું એક અધૂરું ચિત્ર સતી સુલોચનાનું હતું. એ સતી થવાની તૈયારીમાં ઊભી છે, કપાળે પિયેળ આલેખી છે, વાળ છુટ્ટા છે, અને ઇન્દ્રજિતનું માથું હસી રહ્યું છે–એમ કહીને કે, આ ભોળી સ્ત્રી જાણતી નથી કે એના ગત જન્મના બાપે જ એને વિધવા કરી છે. એક કરુણરસિક કાવ્ય જેવું એ ચિત્ર હતું. સ્વ. પટેલનાં સ્ત્રીપાત્રો એટલાં સુંદર હતાં કે,

એમનાં કોમળતા, લાવણ્ય ને માર્દવ જાણે ઊડીને આંખે બાઝતાં.

શ્રી. રવિશંકર રાવળના 'ગુજરાતણ' ચિત્રે મારા મન પર ઊંડી છાપ પાડી. એમાં એક આદર્શ ને ભવિષ્યની ગુજરાતણનું એમણે આલેખન કર્યું છે. સંગીત, સાહિત્ય, કલા અને કુદરતથી સંસ્કારસંપન્ન થયેલી, આર્યતા અને પુનિત સૌન્દર્યવતી એ સ્ત્રી, સ્થાપત્યકલાથી વિભૂષિત ઘર આગળ ઊભી છે. પાસે હરણુ છે, સિતાર છે, અને ચોપડી છે; સુંદર બગીચો છે.

"શિર પર સાડી ઓઢી પૂરી, મેજે ચડી મુખલાજ;
બોલે થોડું મંદમંદ ને, મધુર જ અક્ષર સાજ.
ધીમાધીમા જેને ચાલે એ, પદનખ ઉપર જ આંખ;
દૈવિ દેવ! પવિત્ર ઊંચું કુળ તે આનું નામ."

ગોવર્ધનરામના આર્ય સ્ત્રીના એ વર્ણનનું સ્મરણ કરાવતી, માથે પૂરી સાડી ઓઢેલી, એક આર્ય ગુજરાતણનો આદર્શ રવિભાઈએ એમાં મૂર્તિમંત કર્યો છે. લગ્નજીવનના વિશુદ્ધ સુખને ચાહનારી, ચારિત્ર્યવાન, વિદુષી ને સંસ્કારી બનેલી હાલની ગુજરાતણને જાણે એમની કવિદૃષ્ટિએ પા સદી પહેલાં જોઈ હતી!

અમદાવાદની કૉંગ્રેસ વખતે નાથદ્વારાના ચિત્રકાર ઘાશીરામનાં બે ચિત્રો સ્વામી આનંદ કલાપ્રદર્શન માટે ક્યાંકથી લાવેલા. એકમાં રાયસાગર જેવું વિશાળ સરોવર છે, વચ્ચે બેટ છે, પ્રાતઃકાળના પાંચેકનો સમય છે, ને ગોસ્વામીજી જે શ્રીકૃષ્ણના પરમ સખા છે તેમને શાલ

ખેંચીને શ્રીકૃષ્ણ જગાડે છે—જેમ અજ્ઞાનરૂપી ઘોર નિદ્રામાં પડેલા જીવને પરમાત્મા જ્ઞાનમાર્ગમાં જાગૃત કરે છે તેમ. ચિત્રમાં પ્રાતઃકાળની શાન્તિ, પવિત્ર વાતાવરણ અને જાગૃત થવાની ઇચ્છા જાણે બધે રહ્યાં છે. એમનું બીજું ચિત્ર સૃષ્ટિસૌન્દર્યમાં રાધાકૃષ્ણનું હતું. એમાં રાધાનું સ્વરૂપ અતિશય નમણું ને ચિત્તાકર્ષક હતું. જેમ રાધાજી શ્રીકૃષ્ણના સાથથી શોભે છે તેમ જ ભગવાનના ઓતપ્રોત થવાથી આખી સૃષ્ટિ જાણે શોભી રહી છે. એ ઘાશીરામનાં બીજાં ઘણાં ચિત્રો નાથદ્વારાના યાત્રીઓ લઈ આવે છે. છાપેલી છાપો કરતાં એવી હાથકળા ઘરમાં વસાવવી સારી. પણ, એકંદરે, પેલાં બે ચિત્ર જેવો ધ્વનિ એનાં બીજાં ચિત્રોમાં મને જણાયો નથી. રવિભાઈ ને હું જ્યારે નાથદ્વારા ગયા ત્યારે એ ઘાશીરામને ખાસ મળવા ગયા હતા, પણ એ કંઈ બહાર ગયેલા હોઈ મળી ન શકયા.

આપણા કલાપ્રેમીઓ નકલો નહિ પણ અસલ ચિત્રો—છાપેલાં નહિ પણ ખુદ ચિત્રકારનાં હાથથી દોરેલાં—થોડાં તો થોડાં પણ ઊંચી રસવૃત્તિથી પસંદ કરેલાં મૂળ ચિત્રો જ—પોતાનાં ઘરોમાં વસાવવાનો આગ્રહ રાખે તો કેવું સારું ? આજે આપણે લોકો 'ઘરડો ડોસો મગ ભરડે, અડદ ભરડે....'ની માફક સારુંખોટું બધું ભેગું કરીને ચિત્રોને નામે ભીંતોને ખરડીએ છીએ, અને પરિણામે, નથી સાચો આનંદ પામતા કે નથી કોઈ પ્રેરણા પામતા.

આ સમય દરમિયાન સાહિત્યમાં હું મૅઝિની વાંચી ગયો હતો. મૅઝિનીએ શેકસપિયર કરતાં પણ શીલરને

મોટો કવિ કહ્યો છે. મહાન કવિઓમાં કાલિદાસ, ભવભૂતિ અને શેકસપિયરના રસાસ્વાદ મેળવી મેં મનમાં અને જીવનનાં કંઈક શુદ્ધિકરણ તો કર્યાં હતાં, પણ શીલરના 'વિલિયમ ટેલ' ને 'ડોન કારલોસ'થી તો દેશસેવા માટે જે કવિતાની જરૂર પડે છે તે મેં મેળવી. શીલરનાં કાવ્યો ને નાટકો વિષે જ્યારે મારા સ્વ. મિત્ર હીરાલાલ પારેખ સાથે વાતો કરી ત્યારે એમણે મને ગેટે વાંચવા કહ્યું. એની સર્વોત્તમ કૃતિ 'ફાઉસ્ટ'ના વાંચનમાં મેં જે સમય ગાળ્યો છે તે મારા જીવનનો ધન્ય સમય હતો.

મેરી કોરેલીનો સેતાન જેમ મને હમેશાં ચેતાવતો રહે છે, તેમ ગેટેનો અમર સેતાન પણ તે દિવસથી આજ સુધી મને ધર્મમાર્ગથી જરા પણ વેગળા નહિ જવા લાલ બત્તી ધર્યા જ કરે છે. સાહિત્ય ને કળા, આમ, જીવનનો મળ ધોવામાં મને ગંગાજળ જેવાં થઈ પડયાં છે.

[૧૧]

કવિતા, ચિત્રો, સાહિત્ય, શિલ્પ ઇત્યાદિમાં મને દિન પ્રતિદિન વધુ ને વધુ આનંદ મળવા લાગ્યો, અને જીવનમાં ઉચ્ચ પ્રકારનું સુખ મળતું ગયું. વાસનાઓની તૃપ્તિ કે ઇન્દ્રિયોના ભોગવિલાસથી જે સુખ મળતું હતું તે કલા ને સાહિત્યમાંથી મળતા સુખને મુકાબલે કંઈ હિસાબમાં ન હતું, એમ અનુભવથી મને જણાવા લાગ્યું.

સમયનો પણ બિલકુલ બગાડ ન થાય તે હું સાવધાનીથી જોતો હતો, અને જે વખત બચે તે વાંચવા તથા વિચારવામાં તેમ જ આત્મનિરીક્ષણ ને નોંધો કરવામાં ગાળતો હતો.

ધંધામાં ને ધંધામાં ગુંચવાઈ જવાથી જીવન છેક જડ થઈ જાય છે. તેથી, હરરોજ સૃષ્ટિસૌન્દર્યના સાન્નિધ્યમાં ને પ્રાર્થનામાં પણ હું અમુક વખત ગાળવા લાગ્યો.

બધા દાક્તરો સાંજે પાંચથી સાત સુધી દવાખાનાના ટાઈમ રાખતા, તેથી જાહેર સભાઓના કે બહાર ફરવા જવાના લાભ તેઓ લઈ શકતા નહિ. મેં સાંજનો દવાખાનાનો વખત આઠથી નવ રાખ્યો; અને, પાંચ પછી કોઈ દિવસ હું ઘેર રહેતો જ નહિ. આથી, બધી સભાઓના,

ભાષણોના તથા ફરવા જવાથી ખુલ્લી હવા ને કસરતના લાભ મને મળતા, અને સૃષ્ટિસૌન્દર્યનો ઉપભોગ હું નિયમિત કરી શકતો.

જ્યારે પણ બહારગામ જવાની તક મળે ત્યારે, ધંધાનું નુકશાન વેઠીને પણ, જવું એવો મેં રિવાજ રાખ્યો. ને ખેતરો, તળાવ, નદીકિનારા, ભાગોળો, મંદિરો, સંગમસ્થાનો, પહાડો, સમુદ્રકિનારા, તીર્થસ્થાનો ને કલાધામો જ્યારે જોઈ શકાય ત્યારે જોવાની તજવીજ કર્યા જ કરતો ગયો. છૂટક છૂટક થઈને બાર મહિને એકાદ મહિનો તો ઓછામાં ઓછો આ રીતે હું બહારગામ ગાળતો.

અમદાવાદ શહેરની આસપાસનાં લગભગ બધાં જ ગામ હું જોઈ વળ્યો, અને શહેરની અંદરની પણ જોવાલાયક કોઈ વસ્તુ કે સ્થળ દસેક વર્ષમાં બાકી રહ્યાં નહિ.

કપડવંજ પાસે ઊંટડિયા (ઉત્કંઠેશ્વર) મહાદેવ અને કેદાર હું કુટુંબ ને મિત્રમંડળ સાથે ગયો હતો. ત્યાં, વાત્રક નદી સ્વચ્છ ને સુંદર લાગે છે. મંદિર ઊંચી ટેકરી પર છે, અને ધર્મના ધામ જેવું પવિત્ર ત્યાંનું વાતાવરણ છે.

જ્યાં ઝાંઝરી નદી વાત્રકને મળે છે ત્યાં એક મોટો ચોતરો છે. સ્વ. ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં તણાઈ જતી કુમુદને મધુરી મૈયાએ ચોતરા પરથી બચાવી હતી, એવી જે કલ્પના કરી છે તે આ સ્થળ પરથી જ હશે, એમ મને લાગ્યું હતું; અને, બરાબર એમ જ હતું એમ જ્યારે મેં પાછળથી જાણ્યું ત્યારે મને ખૂબ આનંદ થયો હતો. એ જ પ્રમાણે, "વાડામાં લીલા" નામનું 'સરસ્વતીચંદ્ર'નું પ્રકરણ વીરમગામના રાજેશ્વર મહાદેવની

ભૂમિકા લઈ ગોવર્ધનરામે રચેલું છે, એ જાણ્યું ત્યારે એ મહાદેવ ને તળાવનું સૌન્દર્ય મને અતિશય આનંદ આપવાં લાગ્યાં હતાં.

વાત્રક એટલે વેત્રવતી, અને તે ઉપરથી તે સ્થળ વિષેની પુરાણોની અનેક વાતો ત્યાં સાંભળી, જેને કશો ઐતિહાસિક આધાર ન હતો. પુરાણકથાઓમાં રહેલા સામાજિક ઇતિહાસના અંશો તથા કલ્પનાઓમાં રહેલાં કવિત્વ અને રૂપકોની તારવણી તે વખતે હું કરતાં શીખ્યો ન હતો. એટલે, તીર્થ ને ધર્મના ધામ તરીકેની લોકમાનસમાં એ સ્થળની જે મહત્તા છે તે મારા ધ્યાનમાં આવેલી નહિ.

તે વખતે હું મૂર્તિપૂજાની વિરુદ્ધ હતો, ને પૂજાઅર્ચા, સ્નાન ઇત્યાદિ વિધિઓ નકામાં છે, એમ માનતો. માત્ર યાત્રાનાં નાનાંમોટાં તમામ સ્થળોએ આવેલાં સૃષ્ટિસૌન્દર્યની મારા મન પર ખૂબ અસર થતી. મંદિરોની અંદર નહિ, પણ બહાર કોઈ એકાન્ત સ્થળ હું શોધતો, ને ત્યાં ભગવાનની સીધી પ્રાર્થના મારા પોતાના શબ્દોમાં કરતો.

એવી જ મનોવૃત્તિથી હું નર્મદાતટે ચાણોદ–કરનાળી, નડિયાદના સંતરામ, ડાકોર, બહુચરાજી, પાવાગઢ, વડતાલ, પાલીતાણા ને આશાપુરી ફર્યો છું. ઈડર રાજ્યમાં બ્રહ્માખેડ, ચરોતરના ગળતેશ્વર, વડનગરના હાટકેશ્વર, સુરતનું મોટું મંદિર ને ભરૂચના નર્મદાતીરે ગણાતા કંકર એટલા શંકર મેં જોયા છે.

સુરતના મોટા મંદિર વિષે જે બન્યું છે તે તો મારા જીવનનો એક અણમોલ પ્રસંગ છે. મારા મામાના દીકરા

ભાઈ હરરાયે મને વહેલી સવારે એ મંદિરમાં મંગળાનાં દર્શન કરવા જવા બહુ આગ્રહ કર્યો.

એ પોતે સુરતના ગોસ્વામીજીના શિક્ષક તરીકે બહુ વર્ષ રહ્યા હતા. મને કંઈ એવા દર્શનોની પડી નહોતી, તે એ પણ સારી રીતે જાણતા હતા. પરંતુ, તે દિવસે, કોણ જાણે કેમ, એમણે મને બહુ આગ્રહ કર્યો. એ કહે, 'હું સવારે પાંચ વાગ્યે આવીને તને ઉઠાડીશ. નહાવાનું તે વખતે નહિ બને, પણ મોં ધોઈ જરા ઠીકઠાક વસ્ત્રો પહેરીને તું મારી સાથે સાથે આવજે. છેક મંદિરની અંદર હું તને લઈ જઈશ. કોઈ પૂછે તો કહેજે કે, નાહીને આવ્યો છું.'

મંગળાના દર્શન ઊઘડ્યાં. ભૂરી પિછવાઈ વાદળ જેવી લાગતી હતી. તેમાં પ્રાતઃકાળે થોડા થોડા તારા ચમકે છે એવી, તારાટપકી હતી. મોગરા અને ગુલાબનાં જ ફૂલો ઠાકોરજીને ચડાવેલાં હતાં. શ્વેત વસ્ત્રો અને શ્વેત જ પાથરણાં હતાં. ઘીના દીવાનો નિર્મળ પ્રકાશ અને ધૂપની સુગંધી, મોગરા તથા ગુલાબની સુગંધીમાં ભળીને અજબ તાજગી આપતાં હતાં. બધું સુરુચિવાળું, સાદું અને પવિત્ર હતું. સ્વચ્છ વસ્ત્રો પહેરી હાથ વતી ચમ્મર ઢાળતા ગોંસાઈજી મહારાજ પોતે સેવામાં ઊભા હતા. એમણે માથાથી તે પગ સુધી સ્વચ્છતા અને સાદી શોભા ધારણ કરી હતી. પગે પાવડીઓ હતી, અને વાળ ઓળેલા હતા. દર્શનાતુર વૈષ્ણવો 'જય ! જય' કરતાં હતાં. ભક્તિનું ગંભીર વાતાવરણ પૂરેપૂરું જામેલું હતું. થોડા જ રંગોના મેળે અને સંગીતે ત્યાં મધુરતા વેરી હતી. સારંગી સાથે મંદિરના

ગાયકો ધીમેથી ભૈરવીના સૂર લલકારતા હતા, ને સામા થાંભલા પરની કોતરણીની લાકડાની પૂતળી પણ, જાણે કે, હાથ ઊંચો કરીને એ ગાન ઝીલતી હતી !

આ બધું જોઈને મારા અંતઃકરણમાં એક જાતની આનન્દની એવી ધ્રુજારી પ્રસરી ગઈ, જેનું વર્ણન કરવું અશક્ય છે. પછી, મેં એ ધ્રુજારી વિષે ભાઈ હરરાયને કહ્યું. ત્યારે એ કહે, 'બસ, મારું તને અહીં લાવ્યાનું સાર્થક થયું. એ જ કારણસર હું તને અહીં લાવ્યો હતો.' એની પોતાની શ્રદ્ધા તો આ મંદિરો અને પૂજાઓને વિષે મારા કરતાં પણ બહુ ઓછી હતી, છતાં એણે પણ આવી ધ્રુજારીઓ અનુભવેલી, અને તેનો સાક્ષાત્કાર કરાવવા એ મને ત્યાં લઈ ગયા હતા. મંદિરોના વહેમો અને વિકૃતિઓ વિષે અમે બહુ વાતો કરતા, પરંતુ આ ધ્રુજારીનો અનુભવ અમને ખરેખરો થયો. જીવનની કોઈ ધન્ય ક્ષણે, પ્રભુના અપાર મહિમામાંથી એકાદ કિરણ આપણાં ચર્મચક્ષુ પર પડે, ભગવાનના અનેક રૂપોમાંથી એકાદ રૂપની ઝાંખી થાય, તેવું એ થઈ ગયું.

અમે ફરી વિચાર કર્યો કે, ત્યારે અધોગતિએ પહોંચેલાં આપણાં આજના મંદિરોમાં હજી નયનોને સફળ કરવાની તાકાત રહી છે કે શું ? અમારી ધ્રુજારી તો સાચી જ હતી. બંનેને જુદે જુદે વખતે એકસરખો ભ્રમ તો થાય જ નહિ. તેમ અમારા બેમાંથી એકેયને, અંધ તો શું પણ, સાચી શ્રદ્ધા યે આ મંદિરો કે મૂર્તિઓ પ્રત્યે નહોતી.

[૧૨]

કોચરબમાં સૌ પ્રથમ સ્થપાયેલા ગાંધીજીના આશ્રમની લાયબ્રેરીમાંથી મેં રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ' વાંચવા લીધી હતી. હું માનું છું કે, અમદાવાદમાં એ વાંચનાર હું પહેલો જ હતો. વાંચતાં જ મને લાગ્યું કે, અત્યાર સુધીના પૂર્વ અને પશ્ચિમના લગભગ તમામ કવિઓના અર્કમાંથી ટાગોરની કવિતા બની છે. ગીતાંજલિ'નાં તાજગી, આશાવાદ, પ્રેમ, ભક્તિ અને નવીન મોહકતાએ મને ઘેરી લીધો. એમના એકએક કાવ્યનું જુદું જુદું મનન કરવા હું કાંકરિયા તળાવે જતો, અને તારકવૃંદોના સાન્નિધ્યમાં શાન્ત એકાન્ત રાત્રિઓ ચાલી જતી ત્યાં સુધી તે કાવ્યોના રસાસ્વાદ મન ભરી ભરીને લીધા કરતો.

એ કવિને જીવન પ્રિય છે. જીવવું એમને ગમે છે. સંસારની બધી વસ્તુઓ એમને મન પવિત્ર છે. કુદરતનું સૌન્દર્ય, પક્ષીઓનાં ગીત, નદીઓનાં વહેણ, સંગીતની મીઠાશ, વનોની શોભા, નવયુગલોની આશાઓ, પત્થર ફોડનારા ને સડકો બનાવનારાઓમાં પ્રભુનાં દર્શન, બાળકોના વિકાસમાં પરિપૂર્ણતાનાં મૂળ, માબાપ અને બાળ-

કોના યોગમાં પ્રભુની કોઈ અગમ્ય ઇચ્છાઓ, જગતરૂપી મેળો, આપણાં કર્તવ્યકર્મો પાછળ પ્રભુના રહસ્યમય આદર્શો વગેરે વગેરે વિષયો એમનાં કાવ્યોમાંથી નવી જ રીતે મને મળતા ગયા.

'ગીતાંજલિ'માં, જાણે ઉપનિષદ ને ગીતાનો સંગમ થઈ ગયો હોય, અને ઉચ્ચ તત્ત્વજ્ઞાનની એમાં સ્વાદિષ્ટ કવિતા બની ગઈ હોય, એવું એ લાગ્યું. એ ગીતો તથા કવિનાં બાળકાવ્યો ('બીજનો ચંદ્ર') હું વર્ષો સુધી વાંચ્યે જ ગયો. 'ગીતાંજલિ' તો જાણે મારા જીવનનો એક ભાગ બની ગઈ. 'આખું જગત માણસોથી ભર્યું છે, એ સૌને મૂકીને આ બાળકે તારી જ આંગળી કેમ પકડી ?' એમ જ્યારે કવિ આપણને પૂછે છે ત્યારે દેવના દીધેલ બાળકો પ્રત્યે માબાપના ધર્મ, શિક્ષણશાળા, બાળકેળવણી બધું સમજાઈ જાય છે.

"તેં મને અનંત બનાવ્યો છે. કેવી તારી લીલા! આ પોલી વાંસળી જેવો દેહ તું તારી જ ફૂંકથી ભરે છે, ને ઠાલવે છે, ફરી ભરે છે ને ફરી ઠાલવે છે! દરેક વખતે તારી ફૂંક એમાં નવા પ્રાણ પૂરે છે. આ વાંસળીરૂપી મારા દેહને તે ટેકરીઓની ટોચ ઉપર અને ખીણોમાં ફેરવ્યો છે. અને, એમાં હંમેશા નવાં ને નવાં ગીતો તું વગાડે જ ગયો છું! તારી આંગળીઓના અમર સ્પર્શથી મારું નાનકડું હૃદય તો આનન્દમાં ગુલતાન થઈ ગયું છે, અને કદી યે ન વિલાય એવા ઉદ્ગાર કરી ઊઠે છે.

"તારી બક્ષિસો તો આમ રોજ ને રોજ મને મળ્યા જ

કરે છે, પણ મારા હાથમાં એ માતી નથી. યુગો વહી રહ્યા છે, અને તું આપ્યે જ જાય છે. હું બધી લઈ શકતો નથી, અને તો યે ધરાતો નથી.”

‘ગીતાંજલિ’નું આ એમનું પહેલું જ કાવ્ય; અને, કેટલું બધું શ્રદ્ધાભક્તિથી સભર! એ વાંચ્યે આજે ૨૮ વર્ષ થઈ ગયાં. પણ રખેને બેવફાઈથી એના મર્મને હું કોઈ દિવસ ભૂલી ન બેસું, એવી ચીવટ મને હંમેશ રહ્યા કરે છે.

“જ્યારે તું મને ગાવાનું કહે છે ત્યારે ગૌરવથી મારી છાતી ફાટ ફાટ થઈ રહે છે. હું તારા મુખારવિંદ તરફ જોઈ રહું છું, અને મારી આંખોમાં આંસુ ઉભરાઈ આવે છે.”

મારા જીવનમાં જે કંઈ કઠોર અને બસૂરું છે તે બધું ઓગળી જાય છે, ને બધે સૂરીલી મધુરતા વ્યાપી જાય છે. નિષ્કામ યોગ શુષ્ક થઈ જાત, જો ટાગોરની આ કવિતા મારી પાસે ન આવી હોત.

“પ્રાણજીવન! મારું શરીર હું હંમેશ સ્વચ્છ રાખીશ; કારણ કે, મારા એકેએક અવયવ પર તારો ચેતન-પૂર્ણ સ્પર્શ થવાનો. મારા વિચારોમાંથી હું તમામ અસત્યો દૂર રાખવાનો પ્રયત્ન કરીશ; કારણ કે, મારા મનમાં બુદ્ધિ-રૂપી દીપ સળગાવનાર પરમ સત્ય તું છો. મારા અંતઃક-રણમાંથી તમામ અશુભોને હું હાંકી કાઢીશ, અને, શુભ પર પ્રેમ કરીશ; કારણ કે, તારું સિંહાસન તો મારા હૃદયના ઊંડામાં ઊંડા હૃદયરૂપી મંદિરમાં છે. મારો હંમેશનો પ્રયત્ન તો તને મારા સત્કર્મોમાં પ્રગટ કરવાનો રહેશે.

કારણ કે, કામ કરવાનું બળ તારી જ શક્તિમાંથી મેં મેળવ્યું છે.....આ નાના પુષ્પને તું ચૂંટી લે, વાર ન કર, નહિ તો એ ચિમળાઈ જશે, અને ધૂળમાં રગદોળાશે. તારા હારમાં એ ગૂંથવા યોગ્ય ન લાગે તો ભલે. પણ, ચુંટાવાના દુઃખનું માન તો મને આપ! સાંજ પડી જાય, પૂજાનો સમય વીતી જાય, ને હું રહી ન જઉં.

"આ પુષ્પનો રંગ કંઈ બહુ સારો નથી; અને, સુગંધ પણ ઠીક જ છે, છતાં તેને તું તારી પૂજા માટે વખત છે ત્યાં સુધી તોડી લે."

વળી,

"'મોક્ષ'? 'મોક્ષ' ક્યાં મળવાનો છે? આપણા માલિકે તો જાતે સૃજનનાં બંધન ખુશીથી પોતાને માથે લીધાં છે. એ તો આપણી સાથે સદાને માટે બંધાયેલો છે, અને તું મોક્ષ શાનો શોધે છે!"

ટાગોરનાં આવાં તો કેટલાં યે કાવ્યોએ મને જીવનનો માર્ગ સરળ કરી બતાવ્યો, ભક્તિનમ્ર બનાવ્યો, ઉલ્લાસ પ્રેર્યો, મારામાં આત્મવિશ્વાસ સ્થાપ્યો, અને મને દૃઢતા, પ્રસન્નતા તથા આનન્દની ભેટ ધરી.

હવે હું વાંચકને જ પૂછું છું કે, મારી પાસે બહુ પૈસો નથી તે શું થઈ ગયું? આટલું બધું કવિતારૂપી ધન જેની પાસે છે તે ગરીબ કહેવાય?

[૧૩]

મા જેમ પોતાના બાળકને ધીમે ધીમે ચાલતાં શીખવે છે તેમ જ્ઞાન ને વિકાસક્રમમાં, ઈશ્વરે જાણે મને એક પછી એક પગથીએ ધીમે ધીમે ઊંચે લીધો હોય, એમ આખા જીવન દરમિયાન મેં અનુભવ્યું છે. ટેકરા પછી ડુંગર, ડુંગર પછી પહાડ, અને પહાડ પછી એણે મને પહાડોનો રાજા હિમાલયનાં દર્શન કરાવ્યાં. હરદ્વાર છોડીને મસૂરી પહોંચતાં પહેલાં, શિવાલિક પર્વતોની હારો ને ગિરિપ્રદેશોનું સૌન્દર્ય મનને સ્ફૂર્તિ આપતું હતું. મોટાં વૃક્ષો, આંબા, કેળો, સાગ, મરી ને દ્રાક્ષ જેવાં પીળાં ફૂલોનાં ઝૂમખાંવાળા અમલતોર, અને ભગવાન બુદ્ધના સ્મરણથી પુનિત શાલ વૃક્ષોનાં ઝૂંડનાં ઝૂંડ મેં દોડતી ગાડીએ જોયાં.

ઉત્તરે, ભૂરાં ભૂરાં ઉન્નત હિમાલયશિખરો દેખાતાં હતાં. શિવાલિક પર્વતોમાં પહેલાં આપણા પૂર્વજો આર્યો ને પછી ગૂર્જરો રહેતા એનું મને સ્મરણ થયું. તળેટીના રમ્ય પ્રદેશોમાં અસંખ્ય નદીનાળાં અને ઝરણો વહેતાં હતાં. હવા આરોગ્યવર્ધક શીતળ થતી જતી હતી. અસંખ્ય નવાં નવાં પક્ષી, નવાં નવાં ફૂલો અને નવી નવી વનસ્પતિઓ જોતાં કોઈ આશ્ચર્યપૂર્ણ પ્રદેશમાં વિહરતા હોઈએ, તેમ

લાગ્યું. હિમાલયની આ તળેટીમાંથી પસાર થતાં મહાભારત અને રામાયણનો સમય, કોણ જાણે શાથી, પણ સાંભરી આવતો હતો. ઋષિકેષમાં ગંગાકિનારે સંન્યાસીઓની પર્ણકુટિઓ જોઈ હતી, અને લછમનઝોલામાં રામથી છૂટા પડેલા એકલવાયા લક્ષ્મણનું મંદિર જોયું હતું. પાંડવો હિમાલય ગાળવા આ રસ્તે તો નહિ ગયા હોય, તેમ થઈ આવતું.

હિન્દુ માત્રની એક આંકાક્ષા જિંદગીમાં એક વાર ગંગાજી ને હિમાલયનાં દર્શન કરવાની હોય છે. ગંગાજીના દર્શનની મારી આકાંક્ષા તો વિદ્યાર્થીઅવસ્થા પૂરી થઈ કે તરત જ ફળી હતી. ત્રીસ વર્ષની ઉંમરે આબુ જોયો ત્યારે ત્યાં સુધીના બધા સ્થળોનાં સૌન્દર્ય તેની આગળ તુચ્છ લાગ્યાં હતાં. પણ, હિમાલય આગળ તો આબુ છેક રાંક લાગવા માંડ્યો. હિમાલયની એક એક ટેકરીમાં આખો આબુ સમાઈ જતો લાગ્યો, અને જે આબુ લીલોતરીથી તર લાગતો હતો તે હિમાલય આગળ સુક્કો માલમ પડ્યો.

દહેરાદુન અતીવ સુંદર લાગ્યું. તેહરીનો લીલો પ્રદેશ ઉત્તર દિશાને ભરી દેતો હતો. અમારા ઘોડા પહાડી માર્ગો પર ધીમે ધીમે આગળ વધતા હતા, ને અમે જેમ જેમ ઊંચે ચડતા હતા તેમ તેમ પક્ષીઓ બદલાતાં હતાં. વૃક્ષો પણ બદલાતાં હતાં. અને, દ્રશ્ય પ્રદેશ વધુ ને વધુ મનોહારી થતો જતો હતો. ખુદ પાર્વતીએ વાવેલાં કહેવાતાં, અને એમને અતિશય વહાલાં એવાં દેવદારૂ વૃક્ષો જોયાં ત્યારે તો મનનો આનંદ ઉભરાઈ જવા લાગ્યો. પહેલો

દરિયો જોતાં જેવો આનંદ થયો હતો તેવી જ જાતનો આનંદ આ વૃક્ષો પહેલી વાર જોયાં ત્યારે થયો. પછી તો અમે જે બંગલામાં રહ્યા ત્યાં અને તેની પાસે તો દેવદારૂની ઘટાઓ અને કુંજોની છત્રછાયાઓ મળી.

મસૂરી શાન્ત, વિશાળ, લીલુંછમ, એકાન્ત અને ભવ્ય છે. એક સવારે અતિશય ઠંડી છતાં હું વહેલો ઊઠયો. અને, હિમશિખરોનાં દર્શન કરવા સૂર્યોદય પહેલાં એક ઊંચી જગ્યાએ ચડીને બેઠો. ક્ષણે ક્ષણે રંગો બદલાતા હતા. એક સુન્દર દ્રશ્ય હજી પૂરું જોયું યે ના હોય ત્યાં બીજું આવે, અને એ જોતા હોઈએ ત્યાં ત્રીજું હાજર થાય ! એમ ગુલાબી, જાંબુડિયો, રૂપેરી, સુનેરી, ભૂરાં સુનેરી, લાલ, નારંગી, –મેઘધનુષ્યના સર્વ રંગો–માંએ બરફના શિખરો રંગાઈ ગયાં. એ પ્રથમ દર્શનના રંગો તો મારા મનમાં એવા પાકા ભરાઈ ગયા છે કે, બહુ વર્ષો થયાં છતાં હજી પણ એ એવાને એવા જ છે. હિમાલયને મેં એ ટેકરી પર બેસી પ્રણામ કર્યાં. બહુ સુંદર અને મંગલાક્ષી શિવને એની પાછળ રહેલા મેં પ્રીછયા, ને એ આખું સ્થળ ભગવાનનાં સૌન્દર્ય અને કલ્યાણથી છવાઈ ગયું.

સવારે, બપોરે, સાંજે, અંધારી રાત્રીઓમાં ને શુકલ પક્ષની ચાંદનીમાં, એમ વિવિધ સમયે નગાધિરાજ હિમાલયનાં સૌન્દર્યનું મેં મસૂરીમાં અખંડ પાન કર્યું. જીવનના કલેશ અને દુઃખ એણે ઓગાળી નાખ્યાં. ઈશ્વર તો ત્યાં હાજરાહજૂર લાગતો હતો.

મીઠાં પક્ષીઓ તો ત્યાં આખો દિવસ બોલતાં. ગિરિ-

કોકિલના બુલંદ ટૌકા, પહાડી કાગડાઓના ગળામાંથી નીકળતાં પહોળા અવાજ, દેવચકલીઓની તીણી સીસોટીઓ અને બુલબુલના મધુર સરોદ સદોદિત સંભળાયાં જ કરતાં. તમરાં તો રાત ઉપરાંત આખો દિવસ પણ બોલતાં, અને પાણી પર હોય છે એવી લીલ ઝાડોના થડે થડે, લીલી મખમલ મઢી હોય એમ, બાઝેલી રહેતી.

લાયબ્રેરી પાસે દર રવિ અને બુધવારે લશ્કરી બેન્ડ વાગતું. ત્યાં, હિન્દુસ્તાનના વિધવિધ ભાગોમાંથી આવેલાં સુખી સ્ત્રીપુરુષો અને કલ્લોલતાં બાળકો જોવાં મળતાં; અને, દરરોજ જાણે કોઈ મેળો હોય, એવું લાગતું.

હું દૂરની એકાદ પાટલી પર એકલો બેસીને એ રંગદ્રશ્યને જોતો, અને પહાડો ને ખીણોમાં પ્રસરી જતાં એ બેન્ડના મધુર ગીતો સાંભળતો. વીર, કરુણ, સુખદ, ભયાનક રસો એમાંથી ઉછળતા, ને હૃદયના ઊંડા મર્મને સ્પર્શી જતા, ઝણઝણઝણ કરતી ઝાંઝની ચીસ છેલ્લી પ્રસરતી, અને ખીણોના દૂર દૂરના ભાગોનાં ઘાસ, વૃક્ષો ને ફૂલો ધ્રૂજી જતાં.

મસૂરીના ધોધોમાં અમે વખતોવખત નાહ્યા છીએ. એમાં સૌથી સરસ તો કામ્ટી ધોધ હતો. ઈ. સ. ૧૯૨૧થી આજ સુધીમાં હું ચાર વખત મસૂરી ગયો છું. ત્યાં, સ્વ. અબ્બાસ સાહેબ, સ્વ૦ મદનમોહન માલવીયજી વગેરેના સત્સંગના લાભ મેં લીધા છે, અને ચાંદનીમાં કે સંધ્યાના અલૌકિક રંગોમાં સંગીતશાસ્ત્રી વ્યાસે દિલરૂબા સાથે

ભગવાનની અને કુદરતની સ્તુતિનાં સુંદર ગીતો મને સંભળાવ્યાં છે.

હિમાલયના એ કટિપ્રદેશમાં સૃષ્ટિસૌન્દર્યની એવી બલિહારી છે કે, શિવ અને પાર્વતી અર્ધનારીશ્વરરૂપે જાણે ત્યાં ફર્યા જ કરે છે. અને, ફરતાં ફરતાં એ આપણા હૃદયમંદિરમાં પણ પધારે છે, અને ત્યાં અદૃશ્ય થઈ જાય છે !

[૧૪]

મસૂરીથી પાછા ઊતરતાં હું ફરી હરદ્વાર રોકાયો. ગંગાજી જોતાં કોણ ધરાયું છે? એ જ ગંગાદ્વાર, હિંદભરનાં યાત્રાળુઓનાં ભાવપૂર્ણ મુખારવિંદોનાં દર્શન, સ્નાન ને આરતીનું એ જ દેદીપ્યમાન દશ્ય, ગુલાબનાં ફૂલો અને દીવાઓના તરતા અને આરતીના ઘંટારવ સાથે તાલ લેતા પડિયા—એ બધું ફરી જોયું, ને હરિરસ પેટ ભરીને પીધો.

દિલ્હી—આગ્રા મેં અગાઉ જોયાં હતાં, પણ બહુ વર્ષ થઈ ગયેલાં હતાં, એટલે આ વખતે ફરી દિલ્હી ઊતર્યો, અને કુતુબમિનાર, જુમામસ્જિદ, લાલ કિલ્લો, દીવાને આમ, દીવાને ખાસ, એ બધાં ફરી જોયાં.

તબિયત નરમ હતી, છતાં હું કુતુબમિનાર પર છેક સુધી ચઢ્યો. ટોચે બેસીને, આસપાસમાં ભાંગેલી ને ફરી ફરીને વસેલી એવી સાત દિલ્હીઓનાં ખંડિયેરો જોયાં, ને નિસાસો નાખ્યો.

આ નવી દિલ્હી છે તો આપણી રાજધાની, પણ આપણે એના માલિક નથી, એ દુઃખે હું કુતુબમિનાર ઉપર ઘેરાઈ ગયો. પવન તો મગજને તર કરી દે એવો

વાતો હતો, અને કુદરતનું દૃશ્ય પણ મનોહારી હતું. છતાં, ઇન્દ્રપ્રસ્થ, કુરુક્ષેત્ર અને ભીષ્મ–અર્જુનથી માંડી પૃથ્વીરાજ સુધીના ઇતિહાસચિત્રો સ્મૃતિપટ પર, સિનેમાની ફિલ્મની જેમ, પસાર થઈ ગયાં. ઝાઝી વાર હું ઉપર રહી શકયો નહીં. ભગ્ન હૃદયે નીચે ઊતરી આવ્યો, ને ઝટ મોટરમાં બેસી ગયો. અને, કુતુબમિનારથી બિરલા મિલ સુધીને આખે રસ્તે આંખો બંધ કરીને જ જાગૃત સ્વપ્નાવસ્થામાં પડી રહ્યો.

પણ, નહિ ઊંઘ કે નહિ સ્વપ્નાવસ્થા, એવી એ સ્થિતિ અસહ્ય થઈ પડી. મોટરનાં પૈડાંમાંથી કોઈ ઘોર કઠોર નાદ આવતો હતો. એની નીચે કચડાતી પીડાતી દેવી ભારત-માતા પાંચાલીરૂપે જાણે રુદન કરતી હતી. એ રુદન કુતુબમિનારથી નવી દિલ્હી, અને ત્યાંથી ચાંદનીચોક અને જુમામસ્જિદ થઈ સેન્ટ્રલ સ્ટેશન અને બિરલા મિલ સુધીના લાંબા રસ્તે મેં જાણે કાનોકાન સાંભળ્યું. સાતસો વર્ષની વેદના એ લાબાં રુદનમાંથી ઝરતી.

દિલ્હી છોડયા પછી મેઇલ ટ્રેનના ધડધડાટમાંથી રાજપૂતાનાની વીરભૂમિ આગળ પાછું એ રુદન મેં સાંભળ્યું. આંસુ પણ હવે સુકાઈ ગયાં હતાં. એ મરુભૂમિ જેવું જ શુષ્ક મારું હૃદય પણ બની ગયું હતું, અને અસહાય દશાની તીવ્ર વેદના હૃદયદાહ કરાવતી હતી.

પાંચાલીનું આ દુ:ખ, અનેક રાગોની મનોમય કવિતામાં, મેં ઘણી વાર સાંભળ્યું છે : ઉદેપુરથી એકલિંગજી જતો હતો ત્યારે, ચિત્તોડગઢ પર ફરતાં ફરતાં, પાવાગઢ

ઉપર, ઉજ્જયિની મહાકાળના મંદિરમાં અને ક્ષિપ્રા નદી પર, ભોપાળના તાલને કિનારે, કોટા અને એની ચંબલ નદી પર, અને હમણાં છેલ્લું છેલ્લું સેવાગ્રામ અને વર્ધામાં........

નૈનીતાલ બધું મળીને છ વાર જોવાનો મને લાભ મળ્યો છે. ત્યાંનાં સૌન્દર્ય અને શાંતિ, વિપુલ વનશ્રીની હરિયાળી —લીલાશ—ને તાજગી બેનમૂન છે. કુદરતની મનોહારી સમૃદ્ધિ ત્યાં અભરે ભરી છે.

એ પર્વતોનાં જુદાં જુદાં શિખરો પરથી હિમગિરિ-પ્રદેશની વિધવિધ શોભા નીરખવી, નંદાદેવી, ત્રિશૂલ વગેરે દૂરદૂરનાં હિમશિખરોનાં દર્શન કરવાં, અને એની ખીણો અને અનુપમ કુંજવનોમાં વિહાર કરવા, એ મનુષ્યજીવનની લહાણુ છે. ઇન્દ્રિયોના ઉપભોગથી, ધન કમાવાથી કે સત્તાથી પણ, જે સુખ અહીંની નિસર્ગનાં દર્શન આપે છે તેવું, સુખ તો કદી મળતું નથી. ચાર હજાર માઈલનો હિમાલયનો પ્રદેશ ખૂંદી વળનાર એક મુસાફર લખે છે કે, 'નૈનીતાલ જેવી સુંદર જગ્યા મેં ક્યાં યે જોઈ નથી.'

પ્રથમ દર્શને જ નૈનીતાલ આંખોને ભરી દે છે. છેક સમુદ્રની સપાટીથી સાત હજાર ફૂટ ઉપર ચડી જઈએ છીએ ત્યારે, કોઈ દ્વાર ઊઘડે, ને અજબ સૃષ્ટિનાં દર્શન થાય, એમ નૈની સરોવરનાં દર્શન થાય છે. એની ત્રણે બાજુ વૃક્ષોથી ભરપૂર ઊંચાઊંચા પહાડો છે. અને, એનાં પ્રતિબિંબથી નૈની સરોવર, સદા કાળ, નીલમના રંગ જેવું લીલું લાગે છે. એક માઈલ લાંબા અને અડધો માઈલ પહોળા

એ સરોવરનાં નેવુ ફૂટ ઊંડાં પાણી સ્વચ્છ, નિર્મળ અને ચળકતાં છે. બાજુઓ પર ત્રણ ત્રણ માળના રસ્તાઓ છે, અને કોઈ પણ રસ્તે ચાલવું તે નંદનવનમાં ફરવા જેવું છે.

દક્ષ પ્રજાપતિએ કનખલમાં યજ્ઞ કર્યો ત્યારે શિવના અપમાનથી સતી યજ્ઞમાં પડી બળી મર્યાં હતાં. વ્યગ્ર સ્થિતિમાં સતીના શબને લઈને પોતે કૈલાસ તરફ જતા હતા ત્યારે રસ્તામાં સતીની એક આંખ નીકળી પડી હતી. એનું આ સરોવર બન્યું છે, અને એ ઉપરથી એનું નામ 'નયનિ-તાલ' પડયું, એવી પુરાણના કવિઓની મનોહર કલ્પના છે.

કાકા કાલેલકર લખે છે: 'વાદળમાં લટકતી કોઈ ગન્ધર્વ નગરી જેવું, પરીઓના કોઈ દેશ જેવું, જાદુથી ઊભી કરેલી કોઈ માયાવી સૃષ્ટિ જેવું નૈનીતાલ લાગે છે.' એના એકેએક માર્ગે, ખૂણેખૂણે, ખીણોમાં અને શિખરો પર, લતાકુંજો ને વૃક્ષોની ઘટાએ ઘટાએ ફરીફરીને ક્ષણે-ક્ષણે બદલાતાં નૈનીતાલનાં રૂપો મેં જોયાં છે, અને નયનો સફળ કર્યાં છે.

આપણા ગૂજરાતના ઘણા કવિઓ ને નવલકથા-લેખકોએ હિમાલય કે નીલગિરિ જેવાં યાત્રા અને નિસર્ગસમૃદ્ધિનાં મહાન ધામો જોયા વગર જ કાવ્યો ને લખાણો કર્યાં છે. ને, ગૂજરાતને આ અદ્‌ભુત નિસર્ગદર્શનની કાવ્યસમૃદ્ધિથી વંચિત રહેવું પડયું છે, તેથી મારો જીવ ખૂબ બળતો હતો.

ચિત્રકારો પણ કવિઓ જ છે, એટલે રવિશંકર રાવળ તો હિમાલય જુએ જ જુએ, એમ મેં ઇચ્છા કરી, અને

એ ઇચ્છા સર ચીનુભાઈના સૌજન્યથી પાર પડી. ત્યારથી, રવિભાઈએ અને મેં, મસૂરી, નૈનીતાલ, દાર્જિલિંગ, નીલગિરિ, કલકત્તા, ભુવનેશ્વર, મદ્રાસ, મદુરા, રામેશ્વર ને મૈસૂર તથા બેંગલોર સાથે જોયાં છે; અને, નાથદ્વારા, કાંકરોલી, ઉદયપુર ને ચિતોડનાં પવિત્ર ને ઐતિહાસિક સ્થળોની પણ સાથે જ મુલાકાતો લીધી છે.

મ્હૈસૂર રાજ્યમાં હાસન કરીને એક ગામ છે. એની ભાગોળે બે તળાવ છે. ચાંદની રાત હતી, અને એ રાતમાં દસેક વાગ્યે ત્યાંનાં એક મંદિરના ગોપુરમાંથી શુદ્ધ સંસ્કારી કર્ણાટકી રાગમાં ટકોરખાનાં અને શરણાઈઓ વાગી રહ્યાં હતાં. રવિભાઈ અને હું એ તળાવકિનારાના એક ગરનાળા પર એ અમૃત જેવુ મીઠું સંગીત સાંભળવા બેઠા તે બેઠા જ. ચોમાસાના દિવસો હતા, એટલે વાદળાંની દોડાદોડીથી વચ્ચેવચ્ચે ચંદ્ર ઢંકાઈ જતો, અને પાછો બહાર આવતો હતો. રાગો પણ બદલાતા, પણ તે વધતી જતી રાત્રિને અનુકૂળ હતા. જાણે એના પડઘા અને પ્રતિપડઘા તળાવોની લહેરોમાં અને દૂરનાં ઘેરાં વૃક્ષોમાં પડતા, અને અમારાં હ્રદયમાં ઝીલાઈ જતા.

આર્ય સંસ્કૃતિની એક ઉચ્ચ કોટિ સમા એ કર્ણાટકી સંગીત દ્વારા આ નાદબ્રહ્મનાં મેં ત્યાં ધ્યાનમાં જે દર્શન કર્યાં તે અમર છે.

'આયર પાટા ટિફિન' નામની એક જગ્યા નૈનીતાલમાં દક્ષિણ દિશાએ ઊંચામાં ઊંચી ટેકરીઓ પર આવેલી છે. ત્યાં, દેવદારુ વૃક્ષોની ઘટામાં લીલુંછમ એક મેદાન છે. રંગબેરંગી પક્ષીઓના મધુર નાદવાળા એ સ્થળની રમણીયતા અને એકાન્ત અલૌકિક છે. ઘણી વાર અમે એ ઉપવનમાં બપોરથી સાંજ સુધીનો સમય ઉજાણીઓમાં, ગાનતાનમાં, ઝાડે હીંચકવામાં ને રમતો રમવામાં ગાળ્યો છે. ધ્યાનને માટે તો એના જેવી બીજી જગ્યા ભાગ્યે મળે. ત્યાંનું સૌન્દર્ય હૃદયને એટલું બધું ઘેરી વળે છે કે, બધાં જાણે આખો વખત આનન્દઉત્સવમાં જ મહાલતાં હોઈએ, એમ લાગે.

ઉપવનની દક્ષિણે ભવ્ય વૃક્ષોથી છવાયેલો વાંકોચૂંકો અને ઊંચોનીચો થતો એક મનોહર રસ્તો છે. ત્યાંથી દૂરદૂર ખીણો અને મેદાનો જોયા જ કરીએ! પૂર્વે, નીચાણમાં, છેક તળાવ સુધી જવાનો બીજો પહાડી માર્ગ છે. ઉત્તરે, જરા ઊંચે ચડીને નીચે ઊતરવાના બે માર્ગો છે, જે બંને પશ્ચિમ અને વાયવ્ય ખૂણે ઊતરે છે. એ બધા રસ્તા અમે ખૂંદી નાખ્યા છે.

ઉત્તરે એક ઊંચામાં ઊંચા શિખર પર બેસીને આખું નૈની સરોવર અમે પેટ ભરીને જોયું છે. એનાં ક્ષણેક્ષણે બદલાતાં રૂપો અગણિત છે. લીલાં ચળકતાં પાણીમાં સઢવાળી ચોરસ બોટો સરકતી હોય અને શહેર પણ થોડું થોડું નજરે પડે છે.

દૂરદૂર ઉત્તરે પ્રાતઃકાળના તેજસ્વી રંગોથી દેદીપ્યમાન ધવલગિરિનાં શિખરો, જાણે ખુદ સૌન્દર્યનારાયણના સાન્નિધ્યમાં લઈ જતાં; અને, સાયંકાળના રંગોનાં પ્રતિબિંબ જ્યારે એ બરફનાં શિખરો પર પડતાં ત્યારે તો રંગોની રમઝટ બોલી રહી હોય, એમ લાગતું. જાણે કોઈ સ્વર્ગીય પ્રદેશમાં આવ્યા હોઈએ એટલું બધું સુખકર આ બધું લાગતું. અને, આ સુખ શું કંઈ એક વાર ભોગવ્યું છે? અનેકાનેક વાર જ્યારે જ્યારે દિવસ વાદળાં કે ઝાકળ વગરનો હોય ત્યારે ત્યારે 'આયર પાટા' પર સવારે, બપોરે કે સાંજે અમે પહોંચી જતાં, અને 'અંગસુ અંગ મિલાવો, પ્રભુજી!' ગાઈને સૌન્દર્યનારાયણની પ્રાર્થના કરતાં હતાં.

પછી, 'ચાઈના પીક,' 'લરિયા કાંટા,' 'સ્નો વ્યૂ,' 'શેરકાદાંડા' વગેરે શિખરો પર પણ વારંવાર જતા ને વિવિધ પ્રકારના સૃષ્ટિસૌન્દર્યમાં ડૂબી જતા.

નૈની સરોવરને કિનારે ફરવું, નયની દેવીના ઘંટારવ સાંભળવા, નૌકાવિહાર કરવા ને દૂરદૂરને કિનારે આવેલી રુદન કરતાં તરુઓ (weeping willows)ની હાર જોવી એ તો અમારો રોજનો વ્યવસાય હતો. બુધવારે અને શનિવારે નૈની સરોવરને તીરે બૅન્ડ વાગતાં. તે વખતે તો

એવું જ લાગતું કે, આ દુનિયામાં દુઃખ જાણે છે જ નહિ.

નૈની સરોવરમાં નૌકાવિહાર કરવો એ તો જીવનની મોંઘી લહાણુ છે. મહાત્માજી ત્યાં આવ્યા ત્યારે સ્વ. મહાદેવ દેસાઈ, દેવદાસ અને અમારી મંડળીએ એમને નૌકામાં બેસાડીને ફેરવવાનો એક પેંતરો રચ્યો હતો. પણ, એ તો ન જ બેઠા. એ કહે, 'સ્વરાજ્ય મળ્યા પછી હું એ સુખ લઈશ; હમણાં તો નહિ.'

નૈનીતાલથી ઉત્તરે સાત માઈલ 'ભુવાલી' કરીને એક ગામ છે. યુક્ત પ્રાંતના વડા પ્રધાન ગોવિંદ વલ્લભ પંતનું એ મૂળ વતન. એ ભુવાલીનું 'કિંગ એડવર્ડ આરોગ્ય ભવન' ક્ષય રોગના દરદીઓ માટે નવો અવતાર આપનારી જગ્યા ગણાય છે. સ્વ. કમળા નહેરુ ત્યાં રહ્યાં હતાં, અને પંતજીએ પણ અમને એ સ્થળ જોઈ આવવા ખાસ આગ્રહ કર્યો હતો.

'આરોગ્ય ભવન'માં રંગરંગીન ફૂલોના તો જાણે ગંજ હતા! જેમાંથી ટર્પેન્ટાઈન નીકળે છે તે પાઈન વૃક્ષોની સૌરભ વાતાવરણમાં પ્રસરી રહી હતી. ત્યાંનો વિશાળ બગીચો બહુ સુરુચિથી ગોઠવેલો હતો.

ત્યાંના દાક્તર જેવા વિદ્વાન અને સેવાભાવી છે તેવા જ સૃષ્ટિસૌન્દર્યના અપ્રતિમ આશક છે. દરદીઓને તપાસવા જવા પોતે ઘોડા પર ફરે છે. પૃથ્વીના ખંડેખંડથી અને પહાડેપહાડેથી એણે વૃક્ષો, વેલીઓ અને પુષ્પો મંગાવીને એ આરોગ્ય ભુવનના વિશાળ બગીચામાં રોપ્યાં છે. પોતાના બંગલાની સામે જ, ફૂલોનાં ઝૂમખાંથી સુવાસિત

અને અલંકૃત થયેલા એક મંડપમાં એમણે અમને ફળો, રસ, ચા તથા મિઠાઈ પીરસ્યાં, ને પોતાના સૌભાગ્યની વાતો કરી. 'અત્રે દરદીઓ આ હવા અને સૌન્દર્યથી જ સાજા થઈ જાય છે. દવાઓમાં કોડ લિવર તેલ અને ચૂનાના શરબત સિવાય હું કંઈ આપતો નથી; પણ, અહીંનું વાતાવરણ જ એમને નવજીવન આપે છે,' તેમ એમણે અમને કહ્યું.

પછી, એમણે પોતાની લાયબ્રેરી બતાવી. એ પણ બહુ જ મોટી અને કિસમકિસમનાં પુસ્તકોથી ભરપૂર હતી. જ્ઞાનમાં દાક્તર સર્વગુણસંપન્ન હતા. અને, દરદીઓને દવામાં પોતાનાં પુસ્તકો પણ આપતા ! પગાર થોડો લેતા, અને ખડે પગે દરદીઓની સેવા કરતા હતા.

હવા, વૃક્ષો, ફૂલો, શાન્તિ અને પ્રેમનું આવું વાતાવરણ છોડતાં પણ અમને દુઃખ થયું. દાક્તરને અંતઃકરણપૂર્વક પગે લાગીને અમે એ સ્થળ છોડયું.

[૧૬]

વર્ષાઋતુના સૂર્યાસ્તો જોવા હું હમેશાં ઉત્સુક રહું છું. એ માટે, અમદાવાદમાં શાહ આલમના ટોડા પર ચડીને, ચંડોળા તળાવ ઉપરથી, કાંકરિયાની પાળેથી એમ ઘરઆંગણે રહીને મેં કેવી 'રંગરંગ વાદળિયાં' જોઈ છે, એ મેં અગાઉ જણાવ્યું છે. હવે પાછી વર્ષાઋતુ આવી છે, ને વરસાદ વરસતો હશે તો પલળીને પણ હું એ જોવા જવાનો. મારી પવનપાવડી જેવી સાઈકલના પ્રતાપે હું દૂરદૂરના સ્થળોના સૂર્યાસ્તની શોભાનું પાન કરી શકું છું.

જીવનમાં કદી ન વિસરાય એવા સૂર્યાસ્ત મેં બે સ્થળોથી જોયા છે: આબુના એક 'સન સેટ પૉઈન્ટ' ('સૂર્યાસ્ત શિખર') પરથી અને બીજો દાર્જિલિંગના એક ઉત્તર શિખર પરથી.

આબુમાં તો, પૃથ્વી પરથી સૂર્યાસ્ત થઈ ગયા પછી લગભગ અડધા કલાક સુધી એ તેજહીન થઈ ગયેલો ગોળો ક્ષિતિજની પણ નીચે ધીમેધીમે અદૃશ્ય થતો જોવાની બહુ મઝા પડે છે. જેની જાહોજલાલીના કાળમાં એક ક્ષણ પણ નજર માંડવી મુશ્કેલ હતી તેને, એની

પડતીના સમયમાં, એકીટશે જુઓ તો એ હવે સત્તાહીન થઈ ગયેલા સામ્રાટ જેવો નિરુપદ્રવી લાગે છે. વાદળામાં લપટાયેલો હોય છે ત્યારે ગ્રહણ વખતના સૂર્ય જેવો લાગે છે. સાન્ધ્ય ગાયત્રી માટે કે સાયંકાળની પ્રાર્થના માટે આબુનું એ ‘સૂર્યાસ્ત શિખર’ મને તીર્થ જેવું લાગ્યું છે.

દાર્જિલિંગમાં જે સૂર્યાસ્ત જોયો તે તો ભવ્ય અને અલૌકિક હતો. માત્ર પશ્ચિમ દિશા જ નહિ, પણ આખું આકાશ જાંબુડા, ભૂરા, સોનેરી કોરવાળા ગુલાબી, પીળા અને લાલ રંગોથી જાણે છલકાઈ જતું હતું. આ બધા રંગોના પલટા પણ એટલી ઝડપભેર અને એટલી સેંકડોની સંખ્યામાં થતા કે, રંગોની એ રમઝટ ને મિશ્રણ જોઈને આપણે કોઈ દિવ્ય ભૂમિમાં વિહાર કરતા હોઈએ, એવું લાગતું હતું. બત્રીસી રસોઈ અને તેત્રીસાં શાક અથવા છપ્પન ભોગનાં ભોજન સાંભળ્યાં છે; પણ, આ તો સહસ્ર ભોગ હતા, અને એવા કે જેનાથી પેટ તણાઈ જવાનો કે અકરાંતિયા થવાનો કોઈ ભય નહોતો. દશે દિશાઓમાં રંગોની હેલી ઊલટી હતી. ભીંજવે નહિ કે ડુબાવે નહિ, એવાં માયવી જળોમાં જાણે તરતાં હોઈએ, એવું લાગતું હતું.

દગ રસભર મોરે દિલ છાઈ રહી,
છાઈ રહી, છલકાઈ રહી—દગ૦

સ્વ. મણિલાલ નભુભાઈએ એક અખંડ રસના સાક્ષાત્કારનું એ જે ગાન ગાયું છે તેના કરતાં યે રૂપરૂપના સાગર એવા આનન્દનિધિમાં અહીં અમને તરવાનું મળ્યું

હતું. ભગવાન સ્વયં રૂપનારાયણ થઈને અહીં આવ્યા હતા.

દાર્જિલિંગનો સૂર્યોદય આખી દુનિયામાં વખણાય છે. અમે એ જોવા કકડતી ઠંડીમાં સવારે ત્રણ વાગે ઊઠયા, ને ઘોડાં પર બેસી, ઝોકાં ખાતાખાતા સૂર્યોદય શિખર પર જવા નીકળ્યા. સાડાચાર વાગ્યા પહેલાં તો ત્યાં પહોંચી જવાનું હતું; કારણ કે, દાર્જિલિંગ હિંદુસ્તાનના લગભગ પૂર્વ છેડે આવ્યું છે, ને વળી હિમાલય જેવા ઉચ્ચોચ્ચ શિખરની ટોચ છે, એટલે ત્યાંથી ઊગતો સૂર્ય એટલો વહેલો જ દેખાય.

રસ્તો વિકટ હતો; રાત અંધારી હતી; કેડી સાંકડી અને ઊંડી ખીણોમાં થઈને જતી હતી. આવું ગંભીર જોખમ અમે કેમ ખેડી રહ્યા છીએ, એવા પ્રશ્નો પણ મનમાં ઉદ્ભવતા. મીઠી હૂંફાળી પથારીની નિદ્રા છોડીને મૂર્ખાઓના સ્વર્ગને જોવા—ઊંઘ વેચીને ઉજાગરો લેવા—જઈએ છીએ, એમ પણ લાગતું હતું. પરંતુ, કોઈ અગમ્ય પુણ્યના યોગે જ્યારે આ રમણીય પૃથ્વી પર અવતાર લીધો છે ત્યારે એનો વિરલ સૂર્યોદય જોયા વગર તો પાછા ન જવું જોઈએ, એમ નિશ્ચયને દૃઢ કરતા હતા.

આખરે એ સ્થળે પહોંચ્યા. થોડી વારે પ્હો ફાટયો. અવનવા અવાજ વડે એની નેકી પોકારતા પક્ષીઓ બોલવા લાગ્યાં, અને સુસવાટા મારતો પવન છૂટયો.

પરંતુ, આકાશ વાદળાંથી ઘેરાયેલું હતું, અને કોઈ પણ જાતના ભભકા વગરનો ફિક્કો, મ્લાન સૂર્યોદય થયો. અમને નિરાશા થઈ. તેમ છતાં દૃશ્ય રમણીય તો હતું, અને સ્થળની શોભા, શાન્તિ, ધીર ગંભીર વૃક્ષોની પશ્ચાદ્ભૂમિ

અને ધીમેધીમે ખુલતાં આવતાં ગિરિશૃંગો અને ખીણો પરથી ઊપડતા પડદાથી જીવનમાં કદી નહિ જોયેલું એવું તે દિવસે જોયું.

બીજે દિવસે પણ વાદળાં હતાં. ત્રીજે દિવસે તો વરસાદ આખી રાત રહ્યો, અને દાર્જિલિંગનો પૂર્ણ રોનકદાર સૂર્યોદય જોવાની આશા અમે છોડી.

અમારી માફક એક અંગ્રેજ બાઈ પણ દાર્જિલિંગના સૂર્યોદયની કીર્તિ સાંભળીને તે સમયમાં લાગલાગટ આઠ દિવસ એ સ્થળે જઈ આવી હતી; પરંતુ, ખરો સૂર્યોદય તો જોયા વગર જ એને દાર્જિલિંગ છોડવું પડ્યું હતું. પાછળથી તપાસ કરતાં માલૂમ પડ્યું કે, ઑગસ્ટ–સપ્ટેમ્બરમાં જઈએ નહિ ત્યાં સુધી ખરો જાજ્વલ્યમાન સૂર્યોદય, જેને માટે દાર્જિલિંગે પૃથ્વીમાં કીર્તિ સંપાદન કરી છે તે જોવા નહિ મળે. હજી મારા મનમાં એ અભિલાષ ખરો કે, એ સૂર્યોદય જોયા વગર આ મૃત્યુલોકમાંથી વિદાય ન લેવી.

એ પ્રાતઃકાળે સૂર્યોદય તો માત્ર રૂપિયે ચારપાંચ આની જેટલો જ જોયો; પણ, હિમાલયનાં અવનવીન પંખીઓના જે મીઠા સરોદો ત્યાં સાંભળ્યા હતા તે તો કદી ભુલાવાના નથી. એ રાગમાધુર્યથી સૂર્યોદયનો સમય છવાઈ ગયો હતો. એને પ્રતાપે બધું મંગલ લાગતું હતું. પંખીનાં એ આરતીગાન વિના એ મોટી ભેખડો, ઊંડી ખીણો ને વિકરાળ પથરા ખાવા ધાત.

પછી તો હું પેટ ભરીને એ અવાજો સાંભળવા એક

એકાન્ત સ્થળે આંખો મીંચીને એવો બેઠો કે, પેલી સૂર્યાસ્તની રંગસૃષ્ટિની જેમ આ નાદસૃષ્ટિએ પણ મારી મન ઇંદ્રિયો મન, પ્રાણ અને આત્માને ઓતપ્રોત કરી દીધા.

બીજે દિવસે આ પક્ષીઓની એક વાત વાંચી. પચાસેક વર્ષ પર અત્રેના ચાના બગીચાવાળાઓના ઉચ્છ્રંખલ છોકરાઓએ, શિકાર કરી કરીને આ સુંદર પાંખોવાળાં અને મધુર બોલીવાળાં પક્ષીઓનો ઘાણ કાઢી નાખ્યો. અને, આ ગિરિપ્રદેશ લગભગ સૂનો થઈ ગયો.

પણ, એક ભલો પાદરી એ સૂનકાર સહન ન કરી શકયો. એ યુરોપ ઊપડયો. આલ્પ્સ પર્વતના જુદા જુદા ભાગોમાંથી અહીં હતાં એવાં પક્ષીઓ મેળવીમેળવીને બહુ મહેનતે અને ખર્ચે એ બધાને એ અહીં લાવ્યો, અને પછી એ હજારો પંખીઓને આ ફળદ્રુપ ભૂમિમાં છોડી મૂકયાં. પછી તો અહીં એમનો કુટુંબવિસ્તાર બહુ વધી ગયો. અમે જે પક્ષીઓ સાંભળ્યા તે પેલા પાદરીએ આણેલાં નરમાદાઓનાં વંશજો હતાં.

'દાર્જિલિંગ ટાઇમ્સ' માં દર અઠવાડિયે એક વિનતિપત્ર છપાતો. તેમાં ઉપરની કથા અને એ પાદરીનાં નામ સાથે ચ્હાના બગીચાવાળા અને બીજા શિકારીઓને વિનતિ કરવામાં આવતી કે, હવે કોઈ આ પક્ષીઓને મારશો નહિ, અને આ સુંદર પ્રદેશને પક્ષીઓના કિલકિલાટ વગરનો કરવાનું પાતક કરશો નહિ.

[૧૭]

ચંદ્ર તો ખાલી થઈ ગયેલો ઉપગ્રહ છે, અને એમાં બળીને હોલવાઇ ગયેલા જ્વાળામુખીઓનાં શિખરો ને કોતરો જ માત્ર છે, એવાં ખગોળશાસ્ત્રીઓનાં વર્ણનોએ મને કંઈ જ અસર કરી નથી. મારે મન ચંદ્ર તો શીતળતા ને સૌન્દર્ય વર્ષાવનાર અમૃતથાળ છે.

એવાં સુધાકરનાં પવિત્ર અમૃત, શરદઋતુની આલ્હાદક રાત્રિઓએ, વર્ષાઋતુનાં વાદળાંમાંથી, અને ગ્રીષ્મની માદક રાત્રિઓમાં હજારો વાર હૃદય ભરીભરીને પીધાં છે; છતાં, હજી પાત્ર જાણે ખાલી ને ખાલી છે.

અમાસ અને પડવા સિવાયની હજી એવી કોઈ રાત્રી મારી ગઈ નથી, જ્યારે મેં ચંદ્રને ન જોયો હોય. ગમે તે રૂપમાં એની હાજરી જ મને બીજું બધું ભુલાવી દે છે, ને હૃદયમાં આનંદ અને શાન્તિ ઉદય પામે છે.

દાર્જિલિંગમાં કાંચનજંઘા અને ગૌરીશંકરનાં શિખરો અમારા નિવાસસ્થાનની સામાં જ જણાતાં હતાં. એ બરફનાં શિખરો પર શુક્લ પક્ષ આખો અજબ ચળકાટ રેલી રહેતો. ત્રીજથી છઠ સુધીનો લટકતો અર્ધચંદ્ર બરફનાં

અણીદાર શિખર પર ઘણી વાર એવો તો ગોઠવાઈ જતો કે, સાક્ષાત ચંદ્રમૌલીશ્વર ધ્યાનમાં બેઠા હોય, એવું લાગતું.

નૈનીતાલમાં તો પૂર્ણિમાના ઉત્સવ કરવા અમે નૈની સરોવરમાં નૌકાવિહારે જતાં. શાન્ત પાણીની આખી સાપાટી તે વખતે ચંદ્રકિરણોથી ઝળાંઝળાં થઈ જતી, કિનારાનાં વૃક્ષો સુરેખ છાયાચિત્રો બની જતાં, અને પહાડો કોઈ રહસ્યકથા કહેતા. ઘણી વાર અમે રંગબેરંગી ફૂલોથી એ સરોવર–જળની પૂજા કરતાં, અને કોકિલકંઠી બેનો જ્યારે દિલરુબા સાથે ભજનો ગાતી ત્યારે મેં એક વખત કહ્યું કે, ‘કેવું સ્વર્ગ જેવું લાગે છે!’ મારા મિત્ર દાદા માવલંકરે પૂછ્યું કે, ‘સ્વર્ગ “જેવું”?’ મતલબ કે, સ્વર્ગ ‘જેવું’ શું બોલો છો? આ તો ખુદ સ્વર્ગ જ પૃથ્વી પર ઊતર્યું છે, એમ કહો.

બેલગામ કૉંગ્રેસથી પાછા વળતાં અમે ગોવા થઈને સમુદ્રમાર્ગે મુંબઈ આવેલા. તે દિવસે પૂર્ણિમા હતી. સમુદ્ર ઊછળી રહ્યો હતો, અને અનંત વિસ્તારવાળા એ જળપ્રદેશ પર જે ભૂરા ને રૂપેરી ચળકાટ જોયા તે તો જીવનભર સાંભરશે. પશ્ચિમકિનારે માલવણ, રત્નાગિરિ વગેરે શિવાજી મહારાજના કિલ્લા, એક પછી એક, પસાર થતા હતા. એ આખી રાત હું ઊંઘ્યો નથી. સાગર ઘૂઘવતો હતો. પણ, ત્યાં કોઈ જાતનો ભય તો હતો જ નહિ. માતાના ખોળામાં સૂતા હોઈએ એવાં અભ[illegible] શાન્તિ સાથે એ વારંવાર બદલાતાં સૌ[illegible] અને [illegible]ર્યને મેં આનંદથી

થેઈથેઈકાર ભાવે નીરખ્યાં કર્યાં.

ઉતાકામંડમાં એક રાત્રે અમે સિનેમા જોઈને આવતાં હતાં. સિને-ચિત્રોમાં રાત્રિનો દેખાવ બતાવવા જે જંગાલ-જંગી આસમાની ઝાંય નાખવામાં આવે છે તેથી હું પ્રસન્ન થઈ ગયો હતો. અને, જ્યારે બહાર આવ્યા પછી એવો જ રંગ એ નીલગિરિની અજવાળી રાત્રિનો જોયો ત્યારે તો મારા આનંદનો પાર ન રહ્યો. મેં સૌને નીલગિરિના એ શ્યામસુંદર, આકાશથી પૃથ્વી પર્યંત વ્યાપેલા, વૃક્ષો ને ફૂલોમાં શોભતા, પ્રત્યક્ષ બતાવ્યા. એ રંગપ્રકાશ જાણે અપાર્થિવ હતો.

ભુવનેશ્વરથી પાછાં ફરતાં રાતના નવ વાગી ગયા હતા. નવવર્ષાનાં પાણીથી છલોછલ ત્યાંનું શાન્ત સરોવર કાચ જેવું સ્થિર છવાઈ ગયું હતું. દેડકાં ને તમરાંના અવાજ વાતાવરણને ધીમુંધીમું ઝંકારી રહ્યા હતા. ગાડી પકડવાની ઉતાવળમાં બધાં ઝડપભેર પસાર થઈ ગયા; પણ, રવિશંકર રાવળે મને કહ્યું, 'જરા પાછળ તો જુઓ!'

અમે જોયું; અને, સ્તબ્ધ થઈ ગયા! ગંગા, યમુના, સરસ્વતી, કાવેરી, ગોદાવરી, નર્મદા અને સરયૂ એ સાતે પવિત્ર નદીઓનાં જળ લાવીલાવીને આપણા પૂર્વજોએ ભરેલા એ પુનિત સરોવરના નીરમાં ભુવનેશ્વરનાં 'રાજા-રાણી' ને બીજાં કલામય મંદિરોના ઘેરા પડછાયા પડતા હતા. એકબે દીવા અને થોડા આગિયા અહીંતહીં ટમકતા હતા. વાદળાંમાં ભરાયેલા ચન્દ્રે એ સરોવરને અને આસપાસનાં ખેતરોને આછા પ્રકાશની જાદુઈ ચાદર

ઓઢાડી દીધી હતી. એ આખું દૃશ્ય કોઈ ગૂઢ રહસ્યથી ભર્યુંભર્યું ને દૈવી લાગ્યું. એની નિગૂઢતાનું એ ચિત્ર તો જીવનમાં જડાઈ ગયું છે.

અને, જીવન વધતું જાય છે તેમ તેમ ચન્દ્રથી અદ્ભુત બનતી આ સૃષ્ટિ પણ વધુ ને વધુ રહસ્યમય લાગતી જાય છે.

[૧૮]

દાર્જિલિંગમાં પતંગિયાંના પ્રેમી એક અંગ્રેજે હિમાલયનાં પતંગિયાનું એક સંગ્રહસ્થાન બનાવ્યું હતું. એક આખો વિશાળ ખંડ અને જોડેની એક ઓરડી તથા વચલો ભાગ ભરીને–ભીંતો સુદ્ધાં–એણે કાચનાં કબાટોમાં અસંખ્ય પતંગિયાં વ્યવસ્થાપૂર્વક ગોઠવ્યાં હતાં.

એમાં ઝીણાં ફૂદાં, જેમનું શરીર એક ટપકાં જેવડું હોય, ત્યાંથી માંડીને હથેલી અને બબ્બે હથેલી જેવડા કદનાં પતંગિયાં હતાં. બધાં હતાં તો મરેલાં; પણ, જાણે હમણાં ઊડી જશે એવાં સજીવ લાગતાં હતાં.

આ પૃથ્વી પર જેટલા રંગો અને એનાં સુરુચિપૂર્ણ તથા કલામય સંયોજનો મેં આજ સુધીમાં જોયાં, ને કલ્પ્યાં હતાં તેથી અનેક ગણી અકલ્પ્ય રંગાવલિઓ આ પાંખો પર જોઈને હું તો આશ્ચર્યચકિત થઈ ગયો!

શ્વેત, શ્વેતગુલાબી, શ્વેતભૂરાં, શ્વેતલીલાં, આછાં તપખીરિયાં, ભૂરાં, ભૂરી કોર ને તપખીરી પાંખોવાળાં, ગુલાબી, લાલ, લીલાં, પીળાં, નારંગી, જાંબુડિયાં, કાળા રંગ ને ભૂરાં ટપકાંવાળાં, પીળા રંગ ને કાળાં ટપકાંવાળાં, લીલી કોર ને લાલ ભોંયવાળાં, લાલ કોર ને લીલી ભોંય-

વાળાં, એમ અસંખ્યવિધ રંગો ને એમાં ભળી જાય એવાં નાના પ્રકારનાં કલ્પનાતીત મિશ્રણોની રંગસમૃદ્ધિ એ નિર્માલ્ય લાગતા ક્ષણજીવી જંતુની પાંખો પર ઉભરાતી હતી. અને છતાં, વિસ્તીર્ણ હિમાલયનાં વનો ને વાડીઓ, બગીચા ને કુંજો, શિખરો ને તળેટીઓમાં ઊગતાં અગણિત પુષ્પોનાં લગ્નો કરાવવા માટે જાણે પુરોહિતોનું કામ માથે લઈ દોડાદોડી કરતાં જે કરોડો ને અબજો પતંગિયાં ત્યાં થાય છે તેમાંની આ તો માત્ર, સમુદ્રના જલબિંદુની માફક, આંગળીને વેઢે ગણી શકાય એટલી જ સંખ્યા હતી ! કુદરત, ધન્ય છે ! તું ત્રિપુરાસુન્દરી છે, ભુવનમોહિની છે !

કિનખાબ ને અતલસના કારીગરો, ગાલીચા અને, શાલદુશાલા વણનારાઓ, છીંટ અને પડદાના છાપગરો, કસબ અને રેશમી ભરતકામ કરનારાઓ, આવો ! અને કુદરતની આ કલ્પનાતીત રંગલીલાનો ઉપભોગ કરો !

કલાપ્રેમી સુન્દરીઓ, કિશોરીઓ, બાળાઓ ! તમારી સાડીઓ અને વસ્ત્રો, તમારા પડદા અને ઓછાડો, તમારા ગૃહ અને આંગણાના શણગારો માટે કુદરતનો વિશિષ્ટ રંગ પ્રસાદ પામવા માટે અહીં આવો !

ઉપસ્કરો અને રમકડાં બનાવનારાઓ, કલ્પકો, કલાકારો અને કલાશિક્ષકો, એમેચ્યોર વિદ્યાર્થીઓ અને ચિત્રલેખાઓ તમે પણ આવો ! આ પતંગિયાંને જોયા પછી તમને કોઈને રંગોની મિલાવટ અને આયોજના, નવીનતા અને અદ્‌ભુતતા વિષે કોઈ તોટો કે સંકોચ નહિ રહે. કુદરતે અહીં છુટ્ટે હાથે પોતાનો રંગભંડાર ઠાલવ્યો છે.

દાર્જિલિંગનાં આ પતંગિયાંએ મને જેવો મદોન્મત્ત બનાવી મૂક્યો હતો તેવો જ ફૂલોના એક પ્રદર્શને નીલગિરિના ઉટાકામંડ–ઊટી–માં મને, મીરાંની માફક, ભગવાન રસેશ્વરનો પ્રેમદીવાનો કરી મૂક્યો હતો.

એ 'મે ડે' ('May Day') હતો.

બાલિકાઓ અને કિશોરીઓએ, નંદનવન જેવા અલૌકિક એ બાગમાં, સોને રસેલી સંધ્યાની નીચે, નાનારંગી દોરીઓથી ગુંફ ગૂંથીને ગરબો ગાયો હતો. એમાંની એકને 'મે ક્વીન' જાહેર કરવામાં આવી હતી. એણે માથે ફૂલોનો મુકુટ પહેર્યો હતો, અને બીજીઓ એની આસપાસ ટોળે વળીને ફરતી હતી.

આસપાસ મટરનાં–વટાણાનાં–ગુલાબી, પીળાં, લાલ અને ભુરાં સુગંધી પુષ્પો તો ગુચ્છેગુચ્છા હતાં. લિલી, વૉટર–લિલી વગેરે પણ બાગની બહાર એક વહેળિયું હતું તેને કિનારે કિનારે ઊગી નીકળ્યાં હતાં! ધોળા દેહ અને લાલ પટાપટાવાળાં તથા પીળી ભોંય અને સિંદૂરિયા છેડાવાળાં લિલીની નવી જ જાત મેં અહીં જોઈ. પરંતુ, જે પ્રદર્શનની મારે વાત કરવી છે તે ઊટીના આ નન્દનવનનાં ફૂલોથી નિરાળી જ છે.

'મે–ડે'ને દિવસે આખા ઊટી નગરની કલબો ને શાળાઓને એ પ્રદર્શનમાં પોતાનાં ફૂલોના નમૂના મૂકવા આમંત્રણ મળે છે. બાગવાનો, ખેડુતો, બંગલાવાળાઓ, ફૂલોનાં શોખીનો–દેશી અને વિદેશી બધાં–આ પ્રદર્શનમાં હર્ષ અને ઉલ્લાસથી ભાગ લે છે.

એ બગીચો સાત માળનો છે. એના નીચલા માળનાં બધાં લીલાં મેદાનો તે દિવસે મંડપો અને તંબૂઓથી ભરાઈ જાય છે. ફૂલો ઉપરાંત, ફળો, શાકભાજી, બતકો અને કૂકડાં, ઉત્તમ ગાયો અને આખલા, જાતજાતનાં ઘાસ અને ધાન્યના પણ ઉત્તમ નમૂના લાવનારાઓને અહીં ઇનામો મળે છે. લાંબી 'ગેલેરી'ઓમાં આ બધું સુશોભિત રીતે ગોઠવાય છે. દરેકનાં નામ, કિંમત, જાતિ, ઉગાડનારનું નામ, સૌ કોઈ વાંચી શકે એવી રીતે, મુકાય છે.

તંબૂઓ અને મંડપમાં ફૂલદાનીઓ, કૂંડા, લોટા, ઘડા, ગાગરો, કૂંડીઓ ઇત્યાદિને પાનો અને ફૂલો વડે સુરુચિથી ભરી દેવાય છે.

કોઈ ફૂલદાનમાં વળી એક જ રંગનાં ફૂલો હોય, અને સાથે જ એ રંગ જોડે શોભી ઊઠે અને ભળી જાય એવું બીજું ફૂલદાન રાખવામાં આવ્યું હોય. કોઈ સ્થળે જરા ઊંચે પાન સાથે કમળોનું આખું કૂંડું ભરી દીધું હોય, ને એની બન્ને બાજુએ ગુલાબથી લોટા ભર્યા હોય. આ પહાડી સરોવરનાં કમળો અજબ સુગંધી અને શોભાથી ભરેલાં હોય છે. એમાં સ્થળીપદ્મ અને જલપદ્મ બે જાત થાય છે. આવા અનેકાનેક મંડપો ને તંબૂઓ જોતા જ જાઓ. ઋતુઋતુનાં ફૂલો, જાતજાતનાં તનમનિયાં, ગલતોરા, મોગરા, જાઈ, જુઈ, કમળ, ગુલાબ, ચંપા, ગુલબાસ, હજારી, (કેટલાંક ગણાવવાં ?) વિધવિધ રંગ અને રૂપથી અલૌકિક શોભા ધારણ કરી રહ્યાં હોય છે.

બાગોનાં અને વનોનાં, જનમાન્ય ને જંગલી બધાં જ

ફૂલો! જંગલનાં તો એવાં કે જેને આપણે જોવાની દરકાર પણ કરતાં નથી એવી સેંકડો નહિ, હજારો જાતિઓ!

મંડપોની બહારની વળીઓ અને વાંસ પણ, નાખી દેવાના થોર, ખરસાણી, ઘાસ અને જંગલી પાંદડાંથી એવાં શોભાવેલાં કે જોયા જ કરીએ! કોઈ સ્થળે બદસૂરત કે આંખોને ખૂંચે એવું કંઈ જ રહેવા દીધું ન હતું.

સાંજના આઠ વાગ્યાના શુમારે આ ફૂલો ચાર ચાર આનાની કિંમતે ભારાભારા જેટલાં વેચાઈ ગયાં. એ લઈને સુવસ્ત્રધારિણી સ્ત્રીઓ અને કિલકિલાટ કરતાં બાળકો હારબંધ બાગની બહાર નીકળતા હતાં તે મેં એક ઊંચી ટેકરી પર ચડીને નિહાળ્યાં. રૂપ અને રંગની જાણે સરિતા વહેતી હતી!

મને લાગ્યું કે, સંસાર અસાર કયાં છે? આટલી બધી સૌરભ, આટલા બધા રંગો અને આટલો બધો આનન્દ–ઉલ્લાસ તો અહીં છલકાઈ જાય છે!

[૧૯]

કોઈ પણ મોટા શહેરમાં હું જાઉં છું ત્યારે એનું વિહંગદર્શન કરવાની તજવીજ કર્યા વગર રહેતો નથી. તેમાં યે મદ્રાસનું જે વિહંગદર્શન ત્યાંની હાઈકોર્ટની અગાશીમાંથી કર્યું છે તે ચિરસ્મરણીય રહ્યું છે.

એક તરફ બંગાળનો ઉપસાગર માઈલો સુધી ભૂરા આકાશ સાથે ભળી જતો શોભતો હતો. દરિયાકિનારાની લાંબી ભૂમિરેખા, નીચે નીચે પાતળી થતી જતી હતી. કિનારાની રૂપેરી રેતી ચળકચળક થતી હતી, અને શહેરનાં વૃક્ષો, પડોશપ્રદેશની દરિયાને મળવા દોડતી નદીઓ, સડકો, આલીશાન મકાનો અને બજારો બધું જાણે સુયોજિતપણે ગોઠવાયું હોય, એવું દૃશ્યસંયોજન રચાયું હતું.

શહેરનો થોડો શોરબકોર અને ટ્રામો તથા મોટરોના ગડગડાટ કાને અથડાતા હતા. પણ, એ બધું જાણે હવામાં ઓગળીને મૃદુ બનીને આવતું હતું. સ્ટીમરો અને આગગાડીઓનાં ભૂંગળા વાગતાં છતાં એટલે ઊંચે, એ પણ માનવકૃત સૃષ્ટિની લીલારૂપ લાગતાં હતાં. નગરજનોની હારો ને હારો ચારે બાજુ હલચલ કરતી જણાતી; પણ, પાણીમાં રહેલું કમળ જેમ પાણીનો સ્પર્શ

પોતાના દેહને નથી થવા દેતું, એવી નિરપેક્ષ વૃત્તિથી એમને અગાશી ઉપરથી નીરખવાનો આનંદ મળતો હતો. આકાશ, જળ, પૃથ્વી, વાયુ અને તેજ એ પંચમહાભૂતની સાથે વૃક્ષો અને પ્રવૃત્તિમાં પડેલું મદ્રાસ શહેર પણ એક રસ થઈને સમગ્ર દૃશ્ય એક સુખદ રસાનુભવ કરાવતું હતું. સાંજ સુધી મારે બીજું કામ નહોતું, એટલે એ દૃશ્ય મેં જોયા જ કર્યું—જોયા જ કર્યું.

અહીંનું વિખ્યાત 'ઍકવેરિયમ' ('જળચરસંગ્રહ') હિંદભરમાં અદ્વિતીય છે. એ સાંજે દીવા થતાં પહેલાં અને રાત્રે ફરી વીજળીના પ્રકાશમાં, એમ બે વાર જોવાનો કાર્યક્રમ રાખ્યો હતો; કારણ કે, તેની શોભા દિવસે ને રાત્રે જુદાજુદા રૂપે માણવાની હોય છે.

અંદર પેઠા એટલે તો જાણે સાક્ષાત દરિયાની અંદર જ કોઈ એવા જાદુથી પેઠા લાગીએ કે આપણાં કપડાં પલળે નહિ, નાક કાન કે આંખમાં પાણી ભરાય નહિ, અને છતાં જળલોકમાં એ સૃષ્ટિના રહેવાસી બનીને ભિન્નભિન્ન જાતનાં પ્રાણીનો સહવાસ કરતા હોઈએ!

આપણાં ઘર જેવજેવડાં, જંગી કાચના કબાટોમાં રંગરંગની માછલીઓ, ચટાપટાવાળા સાપ, કાચબા ને કરચલા, વાદળીઓ અને પરવાળાંના બેટોમાં ઊછરતાં બચ્ચાં એવી અવનવી સૃષ્ટિ ચોમેર સળવળતી લાગે.

શેતરંજની બાજીમાં હોય છે એવડા જ, આપણી આંગળી જેવડા દરિયાઈ ઘોડા, ઘોડીઓએ સોંપેલાં બચ્ચાં પોતાના પેટ પાસેના કુદરતી પાકીટમાં રાખીને ફરતા હતા.

અનેક સૂંઢોવાળા કરોળિયા જેવા ઑક્ટોપસ જીવો આમળિયા ખાતા હતા. વીજળીના આંચકા મારતી વિદ્યુત-માછલીઓ શરીર ફુલાવતી અને ડરાવીને દોડી જતી હતી.

ઘણાં જળચરો અમારી સામે આંખો ફાડીફાડી તાકીને જોતાં, જ્યારે ઘણાંને તો અમે કોણ છીએ અને કેમ આવ્યાં છીએ, એ જાણવાની દરકાર પણ નહોતી જણાતી.

મગથી તે વાલ જેવડાં કદનાં જીવડાંઓથી માંડીને હાથહાથ અને વામવામ જેવડા કદની માછલીઓ એ બધાં કબાટોમાં લીલામય રીતે તરતી હતી. કોઈની આંખો નીલમ જેવી લીલી તો કોઈની આંખો માણેક જેવા લાલ રંગની હતી, અને આપણી સામે જુએ ત્યારે જાણે પ્રેમ કે ક્રોધ કરતી હોય, એમ લાગતું હતું. તીણા નહોરવાળા ગોળ તથા લંબગોળ કરચલા પાણી નીચે પડયાપડયા ઘોરતા હતા. અંદર ધોળી ફૂલગુલાબી ને ખુલ્લા લીલા રંગની દરિયાઈ વનસ્પતિ પણ વિધવિધ રૂપ ને શાખા-પ્રશાખા-ઓવાળી વિસ્તરી રહી હતી.

આ બધું એક વાર તો ફરીફરીને ખૂબ જોઈ નાખ્યું, અને પછી અરધોએક કલાક બહાર નીકળીને આમતેમ ફરી લીધું ત્યાં વીજળીના દીવા પ્રકટયા, ને ફરી એ જળલોકમાં પ્રવેશ કર્યો. વીજળીના ઝગઝગાટમાં એ સમગ્ર પ્રદેશ કોઈ અલૌકિક તેજે દેદીપ્યમાન બન્યો હતો. જળચરો ગેલે ચડયાં હતાં, અને ઘણાં તો વિદ્યુતવેગે ઘૂમતાં હતાં. દિવસના જોયેલી એ આખી સૃષ્ટિનું, રાત પડતાં જાણે ચમત્કારિક રૂપાંતર થઈ ગયું હતું !

અમારી સાથે જોનાર લોકસમૂહનાં બધાંનાં મોં પર આનંદ અને આશ્ચર્યના જ ભાવ ઉભરાઈ રહ્યા હતા. કોઈ કંઈ જ બોલતું નહોતું. બધાં સ્તબ્ધ બનીને, અને પગરવ પણ ન સંભળાય એટલી શાન્તિથી ફરતાં હતાં !

પછી, એક ખૂણામાં જઈને એ સમગ્ર સૃષ્ટિ, ધ્યાનસ્થ બનીને છેલ્લી વાર જોવા હું એટલી બધી વાર બેઠો કે, સંગ્રહ-સ્થાન બંધ થવાની ખબર આવી ત્યારે જ ઊઠયો. મને લાગ્યું કે, આપણે માણસો નકામાં મિથ્યાભિમાન કરીએ છીએ, અને પરમેશ્વરના લાડકવાયા આપણે જ હોઈએ, એમ માની બેઠાં છીએ. પાણીમાં રહેનારાં આ હજારો ને લાખો જીવો પરમેશ્વરને તો આપણાં જેટલાં જ વહાલાં જણાય છે. એમને પણ ઈશ્વરે સૌંદર્ય, ચેતન ને અસ્મિતા આપણા જેવાં જ આપ્યાં છે.

બીજે દિવસે મદ્રાસનું સંગ્રહસ્થાન જોવા ગયા. હિન્દુસ્તાનનાં શ્રેષ્ઠ ગણાતાં સંગ્રહસ્થાનોમાં એની ગણતરી થાય છે. ત્યાં નટરાજની મૂળ મૂર્તિ, જેનાં ઘણાં ચિત્રો મેં જોયાં હતાં તે, મુખ્ય ખંડના મધ્ય ભાગમાં ઊભી હતી.

એના આખા શરીરનાં અંગેઅંગમાં વેગવાન પ્રવૃત્તિ હતી; છતાં, એ મુખારવિંદ પર જે નિવૃત્તિની શાન્તિ હતી તે જોઈને કર્મમાર્ગનું હિન્દુ ધર્મનું રહસ્ય બહુ સ્પષ્ટપણે સમજાતું હતું કે, સતત કર્મરત રહેવા છતાં અંતરની શાન્તિ ન ગુમાવવી, પરિણામ વિષે કશી લોલુપતા રાખ્યા વિના માણસે આત્માભિમુખ નિરામય શાંતિ જ રાખવી. એનાં ચિત્રો પરથી આજ પહેલાં મેં પ્રવૃત્તિધર્મની એ કૂંચી

સમજી તો લીધી હતી, પણ આ મૂર્તિને પ્રત્યક્ષ જોઈને એ બોધ અત્યંત તાદૃશ અને મનભર બની ગયો.

સંગ્રહસ્થાનમાં કલા, સ્થાપત્ય અને ઐતિહાસિક ગૌરવની પ્રાચીન વસ્તુઓ તો અસંખ્ય હતી. એ બધાંનો આસ્વાદ લેતાં લેતાં ભારતની સનાતન શ્રીનો મેં સાક્ષાત્કાર કર્યો.

તે પછી થિયોસૉફિકલ સોસાયટીના કેન્દ્ર આદ્યાર મુકામે ગયા. ત્યાં કલાવિદ્ ડૉ. કઝિન્સનાં પત્ની અને અખિલ હિંદ મહિલા પ્રવૃત્તિમાં સક્રિય કાર્ય કરતાં, સંગીતકલાજ્ઞ મિસિસ કઝિન્સે પોતાનું આખું ઘર હિંદની કલાકારીગરી, ચિત્રો ને ભરતગૂંથણથી ભરચક ભર્યું છે તે જોયું; કબીરવડ જેવો આદ્યારનો હિંદવિખ્યાત વિરાટ વડ જોયો; આદ્યાર નદી પર આવેલી, નવા જમાનાના તપોવન જેવી સુંદર લાયબ્રેરી જોઈ; ને, ત્યાંથી નાળિયેરીનાં વનમાં થઈને દરિયાકિનારે જઈ સાગરસ્નાન કર્યું.

આમ, મદ્રાસની કલાયાત્રા પ્રસન્નકર બની ગઈ, અને આખે રસ્તે તે માટે નસીબને મુબારકબાદી આપતો હું એ નવીન વાતાવરણ અને સુખપ્રદ અનુભવોને હૃદયમાં ખોળતો રહ્યો.

સૃષ્ટિસૌન્દર્ય, નાટકો, સાહિત્ય, સંગીત વગેરેમાં ક્રમેક્રમે રસ લેતાં લેતાં મને મંદિરો ને મસ્જિદોનાં શિલ્પ-સ્થાપત્ય, ને મૂર્તિઓમાં રસ પડવા માંડ્યો.

અમદાવાદમાં સરખેજ અને શાહઆલમના રોજા, બાદશાહ અને રાણીના હજીરા, જુમ્માામસ્જિદ, સિપ્રી ને રૂપમતીની મસ્જિદો, લાલ દરવાજાની સીદી શહીદની મસ્જિદની જાળીઓ, મુઆફિઝખાન, ચિશ્તી ને ઈસનપુરની મસ્જિદો, દાદા હરિ ને અડાલજની વાવો તથા સ્વામી-નારાયણ ને હઠીસીંગનાં મંદિરો મેં વારંવાર જોવા માંડયાં.

નવાં જૈન મંદિરોમાં, ખેતરપાળની પોળનું મંદિર બાંધનાર શિલ્પી સ્વ. રવિકરણે પોતે મને એ મંદિર તથા બીજા એક શિલ્પીનું બાંધેલું ફત્તાશાહની પોળનું બારમા વાસુપૂજ્ય સ્વામીનું મંદિર બતાવેલાં. ખેતરપાળની પોળના મંદિરમાં, તાજમહાલના જેવું, સ્તંભો, ભીંતો ને બારણાંઓનાં કુંભીતોરણોમાં રંગબેરંગી પત્થરોનું જડિતકામ છે.

'રૂપમ્' ના તંત્રી શ્રી. અર્ધેન્દ્રકુમાર ગાંગુલીને મેં લાલ દરવાજાની જાળીઓ બતાવી ત્યારે એ જે દિઙ્મૂઢ થઈ

ગયા હતા તેનો ઉલ્લેખ મેં અગાઉ કર્યો છે. શાહપુરમાં આવેલા ચિશ્તીના રોજા પાસેથી તો એ ઊઠતા જ નહોતા. એ તો એની તાલમયતા ને સર્વાંગસુંદરતાથી પરમ મુગ્ધ બન્યા હતા.

ઇસ્લામ ધર્મમાં માનવ–આકૃતિઓ કે પશુપંખીઓને ચિત્રમાં કે સ્થાપત્યમાં ઉતારવાની મના છે; એટલે અમદાવાદના શિલ્પીઓએ અહીં ભૂમિતિથી આકૃતિઓને સજીવ અને નૃત્યમાં થનગનતી કરી મૂકી છે. વેલો અને વૃક્ષોના તરેહતરેહના અંગમરોડો એમણે ઉતાર્યા છે. ઇસ્લામમાં તો સૂચનોની પણ મના છે; પરંતુ, અમદાવાદની મસ્જિદો ને રોજાઓમાં કમળો, અમૃતકળશ અને સાંકળે લટકતા ચિરાગો સ્થળે સ્થળે ભર્યા છે. મસ્જિદો અને રોજાઓના ઝરૂખા ને ગોખો વેલાઓ, વૃક્ષો અને ભૂમિતિની આકૃતિઓથી જાણે ઉભરાય છે. રૂપસુંદર કમાનો, ઘુમ્મટો અને ચોકમાં, મકાનના કંદોરાઓમાં, કબરો પર ને તેની આજુબાજુ, રોજાના છેક પાછળના ભાગો ઉપર ને તળાવના ગરનાળાઓ સુદ્ધાં ઉપર એમણે શિલ્પસૃષ્ટિ સર્જ્યા જ કરી છે. ગ્રીષ્મમાં જેમ કોયલ ગાયા જ કરે છે તેમ ગૂજરાતના શિલ્પીઓએ એટલી જ સ્વભાવિકતાથી જ્યાં બેઠા ત્યાં કોર્યા જ કર્યું છે. આ સૌન્દર્યના સમતોલ વૈભવમાં શોભતું સ્થાપત્ય જોતી વેળા, કોઈ ઉન્નત ભૂમિમાં આપણે જઈ પડ્યા હોઈએ એવું લાગે છે, અને ત્યાંથી ખસવાનું મન જ થતું નથી.

આ સૌન્દર્યે તો પછી મને જ્યાં ને ત્યાં શિલ્પકળાનો

શોધક અને આશક બનાવી મૂકયો. અમદાવાદમાં દોશીવાડાની પોળ, વાઘણ પોળ અને પાદશાહની પોળમાં તથા હરકોર શેઠાણીની હવેલીમાં દોઢસોબસો વર્ષના લાકડાંની કોતરણીના મકાનની વાત સાંભળી એ શોધી કાઢયાં. એની તથા સ્વામીનારાયણના મંદિરમાં કચ્છી સુતારોએ કરેલી કારીગરી જોઈને મને આનંદઆનંદ થઈ ગયો, અને વર્તમાનકાળમાં આવું કામ કરનાર કોઈ હોય તો એમના દર્શન કરવા હું તલપાપડ થવા લાગ્યો. અંતે, અમદાવાદ પાંચપટીમાં ભૂધર મિસ્ત્રીનો ખાંચો જડયો. એ ભૂધર મિસ્ત્રી પાસે દલપતરામ કવિએ રાસમાળાનાં ચિત્રોના 'વૂડ કટ્સ' કરાવ્યા હતા, એમ જાણ્યું. એમના પુત્ર સોમનાથ મિસ્ત્રીને મળ્યો. એમણે લાકડાના જાળીવાળા પડદા અને ગોખો ખૂબ બનાવ્યા હતા. દિલ્હી દરબારમાં એમને એ કારીગરી માટે સુવર્ણચંદ્રક મળ્યો હતો, ને પારસીઓ તથા અંગ્રેજો એમની જાળીઓ ને ફૂલદાનો નાતાલની ભેટ તરીકે વિલાયત મોકલતા હતા. એમની પાસે લાલ દરવાજાની મસ્જિદની જગવિખ્યાત અદ્ભુત જાળીઓ લાકડામાં કોતરેલી હતી, અને એક હિન્દુ મંદિરની કમાનનો ગોખ પણ તૈયાર હતો. અનેક કલાપ્રદર્શનોમાં મેં એ આકૃતિઓ મૂકી, અને મિસ્ત્રીને ત્યાં પણ મહાત્માજીને લઈ જઈને અમદાવાદની રહીસહી કલાસમૃદ્ધિ સફળ કર્યાનો મેં સંતોષ લીધો.

પછી તો, સુરતનું ચિંતામણનું લાકડાનું મંદિર અને પાટણનાં પંદરમી–સોળમી સદીનાં લાકડાની સુંદર કોતરણીનાં મંદિરો હું બેત્રણ વાર જોઈ આવ્યો. એ ઉપરાંત, મ્હૈસૂરમાં

શ્રીરંગપટ્ટણમાં ટીપુ સુલતાનનો બેઠા ઘાટનો દરિયામહેલ જોયેલો તે પણ લાકડાની અદ્ભુત કારીગરીવાળો છે.

આજથી ત્રીસ વરસ ઉપર હું દેવલાલી ગયેલો. મારી સાથે મારી મોટી પુત્રી નિર્મળા હતી. ત્યાંની લશ્કરી છાવણીમાં ફરતાં રસ્તાને એક ખૂણે ઈશુ ખ્રિસ્તનાં માતા મેરીની એક મૂર્તિ જોઈ. કોઈ રોમન કેથોલિક આસ્તિક સોલ્જરોએ તેની પાસે દીવા પણ મૂક્યા હતા. મેરી આકાશ તરફ હાથ જોડીને ઊભાં હતાં, ને એમનું મુખારવિંદ દૈવી પ્રકાશથી ઓપતું હોય, એવું ભાવભર્યું હતું. એમના પગ પાસે એક કુમારિકા ઘુંટણિયે પડીને મેરીના મુખ તરફ અનિમેષ નેત્રે જોઈ રહી હતી. એને મેરી પાસેથી જાણે પોતાનો પ્રકાશ મળતો હતો. એ મૂર્તિ જોતાંવેંત જ તેના ભાવ અમારા બંનેનાં હૃદયને સ્પર્શી ગયા; કારણ કે, મહાન કળાને કોઈ સમજાવનારની જરૂર પડતી નથી. એ મૂર્તિ તો માત્ર રસ્તા પરની મૂર્તિ હતી. પણ, એ પરથી મને થયું કે, રોમન કેથોલિક દેવળોમાં સંતોની, ઈશુ ખ્રિસ્તની, માતા મેરીની વગેરે ઘણી મૂર્તિઓ હોય છે તે અત્યંત ભાવપ્રેરક હોવી જોઈએ, અને એ લોકો પણ આપણી માફક મૂર્તિપૂજા કરે છે, તો કલાની ને ધર્મભાવનાની દૃષ્ટિએ પણ એ મંદિરો જોવાં જોઈએ.

દેવલાલીથી વળતાં મુંબાઈમાં જ એવો યોગ મળી ગયો. કોલાબાને રસ્તે, રાજમાર્ગ પર જ એક દેવળ છે. સુભાગ્યે નાતાલને લઈને ત્યાં ખાસ પૂજા રચવામાં આવી હતી. ફૂલોથી બહુ જ સુરુચિપૂર્વક ત્યાં આખા દેવળને શણગારવામાં આવ્યું હતું. મૂર્તિઓ અત્યંત ભાવસુંદર હતી. મધુર સંગીત ધીમુંધીમું ચાલતું હતું, ને સેંકડો નરનારીઓ પોતપોતાને સ્થાને અદબથી બેઠાં હતાં. ટાંકણી પડે તો પણ સંભળાય એવી શાન્તિ સર્વત્ર વ્યાપેલી હતી, ને પ્રાર્થનામાં બધાં લીન હતાં. રંગીન કાચની બારીઓ-માંથી ગળાઈને આવતો પ્રકાશ ભક્તિરસનો પોષક હતો. ઊંચું શંકુ ઘાટનું છાપરું, વેદી ને ઉપદેશ–સ્થાનો ભવ્ય લાગતાં હતાં. ફૂલો, દીવા, ધૂપ ને સંગીતે અમને પણ પ્રભુપ્રેમમાં ઝબોળી નાખ્યાં,

હિંદુ, મુસલમાન, જૈન અને બૌદ્ધ મંદિરો બધાં જ મને તો પ્રભુનાં ધામો જેવાં લાગતાં હતાં. તેમાં, આ ખ્રિસ્તી મંદિર અને મૂર્તિઓએ ઉમેરો કર્યો, અને અનેક બારી-ઓવાળા મારા નાનકડા ઉરમંદિરની જે બારી હમણાં સુધી બંધ હતી તે ઊઘડી ગઈ.

એ અરસામાં અમદાવાદમાં થિયોસોફિકલ સોસાયટીમાં 'બિબીઝ એન્યુઅલ' ('બિબીનું વાર્ષિક') નામનું એક અત્યંત કલાત્મક વાર્ષિક આવતું હતું. એમાં, પશ્ચિમની શિષ્ટ ને ધાર્મિક કળા એના અસલ રંગોમાં જોવા મળી. એમાં, ઈશુ ખ્રિસ્ત, મેરી, સંતો, વધસ્તંભનો પ્રસંગ, કોર્ટનો દેખાવ, ખ્રિસ્તનું છેલ્લું ભોજન, જોર્ડન નદીમાં દીક્ષાનો પ્રસંગ, ગિરિપ્રવચન, ગેથીસ મેઈનમાં ઈશુને મળેલો પ્રકાશ વગેરે ચિત્રો જોતાં હૃદય હલી ઊઠતું. એના રંગ, ભાવ, છાયા, પ્રકાશ બધું તાદૃશ હતું.

એ 'બિબીઝ ઍન્યુઅલ'માંના 'ઓરફિયસ અને એની વાંસળી'ના ચિત્રો તો હજી મને યાદ છે. દરેક ચિત્રનું વિવેચન પણ મિ. જોસેફ બિબી બહુ માર્મિક રીતે આપતા. ઓરફિયસ વાંસળી વગાડતો નથી ત્યારે એની સખીઓ એના પર ગુસ્સે થઈને એને મારીને ખાડામાં નાખી દે છે. ટીકાકાર લખે છે કે, પછી એ મધુર સૂર સદાને માટે બંધ થઈ ગયા. કોઈપણ સારી વસ્તુનો નાશ કરવો તો સહેલો છે. પણ, એક વાર ગઈ એ ચીજ પાછી કદી મળતી નથી.

એમાં, એક ' કાંટા વાવનારા ' નામનું ચિત્ર હતું. ખેડૂતો બીચારા અતિશય મહેનતથી વિશાળ ખેતરોને સાફ કરી ખેડીને રાત્રે ઘેર ગયા છે. બીજે દહાડે બીજ રોપવાની બધી તૈયારી પૂરેપૂરી દૃષ્ટિગોચર થાય છે. એટલામાં, રાતના એકાંત ને અંધારાનો લાગ જોઈ, એક દુષ્ટ માણસ હાથમાં ટોપલી લઈને બીજે હાથે મૂઠીએમૂઠીએ આખા

ખેતરમાં કાંટા ને ઝાંખરાનાં બીજ નાખતો જાય છે. દુનિયામાં કંઈ સારું ન રોપાય તો હરકત નહિ, પણ આવું ઝાંખરાં વાવવાનું કામ કદાપિ આપણે ન જ કરવું, એવો ઊંડો બોધ મેં એ ચિત્ર પરથી એવો તો સચોટ લીધો કે, હજી યે પ્રસંગ મારી આંખ આગળ આવે છે ત્યારે હું જાણે ધ્રૂજી જતો હોઉં એવું થાય છે.

એ ચિત્ર મારી પાસે છે, પણ હું એને જોઈ શકતો નથી. એને તો મેં એક છબિમાં ઊંધું મઢી દીધું છે, અને એની પાછળની બાજુ ગેટેના 'ફાઉસ્ટ'ની નિર્મળ માર્ગરેટ, તકલીથી રૂ કાંતતી ઊભી છે એ વારંવાર જોવાય માટે રાખી છે. એ તો કમળના પુષ્પ જેવી સર્વાંગસુંદર કાવ્યમૂર્તિ છે. એની ભૂરી આંખમાં નિર્દોષતા અને પવિત્રતા ભર્યાં છે. દેવોના દર્શન જેવું એ માર્ગરેટનું કરુણરસિક દર્શન હું ઘણી વાર કરું છું, અને શેતાનથી ડરતો રહું છું. (આ માર્ગરેટ જર્મનીના મહાન કવિ ગેટેના અમર નાટક 'ફાઉસ્ટ' ('ભાગ્યશાળી')ની નાયિકા છે. એ નિર્દોષસુન્દર હતી. એને સેતાનનો સોબતી પોફેસર ફસાવે છે, અને પછી બન્ને ખરાબ થાય છે.)

પૂજાને માટે તો મૂર્તિઓ મેં ક્યારની યે છોડી દીધી હતી, પણ રસદૃષ્ટિએ હવે મૂર્તિઓ જોવાની પકડ મને મળી ગઈ, ને વધારે દૃઢતાપૂર્વક મેં પહેલાંની કલાયાત્રાઓ વિચારી જોઈ, અને નવી હાથમાં લીધી.

અમદાવાદના હઠીસીંગનાં મંદિરમાં ચોમેર જે સંખ્યાબંધ નર્તકીઓની મૂર્તિઓ છે તે નર્તકીઓ કાંઈ સામાન્ય

ગણિકાઓ જેવી નથી. એમના નૃત્યમાં આનંદસમાધિ (એક્સ્ટસી) છે. એ ઉપરથી દરેક મોટા હિંદુ તથા જૈન મંદિરમાં જ્યાં જ્યાં હું ફર્યો ત્યાં ત્યાં બધે મંદિરની બહારના ભાગો તથા મંડપોમાંની મૂર્તિઓ હું જોતો રહ્યો છું. એ બધાં નૃત્યો, પૂજા અને યોગ માટે જ લાગ્યાં છે. વીરમગામના મુનસર તળાવની દેરીઓ ઉપર, ધોળકાના મલાવ તળાવના પથ્થરોમાં, મોઢેરા અને દેલવાડા, પાટણ, ઈડર ને સિદ્ધપુર બધે જૂનાં મંદિરોમાં જુદાંજુદાં અંગમરોડ અને અભિનયોમાં મેં જે આધ્યાત્મિકતા જોઈ છે તેવી યુરોપી કલામાં નથી જોઈ. અજંતાના ચિત્રોમાં જેવી પ્રવાહી ને લાવણ્યવાળી રેખાઓ છે તેવી જ રેખાઓ આ બધી પૂતળીઓમાં આખા હિંદુસ્તાનમાં એકસરખી કવિતાપૂર્ણ મને લાગી છે.

[૨૨]

જબલપુરમાં ભેડાઘાટ પાસે ચોસઠ જોગણીઓનું એક મંદિર છે. એમાં વચ્ચે નંદી પર બેઠેલાં ગૌરી અને શંકર છે, વિશાળ ચોકના વર્તુલમાં ચોસઠ દેવીઓ છે. આ બધી મુસલમાન સમયમાં ખંડિત કરવામાં આવી છે, છતાં એમનાં નાના પ્રકારનાં સૂચનો, મુદ્રાઓ, રૂપ ને લાવણ્યનો પાર નથી.

દેવીઓ, એ પરમાત્માની નાના પ્રકારની શક્તિઓનાં રૂપો છે, ને 'દેવી ભાગવત'માં તેનાં જે જે વર્ણનો કર્યાં છે તેને બંધબેસતાં એ સ્વરૂપો છે. વાહનો અલંકારો, શસ્ત્રો, અસ્ત્રો, વેગવાન ગતિ, ચપળતા, ચારુતા, મોહકતા, સૌન્દર્ય, વીરતા, ભયાનકતા ઇત્યાદિ અવ્યક્ત ગુણોને એ પ્રાચીન મહાન શક્તિશાળી શિલ્પીઓએ વ્યક્ત અને ચક્ષુગોચર કરી આપ્યાં છે!

પણ, આ દેવીઓનાં આજ સુધી મેં જે રૂપો જોયાં છે તેમાં સૌથી સરસ રૂપ તો ભુવનેશ્વરનાં પાર્વતીનું અમે જોયું. હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતાના એક અમલદાર

ને મોહેં-જો-ડેરોના એક શોધક સ્વ. રાખાલદાસ બેનરજીએ અમને દાર્જિલિંગમાં કહેલું કે, ' ઘેર જતાં ભુવનેશ્વર જોઈને જજો. ત્યાં મંદિરો તો ભવ્ય છે જ, પણ માટી તળે દટાઈ ગયેલી પાર્વતીજીની એક મૂર્તિ મેં છએક મહિના ઘસી-ઘસીને સાફ કરાવીને મૂકી છે તે ખાસ જોજો. '

ભુવનેશ્વરમાં પણ બીજી મંદિર બહારની મૂર્તિઓ તો બહુ જ સરસ છે, પણ રાખાલદાસનાં પાર્વતીજી અમને કેમે કર્યાં જડે નહિ. છેવટે, જળાધારીના પાણી નીકળવાના ગોમુખ પાસે ઊભી કરેલી એ મૂર્તિ અમે જોઈ, અને દિઙ્‌મૂઢ થઈ ગયા !

માત્ર મુખ નહિ પણ એના અંગેઅંગે અને અવયવે-અવયવે લાવણ્ય નીતરતું હતું. મુખ પર ગંભીર શાન્તિ હતી અને ભીલડીસ્વરૂપે શિવને લોભાવવા જે વેશ પાર્વતીએ સજ્યો હતો તેની સજાવટ હતી. કટિમેખલા રૂપાની ઘંટડીઓની હતી. પગની આંગળીથી માથા સુધી અલંકારો સજ્યા હતા, અને જે ઝીણી પટ્ટણી (પટોળું) એમણે ઓઢી હતી તે ભાતીગળ અને અંગ જોઈ શકાય એવી બારીક હતી. એ મૂર્તિ પવિત્ર ને ગંભીર, નૃત્ય ને અભિનયકળામાં પ્રવિણ, મોહક અને પ્રેરક હતી. કુદરતમાં જે કંઈ સૌન્દર્ય છે તે બધું જાણે એના વિશ્વકર્માએ એ મૂર્તિમાં ઉતાર્યું હતું.

દૈવી તેજથી અને રૂપથી એ જોગમાયા ખુદ શિવને આકર્ષવાની તૈયારી કરતાં હતાં. કુદરતનું સૌન્દર્ય ને સંસારનું જાદુ બંને એમાં ભર્યાં હતાં. એના અભિનય,

ભાવ, ત્રિભંગી અને મુદ્રાઓ એટલાં બધાં સૂચક અને અર્થપૂર્ણ હતાં કે, એનું ઝડપી રેખાલેખન ઉતારી લેતાં રવિભાઈને એક કલાક થયો, અને તો પણ સંતોષકારક કામ થયું નહિ. છેવટે, એ મૂર્તિને સાષ્ટાંગ નમસ્કાર કરીને રવિભાઈ ઊઠયા, અને અમે બધાએ પણ કચવાતે મને ત્યાંથી રજા લીધી.

[૨૩]

સાંચીમાં ભગવાન બુદ્ધની માનવકદથી પણ જરા મોટી એવી પથ્થરની ભવ્ય મૂર્તિ છે પલાંઠી વાળીને સમાધિસ્થ અવસ્થામાં ભગવાન બેઠા છે. આખું શરીર રેશમ જેવું મુલાયમ છે, અને બ્રહ્મચર્યના તેજથી શોભે છે. મુખ પર સાત્ત્વિક સુખ છવાઈ રહ્યું છે, અને અલૌકિક શાન્તિ છે. એ સ્થિતિનું વર્ણન જીવનમુક્તો કે સ્થિતપ્રજ્ઞો માટે વર્ણવેલા ગીતાના શબ્દ મુજબ કાંઈક થાય.

ઉચ્ચમાં ઉચ્ચ સુખનો આવો આદર્શ ગુપ્ત સમયના શિલ્પીઓએ પંદરસો વર્ષથી યે પહેલાં સાંચીમાં, ચર્મચક્ષુ પણ જોઈ શકે એવી રીતે, ઘડીને મૂક્યો છે. દુન્યવી સત્તા, ચંચલ ધનદોલત અને ક્ષુદ્ર ઇન્દ્રિયસુખોની પાછળ દોડી રહેલા આ જમાનાના લોકોએ આ મૂર્તિનાં દર્શન જરૂર કરવાં જોઈએ.

સાંચીના વિદ્વાન ક્યૂરેટર કહેતા હતા કે, હિંદે શિલ્પકળામાં જગતને શું આપ્યું એમ કોઈ પૂછે તો તમે બેલાશક આ મૂર્તિ બતાવજો. તાજમહાલ, દેલવાડા, મદુરા, નટરાજ ઇત્યાદિ ન હોય ને માત્ર એક આ મૂર્તિ

આપણી પાસે રહે તો પણ હિંદે શિલ્પકલામાં જગતને અમૂલ્ય ભેટ આપી છે, એમ સૌ કોઈને સ્વીકાર્યા વિના ન ચાલે એવું આ કામ છે.

એવી જ બીજી મૂર્તિ ગયાતીર્થમાં જે બોધિવૃક્ષ-(પીપળા) નીચે ભગવાન બુદ્ધને સાચું જ્ઞાન થયું હતું ત્યાં મૂકેલી હતી. ગયાની કૉંગ્રેસ વખતે બુદ્ધગયાનાં દર્શને તો બધા જ ગયા હતા, અને એ મૂર્તિ સામે આકર્ષાયા વગર તો કોઈ જ રહ્યું નહોતું. અમે ત્યાં ઊભા હતા એવામાં બર્મી સ્ત્રીપુરુષોની એક મંડળી ત્યાં આવી પહોંચી. એ બધાં મોટીમોટી હાથહાથ લાંબી મીણબત્તીઓ લઈને આવ્યાં હતાં. એમણે એ બધી ત્યાં પ્રગટાવી, અને પૂર્ણ ભક્તિભાવથી સૌ અર્ધગોળાકારે મૂર્તિની સામે ગોઠવાઈ ગયાં. પછી, પાલી ભાષામાં મધુર સ્વરે એમણે જે શ્લોકો ગાયા તે એ ઐતિહાસિક ભૂમિને જાણે સજીવન કરતાં હતાં. એક સાધુને મેં અંગ્રેજીમાં પૂછ્યું કે, આ પ્રાર્થનાઓનો અર્થ શો છે? એણે કહ્યું કે, અમે બૌદ્ધ-માર્ગીઓ પ્રાર્થના તો કરતા જ નથી; સ્તુતિ કરીએ છીએ; અને, આ શ્લોકોમાં ભગવાનનાં પરાક્રમોની ગુણ-ગાથાઓ છે.

સંધ્યાકાળ થવા આવી હતી. પશ્ચિમમાં દેદીપ્યમાન રંગોથી આકાશ છવાઈ ગયું હતું. રંગબેરંગી વસ્ત્રોમાં શોભતાં સુઘડ બર્મી સ્ત્રીપુરુષો, હારબંધ ગોઠવાયેલી મીણબત્તીઓના એ નિર્મળ પ્રકાશમાં સંસ્કૃત જેવા જ મધુર શ્લોકોમાં ભગવાનના ત્યાગ અને આત્મજ્ઞાનની

સ્તુતિનાં ગાન, પૂર્ણ ભક્તિભાવથી કરતાં હતાં. અમને બુદ્ધ ભગવાનનાં આ અનુયાયીઓ સ્વજનો જેવાં જ લાગ્યાં, અને એ યાત્રીઓની ભેગા ભળી જઈને અમે પણ એ દુર્લભ સમારંભમાં ભાગ લીધો.

કાશી પાસેના સારનાથમાં પણ બુદ્ધ અને બોધિસત્ત્વોનાં અનેક મુખારવિંદો દર્શન કરવા યોગ્ય છે. એમાં મુખ્ય મૂર્તિ આરસની છે. એના તેજપુંજમાં સચરાચર સૃષ્ટિનાં તમામ પશુપંખી તથા દેવદાનવ ભગવાનના કરુણાવારિથી ભીંજાઈ રહ્યાં છે, અને પોતે આત્મસુખમાં રાચી રહ્યાં છે. આ મૂર્તિ તો કોમળતા, લલિત્ય અને સાત્ત્વિકતા માટે સુપ્રસિદ્ધ છે જ, પરંતુ બીજાં અસંખ્ય ખંડિત મુખારવિંદો ત્યાં ઢગલાબંધ પડ્યાં છે. એમાંનાં ઘણાં આપણી હથેલી કરતાં મોટાં નથી, પરંતુ એ મુખ પર પણ જે અલૌકિક સ્મિત છે તે જોઈને જ આપણી યાત્રાનો તમામ શ્રમ અને ખર્ચ લેખે લાગી જાય છે.

દરરોજ આપણે સેંકડો સ્ત્રીપુરુષો જોઈએ છીએ, પણ એમાંનાં કોઈના મોં ઉપર પેલાં નાનકડાં મુખારવિંદો પર જે પૂર્ણતાભર્યું ને પ્રસન્ન સ્મિત છે તેનો તો અંશ પણ જણાતો નથી; કારણ કે, આપણે અસંખ્ય દુન્યવી ચિંતાઓ ને આધિ–વ્યાધિ–ઉપાધિમાં ડૂબેલાં છીએ. આત્મજ્ઞાનનો શુદ્ધ આનંદ મેળવવા કોઈ પ્રયત્નશીલ નથી. સારનાથના દેવને તો દુઃખનું ઔષધ મળી ગયું છે. એમણે મૃત્યુ, વૃદ્ધત્વ, રોગ, ગરીબાઈ તથા અજ્ઞાનનું નિવારણ શોધી કાઢ્યું છે. અને, એના નિવારણાર્થે ધર્મચક્રપરિવર્તન કરવાનો આરંભ એમણે સારનાથથી જ કર્યો હતો.

મોઢેરાના પ્રાચીન સૂર્યમંદિરમાંથી સૂર્યની મુખ્ય મૂર્તિ તો ચોરાઈ ગઈ છે; પણ, મંદિરની ઉત્તર બાજુએ મુખ કરીને ઊભેલા એક અખંડિત સૂર્ય, ચોકમાં ઊભા-ઊભા દરવાજા ઉપર ને ઘુમ્મટની નીચે જોઈ શકાય છે. એ છે તો ગૌણ મૂર્તિ, છતાં સૂર્યકિરણના સાત રંગોરૂપી સાત ઘોડાના રથ પર સૂર્યદેવ પોતે ઊભા છે. મુખ પર શૌર્ય ને પ્રતાપ અંકિત થયેલાં છે. આરોગ્ય, ઐશ્વર્ય, બળ ને અનંત યૌવન તો એમના અવયવેઅવયવ પર શોભે છે. ઢાલ જેવી પહોળી છાતી છે, અને પગે હોલબૂટ જેવા આખા પગના જોડા પહેરેલા છે. વેગવાન રથ અંધકારને દૂર કરતો કરતો ધસી રહ્યો છે!

આપણો ગાયત્રીમંત્ર પણ સૂર્યની જ પ્રાર્થનાનો મન્ત્ર છે. 'પૃથ્વી, અંતરીક્ષ ને સ્વર્ગમાં જે પ્રશંસનીય તેજ વ્યાપેલું છે, દેહ મન અને આત્માને જે ઉજ્જવલ કરે છે તે કલ્યાણકારી તેજનું હું ધ્યાન ધરું છું. એ તેજ મારી બુદ્ધિને પ્રેરો!'

આવા સૂર્યદેવને ગૂજરાતે પંદર-સોળ સૈકા સુધી પૂજ્યા હતા; અને, જ્યાં સુધી ગૂજરાતીઓ એને પૂજતા હતા ત્યાં સુધી એમનામાં વીરતા પરાક્રમ અને બુદ્ધિબળ હતાં. એ જ મોઢેરાના વજ્રમુષ્ટિ પહેલવાનો પાટણના ગૂર્જરેશ્વરોની સેનામાં આગળ ચાલતા. એ હતા તો મોઢ બ્રાહ્મણો, પરંતુ મલ્લયુદ્ધ એ એમનો કુલધર્મ હતો. હાથીને માથા સુધી અદ્ધર ઊંચકીને વીંઝતા એ મલ્લોની આકૃતિઓ મોઢેરાના સૂર્યમંદિરમાં હજી જોવા મળે છે. પાટણ પડ્યા

પછી મોઢેરાને મુસલમાનોએ ઘેરો ઘાલેલો ત્યારે એ પ્રજાસત્તાક રાજ્યના બ્રાહ્મણો ને વૈશ્યોએ છ મહિના સુધી ટક્કર ઝીલી હતી.

હજી યે ઈડર, શુક્લતીર્થ, ખંભાત ને અમદાવાદમાં સૂર્યની જૂની મૂર્તિઓ છે. મોઢેરાની પ્રતાપવાન કલાનું ઓજસ એમાં ધીમેધીમે ઓછું થતું જતું જણાય છે, પણ આધ્યાત્મિક તેજ ને પવિત્રતા જેવા મનોમય અવ્યક્ત ગુણો તો એ મૂર્તિઓમાં પણ ચક્ષુગમ્ય થાય છે.

મૂર્તિકળાનો એ જ ઉદ્દેશ છે કે, અલક્ષ્યને લક્ષ્ય કરી આપવું, ને આપણી જૂની મૂર્તિઓ એ કાર્ય આશ્ચર્યકારક રીતે પાર પાડે છે.

સૂર્યપૂજા વૈષ્ણવ આચાર્યોએ બંધ કરાવી, ને વિષ્ણુ ભગવાન ત્રણે ભુવનોને ત્રણ પગલાંથી ભરી દે છે માટે ત્રિવિક્રમ એવા વિષ્ણુની પૂજા કરવા એમણે ગૂજરાતને સમજાવ્યું લાગે છે. તે પહેલાં નૃસિંહ અને વરાહરૂપે વિષ્ણુની પૂજા થતી હતી; પણ, ઉગ્ર સ્વરૂપોના ધ્યાનથી પ્રજામાં આસુરી ગુણો આવે છે, એમ માની ધર્મધુરંધરોએ મુરલીધર અને રાધાકૃષ્ણ જેવી સૌમ્ય મૂર્તિઓની પૂજા શરૂ કરાવી.

વિજાપુર પાસે સાબરમતીને તીરે ખડાત મહુડી નામના ગામે, ખડાયતાઓના ઇષ્ટ દેવ કોટ્યર્કજીનું સ્થાનક છે. સૂર્યપૂજામાંથી વિષ્ણુપૂજામાં દેશે પ્રવેશ કર્યો, તેના વચગાળાના સમયમાં આ 'કોટયર્ક' (કોટિ+અર્ક=સૂર્ય)ની પૂજા દાખલ થઈ હશે, એમ લાગે છે. એ સમયનું પ્રાચીન

મંદિર પાણીના પૂર ને ઘસારાથી તણાઈ જવાનો ભય ઉત્પન્ન થયો તેથી એમણે નવું મંદિર બાંધ્યું છે. એ કોટયકંજી વિષ્ણુનું સ્વરૂપ છે, ને ભૃગુએ એમને લાત મારેલી એવી પુરાણકથા અનુસારનું ચિહ્ન એમની છાતીમાં હોય છે. ખડાત ગામ પણ જૂનું લાગે છે, ને ત્યાંથી પ્રાચીન મૂર્તિઓ વગેરે અવશેષો મળે છે.

જૂના મંદિરના દ્વારમાં પેસતાં બે બાજુના ગોખમાં અષ્ટભૂજા વિષ્ણુ ગરુડ પર આરોહણ કરીને વેગથી આકાશ માર્ગે જતા હોય, એવી આરસની મૂર્તિઓ હતી. તે હાલ નવા મંદિરની બાજુમાં ખસેડી છે. એ મૂર્તિ બહુ જ ચેતનમય, ભક્તને માટે ચિંતાતુર અને જેમ બને તેમ જલદી રક્ષણ કરવાની તાલાવેલીમાં હોય, એવા ભાવવાળી છે. કમળના પુષ્પ જેવી આંખો, પવિત્રતા, દિવ્યતા તથા કીડીથી હાથી પર્યંતના જીવોની રક્ષા કરવાનું બળ ને ચિંતા, આ પાલનપોષણ ને રક્ષણ કરનાર દેવમાં એવાં અંકિત થયાં છે કે, એમની સામીપ્યમાં આપણને પણ ક્ષણભર નિર્ભયતા પ્રાપ્ત થઈ જાય. આવો દેવ જેને માથે છે તેને સંસારની કે ષડ્રિપુઓની બીક શી છે, એમ માની અંતઃકરણપૂર્વક એમની શરણાગતિ આપણે માની લીધા વગર રહીએ નહિ.

ત્યાં એક માદીકરાની તથા વાંદરાની પણ મૂર્તિ બહાર પડી હતી. એ માતાના વાળ અને વેણી બહુ સુંદર હતાં. જૂનાં મંદિરોમાં ગાંભીર્યને જરાક હળવું કરવા સંસારના આવા અનેક દૃશ્યોની ગૌણ મૂર્તિઓ પણ આપણા શિલ્પીઓ કોતરતા, ને પુરાણકથાઓ, નૃત્યો, મલ્લકુસ્તી,

યુદ્ધના અને શિકારના દેખાવો મંદિરની બહાર બહુ જોવામાં આવતા.

આપણી મૂર્તિઓમાં વાસ્તવિકતા નહિ, પણ મનોમય આદર્શદર્શન હોવાથી એકદમ ધ્યાનમાં બેસતાં જરા મુશ્કેલ લાગે છે. ખૂબ એકાગ્રતાથી એની તરફ વિચારપૂર્વક જોઈએ ત્યારે ધીમેધીમે એનો મર્મ સમજાય છે. નવી મૂર્તિઓમાં આવા સંદેશ કે પ્રેરણા આપવાની તાકાત નથી રહી. જેમ, કાવ્યની છંદરચના પિંગળશાસ્ત્ર પ્રમાણે કરી શકાય છતાં ખરી કવિતા તો હૃદયક્ષોભથી સર્જાય છે તેવી જ રીતે જૂના શિલ્પીઓ માનસિક દર્શન કર્યા પછી જ દેવોને ઘડતા; હમણાં માત્ર માપકરણથી ઘડાય છે.

[૨૪]

મહીસૂર રાજ્યના બેલૂર ગામમાં વિખ્યાત ચન્નરાયના કેશવમંદિરની પાસે રાણીનું બીજું એક મંદિર છે. રામાનુજાચાર્યની પ્રેરણાથી રાજારાણી જૈન ધર્મમાંથી વૈષ્ણવ ધર્મમાં આવેલાં, અને એમણે એ બંને મંદિરો બંધાવ્યાં હતાં. છેક બારમી સદીમાં રામાનુજાચાર્યે અંત્યજો સુદ્ધાંને એ મંદિરોમાં આવવા રજા આપી હતી; પણ, લોકમત વિરુદ્ધ હોવાથી રાજાને થોડા સમય બાદ પોતાનું મંદિર અંત્યજો માટે બંધ કરવું પડ્યું. પરંતુ, રાણી મક્કમ રહી. એ કહે, 'રાજા તરીકે તમે ભલે લોકમતને નમતું આપો; પણ, હું કંઈ રૂઢિચુસ્ત લોકમતને તાબે થવા બંધાયેલી નથી.'

રાણીની આ દૃઢતાને લીધે એ મંદિરને બ્રાહ્મણોએ ત્યજી દીધું. અને, રાણીના મંદિરમાંની વિષ્ણુની મૂર્તિ અપૂજ્ય રહી. વર્ષમાં એક વખત એ મંદિરનાં દર્શન હજી લગી સર્વે વર્ણને માટે ખુલ્લાં રાખવામાં આવે છે, અને ત્યાં મોટો મેળો ભરાય છે.

રાણીના મંદિરની એ વિષ્ણુમૂર્તિ અત્યંત સુંદર છે. સાત્ત્વિકતાથી એનું અંગેઅંગ અલંકૃત છે. પ્રાણી માત્રના પાલનપોષણ અને વિકાસ કરનારા, કરુણાસાગર, પ્રેમની

સાક્ષાત મૂર્તિસમા એ પતિતપાવન શંખ, ચક્ર, ગદા અને પદ્મ સાથે ઊભા છે.

ગર્ભમંદિરના અંધારામાં, ઇલેક્ટ્રિક ટોર્ચનો પ્રકાશ નાખવા છતાં યે, એ સર્વાંગસુંદર મૂર્તિ જ્યારે અમારાથી બરાબર જોવાઈ નહિ ત્યારે હું તેને આખી ને આખી ઊંચકીને બહાર ચોકમાં લાવ્યો, અને પછી ભાઈ રવિશંકર રાવળે એની સંભાળપૂર્વક છબિ લીધી.

એ મૂર્તિ. જાવાના અવલોકિતેશ્વર અને કંબોડિયાના વિષ્ણુ, જે બન્ને બર્લિનના કલાસંગ્રહમાં પહોંચી ગયા હતા અને સ્વ હવેલે જેમને સચિત્ર વર્ણવ્યા છે તેમનું સ્મરણ કરાવતી હતી. **पितासि लोकस्य चराचरस्य**માં વર્ણવ્યા પ્રમાણે ચરાચર લોકમાત્રના પિતારૂપે, પરમેશ્વરને સમજવામાં, આ મૂર્તિ બહુ જ મર્મસ્પર્શી અસર કરતી હતી.

એવી જ ભાવપૂર્ણ પણ બેઠેલા વિષ્ણુની પ્રાચીન મૂર્તિ ઉત્તર ગૂજરાતમાંથી અમને મળી છે, જે હાલ સર ચિનુભાઈના સંગ્રહમાં છે. એ અપૂજ્ય છતાં આજે પણ દર્શનયોગ્ય છે. અને, વધુ ગૌરવ તો એને જોઈને એટલા માટે થાય છે કે , જે ભારતીય શિલ્પકળા, સમસ્ત ભારતવર્ષમાં તેમ જ ભારતની બહાર છેક જાવા સુમાત્રા સુધી વિકાસ પામી અને પ્રસરી તેવી જ કળામાં ગૂજરાત પણ કોઈ રીતે પાછળ નહોતું.

નિવૃત્તિનું બીજું સ્વરૂપ શેષશાયી નારાયણનું છે. તેની તો રહસ્યમય ભવ્ય મૂર્તિઓ મહાબલિપુરમ, મદુરા, વિષ્ણુકાંચી ને મથુરામાં જોઈને મેં ચક્ષુને સફળ કર્યાં છે.

હૃદયગુફા જેવા અભેદ્ય ઊંડા અંધકારમાં ભગવાન સૂતા છે. જ્ઞાનરૂપી દીપથી, શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ ને તિતિક્ષાથી, શુદ્ધ થઈ એને જગાડવા પ્રયત્ન કરીએ તો એ અંતર્યામી ઊઠે, ને આપણી પાસે નવાંનવાં સર્જન કરાવી આપણું ને જગતનું કલ્યાણ કરે.

પરંતુ, ઘણી વાર આ ભવ્ય મૂર્તિઓ જોઈને મને શોક થતો હતો કે, હવે આવાં સૂચનો ને ઊંડા સંદેશ લાવી આપનાર શિલ્પીઓ વર્તમાનકાળમાં નથી રહ્યા. એવામાં ઓરિસ્સાના શ્રીધર મહાપાત્ર નામના એક યુવાન શિલ્પી મળ્યા, અને એમણે બીજી અનેક મૂર્તિઓ સાથે શેષશાયી નારાયણની લાલ માટીની એક અલૌકિક મૂર્તિ સર ચિનુભાઈને બનાવી આપી. એ મૂર્તિ પાસે આજે પણ જ્યારે જ્યારે હું જાઉં છું ત્યારે ગંભીર બનો ગયા વગર રહેવાતું નથી. (એ શિલ્પીનો તેમની કૃતિઓ સાથે સચિત્ર પરિચય 'કુમાર'માં અગાઉ આવી ગયો છે.)

જબલપુરની ચોસઠ જોગણીઓ વિષે ગયા અંકમાં લખ્યું જ છે. પણ, વિદ્યુત્‌વેગી શક્તિનું એક કોમળ અને સર્વાંગસુંદર એવું જે રૂપ મેં મહાબલિપુરનાં ખંડેરોમાં જોયું હતું એની બરાબરી કરે એવી કાવ્યમય શક્તિની કોઈ મૂર્તિ તો બીજે ક્યાં યે જોઈ નથી.

વિશ્વવ્યાપી યુદ્ધોમાં અને અણુબોમ્બમાં મહાકાલિ-રૂપે શક્તિનું સંહારક સ્વરૂપ તો આપણે જોયું, પણ જગજ્જનનીનું સર્વશક્તિમાન, વેગીલું, કલ્યાણમય અંબિકાનું

રૂપ તો એક મહાબલિપુરમમાં જ આજ પંદરસો વર્ષથી બિરાજે છે.

ખંભાતમાં હજી માત્ર સો વર્ષની અંદર બંધાયેલા સ્વામીનારાયણના મંદિરમાંથી ગૂજરાતના કોઈ પ્રભુપ્રેરિત શિલ્પીની ઘડેલી ગાયત્રીની મૂર્તિ મળી છે. હાવેલના ગ્રંથમાં આપેલી પ્રજ્ઞાપારમિતાની છબિ જેવી એ સાત્ત્વિક ભાવોને જગાડે છે. ગાયત્રી એ પ્રેરણાનું રૂપ છે, ને એવી પ્રેરણાનાં જો દરરોજ આપણે દર્શન કરીએ તો કોઈ વાર સાચું પ્રેરક જીવન જીવવા ભાગ્યશાળી થવાય, એવો મને વિશ્વાસ છે.

બ્રહ્માની મૂર્તિ જોવા તો હું ખેડબ્રહ્મા ગયેલો; અને, ખંભાત પાસેના નગરામાં પણ ગયો છું. પુષ્કરજીના વિખ્યાત મંદિરમાંના બ્રહ્મા મને બરાબર યાદ નથી, પણ ખેડબ્રહ્માના બ્રહ્માજી (પૂજારીએ એમને મારવાડી વસ્ત્રો પહેરાવ્યાં હતાં છતાં) મને આખા માનવકુળના પિતામહ જેવા લાગ્યા છે. નગરાવાળા બ્રહ્માજી વૃદ્ધ, ભલા, પવિત્ર ને કુટુંબવત્સલ લાગ્યા છે.

જિનેશ્વરોને ભોંયરામાં ને સ્વચ્છ મંદિરોમાં બહુ જોયા છે. એમની આધ્યાત્મિકતા ને જિતેન્દ્રિયતા સદા મારા આદરને પાત્ર બન્યાં છે; પરંતુ, એ સૌમાં જીવનભર કદી ન ભુલાય એવી તો શ્રવણ બેલગોલામાંની સાઠ ફીટ ઊંચી, ગોમતેશ્વરની મૂર્તિ છે. એ વીર, કેવળજ્ઞાની ભરત-બાહુબલીનું મહાન પરાક્રમી રૂપ છે.

નેપોલિયન કે શિવાજીની મૂર્તિઓ પ્રતિ મારું મસ્તક નમે છે; પણ, આ બાહુબલીના જેવો, અંદરના તમામ શત્રુઓ ને ઇન્દ્રિયોનો વિજેતા તો બીજો જોયો

નથી. કવિઓએ આ રૂપની સ્તુતિ કરતાં ગાયું છે: "ભગવાન ગોમતેશ્વરના કૃપાકટાક્ષ જેના પર પડે છે તેના આશયો શુદ્ધ થઈ જાય છે!"

મદ્રાસ ઈલાકામાં અને સમસ્ત દક્ષિણ ભારતમાં કાર્તિકસ્વામીનું બહુ માન છે. એમને ત્યાં સુબ્રહ્મણ્ય કહે છે. સાત સરિતાઓના સંગમ પર આવેલી પલ્લી નામની એક સુંદર પર્વતમાળા પર એમનું એક જૂનું યાત્રાનું ધામ છે. એ દેવ સરસ્વતી જેવા રસિક છે, અને યુદ્ધમાં પણ આદર્શ વીર છે. એમનું વાહન મોર છે. સ્વ. રવીન્દ્રનાથ ટાગોરને જાપાનના સેનાધિપતિ મળ્યા ત્યારે એ કલાઓની વાત કરતા હતા. એમને જ્યારે પૂછવામાં આવ્યું કે, લડાઈઓમાં રચ્યાપચ્યા રહેનાર તમારા જેવા, લલિત કળાઓમાં આટલો બધો રસ કેવી રીતે લઈ શકે? ત્યારે સેનાપતિએ કહ્યું, 'તમારા કાર્તિકેય કેમ લઈ શકે છે?' સ્વ. નર્મદાશંકરે પ્રેમ અને શૌર્યના જે ગુણો ગૂજરાતને મેળવવા જીવનભર આગ્રહ કર્યા કર્યો હતો તે આવી જ હૃદયની રસવૃત્તિને તથા બાહુબળ અને બુદ્ધિબળના આદર્શોને પહોંચવા માટે કહ્યું હતું

અમદાવાદના સ્વામીનારાયણના મંદિરમાંના નર અને નારાયણ મને બહુ ગમે છે. બન્ને, જાણે કે ચોસઠ લાખ યોનિમાં ફરતાફરતા દુર્લભ માનવરૂપે આવ્યા છે. અહીં એમણે શુદ્ધ પૂર્ણ રૂપ ખીલવ્યું છે. પરમ સખારૂપે બંને એકબીજાની સાથેસાથે ઊભા છે, રજત સમું સ્વચ્છ ને પ્રકાશમાન એ બંનેનું સ્વરૂપ છે. નર કરતાં નારાયણ સહેજ

મોટા છે; બાકી, બંનેનાં મુખ એકસરખાં જ છે.

અર્જુનના સારથિની જેમ આપણો પણ સંસારરૂપી રથ સખારૂપે ચલાવતાં હું એમને ન ભૂલું તે માટે, મારા અભ્યાસખંડમાં અવનીન્દ્રનાથ ટાગોરની આલેખેલી અર્જુન અને શ્રીકૃષ્ણની એક નાનકડી છબિ મેં ટેબલ ઉપર જ મૂકી રાખી છે.

મૂર્તિઓમાં, નર્તકીઓ, અપ્સરાઓ, લક્ષ્મી, સરસ્વતી, કુબેર, ઇન્દ્ર, વરુણ, અગ્નિ, હનુમાન, ગણપતિ, યમ વગેરેનાં ઘણાં રૂપો જોયાં છે, પણ એને વર્ણવતાં પાર આવે એમ નથી.

બેલૂરમાં મદનકાય નામે પથ્થરની એક પૂતળી છે. છે તો માત્ર પૂતળી, પણ એ અતિશય મોહક અને રૂપરૂપનો ભંડાર છે. એનાં વસ્ત્ર નીચે એક ચાબખી પેઠી છે. વસ્ત્ર કાઢી નાખીને નવસાં થયા વગર એ ચાબખી કાઢી શકાય એમ નથી; તેથી એ વસ્ત્ર ખંખેરતી ચાબખીને કાઢે છે. મારા બેલૂર જોઈ આવ્યા પછી તરત જ મહાત્મા ગાંધી ત્યાં ગયા હતા. એમણે પણ એ મૂર્તિ જોઈ છે. સાહિત્ય પરિષદના અમદાવાદમાં ભરાયેલા બારમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી બીજું તો એ કંઈ બહુ નહિ બોલી શકેલ, પણ સાહિત્યમાંના સાત્ત્વિક સૌન્દર્યને અનુલક્ષીને ઉદ્બોધતાં એમણે આ મૂર્તિનું વર્ણન કરી કહ્યું હતું કે, જ્યાં સુધી એના શરીરમાં વાસનારૂપી ચાબખી હતી ત્યાં સુધી એનું સૂક્ષ્મ સૌન્દર્ય પૂરેપૂરું પ્રકાશમાં નહોતું આવ્યું; પણ, જ્યારે એણે વાસનાનો ત્યાગ કર્યો ત્યારે જ એ પોતાના દૈવી નૈસર્ગિક સૌન્દર્યને પામી.

હળેબીડના તથા બીજાં મંદિરોમાં ભારત નાટ્યશાસ્ત્રની જુદીજુદી મુદ્રાઓ અને અભિનયો સાથેનાં દેવદેવીઓનાં નૃત્ય પુષ્કળ પ્રમાણમાં ઉતારેલાં છે. છેક નાનામાં નાનાં મંદિરોમાં યે નૃત્યોનાં શિલ્પો દેવની પૂજારૂપે કરેલાં છે. ઘણેખરે ઠેકાણે આનંદ સમાધિનું, સમર્પણની લીનતાનું કે ભક્તિયોગનું સુખ એ દેહલતાઓ પર વ્યાપી રહ્યું છે.

મહીસૂરના સોમનાથપુરમ્‌માં તો આખાં રામાયણ અને મહાભારત સિનેમાચિત્રોની જેમ પરંપરામાં કોતરેલાં છે. એ પ્રકારે સાંચીમાં જાતક કથાઓ, ડભોઈમાં દેવ અને દાનવોનું સમુદ્રમંથન, મદુરામાં મીનાક્ષી ને સુન્દરેશ્વરનો લગ્નમહોત્સવ, દેલવાડામાં નેમીનાથ અને રાજેમતીના વિવાહપ્રસંગ, રામેશ્વરમાં સત્યયુગ ને કલિયુગની સ્ત્રીઓ પતિ સાથે કેવી રીતે વર્તે છે તે દર્શાવતા માર્મિક સામાજિક સંબંધો, શિષ્ટ સાહિત્ય, ઇતિહાસ, પુરાણ ને સમાજશાસ્ત્રનાં દશ્યો, ઉપરાંત યુદ્ધો અને શિકારના પ્રસંગો, રથો, હાથી અને ઘોડા, પશુપંખી અને વનસ્પતિ એમ સરજનહારની આખી રૂપસૃષ્ટિ ભરપટ્ટે શિલ્પમાં ઉતારવામાં આવી છે.

રામેશ્વરમાં, અરબી સમુદ્ર ને બંગાળાના ઉપસાગરને અનુક્રમે રત્નાકર અને મહોદધિ કહેવામાં આવે છે. રામેશ્વરના મંદિરમાં પેસતાં જ પ્રવેશદ્વાર પાસે એ બંને સમુદ્રો ખલાસીના વેશે, હાથમાં હલેસાં સાથે અને માથે અણીદાર ઊંચા ટોપ પહેરેલા ઉઘાડે ડીલે હાથ જોડીને ઊભા છે. જાણે રામેશ્વર મહારાજને પૂછતા ન હોય કે આપની શી આજ્ઞા છે ?

મોઢેરામાં વિશ્વામિત્ર ને મેનકાનો પ્રસંગ છે. એમાં ઉતારેલું મેનકાનું રૂપ અને વિશ્વામિત્રની હૃદયવ્યથા, રાજા રવિવર્માના એ પ્રસંગના ચિત્ર કરતાં તો ક્યાં યે ચડી જાય છે.

કવિતા, સાહિત્ય કે મહાકાવ્યો વાંચવાથી અને નાટક-સિનેમામાંથી જે નથી મળ્યું તે મને આ રાષ્ટ્રીય કલાસંગ્રહોમાંની શિલ્પસંપત્તિમાંથી મળ્યું છે.

એલિફન્ટાના ત્રિમૂર્તિ–શિવની હૃદયસ્પર્શી મૂર્તિ મેં બે વખત જોઈ છે. પહેલી વખત શહેનશાહ પાંચમા જ્યોર્જ મુંબઈ આવ્યા તે વખતે મુંબઈમાં ઔદ્યોગિક પ્રદર્શન પણ સુંદર થયેલું, ને તેની સાથે વીજળીનું રંગબેરંગી રોશનીનું મનોહર દૃશ્ય જોવાની પણ લાલચ હતી. એ બધું જોઈ મનને તૃપ્ત કરીને હોડીમાં બેસીને એલિફન્ટા જવાનો લહાવો પણ તે વખતે લઈ લીધેલો.

પરંતુ, એ ભવ્ય મૂર્તિની અપાર્થિવતા, પવિત્રતાનો ભાવ પ્રેરવાની તાકાત અને ચિત્તને શાન્ત તથા ઉન્નત બનાવતું એનું આધ્યાત્મિક ખરું દર્શન તો, બીજી વખત ઈ. સ. ૧૯૩૦ માં જ્યારે ફરી એને જોઈ ત્યારે ધ્યાનમાં આવ્યાં. અને, તે અંતરમાં ઊંડા ઊતરી ગયાં છે.

દાર્જિલિંગમાં ઘૂમ નામનો બૌદ્ધધર્મીઓનો મઠ છે ત્યાં તિબેટના લામાઓ રહે છે. એ મઠમાં પંદરેક ફૂટ ઊંચી ભગવાન બુદ્ધની મહાકાય મૂર્તિ છે, અને ભીંતો પર યમ, કુબેર, અગ્નિ તથા અસુરોનાં ઉગ્ર ચિત્રો છે. એ ચિત્રોના રંગો પણ લાલ, પીળા વગેરે ઉગ્ર પ્રકારના છે. સાથેસાથે સાત્ત્વિક રૂપમાં તારા, પ્રજ્ઞા અને બોધિસત્ત્વોનાં

ચિત્રો પણ છે, અને તેમના રંગ લીલા, ભૂરા અને ગૌર-વર્ણા એટલે કે સફેદ અને રૂપેરી છે. ત્યાં એક પ્રાચીન-પંથી ચિત્રકાર પણ હતા. તે એટલી બધી સુંદર રેખાઓથી અજન્ટાનાં ચિત્રોની ઢબે સાહજિક આલેખનો કરી શકતા કે, રવિભાઈ પણ એની શક્તિથી અજાયબ થયા હતા.

તિબેટના લામાઓ તથા બીજા નૃત્યકારોનાં નૃત્ય ને નાટ્યના પ્રયોગો પણ દાર્જિલિંગમાં જોવાનો એક પ્રસંગ સાધ્યો હતો. એ નૃત્યો અને અભિનયો ભયંકર હતાં. માનવીઓની આસુરી સંપત્તિના પ્રતીક સમો એક મોટો 'ડ્રેગૂન' (મગર–સર્પ) તેમાં આવતો. એના પુંફાડા, ત્રાસ તથા પછાડ, ઘોર વાજિંત્રો સાથે, નિદર્શવામાં આવતા હતા. માનવી બિચારો એના પંજામાંથી છૂટવો મુશ્કેલ લાગતો હતો. પરંતુ પછી, ધીમેધીમે, તે સાત્ત્વિકતા ખીલવી દૈવી સંપત્તિની મદદથી મગર–સર્પને વશ કરી એના ઉપર સવાર થઈ શકે છે, ને માનવ–સંસ્કૃતિઓનું સનાતન નાટ્ય માંગ-લિક વાદ્યોથી સુખી અંત દેખવા ભાગ્યશાળી થાય છે.

નાલંદાના અવશેષોમાં બૌદ્ધ અને શાક્ત તાંત્રિકોના સમયની સુંદર ધાતુમૂર્તિઓ છે. જાપાનની ધાતુમૂર્તિઓ સામાન્ય રીતે ઉત્કૃષ્ટ કોટિની ગણાય છે, પણ નાલંદાની બરાબરી કરી શકે એવી ધાતુઓની સર્વાંગસુંદર મૂર્તિઓ તો જગતમાં કોઈ સ્થળે નહીં હોય.

આ બધી કલાસમૃદ્ધિ રસદૃષ્ટિએ તો આપણી સૂક્ષ્મ લાગણીઓ અને ભાવોને ખૂબ વિકસિત કરે જ છે, પરંતુ સાથેસાથે ઇતિહાસનું પણ અનુપમ દર્શન કરાવે છે.

જગતના તત્ત્વજ્ઞાનીઓ અને પંડિતો મૂર્તિપૂજકોની ભલે મશ્કરીઓ કરતા હોય અને મૂર્તિપૂજાને ભલે ધર્મમાર્ગમાં ઊતરતી કક્ષામાં ગણતા હોય, પરંતુ આપણા ધર્મોમાંના સનાતન સત્યોની સેંકડો પ્રકારની વિવિધતા જનવર્ગને તાદૃશ્ય કરાવવાની એક માત્ર સચોટ શક્તિ મૂર્તિઓ જ છે. ને, એ હકીકત લક્ષમાં રાખીને આપણી ભાવગર્ભ મૂર્તિઓનો સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રની દૃષ્ટિએ હજી પૂરેપૂરો અભ્યાસ જ કોઈએ નથી કર્યો.

આજ સૈકાઓથી આપણાં મંદિરો અને ખંડિયેરોમાં જે દેવદેવીઓ નાના પ્રકારનાં સૂચનો તથા ભાવ પ્રદર્શિત કરતી વિવિધ મુદ્રાઓ અને અંગમરોડથી લાવણ્ય ઢોળતાં તથા આયુધો અને વાહનો ધારણ કરીને ઊભાં હતાં તેમનાં રહસ્યો ઉદયશંકર અને સિમ્કીનાં જીવંત અને જ્વલંત નૃત્યોથી આપણી નજરમાં જાગતાં થયાં છે. મણિપુરી, કથ્થક, કથકલ્લી ને ભરતનાટ્યમ્ પદ્ધતિનાં નૃત્યો ને સંગીત દ્વારા હવે વર્તમાન સંસ્કૃતિના ભક્તોને એ જૂની મૂર્તિઓમાં નવા પ્રાણથી પ્રતિષ્ઠા કરવી સહેલી થઈ ગઈ છે.

જીવનના વિધવિધ આદર્શો અને દિવ્ય પ્રસાદ જે મનોરાજ્યમાં પણ મળવાં કષ્ટસાધ્ય હતાં તે ભારતીય નૃત્યકળાના પુનરુદ્ધારથી પ્રત્યક્ષ થયાં છે.

નૃત્યો સાથેના ઉત્તમ સંગીતે, યજ્ઞયાગ સમયનાં વૈદિક પૂજાવિધિનાં રહસ્યો અને પૌરાણિક ક્રિયાકાંડમાંથી સમગ્ર જનતાને મળતાં પ્રેરણાદાન સ્પષ્ટ કરી આપ્યાં છે.

સામવેદનાં ગાન અને મંત્રો, તંત્ર તથા શક્તિઓનાં

આવાહનના ઉગ્ર પૂજાવિધિઓ, ઘંટારવ તથા ધૂપદીપ અને ફૂલો, વીણા તથા સીતાર જેવાં રોમાંચક તંતુવાદ્યો, અને ભેરી તૂરી, શંખ, તથા ઢોલ જેવાં રૌદ્ર રસને ઉત્પન્ન કરતાં સાધનોની મદદથી કર્મકાંડીઓએ, જનતાનાં આધ્યાત્મિક બળોને કેવી રીતે જાગૃત કર્યાં હતાં એ બધું હવે સમજાય છે. એ મૂર્તિઓ, પૂજાવિધિઓ, નાટકો, સંગીત, ચિત્રો અને નૃત્યોએ જ આપણા વ્યક્તિગત અને સામાજિક આત્માને સાવધાન અને જાગતો રાખ્યો હતો. એ દ્વારા એ સદાકાળ પ્રભુના સાન્નિધ્યમાં રહી શકતો. દૈવી અને આસુરી બળો એને જાગતાંજોષ લાગતાં અને વિદ્યાકળાના વાતાવરણમાં એ ભક્તિમાર્ગે કે જ્ઞાનમાર્ગે ભગવાનનો યોગ મેળવી દુર્લભ મનુષ્યજીવનનું સાર્થક કરી શકતો.

આજે જગત ઊંધે રસ્તે ચડ્યું છે. બહેલ કરતાં યે વધુ વેગથી એ સમુદ્રો પાર કરે છે; ગરુડ કરતાં યે વધારે ઝડપથી એ આવકાશમાં ઊડે છે; છતાં. એને સાચું જીવન જીવતાં નથી આવડતું. અત્યંત બેચેની અને તીવ્ર વેદનાના તાપ એને ઘેરી વળ્યા છે. આ દુઃખમાંથી એને કોણ છોડાવશે ?

છોડાવશે આપણી લલિતા કલાઓ—કવિતા, સાહિત્ય, સંગીત, નાટક, નૃત્ય, ચિત્રો ને નૂતન દષ્ટિના ક્રિયાકાંડ પૂજાવિધિઓઃ—સુવ્યસ્થિત. જીવન અને શિસ્ત પ્રેમ અને સહકાર.

દક્ષિણ ભારતમાં નંદીનાં બહુમાન છે. ત્યાં એનાં મંદિરો પણ ભવ્ય છે. નંદી એ મહાદેવજીનો પોઠયો છે. પ્રમાદી ને જડ હોવા છતાં તેની આંતરિક શક્તિઓનો પાર નથી. એ

ભોળો છે, સ્વભાવે સેવાભાવી છે, અને એકંદરે અહિંસક તેમ જ પરોપકારી છે. મનુષ્યો, આખરે, એ નંદી જેવાં છે. એમને એમની સુષુપ્ત શક્તિઓનું ભાન કરાવવું જોઈએ, ને મહાદેવજીના વાહક થવા માટે તો એ જ સર્જાયાં છે, એમ એમની ખાત્રી કરી આપવી જોઈએ. લલિત કલાઓ એ કામ શ્રેષ્ઠ રીતે કરતી હતી, અને હજી કરશે. અસત્ય, મલિનતા, પ્રમાદ, લોભ, કામ, ક્રોધ, વગેરે કચરા આપણા પવિત્ર આત્માને દબાવી રહ્યા છે. ચિત્રો, મૂર્તિઓ, સંગીત ને નૃત્યના સત્સંગથી એ કચરા ધોવાશે, અને અસત્ય દૂર થશે.

નીતિનિયમ, સુબુદ્ધિ, પુરુષાર્થ, આદર્શો પાળવાની ઉત્કંઠા, જ્ઞાન, ભક્તિ વગેરે દૈવી સંપત્તિ મેળવવાનાં સૂચન એ મૂર્તિઓમાં હોય છે. જગતમાં વ્યાપી રહેલું માધુર્ય, એ લલિત કલાઓ દ્વારા રસજીવન જીવતાં જીવતાં જ મળતું જાય છે, ને "સ્વર્ગ અહીં જ છે, અહીં જ છે અહીં જ છે" એમ ખાત્રી થાય છે.

[૨૬]

હિમાલયમાં શાંતિ આપવાની ખૂબ તાકાત છે; અને તે મળે છે ત્યાંના એકાંતોમાંથી. હિમશિખરો ને સૃષ્ટિ-સૌન્દર્યના દર્શનથી આનંદ પણ ખૂબ મળે છે.

નીલગિરિમાં એવાં બરફનાં શિખરો નથી, તો ત્યાંની ભૂરાશ અજબ છે! ત્યાનાં ભૂરા પહાડોમાં જવાની ખાસ ગાડી 'બ્લ્યુ માઉન્ટ એકસ્પ્રેસ' મદ્રાસથી સીધી ઊપડે છે. તે તાલ, તમાલ, સોપારીવૃક્ષોની કુંજો અને જળાશયો પાસેથી સડસડાટ, 'મેટાપલાયમ' નામના તળેટીના સ્ટેશને બાર કલાકમાં લઈ જાય છે. ત્યાંથી, સ્વિટ્ઝરલેન્ડના આલ્પ્સ પર્વત ઉપર ચડવાની પહાડી રેલ્વે જેવી જ એક નાની ગાડી ઉટાકામંડ પર ધીમેધીમે ચડે છે, અને ત્યાંનું દશ્ય આપણાં નયનોને સફળ કરે છે.

ત્યાંની લાલ ભૂમિ, લીલાં ઘાસ, ઘેરાં વૃક્ષો, વિવિધ પંખીઓને ભૂરાં શિખરોના આહ્લાદક વાતાવરણમાં રહેવું એ જીવનનો કોઈ વિરલ લહાવ છે. જળધોધો, ઉદ્યાનો, લીલા ઢોળાવ ને ટેકરા, સરોવરો, વાંકાચૂકા પહાડી રસ્તાઓ ને આરામસ્થાનોનો પાર નથી.

વિવિધ રંગી ફૂલોની પ્રફુલ્લ મિજબાનીથી આંખોને

તૃપ્ત કરતાં કરતાં ને યુકેલિપ્ટસનાં વૃક્ષોની ગંધ લેતાંલેતાં ત્યાંના સેંકડો દૃશ્યો પેટ ભરીભરીને અમે જોયાં છે. એવા રૂપસુંદર આ ઊટી[અથવા ઉતાકામંડ]થી મ્હૈસૂર સો માઈલ જ દૂર છે, ને અંતરાળ પ્રદેશને વીંધીને જતા મોટરને રસ્તે મ્હૈસૂર જતાં નીલગિરિનાં ખરાં ઉપવનો ને અલૌકિક લાભ મળે છે.

મ્હૈસૂરમાં વ્યંકટઅપ્પા નામના એક ચિત્રકાર છે. એમણે ઊટીનાં દૃશ્યોનાં વૉટર કલર ચિત્રો બહુ જ સુંદર ચિતર્યાં છે, એવી અમને ખબર પડી; એટલે, જે સ્થળને લગભગ બેત્રણ માસ સુધી અમે ખૂંદી નાખ્યું હતું તેનાં કલાદર્શન કરવાની લાલચે અમે એ ચિત્રો જોવા વ્યંકટ-અપ્પાના સ્ટૂડિયોમાં ગયા. એક ખંડેર જેવા વગડાઉ ઘરમાં એમનો અભ્યાસખંડ હતો. એમના જેવા નૈષ્ઠિક બ્રહ્મચારી, સાદા, સરળ પણ કલાઓના ચુસ્ત અને ટેકીલા ઉપાસક મેં કોઈ જોયા નથી.

કોઈ અંગ્રેજ કલાવિવેચકે એમને મેણું માર્યું હતું: ‘તમે હિંદી ચિત્રકારો સૃષ્ટિસૌન્દર્યના ચિત્રો દોરી જ ન શકો. એ તો અંગ્રેજો ને હૉલેન્ડના ચિત્રકારોની જ કલમની તાકાત છે, બીજા કોઈની નથી.’

વ્યંકટઅપ્પાને એ મેણું હાડોહાડ લાગ્યું. એણે વિચાર્યું, ‘આ મેણું તો મને નહિ, પણ મારી માતૃભૂમિને મારવામાં આવ્યું છે, અને તેના સપૂત તરીકે હવે મારી એ ફરજ છે કે, હિંદી ચિત્રકારો સૃષ્ટિસૌન્દર્યનાં ચિત્રો પણ દોરી શકે છે, એ મારે સિદ્ધ કરવું.’

પછી એ ઊપડયા, અને પહોંચ્યા સૃષ્ટિસૌન્દર્યના ધામ ઊટી. ત્યાં 'Y. M. C. A.' ('ખ્રિસ્તી યુવક મંડળ') ના ઉતારે રહ્યા; કેમકે, ઓછે પૈસે સારામાં સારી સગવડ ત્યાં જ મળી શકે એમ હતું. સ્વયંપાકી એ શુદ્ધ બ્રાહ્મણે આ મોટી સાધના ખાતર ધર્મના બાહ્યાચાર છોડી દીધા.

ત્યાંના દૃશ્યો તો એણે અગાઉ પોતાની કલાદૃષ્ટિની તૃપ્તિ અર્થે બહુ યે વાર જોયાં હતાં, પણ આ વખતે તો એના ચિત્રો દોરવાનો નિશ્ચય કરીને ગયા હતા.

એક દૃશ્ય નક્કી કરી, એની સામે એ નિરીક્ષણ માટે બેસતા. અજવાળી રાત્રિએ આખી રાત અનિમેષ નેત્રો વડે તે દૃશ્ય એ જોયા જ કરતા. જ્યારે ઘરની અંદર પારો પંચાવન ડિગ્રી સુધી ઊતરી જતો એવી કપરી શીતળ રાત્રિએ બહાર ખુલ્લી કુદરતમાં ટાઢ કેટલી હશે એનો વિચાર કરો. પરંતુ, એવી ટાઢની કેટલીયે રાત્રિએ પ્રાતઃકાળ થતાં સુધી પણ એ બેસી રહેતા અને એ પોતાના ધ્યાનમાંથી જરા યે ચળતા નહિ. ઉષાના રંગો અને ફૂટતાં સૂર્યકિરણોની લીલા નિહાળવામાં એ કુદરતની હાજતોને પણ ગણકાર્યા વિના મસ્ત બનીને બેસી રહેતા.

રમણીયતા તો ક્ષણે ક્ષણે રૂપ બદલતી અને વ્યંકટપ્પાનું નિરીક્ષણ તો મધ્યાહ્ન, નમતે પહોરે તથા સંધ્યાએ પણ ચાલુ રહેતું. સ્નાન, સંધ્યા, ભોજન, શયન, બધું છોડીને એ આ સ્થળનો સકળ મહિમા પરિપૂર્ણ રીતે પોતાના મનના કોઠામાં ઉતારતા હતા. દિવસો અને રાત્રિઓ સુધી આમ ચાલ્યું. શુક્લ પક્ષ જઈને કૃષ્ણ પક્ષ

આવ્યો, પણ વ્યંકટઅપ્પા નીલગિરિનાં અમુક અમુક સ્થળોનાં સૌન્દર્ય જોતાં ધરાતા જ નથી.

આમ, એમણે છ સ્થળો જોયાં. અને પછી, એનાં અદ્દ્ભૂત ચિત્રો, પોતે જાતે જ તૈયાર કરેલા રંગો અને પીંછીઓથી, એમણે યોગીઓના જેવાં તપ તપીને તૈયાર કર્યાં.

એ અભ્યાસગૃહમાં અમે બેઠા. હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય અને એમનાં (એ સમયનાં) કલારસિક પત્ની કમલાદેવી પણ એ ચિત્રો જોવાં આવ્યાં હતાં.

એક ચિત્ર વ્યંકટઅપ્પા ખોલે છે, અને અમુક ખૂણેથી અમુક રીતે જોવા એ અમને સૂચના કરે છે. અને, 'ઓહ્હો !' 'ઓહ્હો !' એવા ઉદ્દ્ગાર અમારાથી સહજ નીકળી જાય છે.

આમ લગભગ ત્રણ કલાકે અમે એમનાં છ ચિત્રો જોઈ રહ્યાં તો યે તૃપ્તિ થતી ન હતી. ફરીફરીને જુદેજુદે ખૂણેથી અમે એનાં એ ચિત્રો જોયાં જ કર્યાં. એ બધાં સ્થળો અમે બહુ વાર જોયાં હતાં, પણ જે સૌન્દર્ય વ્યંકટઅપ્પાએ જોઈને પોતાની કલમદ્વારા સર્જ્યું હતું તે તો અમારાં ચર્મચક્ષુ જોઈ નહોતાં શક્યાં. 'That light which was never on sea or on land' ('પૃથ્વી પર કે પાણી પર પણ ન હોય એવો અપૂર્વ પ્રકાશ')એ ટેનિસને અનુભવેલા પ્રકાશ વડે જાણે વ્યંકટઅપ્પાનાં ચિત્રો રસાઈ ગયાં હતાં ! અમારા પહેલાં રોથેનસ્ટાઈન મ્હૈસૂર આવેલા ત્યારે આ જ ચિત્રો વ્યંકટઅપ્પાએ એમને બતાવેલાં. અને, એમને પેલા અંગ્રેજ કલાવિવેચકની વાત પણ કહેલી.

સર રોથેનસ્ટાઈન તો જાતે ઉત્તમ કલાકાર હોવા ઉપરાંત ઇંગ્લાંડની શાહી કલાશાળાના આચાર્ય અને લંડનના કલા-સંગ્રહસ્થાનોના ઉચ્ચાધિકારી તથા ઉત્તમ કલાવિવેચક હતા. એમણે કહ્યું કે, 'તમે એ અંગ્રેજનું મેણું ટાળ્યું છે. હિંદી ચિત્રકાર હૉલૅંડ કે બ્રિટનના ભૂતવર્તમાનના સઘળા ચિત્રકારોને ટપી ગયો છે, એટલું જ નહિ, પણ મેં દુનિયા-ભરના ઉત્તમ ચિત્રકારોના ચિત્રો જોયાં છે, પણ એમાં ય સૃષ્ટિસૌન્દર્યનાં તમારાં ચિત્રો વિરલ છે.'

વ્યંકટઅપ્પા કહે, 'પછી મને સંતોષ થયો, અને માતૃભૂમિનું મેણું ટાળી હું કૃતાર્થ થયો. આ ચિત્રો મહા-રાજા માગે છે, પણ હું આપતો નથી. રાજ્ય મને કલા-ભવનનો આચાર્ય બનવા કહે છે, પણ હું એમના અભ્યાસક્રમો ને પરીક્ષાઓની આંટીઘૂંટીમાં અટવાઈ જવા માગતો નથી. મારે અસલનાં ગુરુકુળોની ઢબે મારું પોતાનુ કલાભવન કાઢવું છે, અને શિષ્યોને મફત ચિત્રવિદ્યા શીખવવી છે.'

પછી, એમણે કુચબિહારના સ્વ. મહારાજાનું હાથીદાંત પર દોરેલું ચિત્ર બતાવ્યું. સ્વ. મહારાજા ગાયકવાડનાં પુત્રી ઈન્દિરાદેવીના પતિનું એ ચિત્ર. ઈન્દિરાદેવી એના પૈસા આપી ચૂકયાં હતાં, પણ ચિત્ર નહોતાં લઈ ગયાં. ચિત્ર જોઈને એમણે કહેલું કે, 'મારા પતિનું ખરેખરું આંતરદર્શન તમે એમાં કરાવ્યું છે. આ ચિત્ર તમારી પાસે જ રહેવા દો. હું લઈ જઈશ તો મને કલેશ થશે.'

પછી, વ્યંકટઅપ્પાએ રામાયણનાં પ્રસંગોનાં ભાવ-

મય ચિત્રો અમને બતાવ્યાં. એમાં, રામનો પ્રતાપ, લક્ષ્મણની સેવા અને હનુમાનની ભક્તિના ભાવ સચોટ હતા. એક સીતા જરા બદસુરત અને ઊતરી ગયેલા યૌવનમાં હોય, એવાં લાગતાં હતાં. મેં વ્યંકટઅપ્પાને એ વિષે પૂછયું તો એ કહે, 'બરાબર છે'. પણ, એમના એક મિત્રે મને કાનમાં કહ્યું કે, 'વ્યંકટઅપ્પાએ કોઈ સ્ત્રી સામે કદી નજર ઠેરવી નથી. બ્રહ્મચર્યને એણે મનસા, વાચા અને કર્મણા પાળેલું હોઈ, માત્ર એક એની માશી સિવાય બીજી કોઈ સ્ત્રીને એણે નિરખીને જોઈ નથી. અને, આ સીતા એના માસીનાં જેવાં જ એ ચીતરી શકયા છે. એની સ્ત્રીની કલ્પના, માશીથી પર જઈ શકે એમ છે નહિ'

બીજે દિવસે પછી વ્યંકટઅપ્પાએ જાતે સ્વ. શેશન્ના નામના પ્રવીણ બીનકાર પાસે પોતે વિણા વગાડતાં કેમ શીખી લીધી, અને એ ગુરુનો જીવ કોઈ સુપાત્ર શિષ્યને એ વિદ્યા ભણાવ્યા વગર ગતે નહોતો જતો તેથી એમની મુક્તિ કેમ કરી, એ વાત કહી. એ કહે કે, 'મને તે દિવસો દરમયિાન તો જાણે ચિત્રવિદ્યા એક તરફ ખેંચતી, અને સંગીતની દેવી બીજી તરફ ખેંચતી હતી.' એ સ્થિતિનું પોતાનું હાસ્યરસિક ચિત્ર પણ એમણે દોરેલું અમને બતાવ્યું. એમાં બે સ્ત્રીના પતિની દશા જેવી પોતાની દશા આલેખેલી. મેં કહ્યું, "તો એ વીણા અમને કેમ સંભળાવતા નથી?" એ કહે, 'સંભળાવીશ.' પરંતુ, દિવસ વીતી ગયા ને મ્હેસૂર છોડવાનો અમારો વખત થયો, પણ એમણે વીણા ન સંભળાવી. જતાંજતાં મને કાનમાં કહ્યું કે, 'સાધારણ આવડે છે; અસાધારણ આવડશે ત્યારે સંભળાવીશ.'

ચારપાંચ વર્ષે અમે ફરી મ્હૈસૂર ગયા ત્યારે તો વીણાવાદન પર પોતાનો અસાધારણ કાબૂ આવી ગયો હોવાનું એમણે પોતે જ અમને કહ્યું. અમે બપોરે ગયા હતા. એ કહે, 'સાંજે આઠ વાગ્યે હું પ્રાર્થના કરું છું તે વખતે આવજો.' પણ, અમે સાંજે છએ તો મ્હૈસૂર છોડવાના હતા. એ ખબર કહેતાં તો એ ગુસ્સે થઈ ગયા. કહે, 'તમારી દાનત જ વિણા સાંભળવાની નથી. નહિ તો આવે, ચડચે ઘોડે આવો ?' ખરે જ, અમારાં પુણ્ય ઓછાં; નહિ તો એ અસાધારણ વિણા સાંભળવા અમે કાર્યક્રમ બદલત. પણ, પશ્ચિમનાં ટાઇમ-ટેબલોને અને કલાઉપભોગને બને એમ નથી જ.

[૨૭]

પચીસેક વર્ષ પર ગોકુળમથુરા જઈને જ્યારે હું પહેલી વાર ઘેર આવ્યો, અને મારા પર પડેલી એની સુંદર અસરો વિષે વાતો કરવા લાગ્યો, ત્યારે મારા એક પંડિત મિત્રે કહ્યું કે, "તમે ભીંત ભૂલ્યા છો. પ્રાચીન મથુરા, જ્યાં શ્રીકૃષ્ણે કંસને માર્યો હશે ('હશે' પણ એટલા માટે કે એ કથાનો કોઈ ઐતિહાસિક પૂરાવો નથી) તે મથુરા આજ જ્યાં મથુરા છે ત્યાં ન હતું."

'પણ,' મેં જવાબ આપ્યો, 'હું સ્થૂલ ઇતિહાસ જોવા ત્યાં નહોતો ગયો. હું તો ત્યાં કવિતા ભોગવવા ગયો હતો; અને, એ કવિતા તો ગોકુળમથુરા અને વૃન્દાવનમાં મને પેટ ભરીને માણવા મળી છે.'

'યમુના-પાને, ગંગા-સ્નાને અને નર્મદા-દર્શને' પાવન થવાય છે, એવી જે લોકમાન્યતા છે તે મેં સાચેસાચી રીતે અનુભવી છે. વિશ્રામઘાટને કિનારે શ્રીકૃષ્ણે કંસને મારીને વિશ્રામ લીધો હતો, ત્યાં મેં આસુરી સત્તા પર દૈવી સત્તાના વિજયની માનસિક જયંતિ ઊજવી છે. શિવાજી મહારાજે આ વિશ્રામઘાટ ઉપર જ સુવર્ણતુલા કરેલી, જેની એમણે રચાવેલી સુંદર કમાન ઓવારાને શોભાવતી

હાલ ઊભી છે. કેટલા યે ભાવિક ભકતોએ વિશ્રામઘાટ પર પોતાનાં નામ કોતરાવેલા આરસ જડયા છે—એ આશાએ કે ભાવભીનાં યાત્રાળુઓ પોતાનાં નામ પર પગ મૂકીને જતાં, એમની ચરણુરજથી પોતે પાવન થાય. એ લાગણીને એક ખૂણે બેઠાં બેઠાં મેં અનુમોદન આપ્યું છે. તે વખતે યમુનાનાં જળમાં બાલસૂર્યનાં મૃદુ કિરણો રૂપેરી પ્રકાશ ફેલાવતાં હતાં તે જોઈને મેં ગોરી રાધાનું ધ્યાન કર્યું છે.

ગોકુળમાં યશોદા ને નંદજીનું માટીનું ઘર જોઈ મેં પ્રેમાનંદનો માલકોશ લલકાર્યો છે કે,

'ધન્ય યશોદા. ધન્ય યશોદા !'

જેમણે શ્રીકૃષ્ણને પુત્રભાવે રમાડયા, ને ઉછેર્યા.

ત્યાં વળી એક વાત સાંભળી કે, મુંબઈના કોઈ લક્ષાધિપતિ ભાટિયાને યશોદાના આ માટીના ઘરને તોડી, ઉચ્ચ કલામય, આલીશાન ભવન બાંધવું હતું. એને શ્રીકૃષ્ણે સ્વપ્નમાં આવીને કહ્યું હતું કે, 'મારે માટે એક સ્થળ તો સાદું ને ગરીબડું રહેવા દો ! તમારે જે કંઈ મહાલયો બાંધવા હોય તે મથુરા ને વૃન્દાવનમાં બાંધો, અહીં ગોકુળમાં નહિ.'

શ્રીકૃષ્ણે માટી ખાધી હતી તે જગ્યા એક સુંદર વડની નીચે બરાબર યમુનાને કિનારે અમને બતાવવામાં આવી. અમે પણ પગથિયાં પર બહુ વાર ત્યાં બેસી રહ્યાં. પોતાનું મોં ઉઘાડી શ્રીકૃષ્ણે જશોદાજીને જે વિશ્વદર્શન

બતાવ્યું તેનાં ને ગોપગોપીનાં હૃદયમાંથી નીકળેલા પ્રેમ-લક્ષણા ભક્તિનાં ઘણાં ગીતો અમે ત્યાં ગાયાં.

વૃન્દાવનમાં જૂનાંનવાં ઘણાં મંદિરો જોયાં. વસ્ત્રહરણ-વાળી જગ્યા, કાલીયદમનનું સ્થળ વગેરે ગોર લોકો બતાવ્યે જતા હતા. પણ, મારું મન તો દૂરદૂરના શ્રીમદ્ ભાગવતે ચીતરેલા ભૂતકાળમાં ભમતું હતું. બન્સીવટના ચોકમાં ગોપીઓ સાથે રાસલીલા કરી હતી ત્યાં એક નાના ગોખમાં રાધાજીની આંખો છે. ધન્ય છે એ આંખોને જેણે શ્રીકૃષ્ણજીનાં ત્યાં પેટભરીને દર્શન કર્યાં હતાં.

રંગનાથનું મંદિર જોયું. જોધપુર ને જયપુરનાં મંદિ-રોની સુંદર કોતરણીએ મને વર્તમાન શિલ્પકળા માટે બહુમાન ઉત્પન્ન કરાવ્યું હતું. પણ, પ્રેમભક્તિનું ખરું દર્શન તો ચૈતન્ય મહાપ્રભુજીની પ્રેરણાથી અહીં બંધાયેલા રાધિ-કાના મંદિરમાં થયું.

ત્યાં, સુંદર ભૂલભૂલામણીવાળા તુલસીવનમાં, હજી પણ રાત્રિની શાંતિને સમયે ભગવાન સ્વયં પધારે છે, એમ મને કોઈ ભોળી બંગાળી વૃદ્ધાએ કહ્યું. ત્યાં ઘણા બંગાળી વૈષ્ણવો જીવનનો પાછલો કાળ ભકિતમાં ગાળવા આવે છે, અને સાયંસંગીત તો ત્યાં એટલું બધું પ્રેરક અને મીઠું થાય છે કે, યાત્રાના તમામ શ્રમનો બદલો ત્યાં ને ત્યાં વળી જાય છે.

મહીસૂર સરકારે દક્ષિણની જાજરમાન નદી કાવેરીને મોટા એક બંધથી બાંધી ત્યાં એક ભવ્ય ‘કૃષ્ણરાય સાગર’ બનાવ્યો છે. એ બંધની નીચે એકાદ ચોરસ માઈલના

વિસ્તારમાં એમણે નવું વૃન્દાવન બનાવ્યું છે. મને ભૂતકાળ કરતાં યે આપણા દેશના વર્તમાનમાં વધારે રસ પડે છે, અને રચાતો ઇતિહાસ તથા ઘડાતી ભૂગોળ જોવાં વધારે ગમે છે. એ નવા વૃન્દાવનમાં ત્યાંના માજી દીવાન સર મીરઝા ઇસ્માઈલે, હિંદુસ્તાનમાં પહેલી જ વાર વીજળી પાસે કલામય રચના કરાવી છે, અને શ્રીકૃષ્ણની બહેન વીજળી પાસે જે વૃન્દાવન મુસ્લિમ દીવાને રચાવ્યું છે તે જૂના વૃન્દાવન કરતાં યે અનેકશઃ સુંદર બન્યું છે.

સેંકડો રંગબેરંગી ફુવારા તેજસ્વી પ્રકાશમાં ત્યાં વીસથી પચીસ ફીટ ઊંચે ઊડે છે. ભૂરાં, લીલાં, ગુલાબી અને લાલ ઝરણો આમતેમ દોડે છે. રૂપેણ અને સોનલ એવાં નદીઓનાં માત્ર નામ જ આ અગાઉ સાંભળ્યાં હતાં, પણ અહીં તો સોનારૂપાના રંગથી રસેલા અનેક ધોધ ઊંચેથી નીચે પડીને મનોહર ઝરણોમાં વહી જાય છે. મેઘધનુષ્યના ફુવારા અને ક્ષણેક્ષણે બદલાતા રંગોના ઘાટઘાટના ફુવારાનો ત્યાં પાર નથી; એટલું જ નહિ, પણ એ જાદુઈ આતશબાજીના દિવ્ય વાતાવરણમાં સુરુચિથી ગોઠવેલા દેદીપ્યમાન રંગોના કલામય લતામંડપોથી એ સ્થળ પરીઓના સ્વર્ગ જેવું કે આનંદના ધામ—સાક્ષાત વૈકુંઠ—ના જેવું લાગે છે.

ત્યાંના પૂલના પ્રવેશદ્વારે અશોકના શિલાલેખમાંનું રાજધર્મનું એક વાકય ચમકી રહે છે, ને પગથિયાં ઊતરીને નીચે આવીએ ત્યાં કાળા આરસમાં કાવેરીમાતાની સુંદર મૂર્તિ, ખભે અમૃતકળશ જેવો ઘડો લઈને, ઊભી

છે. એ ઘડો ચમકતાં સ્વચ્છ પાણીથી ઉભરાય છે, ને લાલ તાજાં ફૂલોના અલંકારથી ભદ્રકાળી જેવું માતા કાવેરીનું શ્યામસુંદર રૂપ જોતાં જ આપણામાં ભકિતભાવ પ્રેરાય છે.

દક્ષિણનું 'પંખીતીર્થ' ટેકરાટેકરીઓવાળા કુદરતના વાતાવરણમાં અજબ ભાવ પ્રેરે છે. કોઈ એક સમયને વિષે બે ઋષિઓ સાંપ્રદાયિક ઝગડામાં પડી પ્રભુમય જીવનનો આનંદ ગુમાવી બેઠા હતા. તેમને શંકરે શાપ આપ્યો કે તમે સમડા થજો. એમણે પ્રાયશ્ચિત માગ્યું કે, અમને ફરી જીવનમુકિત કેમ મળે? મહાદેવે કહ્યું કે, દરરોજ બદ્રીકેદારથી ઊડી રામેશ્વર જજો, અને રસ્તામાં બાર વાગ્યે આ સ્થળે ભોજન કરવા ઊતરજો.

અમે બરાબર બાર વાગ્યે એ કાળાતીત યાત્રાળુ ઋષિઓના દર્શને ગયેલા. તે દિવસે બે નહિ પણ એક સમડો કંઈક પાછલા ભાગમાંથી આવ્યો તો હતો. પણ, એ કથાની અદ્ભુતતાનો રસ, એનાથી જે વહેમ જાગે છે ને લોકમાનસમાં ક્ષણભર માટે અસત્યનો વિજય થાય છે તેનાથી બગડતો હતો. પરંતુ, યાત્રાઓની આવી વિચિત્રતા અને નિરંકુશ કલ્પનાઓનાં ઉડ્ડયન પણ, નિત્ય જીવનની ઘરેડમાંથી છૂટીને ભોગવવાયોગ્ય તો છે જ.

કોટામાં શિલ્પકળા સજીવન છે. ત્યાં, રાજપૂતાનાના પ્રેમશૌર્યનું વાતાવરણ છે. સૂકા, રણ જેવા પ્રદેશની વત્સલ માતા ચંબલ બંને કાંઠાને છલોછલ ભરતી ત્યાં વહે છે. એ ચંબલ અને એના પ્રદેશને નિહાળવા ત્યાંના રાજગુરુ ભટજીની કૃપાથી અમે સ્ટીમરમાં બેસીને માઈલો

સુધી ફરી આવ્યા છીએ. સાથે, 'ભારતનાં સ્ત્રીરત્નો' વગેરેના લેખક, મારા સ્વ. મિત્ર શિવપ્રસાદ પંડયા હતા. એ બુંદીકોટાના વીર સમયની અસંખ્ય વાતો, કિનારાની ઊંચી ભેખડો પરનાં ખંડેરો બતાવતાં બતાવતાં કહેતા જતા હતા. આમ તો મને યંત્રોના કઠોર અવાજ બહુ ગમતા નથી; પણ, કોણ જાણે કેમ, ચંબલની એ સ્ટીમરનો ઠમકો મને ગમી ગયો હતો. એ પાણી ઉછાળતીઉછાળતી જે રમતિયાળ ગતિએ દોડતી હતી તે મને લાવણ્યમય લાગી હતી.

ટાવર, એ પશ્ચિમની પેદાશ છે. મારા એક શિલ્પી મિત્રને, એ ભણતા હતા ત્યારે, આપણા દેશની પરંપરાને શોભે એવો ટાવર કેવો હોવો જોઈએ, એવો પરીક્ષકોએ પ્રશ્ન પૂછ્યો હતો. એના જવાબમાં, જેવો ટાવર આલેખી બતાવીને એણે પહેલા નંબરનું ઇનામ મેળવ્યું હતું, બરાબર એવો જ ટાવર મેં કોટામાં જોયો, અને આપણા સ્થપતિઓની સર્જક શક્તિ માટે મને માન ઉત્પન્ન થયુ.

કોટામાં એક મોટો રાજ–ઉદ્યાન છે. ત્યાંથી દૂર એક સરોવર સુધી નજર જાય છે એ ઉદ્યાનનાં વૃક્ષો નીચેની બેઠકો પર બેસીને, એ મરુભૂમિના ધીકતા રણમાં પણ ભગવાને વનસ્પતિ, જળ અને શિલ્પકળા વેરીને કેવી દયા વર્ષાવી છે એ બીના પર મનન કરવાના ને સ્તુતિ–પ્રાર્થનાના અવસર મેં ગોઠવ્યા હતા.

એ રાજ્ય–ઉદ્યાનમાં ઐતિહાસિક યુગના રાજાઓનાં સમાધિમંદિરો છે. એ જોઈ ભવભૂતિનાં શિષ્ટ સંસ્કૃત નાટકો

મને સાંભર્યાં. એક નાટકમાં ભરત જ્યારે મોસાળથી અયોધ્યા પાછો આવે છે ત્યારે રસ્તામાં આવતા રાજ્ય-ઉદ્યાનમાં એ દશરથની મૂર્તિ ને મંદિર જોઈને પિતાના મૃત્યુનો બનાવ સમજી જાય છે, એમ વર્ણવ્યું છે. આમ, ફોટામાં જોયેલી હકીકત, એક સમયે રાજ્યધાનીઓમાં બનતી જ હશે, એમ મને સમજાયું.

ચંબલ ગ્વાલિયર સુધી જતાંજતામાં રસ્તામાં જ અદૃશ્ય થઈ જાય છે, અને પછી બહાર આવી યમુનાને મળે છે, એમ મેં સાંભળ્યું.

ગોદાવરીતીરનું તો હું નાસિક જેલમાં બે વખત રહ્યો ત્યારે દિવસો સુધી મેં ધ્યાન કર્યું છે. પંચવટી, કાલારામ એ બધા તીર્થોએ ફર્યો છું, અને ત્ર્યંબકેશ્વરના જ્યોતિર્લિંગનાં પણ દર્શન કર્યાં છે. જેલમાંથી છૂટી, નાસિક-ત્ર્યંબકની યાત્રા કરીને હું ગોદાવરીનું મૂળ જોવા પહાડ પરનાં પગથિયાં ચડીને ગયો હતો. એ પહાડ, નિસર્ગની એ શોભા અને ગોદાવરીના ઘાટોની સમક્ષ, પૂલ પર ઊભાંઊભાં મેં સીતાદેવીથી આજ સુધીની ભારતીય સંસ્કૃતિની મૃતસંજીવની શક્તિનું અવલોકન-મનન કર્યું છે. તે દહાડે આખે રસ્તે મેં ગાયા કર્યું છે કે,

'એ તે કેમ વિસરાય
પ્રિયે! રે એ તે કયમ વિસરાય?'

[૨૮]

મોટી નદીઓનાં દર્શન જેમ ભવ્ય, પ્રસન્ન ને પાવક હોય છે તેમ નાની નાની નદીઓ પણ નમણી રમણીયતાનો અનેરો આનંદ આપે છે. એવા આનંદનું એક સ્મરણ ખેડબ્રહ્મા જતાં 'સાબર' ઓળંગી હતી ત્યારનું છે. 'સાબરમતી' તો, એ અહમદનગર (ઈડર) પાસે તેને હાથમતી મળે છે તે પછી કહેવાય છે. ખેડબ્રહ્મા પાસેની ઉનાળાની સાબરની એ પાતળી રેખા, કિનારા પરનાં વૃક્ષોના મધુર સંયોજન સાથે સ્મરણીય બની ગઈ છે.

સાદરા પાસે તો સાબરમતી બહુ સુંદર લાગે છે. ત્યાંના એક મંદિરમાંથી મેં એનાં ચમકતાં નિર્મળ પાણી, રેતીના વિશાળ પટમાં ઉગાડેલાં શાકપાનની લીલોતરીની પશ્ચાદ ભૂમિની વચમાં લાંબા વખત સુધી નિહાળ્યાં કર્યાં છે. સ્ત્રીની જેમ સરિતા પણ એના જીવનના અમુક અમુક પ્રસંગે તો દિવ્ય સૌંદર્ય ધારણ કરે છે ! કોટયર્કજી પાસે, તથા સામી બાજુના પ્રાંતીજ લાઈનના મેદ્રા સ્ટેશનેથી વળાદ ગામ જવાય છે ત્યાં તો સાબરમતીની ભેખડો પ્રચંડ

ઊંચાઈ ધારણ કરે છે, અને એ ભેખડો ઉપરથી ચોમાસાનાં પૂરમાં બે કાંઠે વહેતી સાબરમતીનું દર્શન ભવ્ય બને છે. પરંતુ, આપણા ઘરઆંગણા આગળની આ રમણીય ભવ્યતા કેટલાએ ખરી પ્રીછી હશે ? સૌન્દર્યગ્રાહક શક્તિ જ જેનામાં ખીલી નથી તેવાંઓને તો, ગંગાનો જ્યાં સમુદ્રસંગમ થાય છે એ સુંદરવનના પ્રદેશમાં લઈ જાઓ કે હિમાલયના નૈનીતાલ જેવાં સૌન્દર્યધામમાં ફેરવો, પણ કંઈ જ અસર નથી થતી. સાગરબેટ પાસેના સુંદરવનનો એક હોડી હાંકનાર પોતાને પરમેશ્વરે એવા ખૂણાના પ્રદેશમાં જન્મ આપ્યો તે માટે નસીબને દોષ દેતો હતો; અને, નૈનીતાલના અપાર સૌંદર્યની વચ્ચે વસનાર એક ક્ષત્રિય સરદારને ભારતભૂમિના એવા સર્વાંગસુંદર સ્થળમાં બારે માસ રહેવાનું સદ્ભાગ્ય મળવા માટે જ્યારે મેં અભિનંદન આપ્યાં ત્યારે એ તો ઊલટા કહેવા લાગ્યા કે, ‘આ પહાડોમાં પથરા ને ટેકરા સિવાય બીજું છે શું ?’ એ જ પ્રમાણે, વળાદની ભેખડો પરથી આથમતા સૂર્યના રંગો સાબરમતીનાં સ્વચ્છ જળને દેદીપ્યમાન કરી રહ્યાં હતાં, ને માઈલો સુધીનો પ્રદેશ સાયંકાળની શોભામાં તરતો હતો ત્યારે, ત્યાંના કુંભારવાડાના એક કુંભારને મેં કહ્યું કે, ‘અમદાવાદમાં યે સાબરમતી તો આની આ જ છે; પણ, ત્યાં આવાં સુંદર દૃશ્ય અમને જોવા મળતાં નથી. વર્ષાના ઘૂઘવતાં પૂરમાં તો આ નદી જોવાની કેવી અદ્‌ભુત મઝા તમે માણતા હશો !’ ત્યારે એણે ઠંડે પેટે જવાબ આપ્યો: ‘હોવે ! એ પૂર વખતે અમારા ગામની દુઃખિયારી સ્ત્રીઓને નદીમાં પડીને આપઘાત કરવાની મઝા આવે છે !’

અમદાવાદના કેમ્પને પૂર્વ છેડે હાંસોલ ગામ આવેલું છે. ત્યાંથી પણ સાબરમતી બહુ સુંદર લાગે છે. યુવાન વાચકોમાં જો પેલા સુંદરવનના હોડીવાળા જેવા, કે નૈનીતાલના ક્ષત્રિય સરદાર જેવા, કે વળાદના કુંભાર જેવા કોઈ હોય તો મારે એમને તો કંઈ કહેવાનું નથી. પણ, જેમનામાં સહેજ પણ રસ હોય તેમને પર્યટનો માટે હું સાદરા, વળાદ ને હાંસોલ જઈને સાબરમતીનું સૌંદર્ય પીવાની ખાસ ભલામણ કરું છું. સાબરમતીનો મહિમા એ ત્રણે સ્થળે કોઈ તીર્થ જેવો લાગે છે.

આગળ જતાં વૌઠા પાસે સાબરમતી અને વાત્રકનો સંગમ થાય છે. અને ત્યાં જ સાબરમતી, હાથમતી, મોર, શેઢી, ખારી, મેશ્વો અને વાત્રક એ સાત નદીઓનાં પાણી એકઠાં થાય છે તે સંગમસ્થાન પર, મેં દૂરદૂરથી આવતી સાબરમતીને બહુ ઉમળકાપૂર્વક જોઈ છે.

ગયા પ્રકરણમાં ચંબલની વાત મેં કરી. રાજપૂતાનાની જ એવી બીજી નદી બનાસે મને ભર ઉનાળે સ્મરણીય દર્શન કરાવ્યું છે. મે મહિનાના સખત તાપમાં, નસીરાબાદથી દેવલી છાવણી સુધીના સો માઈલના લાહ્ય વરસાવતે રસ્તે જ્યારે હું એક વખત જતો હતો ત્યારે રસ્તામાં બનાસ નદી આવેલી. ત્યાં વૃક્ષો હતાં, પાણીની પરબ હતી, ઠંડો પવન હતો, અને અમૃત જેવી ટેટીઓ મળતી હતી. એક પિલૂડીના ઝાડ નીચે બેઠાંબેઠાં મધ્યાહ્ન સંધ્યાના ભાવથી મેં તે દિવસે બનાસ જોડે વાતો કરી છે.

સરસ્વતીને મેં સિદ્ધપુર અને પાટણ પાસે જોઈ છે.

પણ, પાટણ આગળની સરસ્વતીની જૂની જાહોજલાલીને મુકાબલે હાલની સુકાયેલી સરસ્વતી જોઈને, તથા સિદ્ધપુર પાસે રુદ્રમહાલ જોઈને, સરસ્વતીમાં સ્નાન કર્યા બાદ ગૂજરાતના પ્રાચીન ગૌરવ તરફ દૃષ્ટિપાત કર્યો ત્યારે, હૃદયમાં એક કારમી ધ્રુજારી અનુભવી હતી. અને, તે દિવસો સંભારું છું ત્યારે આજે પણ ફરી એવી ધ્રુજારી થાય છે.

ખારી નદી, એના નામની પેઠે, આમ તો નિર્માલ્ય લાગે એવી છે; પણ, અમારા અમદાવાદ–પ્રદેશનાં તળાવોને એ જે રીતે ભરી દે છે એ એની મહત્તા જેવીતેવી નથી. ચોમાસાના પાછલા ભાગમાં એની નહેરોનાં પાણી કાંકરિયાને છલકાવી નાખ્યા પછી ચંડોળા તરફ જાય છે ત્યારે ચંડોળાનો રુઆબ ફરી જાય છે. એ વિશાળ સરોવર જળથી મહેકી ઊઠે છે, અને સારસ, બગલાં, બતકો, જળકૂકડી અને બીજાં અસંખ્ય પક્ષીઓ ત્યાં મદભર કલ્લોલ કરતાં વિચરે છે. ચંડોળાને પણ છલકાવી, ખારી ડાંગરનાં ખેતરોને ભરી દે છે, અને પછી એ અસલાલી, જેતલપુર અને બારેજાનાં તળાવ ભરવા જાય છે. પૂર્વ તરફ ઇસનપુરનો આખો રસ્તો તો ચારે તરફ પાણી, પાણી ને પાણીથી પ્રફુલ્લિત ને સોહામણો બની જાય છે મોટાં ઝાડ તાજાં અને તૃપ્ત લાગે છે, ને વાડેવાડે ભૂરાં, પીળાં ને શ્વેત ફૂલોના ગુચ્છેગુચ્છા શોભી નીકળે છે. ઇસનપુરનો રોજો આ વર્ષાઋતુમાં અદ્‌ભુત શોભા ધારણ કરે છે, ને એની જાળીઓ, કમાનો, સ્તંભો અને મહે-

શાખો ઉપર ભૂરા આકાશથી અને નીચે પાણીમાં એના પ્રતિબિંબથી અજબ સૌંદર્ય સોહે છે.

ખેડા–સત્યાગ્રહવખતે નવાગામ નાયકાના વીર ખેડુતોના સંસર્ગમાં આવવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. એ પ્રદેશ પણ ડાંગરનાં ખેતરોનો અને ખારીથી જ પોષાતાં તળાવોનો છે. ગોભળજનું પ્રચંડ તળાવ પણ એની જ નજદીકમાં છે, અને એનાં પાણીથી આસપાસની ઘણી જમીન ફળદ્રૂપ બને છે. દરરોજ સાંજે સભાઓ ભરાતી ત્યારે નવાગામ નાયકાના લોકો વંદેમાતરમ્‌ના જયઘોષ પછી 'ખારી માતકી જય' પણ પુકારતા, ત્યારે ખારી જેવી નાની નદીનું ખરું મહત્ત્વ મારા સમજવામાં આવ્યું.

શરદની એક સાંજે મહેમદાવાદથી ઉત્તરના એક ગામડે ગયો ત્યારે મેશ્વોનાં સ્નાન અને સૌન્દર્યપાનનો જે લહાવ મેં લીધો છે તે હજી સાંભરે છે. નદીતટના એ ગામમાં પોંક ને દૂધના ઉપાહાર સાથે ગાળેલી રાત્રીનું સ્મરણ આજે ચાળીસ વર્ષે ભુલાયું નથી. તારાથી ભરેલા સ્વચ્છ, ભૂરા આકાશ નીચે, તાપણીએ તાપતાંતાપતાં ગામ-લોક જોડે એમનાં સુખદુઃખની અનેક વાતો કરી હતી. જે બે મુરબ્બી મિત્રો મને આનંદ આપવા ખાતર મેશ્વો નદીના એ ગામે આગ્રહ કરીને તેડી ગયા હતા તે પણ હવે તો ચાલ્યા ગયા છે.

એ જ મેશ્વોને મોડાસા જતાં હરસોલ ગામેથી પણ મેં મનભર માણી છે. ગૂજરાતને માટે ગૌરવ ઉત્પન્ન

કરાવવા ઇચ્છતા ચિત્રકારો અને છબિકલાકારો હરસોલ પાસેથી અને હળધરવાસ પાસેથી મેળવે અને બીજી નદીઓનાં સૌન્દર્યદશ્યો પાડે તો કેવું સારું ?

વાત્રકની કથા ઊંટડિયા મહાદેવની એક વૃદ્ધ પૂજારણે અમને કહેલી. એ નદીને એ બાઈ જ્યારે ‘વેત્રવતી’ (‘નેતરોનાં વનવાળી’) નામથી સંબોધતી ત્યારે એનું મોં ભરાઈ જતું હતું. હું તેરચૌદ વર્ષનો હતો ત્યારે મહેમદાવાદ પાસે એ વેત્રવતીમાં બહુ સ્નાન કર્યું છે. એક આખો શ્રાવણ માસ મારી બા સાથે હું એમાં નહાવા ગયેલો, અને તેની સ્વચ્છ જાડી રેતમાં બેસીને ખુલ્લી હવા અને તડકાનું સુખ મેં મન ભરીભરીને લીધેલું છે.

વાત્રકને મેં બીજી વાર ભોગવી છે ખેડામાં શેઢી ને વાત્રકના સંગમ પર; અને, ત્રીજી વાર ભોગવી છે વૌઠામાં. વૌઠામાં તો સાબરમતી અને વાત્રકના બરાબર સંગમ વચ્ચે બેસીને એ બંને સમર્થ નદીઓનાં પાણીમાં વારાફરતી હું નહાયો છું. સાબરમતી મોટી અને વાત્રક નાની બહેન હોય, એમ એ સંગમસ્થાનેથી લાગે છે; છતાં, વાત્રકે જે વળાંક ઉપર વળાંક ત્યાં લીધા છે તેણે તો મારું મન હરણ કરી લીધું છે. રમણીય વળાંકો લેતી એ વાત્રકને કિનારે હું ખૂબ ફર્યો છું. એનાં ઘણાં ગામ, શીમ, ગૌચરો અને ઘરા મેં જોયાં છે. એના ઘરાની હરિયાળી ભૂમિમાં બકરાં, ઘેટાં અને ઘાસ ચરાવનાર ગોવાળોની વાંસળીઓ સાંભળી છે, અને ઝાડે બાંધેલા હીંચકે ઝૂલતાં ગોપગોપીનાં સુખની અદેખાઈ કરી છે.

'સુણ, સુણ, ભરવાડા ! ભ્રાત. વેણો વદું હું,
નવ બળ ધન કાજે, માર ફાંફાં જરી તું;
નવ તજ તુજ વાડા ખેતરો રે રૂપાળાં,
ગલી ભરી દુઃખ રહેતાં, શહેરીઓ ઓશિયાળાં'

એવાં જૂનાં કાવ્યો સંભારીને અને નવાં જોડી જોડીને મેં વાત્રકકિનારે આકંઠ ગાન ગાયાં છે:

'રૂમાલને ઓશીકે રાયકો પોઢશે !'

સ્વ. નાનાલાલનાં ગોપકાવ્યો મેં ત્યાં જ ખરાં માણ્યાં છે.

[૨૯]

સાબરમતીનાં મારાં સંસ્મરણો તો અખૂટ છે. અને, હમણાં છેલ્લે એના કિનારા પર પ્રાગૈતિહાસિક અવશેષો શોધાયા ત્યારે, છેક ઇતિહાસપૂર્વકાળમાં યે એના અસ્તિત્વના ખ્યાલે મને અભિમાન થયું છે.

આશાભીલનો ચોતરો અને એની પાસેની મૂર્તિઓ શોધાઈ ત્યારે એ ઊંચા ટેકરા પરથી બંને બાજુનો પાંચ પાંચ માઈલનો વિસ્તાર જોતો આશો ભીલ આ સમગ્ર પ્રદેશનું શાસન કેવી ખબરદારીથી કરતો હશે તેનો ખ્યાલ આવ્યો. એ જ ચોતરાની બરાબર સામે પ્રાચીન કર્ણાવતી નગરી અને એનાં ઉત્તુંગ શિવાલયો, કોચરબ્બા માતા તથા હેમાચાર્યનો ઉપાશ્રય આદિનાં ભવ્ય ચિત્રો કલ્પીને મનોભૂમિ પર ઇતિહાસને સજીવ કર્યો છે, અને સરદાર પૂલ થયો ત્યારે એ સમયના અવશેષરૂપ મૂર્તિઓ જોવા અનેક વાર એ સાબરતટે હું ભટક્યો છું.

એ પછી તો 'જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા'વાળી કહેવત મુજબ, અમદાવાદ વસાવનાર અહમદશાહ, મહમદ બેગડો, શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ જેવા અનેક બાદશાહો અને સંતો

એને કિનારે આવ્યા અને ગયા, પણ સાબરમતી તો વહ્યા જ કરે છે! પછી, એને કિનારે શાહજહાં માટે ચાંદા-સૂરજના મહેલ બંધાયા. શાહીબાગમાં એકબે વખત કમિશ્નરને મળવા જવાનું થયું ત્યારે ત્યાંના એ મુઘલ મહેલના વિશાળ ઓટલા પરથી સુંદર વળાંક લેતી જે સાબરમતી જોઈ છે ત્યારનો એ મહેલ તો એવો દાઢમાં રાખ્યો છે કે, સર્વ પ્રજાજનો એ મહેલ પર જઈ તેનું દર્શન કરે એવા ઉદ્દેશથી, સ્વરાજ્ય આવે ત્યારે, જાહેર માટે તે ખુલ્લો મુકાવવો એવો વિચાર રાખ્યો છે. એ દિવસ આવતાં સુધી હાંસોલ, ભીમનાથ ને નારાયણઘાટના ઓવા-રાઓ ઉપર તો ઘણી યે વાર મેં યુવકમંડળો, સાહિત્ય સભાઓ ને કુટુંબીજનોને સ્નાન કરાવીને વ્યાખ્યાનો, ભજનકીર્તન ને જ્ઞાનચર્ચાઓ કરાવ્યાં છે.

સાબરને તીરે મહાત્માજીનો 'સત્યાગ્રહ આશ્રમ' બંધાયા પછી તો 'સાભ્રમતી જલ લોટીલોટી, ગંગાયમુના આવી મળે' એટલી બધી એની મહત્તા વધી ગઈ છે, ને અસંખ્ય વાર એ આશ્રમમાં સાબરમતીની હૂંફમાં ને એના વાતાવરણની રમ્યતામાં રાજકારણની, મજૂરસેવાની, સાહિત્ય, સંગીત અને કળાની પરિષદો પછીનાં સિતાર-વાદનની, અને સ્વ. ખરેની રામધૂનોની પ્રસાદી ખૂબ લૂંટી છે.

ગાંધીજી પાસે મારું જવાનું રોજ બપોરનું. ત્યાં જતી વખતે દેશની દુર્દશાની તથા ગૂજરાતના કેટલા યે અણ-ઉકેલ્યા પ્રશ્નોની નિરાશાથી હૃદય દબાયેલું હોય, એની હમેશની સાક્ષી સાબરમતી છે; પરંતુ, બેત્રણ કલાકના

મહાત્માજીના સત્સંગ પછી સાંજે જ્યારે પાછો ફરું ત્યારે છેક એલિસબ્રિજ સુધી સંધ્યાના અલૌકિક રંગોના વાતાવરણમાં એ બધી નિરાશા ગળી જઈને પ્રાપ્ત થયેલી નવી આશાઓ અને ઉલ્લાસથી છલકાતે હૃદયે એ જ સાબરમતીનાં જળ મેં જોયાં છે.

અસહકારની લડતમાં પંજાબના દેશભક્ત પંડિત રામભજદત્ત ચૌધરી જેલમાં ગયા ત્યારે એમનાં વિયોગિની બહાદુર પત્ની સરલાદેવી ચૌધરાણીએ મહાત્માજીના પ્રમુખપદે મળેલી સભામાં એ જ સાબરમતીની રેતીમાં એમનું પ્રિય ગીત ગાયું હતું:

'કદી નહિ હારના, ભાંવે સાડી જાન જાયે!'

એ જ સ્થળેથી કાયદાભંગનું મીઠું લઈને સ્વ. કસ્તૂરબા તથા મારા મુરબ્બી જીવણલાલ બેરિસ્ટરને પગે લાગીને મીઠાનો કાયદો તોડવા હું નગર તરફ સરઘસના આકારમાં નીકળ્યો હતો, અને એ જ સાબરમતીના શુભ નામથી અંકિત જેલમાં પહેલવહેલો ગયો હતો.

એ સાભ્રમતિનું મારા પરનું ઋણ તો કદી પૂરું નહિ ગણાવી શકાય. વિકટોરિયા ગાર્ડનને એને કિનારે બેસી મેં કેટલી યે રંગછોળો ઉડાડતી સંધ્યાઓને સમયે ધ્યાનધારણાઓ કરી છે; ત્યાં જ લોકમાન્યની મૂર્તિ પાસે સ્વરાજ્ય લેવાની પ્રતિજ્ઞાઓ કરી છે; એ જ સ્થળે 'સાહિત્ય પરિષદ'વેળાના સ્વ. કવિવર ટાગોરના સત્કારસમારંભ અને ગરબા યોજ્યા છે; ત્યાં જ પંડિત જવાહર જેવા દેશવીરોને માનપત્ર આપ્યાં છે.

એવી જ રીતે, હૃદય વેધાઈ જાય એવા મારા જીવનના કરુણ પ્રસંગે દધિચિ અને સપ્તર્ષિના ઓવારાઓ પર એ જ માતા સાબરમતીની ગોદમાં મારાં પ્રિયજનો અને ગુરુજનોને અગ્નિસંસ્કાર કર્યા છે.

એવી છેલ્લી વિદાય કવિ ન્હાનાલાલને અમે આપી. એ યુવાનીમાં હતા, અને એમનું 'શ્વેતાંબરી સંન્યાસિની'નું પહેલું જ કાવ્ય—

રાત્રી વેરણ થાય, ચંદા બ્હેની !
રાત્રી વેરણ થાય;
પ્રેમ અનંત ઢોળાય, ચંદા બ્હેની૦

એ જ સાબરમતીની રૂપેરી રેતીના પટ પર મેં અનેક વાર ગાયા કર્યું હતું; અને, એમનું છેલ્લી વિદાયનું અશ્રુપૂર્ણ ભાષણ પણ મેં એ જ સાબરમતીને કિનારે કર્યું.

મહી'સાગર'ના ભવ્ય નામથી ગૂજરાતમાં ગૌરવભેર ઓળખાતી મહી નદી જ્યાં ખંભાતના અખાતને મળે છે ત્યાં જઈને મિત્રમંડળી સાથે એના જળમાં પગ પખાળી આવ્યો છું; અને વાસદ પાસેના એક ગામ (ઉમેટા)ની ભાગોળે શરદઋતુની એક અજવાળી રાત્રે એ જ મહીની રેતીમાં એક તત્ત્વજ્ઞાની મિત્ર સાથે પવનની શીતળ લહેરો લેતાં જીવ અને બ્રહ્મની જ્ઞાનવાર્તા કરી હતી તે હજી યાદ છે.

ગોધરા લાઈનના અંગાડી સ્ટેશનથી ગળતેશ્વર નામે એક પ્રાચીન તીર્થે જવાય છે. કહેવાય છે કે ત્યાં ચંદ્રહાસનું નગર હતું. ગળતી નદી ત્યાં ભગવાન શંકરને

અભિષેક કરીને મહીસાગરને મળે છે એ પુનિત સ્થાને પણ મેં મહી નદી ભોગવી છે.

સંખેડા જતાં બહાદુરપુર સ્ટેશને હું ઊતરેલો. તે વખતે, ચાણોદ આગળના 'ઓર સંગમ' પાસે નર્મદાને મળનારી 'ઓર' નદી ત્યાં પૂરબહારમાં હતી. ભર વર્ષા હોવાથી ઓરમાં પૂર આવ્યું હતું, ને હોડીમાં બેસીને સંખેડા જવાતું. એ હોડીમાં બેસીને ઓર ઊતર્યો ત્યારે મથુરા પાસેની યમુનાના દર્શનના આનંદથી યે અદકો આનંદ થયેલો.

સંખેડા ગામ એક ઊંચા ટેકરા પર કોઈ પુરાણા કિલ્લાની પાછળ આવેલું છે. સંખેડાના સુતારોને ઘેર જઈ, તેઓ મનોહર પાકા રંગોથી આપણી જે વિશિષ્ટ કલા-પદ્ધતિનાં ઘોડિયાં, કોચ, ખુરશીઓ, માચીઓ, બાજઠો વગેરે બનાવે છે તેનો કસબ જોયો; અને, સાંજે પાછા વળી એ કિલ્લા ઉપરના ઊંચામાં ઊંચા ટેકરા પરથી સૂર્યાસ્તના રંગો વડે દેદીપ્યમાન થયેલાં 'ઓર'નાં ઊછળતાં પાણી જોવાનો અને સૌંદર્યકલાધારિણી રળિયામણી ગૂજરાતને અભિનંદન દેવાનો વિરલ યોગ સાધ્યો હતો.

નર્મદાની તો ચાણોદકરનાળી પાસેથી, વ્યાસ અને કબીર વડ પાસેથી, ભરૂચ અને રાજપીપળાની બાજુથી ખૂબ યાત્રા કરી છે, પરંતુ એના સૌંદર્યનો સૌથી વધારે યોગ તો જબલપુરના આરસના પહાડો વચ્ચેના એના ધીરગંભીર, પવિત્ર અને શાંત વહનમાં ચાંદની રાતે નૌકાવિહાર કરીને અને એના ધોધમાં નાહીને કર્યો છે.

તાપી સુરત પાસેથી તો ખૂબ જોઈ જ છે, પરંતુ ડુમ્મસ પાસેના એના સમુદ્રસંગમ આગળ તો લગભગ એક મહિના સુધી પ્રાતઃકાળની સંધ્યાપૂજા અને પ્રાર્થના-ઉપાસના કરવાનું સદ્ભાગ્ય મને ભગવાને આપ્યું છે.

ગૂજરાતની દક્ષિણ સરહદને શોભાવતી કોલક અને દમણગંગા પથ્થરોના કઠણ પાત્રમાં અને આસપાસની વનરાજિમાં અપૂર્વ શોભા ધારણ કરતી નીરખી છે.

સિંધુ, જેના પરથી આપણે હિંદુ કહેવાયા તેને, કરાચી જતાં રસ્તામાં રેલવે પૂલ પરથી જ્યારે પહેલી જોઈ ત્યારે તો મને બહુ જ અસંતોષ થયો. કોઈ ભવ્યતા નિર્માલ્ય-રૂપે જોતાં જે નિરાશા થાય તે મેં ત્યાં અનુભવી. કરાંચીના મિત્રોને જ્યારે મેં એ નિરાશાની વાત કહી ત્યારે એમણે મને સક્કર પાસેની સિંધુ બતાવવાનો આગ્રહ કર્યો છે.

આલમોડા જતાં અમે કૌશિક ઋષિ પરથી નામ પામેલી કોશીને કિનારે કિનારે મોટરમાં ગયા હતા. પણ, એમ દોડતે ઘોડે બ્રહ્મઉપદેશ થાય નહિ, તેથી પાછા આવતાં અમે મોટરો ઊભી રખાવી, ને ઊંચી કરાડો ઊતરીને કોશીના વહેણમાં ગયા. એનાં શીતલ જલથી અંગોને પ્રસન્ન કર્યાં. એ જ કોશી પાછી કાઠગોદામ આગળ જોઈ, ત્યાં એના ઉપર બાંધેલો હાર્ડિંજ પૂલ જોયો; બંધ દ્વારા એના ત્રણ વિભાગ કરીને નહેરો વાટે તળેટીનાં ગામોને સમૃદ્ધ કરવાનો એક મહાન વૈજ્ઞાનિક સફળ પ્રયોગ ત્યાં જોવા મળ્યો, અને ભારતવર્ષને સુજલ સુફલ કરતી સર્વ ‘ લોકમાતાઓ ’ને અમે ત્યાં પ્રણામ કર્યા.

[૩૦]

ગરબા મને હમેશાં ગમે છે. બાળાઓના ઉત્સાહ, એમનાં વિધવિધ રંગોના વસ્ત્રપરિધાન, મંડપોની રચના અને પ્રકાશ, ગતિ અને તાલ, ગીતમાધુર્ય અને સૌન્દર્ય, ઇત્યાદિની ત્યાં રેલંછેલ હોય છે. સામાજિક જીવનનાં હર્ષશોક, આશાનિરાશા અને સ્ત્રીહૃદયની ઝંખનાઓ તથા આદર્શો, સાચી લાગણીપૂર્વક એ ગરબાઓમાં જેવાં રજૂ થાય છે તેવાં બીજે ક્યાં યે થતાં નથી. એમાં, દિન-પ્રતિદિન નૃત્ય ને અભિનયના તથા કાવ્યતત્ત્વ ને સંગીતના વિકાસ થતા રહ્યા છે. અનેક જાતના શ્રમ અને શ્રદ્ધાપૂર્વક, સફળનિષ્ફળ પ્રયોગો ઉલ્લાસભરી રીતે ગરબાઓમાં થતા મેં ઘણા જોયા છે, ને અભિનંદન આપ્યાં છે.

ડાકોરમાં તો એક ગરબાઉત્સવની સમાપ્તિ વખતે મેં પ્રમુખસ્થાનેથી બાળાઓને કલ્પનાની કોઈ બુલંદ ભૂમિકાએથી પૂછ્યું હતુંઃ 'તમે કોણ છો, અને આ મર્ત્ય લોકમાં ક્યાંથી આવ્યાં છો ? ચંદ્રલોક કે નક્ષત્રની કોઈ દિવ્ય ભૂમિમાંથી તો તમે નથી આવ્યાં ?'

અમદાવાદની 'સાહિત્ય પરિષદ' વખતે ખાસ યોજાયેલા ગરબાઓ તથા ત્યાંના સાઠોદરા નાગર સન્નારીઓના

ગરબા મને હંમેશા સર્વશ્રેષ્ઠ જણાયા છે. અને, એ ચાંદની રાતો, એ ફૂલો, એ કાવ્ય અને એ રૂપ તથા ગીતની માધુરી મારા જીવનમાં મીઠાં સંભારણાં છે.

શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં એમની કળાશાળામાં એક મણિપુરી શિક્ષકે એમની એક પુત્રીની મદદથી

પુરનો મોરલો, હો રાજ !
પુરમાં થનગન થનગન નાચે
પુરનો મોરલો હો રાજ !

એ કવિવર ન્હાનાલાલનું ગીત જ્યારે નૃત્યદ્વારા પ્રદર્શિત કર્યું ત્યારે આ ગરવી ગૂજરાત અને એના મોરોની વચ્ચે મને મળેલા માનવજીવનની ધન્યતા મને સાકાર થઈ હતી, અને તે માટે મેં પ્રભુનો ઉપકાર માન્યો હતો.

બેન શકુંતલા દીવાને એક યુવક સંમેલનને પ્રસંગે મહાત્માજીની હાજરીમાં મીરાંબાઈનું

તુમારે કારન સબ સુખ છોડિયા
અબ મોહે, કયું તલસાવો ?
અબ છોડિયા નહિ બોને પ્રભુજી
તબ ચરન કે પાસ બુલાઓ, પ્રભુજી !

નૃત્યમાં પ્રદર્શિત કર્યું હતું ત્યારે હરિરસના દિવ્ય પૂરમાં હું જાણે તરતો હતો.

ઉદયશંકર ને સિમ્કીનાં નૃત્યોથી તો ભારતીય દેવો અને દેવીઓને (એટલે કે પ્રભુની અવ્યક્ત શક્તિઓ ને ગુણોને) એમના મોહક તાલમય સ્વરૂપે પ્રત્યક્ષ થતાં જોયાં છે, અને એ સાક્ષાત્કાર એટલો અસરકારક થયો છે કે, એ ક્ષણિક નહિ પણ અમર બની ગયો છે.

જ્યારે એના રાધા અને કૃષ્ણ પશ્ચાદ્ ભૂમિના સંગીત સાથે નૃત્ય કરે છે ત્યારે સમગ્ર સૃષ્ટિ ઓતપ્રોત થયેલા ચૈતન્ય પ્રભુ સાથે આનંદસાગરમાં મેં ઝોલાં ખાતાં જોઈ છે.

એના શિવ જ્યારે સતીવિયોગથી સમાધિ ચડાવીને બેસે છે, અને સૃષ્ટિ ધણી વગરના ઢોર જેવી આસુરી બળોથી ઘેરાઈ રહે છે ત્યારે દૈવી સંપત્તિઓ અસહાય ગ્લાનિમાં ડૂબી જાય છે. પછી, શિવ ધીમે ધીમે જાગે છે, નીતિ, ધર્મ ને કલ્યાણમય યોજનાઓને હાથમાં લે છે, અને સર્વત્ર જય જય મંગળ પ્રવર્તી રહે છે એ વખતે તત્ત્વજ્ઞાનમાં કવિતા તથા સંગીત ભળે છે ને સત્, ચિત્ તથા આનંદની નિયતિનાંર સમય દર્શન અનુભવાય છે.

ક્ષાત્રતેજના દર્શન કરાવતું એમનું ઉદયપુરના વીરોનું નૃત્ય અને યંત્રયુગની કઠોરતા તથા શુષ્કતા નિરૂપતું સાંચો ને કારખાનાના જીવનનું નૃત્ય સચોટ છે. અર્જુન, ઇન્દ્ર અને અપ્સરાનાં એમણે યોજેલા નૃત્યો એ બળ, સત્તા, સૌન્દર્ય ને ભક્તિને જેવાં જીવન સાથે આત્મસાત્ કરી આપે છે તેવાં બીજી કોઈ કળાએ આજ સુધી કદી કર્યાં નથી.

એમના 'કલાકેન્દ્ર'માં થોડો વખત રહેવાનું સદ્ભાગ્ય મને આલમોડામાં મળ્યું હતું. ત્યારે દેવદારુ વૃક્ષોની ઘટા નીચે ત્યાંના ઉસ્તાદજીએ સરોદના તંતુવાદ્ય પર અમારા અંતર્યામીને બેસાડીને એવી વ્યોમયાત્રા કરાવી છે કે, મેં એ બરફના શિખરોની સમીપ

'નહિ એસો જન્મ વારંવાર'

એ લીટી અસંખ્ય વાર ગાયા કરી છે....અને હજી ગાયા કરું છું.

મજૂરોની એક સભા હતી. યંત્રો અને કારખાના વચ્ચે જીવન ઘસી નાખનાર સ્ત્રીપુરુષોને નવે અવતારે મહાત્માજીએ આણ્યાં હતાં. મૂડીદારો સામે માનવતાના વિજયનો એ ઉત્સવ હતો. ધ્વનિવર્ધક યંત્રો પહેલી જ વાર ત્યારે અમદાવાદમાં પ્રચલિત થયાં હતાં, એવી એ વિરાટ સભામાં સ્વ. નારાયણ મોરેશ્વર ખરેએ સભાનું ઉદ્‌ઘાટન કરતાં ગાયુંઃ

દિલમાં દીવો કરો રે દીવો કરો!
કૂડા કામક્રોધને પરહરો રે,
દિલમાં દીવો કરો!

એ ગીત ગવાયા પછી મોટી ઉંમરના એ અભણ પ્રેક્ષકોને વિશેષ કાંઈ જ ભણવાનું બાકી રહ્યું નહોતું.

મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કોલેજમાં ઘણાં વર્ષ સુધી એક પંચાક્ષરી સંગીત માસ્તર હતા. પ્રીતમભાઈએ ઘણા કલાપ્રેમીઓને એકઠા કરી એક રાત્રિએ ઉત્સવ કર્યો હતો. રાતના બાર વાગતાં સુધી તો પંચાક્ષરી કોઈ ગાવાની જ ના પાડતા હતા; પણ, પછી જ્યારે વાતાવરણ શાન્ત થઈ ગયું, અને શ્રોતાજનોનાં હૃદય પૂરેપૂરાં તરબોળ થયાં ત્યારે વગર માગ્યે પંચાક્ષરીએ ઉપાડયું કે,

પ્યાસી!......
અખિયાં હરિદર્શન કી પ્યાસી.
દેખો ચાહત કમલનયનકો
નિશદિન રહત ઉદાસી—અખિયાં.

આયે ઉધો ફિરી ગયે આંગન
ડાલ ગયે ગર ફાંસી–અખિયાં.

મધુર આલાપ સાથે શ્રોતાજનો ડોલતા હતા. શુદ્ધ શાસ્ત્રીય ઢબે અને પૂર્ણ ભાવ સાથે પંચાક્ષરીએ ઉપરાઉપરી તાન અને પલટા લીધા; છતાં, માધુર્યનું કે પ્રિયામિલનની આરઝૂની તૃષ્ણાનું એમાંનું મીઠું દુઃખ ઘડીભર હૃદયમાંથી ખસ્યું નહોતું, ઊલટું, વધારે ને વધારે ઘૂંટાતું જતું હતું. એ પંચાક્ષરીને દેવલોક થયે પણ આજે તો દશપંદર વર્ષ થઈ ગયાં છે; પણ, મને તો સંગીત એ પાંચમો વેદ છે, એની એ પ્રતીતિ કરાવીને ગયા છે.

[૩૧]

'દે હાક અને ખૂણેખૂણેથી ધસશું હારોહાર,
એ ભારતમાન પુકાર !

કવિ ખબરદારે વર્ણવેલી એવી હાક ભારતમાતાએ દીધી હતી; ને, પરિણામે ૧૯૩૦, '૩૨, '૪૦ ને '૪૨ની સાલોમાં કુલ ચાર વખત હું જેલજાત્રાએ ગયો હતો.

જ્યાં માત્ર પથ્થર ને લોઢા સિવાય બીજી વસ્તુ આંખે પડવા દેવામાં આવતી નથી, માનવહૃદયોને ક્રૂર ને જડ બનાવવાનું જ કાર્ય જ્યાં પદ્ધતિસર ચાલે છે ત્યાં રસદર્શન શું થતું હશે, એમ સ્વાભાવિક રીતે જ લાગે !

અંદર પેસતાં જ બે યમદૂતો જેવા બંદૂક–બયોનેટ-ધારી સોલ્જરો તેના ભીષણ દરવાજાની બંને બાજુએ ઊભા હોય છે. બંદોબસ્ત અને શિસ્ત ત્યાં સખ્તમાં સખ્ત રૂપે નિર્દય રીતે છાતી પર દબાણ કરે છે. બેડીઓ ને સાંકળોના કઠોર અવાજ સંભળાયા કરે છે, અને ખુદ મોત પોતે જાણે દાંત કચકચાવતું સામું આવતું હોય, એવો ભાસ થયા કરે છે.

પહેલવહેલો હું જ્યારે એ બારણાં વટાવીને ઑફિસમાં પેઠો કે, તરત એક ખાખી ડ્રેસવાળા જેલરે ઘડિયાળ,

પૈસા, પેન, કાગળ વગેરે તમામ ચીજો કબજે કરી, પછી નામ, ઉમર, નિશાન વગેરે લીધાં, અને જરાક વિવેકથી અંદરની બરાકોમાં દોરી ગયો.

રાતનો વખત હતો. બધે સૂનકાર અને એકાંત હતું. તાળાંકૂંચી ખખડે, અંદરના દરવાજા કઠોર અવાજે ઊઘડે, અને વસાય ત્યારે ફરી તાળાકૂંચી ખખડે, એમ કરતાં કરતાં ત્રીજા ચક્કરમાં એક ઓરડી ઊઘડી. એમાં, એક બદનામાં ચકલીએથી મારે હાથે પાણી ભરી લેવાનું હતું તે ભરી લઈ, મેં પ્રવેશ કર્યો.

બાફ પુષ્કળ હતો. ઉનાળામાં ઓરડીમાં સૂવાની મને કોઈ દિવસ ટેવ નહોતી. ઓરડી બંધ કરતાં પહેલાં જેલરે મને સળિયાવાળાં બારણાં પાસે જ માથું રાખીને સૂવાની ભલામણ કરી, ને કહ્યું કે, એ રીતે પવન આવશે. બારણાં બંધ થયાં, તાળાં દેવાયાં, ને જેલર તથા સિપાઈ બન્ને અદૃશ્ય થઈ ગયા.

સ્વદેશધર્મને કાજે કેદ સ્વીકારનાર માટે પણ કંઈ દૈવી ચમત્કાર તો થયો નહિ, અને હું તો કારાવાસમાં ખરેખર પડ્યો એનું સચોટ ભાન થવા માંડ્યું. મેં આખી રાત નિસાસા ઉપર નિસાસા નાખ્યા, ને ઊંઘ તો ઊડી જ ગઈ. ભગવાનને મેં કહ્યું કે, 'હે પ્રભો ! આ તારો ન્યાય કેવો ? જે કેદમાં હોવી જોઈએ તે ગુનેગાર સરકાર આજે ચોકીપહેરા કરે છે, અને દેશને માટે લડનારને તું કેદ કરવા દે છે !' ઘર, સ્ત્રી, બાળકો, ધંધો, મિત્રો, પુસ્તકો,

સંસાર, સૃષ્ટિસૌન્દર્ય એ બધું, એક પછી એક, મને સાંભરવા માંડયું.

આખરે ધીરજ ખૂટી, ને ડબકડબક આંસુ પડવા લાગ્યાં. એ સ્થિતિમાં એકાદ વાગી ગયો હતો, ત્યાં એક પહેરેગીરે ધીમેથી જાળી પાસે આવી કહ્યું, 'દાક્તર સા'બ! સારાભાઈએ રામરામ કહાવ્યા છે.' હું તરત સમજ્યો કે, એક દિવસ અગાઉ પકડાયેલા સારાભાઈ કાશીપારેખનો એ સંદેશો હતો. તરત જ મેં સામા રામરામ કહાવ્યા, ને અરસપરસની કુશળતા જણાવવાની આ રીત સખ્ત બંદોબસ્ત છતાં કેવી ચાલી શકે છે એ જોઈ આશ્ચર્ય પામ્યો. મને લાગ્યું કે, ભગવાન હાજરાહજૂર છે, અને દુશ્મનના કિલ્લામાંથી પણ એ પ્રેમભરી સંભાળની ખાત્રી આપી રહ્યો છે. પછી તો હું 'અબ હમ અમર ભયે, ન ડરેંગે' એ ભજન ગાતોગાતો ઊંઘી ગયો.

બહાર નીકળીને હું દાતણપાણી કરતો હતો એવામાં બીજા કેદીઓએ આવી કહ્યું કે, 'ઓરડી વાળવાનું કે નહાયા પછી ધોતિયું ધોવાનું કામ આપે કરવું નહિ. અમે બધા શા કામના છીએ?' આપણી લડતનું મહત્ત્વ ને લોકસેવકોનો દેશ માટેનો આત્મભોગ જેલમાં પણ સમજાઈ ગયો હતો. અનેક કેદીઓ ભકિતભાવથી રામરામ કરી ગયા. મને લાગ્યું કે, ભગવાન તો જેલમાં પણ સાથે જ આવ્યા છે.

પછી તો, લીમડાનાં ઘેઘૂર ઝાડ, સ્વચ્છ ઓટલા અને કલ્લોલતી ચકલીઓ, કાબરો ને કબૂતરો જોયાં. સારાભાઈ મળ્યા; દરબાર સાહેબ ગોપાળદાસ, ગોકળદાસ

તલાટી, મોહનલાલ કામેશ્વર, નરસિંહભાઈ પટેલ (જેમનું લખેલું ' ગેરીબાલ્ડી ' વાંચીને મેં રાજકારણનું જ્ઞાન દૃઢ કર્યું હતું તે) તથા બીજા ઘણા સમાનધર્મીઓ મળ્યા.

ઉદાસીનતા ઊડી ગઈ. એ જ આકાશ, એ જ તારામંડળ ને એ જ પવન—જે બહાર હતાં તે જ—જેલમાં પણ સાથે હતાં. કોયલ અને બુલબુલ પણ સંભળાવા લાગ્યાં, ને પ્રાતઃકાળ તથા સાયંકાળની પ્રાર્થનાઓ સ્વદેશધર્મીઓ ભેગા મળીને કરવા લાગ્યા.

એક દિવસ હું ચોમાસાથી ઊગેલાં વિવિધ ઘાસ ને જંગલી ફૂલોનો ગોટો બનાવી લાવ્યો. ન્હાઈધોઈને એ ગોટાને મારા બદનામાં એક સ્ટૂલ પર મૂકી, પાસેના ઓટલા પર શેતરંજી પાથરીને હું વાંચતો બેઠો હતો ત્યાં જેલનો સુપરિન્ટેન્ડેન્ટ આવ્યો.

દૂરથી એની નજર મારી ઉપર પડી, અને મને લાગ્યું કે, એ ગુસ્સે થશે; કારણ કે, જેલના નિયમ પ્રમાણે આવી ફૂલોની કે શેતરંજીની કે વાચનની રજા નથી હોતી. પણ, એ તો મારી આગળ આવી ઊભો રહ્યો, ને કહેવા લાગ્યો કે, 'હું હમણાં જ જેલર સાથે વાત કરતો હતો કે, માણસ ધારે તો સ્વર્ગનું નર્ક કરી શકે, અને ધારે તો નર્કમાં પણ સ્વર્ગ લાવી શકે છે.'

પછી તો હું રોજ ઘાસ ને ફૂલો લઈ આવતો, ને બીજા મિત્રોના બદના પણ ફૂલોથી ભરી આપતો.

સત્સંગ, જ્ઞાનચર્ચાઓ, સમૂહવાચન, ગીતો, નાટક, પ્રાર્થના, ભાષણો, લેખન, મનન, નિદિધ્યાસન, કાવ્યશાસ્ત્રના

વિનોદ, કસરત, હરવાંફરવાં, હાસ્ય વગેરે ખૂબ આલ્યું. જેમની સાથે બહાર પરાણે એકાદ કલાક પણ મળે તો સદ્ભાગ્ય ગણાય એવા મહાનુભાવો સાથે પેટ ભરીને વાતો કરી. પણ, આ વિષય જેલજીવનની નિત્યનોંધનો નથી. એ વિષય પણ લખવો તો છે; પરંતુ, બીજી વખતે.

જેલોમાં મને સંયમ, વિવેક, મનન, સેવા, ધ્યાનઅને સ્વાધ્યાય તથા કસરતના ઘણા લાભ મળ્યા છે. સાબરમતી જેલમાં સરદાર વલ્લભભાઈ અને સ્વ. મહાદેવ દેસાઈની ઓરડી પાસે સાયંપ્રાર્થના માટે અમે બધા અવારનવાર એકઠા થતા ત્યારે જેલના બહારના ચક્કરમાંના એક મોટા વડ પર સેંકડો પોપટ આવીને બેસતા. ભૂરા આકાશની પશ્ચાદ્ભૂમિ પર લાલ ટેટાવાળો લીલો વડ બહુ શોભતો, ને એના ઉપર ઊડીઊડીને આવતા લીલા પોપટોનો દેખાવ આકર્ષક થતો હતો.

મને લાગતું કે, આ પોપટો કેવા સુખી છે! ફાવે ત્યારે આ જેલના વડ પર આવીને પણ બેસે છે, અને ફાવે ત્યારે ખેતરો અને નદીકીનારે ઊડી જાય છે. એમને જેલના દરવાજા કે વોર્ડરો કે બંદૂકવાળા રોકી શકતા નથી; ને, અમે તો ગમે તેવા તો યે બંદીવાન છીએ!

આમ શોધીશોધીને એકઠા કરેલા ગમે તેવા આનંદી વાતાવરણ છતાં, અને સમયનો સદુપયોગ કરવાની અનેક પેરવીઓ કરવા છતાં હૃદયમાં એક ઊંડો ચિરાડો તો સદા રહેતો જ હતો કે, પરદેશી સરકારે અમને દેશની ભક્તિના ગુના માટે કેદ કરેલા છે.

[૩૨]

૧૯૪૪ સુધીમાં સાબરમતી જેલનો ખૂણેખૂણો હું જોઈ વળ્યો. નવા આવનારાઓને હું હિંમત આપતો. પ્રેમભાવ કેળવતો, ને આનંદ આપતો. ત્યાં હું 'ભસેગા ઔર કાટેગા' નામનું એક હાસ્યરસનું સાપ્તાહિક પત્ર કાઢતો. કૂતરા ભસે છે તે કરડતા નથી, અને કરડે છે તે ભસતા નથી. પરંતુ, આ જેલસાપ્તાહિક તો એવો કૂતરો હતો, જે 'ભસતો પણ ખરો અને કરડતો પણ ખરો!'

જેલના રાજદ્વારી કેદીઓનાં જીવન ચરિત્રો, વ્યક્તિગત ટીકાઓ, એમની દિનચર્યાઓની માર્મિક મીમાંસા વગેરે એમાં આવતું. તિશિયોક્તિ કરવાની એમાં છૂટ હતી; અથવા અતિશયોક્તિ એ તો એનો મુખ્ય અલંકાર હતો. 'ઇંદ્રસભા'થી માંડીને તે 'વીણાવેલી' સુધીનાં નાટકોના તથા પ્રાચીન છંદો ને વૃત્તોના રાગો હતા. જે પ્રસંગો અને ભાવને અનુકૂળ આવે તે રસને અનુસરતા ઢાળોમાં હું એ ગાતો, ને બીજા બધા ઝીલતા. ભવાઈ, હરદાસની કથા, કીર્તન તથા નાટકનું એ મિશ્રણ હતું!

બે વખત નાસિક જેલમાં, એક વખત યરોડામાં અને પહેલી વખતની સાબરમતી જેલમાં એનાં કટાક્ષકાવ્યો,

અને નાટકોએ જેલની કંટાળાભરી જિંદગીને રસીલી બનાવી દીધી, અને છેલ્લી જેલયાત્રામાં તો એ સાપ્તાહિક બહુ લોકપ્રિય થઈ ગયું. છાપામાં દેશવિદેશના સમાચારો મોકલે છે તેમ જેલમાંની એકેએક વ્યક્તિના સમાચારો ખૂણેખૂણાના ખબરપત્રીઓ લાવતા, અને પાંચસો યુવકો એના અંકનું વાચન સાંભળવા દર રવિવારે સવારે 'બડા ચક્કર'માં એકઠા થતા. તાલ, અભિનય અને વિવેચન સાથે એનાં કાવ્યો ગવાતાં, અને બીજા લેખકોને પણ એવાં કાવ્યો મોકલવાનું ઉત્તેજન અપાતું.

આવા મનોરંજક પ્રસંગો, જાદુના ખેલો, રાસ, રાષ્ટ્રીય ઉત્સવો, ગણપતિ ને શિવાજી જયંતીઓ, ટેનિસ, હુતુતૂતૂ ને ગિલ્લીદંડા તથા કુસ્તી ને દોડ વગેરે કાર્યક્રમોથી જેલમાં

'ફરી જોબનિયું આપે
હરિ! તું ફરી જોબનિયું આપે'

એવી કવિ હરિલાલ હર્ષદરાયની પ્રાર્થના અમારે માટે ફળી હતી.

યરોડા જેલમાં એક હોજ હતો. તેમાં એક ભાઈએ ગુલાબીસુનેરી માછલીઓ લાવીને નાખી, અને જોતજોતામાં એનો વસ્તાર ત્યાં વધી ગયો. એક ભૂરું પક્ષી ત્યાં ક્યાંકથી આવી ચડ્યું, એને અમે પાળીપોષીને મોટું કર્યું. એક ભાઈએ એક કુરકુરિયું પાળ્યું. એને દૂધ પાઈને એવું જાડું કર્યું કે, એને 'ચર્ચિલ'ના નામથી બધા ઓળખવા લાગ્યા. એક જૈન ભાઈ ખિસકોલીના બચ્ચાને પોતાના ભાગનું દૂધ પાતા. એક ભૈયાજીએ બિલાડી પાળી

હતી, અને બે દક્ષિણી ભાઈઓ રાત્રે નક્ષત્રો અને રાશિઓનું દર્શન કરાવતા. સાંજે અમે એક ઝાડ પર ચડીને દૂર મહાત્માજી રહેતા તે આગાખાન મહેલનાં દર્શન કરતા.

તિલક જયંતી, ગાંધી જયંતી, પર્યૂષણ પર્વ, ગણેશ ચતુર્થી, ઈદ, નવું વર્ષ, દીવાળી, બળેવ વગેરે ઉત્સવો ઊજવતા; માસિક ધ્વજવંદન તથા ૧૨૪મી કલમની રાજદ્રોહની કલમમાં આવે એવાં રાજદ્વારી ભાષણો પણ કરતા. કોમ્યુનિસ્ટ ભાઈઓ રશિયન નાટકો, લેનિન જયંતિ, સોવિયેટ પ્રદર્શન અને ટૂર્નામેન્ટો ગોઠવતા. સમાજશાસ્ત્ર, બ્રહ્મસૂત્ર, ઉપનિષદો, ખલીલ જિબ્રાન, ટાગોર વગેરે પર ભાષણો થતાં; અને, અખંડ રેંટિયો, અખંડ ગીતાવાચન તથા નવાં પુસ્તકોનાં ઉદ્‌ઘાટન થતાં, થાળીનૃત્ય, ભીલનૃત્ય, રીંછના ખેલ, પોવાડા, અભિનવ વેશભૂષા (ફેન્સી ડ્રેસ) વગેરે પણ પ્રસંગોપાત થતાં. એક ભાઈએ કેવળ થીગડાનીજ છત્રી બનાવી હતી, તેને જેલરે જેલમાંથી નાસી જવાના બલૂન જેવી માનીને શંકા કરેલી. એ ભાઈને પછી અમે એમની આવી અદ્‌ભુત યોજનાશક્તિ માટે ‘સર વિશ્વેશ્વરૈયા’ નામનો સુવર્ણ ચંદ્રક અર્પણ કર્યો હતો !

પીઢ અને મૂગા લોકસેવક રવિશંકર મહારાજ અને થાણાવાળા બબલભાઈની વિનંતિથી મેં એક ‘આરોગ્ય પરિષદ’ પણ જેલમાં ભરેલી તે આઠ દિવસ ચાલેલી. એના પરિપાકરૂપ ‘આરોગ્ય–તનનું, મનનું ને દેશનું’ એ નામનું પુસ્તક બહાર આવીને મેં કર્યું.

સાબરમતી જેલમાં પહેલીજ વખતે જઈને મેં જાહેર

જીવન ખીલવવાનો 'કોન્ટ્રેક્ટ' લઈ લીધો ! એક મોટા ખંડનું 'ગાંધી હોલ' નામ પાડી ત્યાં બપોરના ત્રણથી ચાર વાગ્યાની વચ્ચે વ્યાખ્યાનો રખાવતો; વૃદ્ધો અને પીઢ કાર્યકરોને વિનંતિ કરી કે, દેશના જે આશાવંતા નવજુવાનો અહીં એકત્ર થયા છે તેમને તમારા જ્ઞાન અને અનુભવનો લાભ આપો. દરબાર સાહેબે ઢસાની પોતાની આત્મકથા કહી, એમાંથી કલ્યાણજી ભાઈએ 'ગૂજરાતનું નૂર' લખ્યું. સ્વ. અબ્બાસ સાહેબે પોતાના બાલ્યકાળથી તે વિલાયત ગયા હતા તેની, વડોદરાની ન્યાયાધીશીની, મહારાજા ગાયકવાડ સાથેનાં સ્મરણોની તથા છેવટે ગાંધીજીને મળ્યા પછીના કાયાપલટની ઉત્તેજક વાતો કરી; એમાંથી, 'વૃદ્ધ જુવાન' પુસ્તક લખાયું. અમૃતલાલ શેઠ અને મણિલાલ કોઠારીએ રાજસ્થાનો અને દેશી રાજ્યોના પ્રશ્નને સમજાવ્યો. મેઘાણીએ હૃદયભેદક ગીતો ગાયાં. એ જ પ્રથા બીજી જેલોમાં પણ ચાલુ રહી. સેનાપતિ બાપટે, પોતાના સાહસપૂર્ણ જીવનની, સાને ગુરુજીએ ભૂગર્ભ પ્રવૃત્તિની, તેંદુલકરે જર્મનીની, ડૉ. સાઠે અને ચંદુલાલ દેસાઈએ તિલક મહારાજ સાથેના પ્રસંગોની અને આગાએ ઈરાનની વાતો કહી.

મહેરઅલી પાસે તો મોટું પુસ્તકાલય હતું, અને બીજાઓ પણ પોતપોતાના રસ અને રુચિ અનુસાર પુસ્તકો લાવ્યા હતા. એ ગ્રંથોનો લાભ તો બધા જ સર્વત્રિક રીતે લેતા.

લોઢા ને પથ્થર સિવાય જ્યાં બીજું કંઈ જોવાનું

ન હતું ત્યાં અમે ડમરો ને તુલસી વાવ્ય. દિનકરભાઈ દેસાઈની પ્રેરણાથી રંગબેરંગી ફૂલોના સુંદર બગીચા કર્યા, ને ઓરડીઓમાં પુરાવાનો એક કલાક મોડો કરાવી ચાંદની રાતમાં પ્રેમભક્તિનાં ગીતો ગાયાં.

ધોતિયાં ધોવાની, વાસણ માંજવાની, ઓરડીઓ શણગારવાની અને વાંચવાની સ્પર્ધાઓ થતી. અંતકડીની રમતો, કવિસંમેલનો, મહેફિલો અને નહાવાની તથા બગીચાને પાણી પાવાની શરતો કરી, નવા મિત્રો અને સંસાર રચ્યા.

સરકારે તો અમને રાજકાજમાં પડવાની ખો ભુલાવવા સજાઓ કરી હતી, પણ....

"દિવાલ પથ્થરની ભલે ના કેદખાનું થઈ શકે,
સળિયા ભલે લોહાતણા, પિંજર કદી નહિ લાગશે;
મન જો હશે નિર્દોષ મારું શાંત ચિત્તે ધારશે,
એ પિંજર, એ કેદખાનું, તીર્થ જેવું લાગશે."

ભારતમાતાને મેં ઉત્તર–દક્ષિણ, પૂર્વ–પશ્ચિમ એમ ચારે દિશાએથી જોઈ છે, અને જ્યાંથી જોઈ છે ત્યાંથી રૂપરૂપનો ભંડાર જોઈ મારાં ચક્ષુ ધન્ય થયાં છે.

વર્ષાઋતુમાં દક્ષિણનો સહ્યાદ્રિ પર્વત જોવા મળે એ પણ સદ્‌ભાગ્ય ગણાય. હમણાં મુંબઈથી પૂણે જતાંઆવતાં પશ્ચિમઘાટની શોભા મેં પેટ ભરીને જોઈ. પર્વતનાં શિખરો ને તળેટીઓ લીલાંછમ બની ગયાં હતાં. અસંખ્ય ઝરણો, ધોધ, સરિતાઓ ને સરોવરોથી એ ગિરિપ્રદેશ મનોહર બન્યો હતો. ખંડાલા, લોનાવલા, મુળશીપેઠા વગેરેની કુદરત તો અલૌકિક હતી. એના સૌન્દર્યના અનુસંધાન-દ્વારા મત્ત બની મેં ચાલતી ગાડીએ પણ ઈશ્વરનાં ધ્યાન અને ઉપાસના કરી પેટ ભરીને આનંદ ભોગવ્યો.

પૂણામાં, મૂઠા નદીને કિનારે, એક બંગલાને ત્રીજે માળેથી સૃષ્ટિસૌન્દર્ય માણવાનો અપૂર્વ અવસર મને મળ્યો. નદીકિનારા પર પહેલી રાત, મધ્ય રાત ને પાછલી રાતની ભિન્નભિન્ન પ્રકારની બદલાતી શોભા આટલી નિકટતાથી જોવાની તક મને કદી મળી નહોતી. નીલ આકાશમાં ઝગતા તારાનાં તથા વીજળીના દીવાઓનાં પ્રતિબિંબથી

મંડિત, રૂપેરી સરિતા આછા અલંકારો સજેલી, પવિત્ર સૌભાગ્યવતી જેવી લાગતી હતી. પાછલી રાત તો ચાંદની ખીલી પણ તે પહેલાં એ ચાંદનીના આછા પ્રકાશમાં અને પછી પ્રાતઃકાળ થતાં ઉષાના મનોહર રંગોમાં નદી, નદીના બંને કિનારા, પાછળના પહાડો ને મનોહર આકાશ મેં જોયાં જ કર્યાં. કોઈ પર્વની ઊજવણી માફક મેં એ રાત ને પ્રભાતના મીઠા કલાકો સાત્ત્વિક નિરાંતથી ગાળ્યા.

પછી, મેં પૂણામાં પર્વતી, ચતુર્શિંગી, સંગમેશ્વર, બંધ ગાર્ડન, લશ્કર (છાવણી), મૂળાનો પૂલ તથા શનવાર-પેઠના પેશ્વાવાડા જોયાં.

પર્વતી પરથી આખું પૂણા, એની બંને નદીઓ સાથે, નજરે પડતું હતું. બાજીરાવના ઉતારા, મેડીઓ, છજાં, અટારીઓ અને ઝરૂખા તથા ટંકોરખાનાંની ને સુરંગોની ઐતિહાસિક જગ્યાઓ, જૂના ઇતિહાસને મનોચક્ષુ આગળ પ્રત્યક્ષ કરી રહ્યાં છે. અહીંની લક્ષ્મીનારાયણની મૂર્તિઓ મને ગમી; પરંતુ, હરિજનોને મંદિરમાં પ્રવેશવાની હજી બંધી છે એ પાટિયા પર વાંચ્યું ત્યારે તો જે જાળીવાળી બારીએથી હરિજનોને દર્શનની છૂટ છે તે બારીથી જ મેં સાચાં દર્શન કર્યાં.

ચતુર્શિંગી ઉપર જવાનું તૂટી જતી છાવણીઓને રસ્તેથી હતું. લડાઈને પ્રસંગે લાખો રૂપિયા ખરચીને કરેલાં મકાનો અને સાધનો આજે વેરણછેરણ થઈ રહ્યાં હતાં. અહીંથી ફરગ્યુસન કૉલેજ અને એના છાત્રાલય દૂરથી દેખાતાં હતાં. એ કૉલેજની સંસ્કૃતિએ, દખ્ખણ અને

ગૂજરાતને અલભ્ય લાભ આપ્યા તે ઋણના બદલામાં એ સ્થળેથી મેં એ સંસ્થાને પ્રણામ કર્યા. મંદિરમાં તો સવારને વખતે કોઈ પૂજારી પણ ન હતો; એટલે, માતાજીનાં દ્વાર બંધ હતાં. પણ, ખરાં માતાજી તો ત્યાંથી જ્યાં નજર નાખો ત્યાં–ખેતરો અને મેદાનોમાં, પહાડ ઉપર અને પૂણા નગરીના સત્ત્વમાં–જોવાતાં હતાં. બહુ દહાડે પહાડ ઉપર ચડવાનું મળવાથી મને આનંદ થયો, અને જે ઘાટોને આગગાડીમાંથી દૂરથી જોયા હતા તેનો સ્પર્શ પામીને માતા પૃથ્વી સાથે મેં એકતાનો અનુભવ કર્યો.

બંધ ગાર્ડન તો ત્રણેક વખત જઈ આવ્યો. બાગનાં ફૂલો, વૃક્ષો, બેઠંકા ને એકાંત રસ્તા ઉપરાંત, ખરી મઝા તો પૂલ પરથી નદીના પાણીનો આખો ધોધ પડતો જોવામાં છે. ચારે કાંઠે ભરપૂર પાણી વહી રહ્યાં છે; પશ્ચાત ભૂમિમાં દૂર દૂર ભૂરા પર્વત શોભે છે, અને કિનારે બાગનાં વિશાળ વૃક્ષો પર પંખી કિલકિલાટ કરી રહ્યાં છે. બંધથી આગળ દૂર દૂર સુધી જતી નદી ગ્રામ્ય ને ખરબચડી ભૂમિથી અંકિત ખેતરોમાંથી જતી કોઈ ભરવાડણ જેવી લાગે છે.

જુલાઈની ધારાસભા પૂરી થાય તે પહેલાં જ્ઞાનેશ્વર મહારાજનું જન્મસ્થાન આળંદી જોવું હતું. પણ, આળંદી જતી મોટર બસ ચાર વાગે ઊપડવાની હતી, અને અમે તો એક વાગ્યાના બસ સ્ટેશને પહોંચી ગયા! વચલો જે વખત મળ્યો તે દરમિયાન અમે શનવારપેઠમાં આવેલા પેશ્વાવાડાના બળતાં બચેલા મહેલની આગલી મેડીના ઐતિહાસિક ખંડમાં જઈને બેઠા. "આપણા પૂર્વજોનું સ્મરણ

કરાવતું આ સ્થળ બગાડશો નહિ," એવા લખાણવાળા પાટિયાએ અમારા મન પર બહુ અસર કરી. પેશ્વાઓના મનોરથો ક્યાંના ક્યાં ઊડી ગયા, અને છ હજાર માઈલથી વેપાર કરવા આવેલા અંગ્રેજો હિન્દના સર્વસત્તાધીશો બન્યા. ફરી પાછો નાટકનો પ્રવેશ બદલાયો, ને 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે—અને તે હું લઈશ જ' એમ પોકારતા લોકમાન્ય ટિળક પ્રગટ્યા; ને, એમના દેહવિલય પછીની આ પચ્ચીશીમાં, દેશે ખેડેલી લડતને અંતે, આવી પહોંચેલી દીલ્હીની વાટાઘાટોનાં શુભ પરિણામોની આશામાં ભારે હૃદયે અમે એ ઐતિહાસિક સ્થળને પ્રણામ કરી આળંદી જવા માટે નીકળ્યા.

આળંદીનો રસ્તો ભવ્ય હતો. પહાડો, તળેટીઓ અને ખેતરો એટલાં લીલાંછમ બની ગયાં હતાં કે, એ આખું દૃશ્ય નીલગિરિના પ્રદેશનું સ્મરણ કરાવતું હતું. નાની ઇન્દ્રાયણી નદી, પૂરથી મત્ત, સુંદર બની હતી; અને, યાત્રાનો દિવસ નહિ હોવાથી મંદિરો તથા બીજાં જોવાલાયક સ્થળો શાન્તિપૂર્વક જોઈ શકાયાં. એક મંદિરનાં છજામાંથી નદી બહુ જ સુંદર દેખાતી હતી. મેઘાચ્છાદિત આકાશમાંથી અવારનવાર ડોકિયાં કરતો સૂર્ય, આખી પશ્ચિમપૂર્વ વહેતી નદીને દેદીપ્યમાન બનાવી દેતો. આળંદીની પવિત્રતા, વાતાવરણની સાત્ત્વિકતા અને સૃષ્ટિસૌન્દર્ય તીર્થને યોગ્ય હતાં. નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ અને મુક્તાબાઈ જેવાં ઉચ્ચ સંતો ને ચાંગદેવ જેવા પંડિત ને યોગીની મૂર્તિઓ ત્યાં જોઈ. તુકારામના શિષ્ય મહ્લાપાના

સમાધિમંદિરમાં અમને તુકારામના અભંગોની હસ્ત-લિખિત પ્રતો જોવા મળી. એ જગ્યાએથી ઇન્દ્રાયણીનો તટ રળિયામણો લાગતો હતો.

સ્વ. રાનડેએ મહારાષ્ટ્રના સંતો વિષે જે પુસ્તક લખ્યું છે તેની ચર્ચા કરતા અમે, સંતો અને તીર્થો વડે આપણું લોકજીવન કેવાં સંસ્કારી ને સંતોષી રહી શકયાં છે, તથા બીજી પ્રજાઓના પ્રમાણમાં આપણાં અભણ ગણાતાં સ્ત્રીપુરુષો પ્રભુભકિતથી કેવાં તરબોળ ને કેવાં નીતિ તથા ચારિત્ર્યવાન આજ દિન સુધી રહ્યાં છે, એ વિષે વાતો કરતા કરતા પૂણે પાછા આવ્યા

ફોરેગામરોડ પર ફરતાં મને બાપૂ ગોખલેની સ્વદેશભકિત અને વીરતા સાંભર્યાં. અને, શ્રી. મનમોહનદાસ રામજીના* બંગલાના બગીચામાં બેસી સવારે ઉપનિષદો વાંચવામાં અને ચાંદની રાતોમાં આગાશીમાંથી પ્રભુપ્રાર્થના કરવામાં જે સમય ગાળ્યો છે તે તો કદી ભુલાય એમ નથી.

* ધારા સભાના સભ્યોનો ઉતારો એમને ત્યાં હતો,

કાર્લીનાં ગુફામંદિરો તો વરસતે વરસાદે જોયાં. એ અનુભવ રોમાંચક હતો. મુખ્ય સડકથી દોઢેક માઈલ એ મંદિરોની તળેટી સુધી ચાલ્યા જવાનું હતું. અને, તે જ વખતે ધોધમાર વરસાદ પડ્યો. ગિરિમાળા, ઝરણો, વૃક્ષો ને ખેતરો પૂર બહારમાં ખીલ્યાં હતાં. પૃથ્વી લીલાં વસ્ત્રો ધારેલી નવવધૂ જેવી શોભતી હતી. કેટલી યે નદીઓનાં ઊગમસ્થાન અહીંથી થતાં અમે જોયાં. વર્ષાદી કોટે, મને તટસ્થપણે આ દૃશ્યો જોવાની શક્તિ આપી હતી.

ચડવાનો રસ્તો કાંઈ સારો નહોતો; અને, લપસણુંનો પાર નહોતો. જેમ જેમ ઊંચે જતા ગયા તેમ તેમ દૃશ્ય-પ્રદેશ આકર્ષક અને ભવ્ય બનતો ગયો. આરણ્યકો, આશ્રમો ને ગુરુકુળોની સંસ્કૃતિની હાલનાં વિદ્યાકુળો સાથે સરખામણી કરતા તથા જૂના ચૈતન્યવાદનો હાલના જડ-વાદ સાથે મુકાબલો કરતા અમે બહુ શ્રમે ગુફાના પ્રવેશચોક સુધી પહોંચ્યા.

બે હજાર વર્ષ પરની અદ્‌ભુત શિલ્પ કળા, ભવ્ય સ્થાપત્ય ને અનુપમ મૂર્તિવિધાન જોઈ અમે મુગ્ધ થઈ ગયા. ગુફાની ઉપરના વળાંકની બંને બાજુએ સૂઢો વાંકી

વાળેલા મહાકાય હાથીઓની બે હાર દૂરદૂરનાં રાજારાણીને જાણે અહીંની યાત્રાએ લાવીને દબદબાથી સુવ્યવસ્થિત રીતે ગોઠવાઈ હતી. રાજારાણી યૌવનની મસ્તીથી જાણે દાંપત્યજીવનની પૂર્ણ સ્વતંત્રતા ભોગવતાં લાગતાં હતાં. સામાન્ય યુવકયુવતીઓ પણ પૂજાઅર્થે આવી મંદિરના દ્વાર પાસે અવનવા અંગમરોડથી ઊભાં હતાં. એમનાં મુખ પર તંદુરસ્તીની ઝલક સાથે ગંભીર ભક્તિભાવ કોરેલાં હતાં. બુદ્ધ ભગવાન ઉપદેશ આપતા હોય એવી સ્થિતિમાં પાટ ઉપર, નીચે પગ નાખીને બેઠા હતા. દ્વાર પાસે ધર્મચક્રવાળા સિંહસ્તંભ હતા.

જળાશયો, મંજુલ નાદ કરતાં ઝરણ, વૃક્ષની ઘટાઓ અને વનરાજિની વચ્ચે મુખ્ય મંદિરની બાજુમાં સાધુ વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને ધ્યાન સારુ નાના નાના ખંડો હતા. ત્યાંના સૌમ્ય પ્રકાશ, એકાંત ને શાંતિ આત્મજ્ઞાનને માટે બહુ જ અનુકૂળ લાગતાં હતાં. મૌર્ય અને ગુપ્ત સમયની કલા-સમૃદ્ધિ સાથે સહ્યાદ્રિનું સૃષ્ટિ-સૌન્દર્ય તે દિવસે અમે આકંઠ પીધું, ને ભારતમાતાને પ્રણામ કર્યાં.

પૂનાથી મુંબઈનો મોટર–રોડ બહુ જ રળિયામણો છે. પહાડી માર્ગોના વળાંકભર્યા ચડાવ અને ઉતારથી એ દિવ્ય શોભા ધારણ કરે છે. એ રસ્તે આવતા ખપોલી ગામે અમે તાતાના હાઈડ્રોલિક કારખાનામાં જળધોધદ્વારા ઉત્પન્ન થતી શ્રીકૃષ્ણની બહેન વીજળીને એના અથાગ બળ સાથે જોઈ. વીસમી સદીના કાળા માથાના માનવીની

બુદ્ધિએ ચોગરદમ વેરાઈ જતી એ વિદ્યુતશક્તિને અહીં અંકુશમાં લીધી છે. વાદળમાં ઊડતી વીજળીને કંસ તો નહોતો પકડી શક્યો; પણ, વર્તમાન માનવરાજે એને પકડી છે. કરોડો મણ ભાર અને અસંખ્ય ઉતારુઓને ખેંચી જતી રેલ્વેને એ દરરોજ ચાળીસ વખત નિયમિત-પણે પૂનાથી મુંબઈ ને મુંબઈથી પૂના લઈ જાય છે. હજારો પંખા, લાખો દીવા, સેંકડો કારખાનાં, પાણીના કોસ, યંત્રો ને ઘડિયાળો, અહીં એકત્રિત કરેલી વિદ્યુત-શક્તિદ્વારા ચલાવવામાં આવે છે. મુંબઈ શહેરથી પાલ-ગઢ સુધી ને વિકટોરિયા ટર્મિનસથી ઇગતપુરી સુધી આ વીજળી પોતાની સેવા આપે છે. ભુત કાળ ભવ્ય હતો, એમાં શંકા નથી; પરંતુ, વર્તમાન કાળને પણ મેં આ ભૌતિક વિજ્ઞાનના પુરુષાર્થને કારણે માનસિક પ્રણામ કર્યા.

પૂનાથી દસ બાર માઈલ દૂર દેહૂ ગામમાં તુકારામનાં વિઠોબા અને રુકમાઈ વિરાજે છે. જ્ઞાનેશ્વરના આળંદી ગામવાળી જ ઇન્દ્રાયણી નદી અહીં વહે છે, ને પર્વતો તથા ખેતરોનું સૃષ્ટિસૌન્દર્ય અહીં પણ હૃદયને ઠારે છે.

એક ગૂજરાતી ગૃહસ્થે તંબૂરાવાળા બુવાઓને વર્ષાસન બાંધી આપ્યું છે, તે દિવસરાત મંદિરમાં રંગમંડપમાં ધીમે સ્વરે ભજનોની સતત ધૂન ગાયા કરે છે. એથી વાતાવરણ પવિત્ર થતું હતું, અને દૃષ્ટિ અંતર્મુખ થતી હતી. મંદિરની અગાસીમાંથી નદીનાં તરંગો, દૂરનાં ખેતરો ને સ્નાન કરતાં યાત્રાળુઓની શ્રદ્ધાભક્તિનાં દર્શન થતાં હતાં. જે ટેકરી પર તુકારામ મહારાજ ધ્યાન કરતા તે દૂર દેખાતી

હતી; પણ, નદી ભરપૂર હતી, એટલે એ ઓળંગીને ત્યાં જવાય એમ નહોતું. સંતોના હૃદયનાં દ્વાર એક પછી એક કેમ ઊઘડતાં હશે તે આ સ્થળ જોતાં સ્પષ્ટ થતું હતું.

નદીને કિનારે, ગામમાં, તુકારામને ઘેર, એમ બધે ફર્યા. તુકારામની સ્ત્રીની મૂર્તિ, રામદાસ, શિવાજી ને તુકારામની મુલાકાતના પ્રસંગનું એક કાલ્પનિક દૃશ્ય, તુકારામનાં પુસ્તકો બ્રાહ્મણોએ ઇન્દ્રાયણીમાં નંખાવી દીધાં તેની રક્ષા કરતા ભગવાન શ્રીકૃષ્ણનું ચિત્ર, વગેરે ત્યાં જોયાં, ને એ બધું વાતાવરણ જાણે સાથે બાંધીને ઘેર આવ્યા.

લોકમાન્યે સ્થાપેલા 'કેસરી' પત્રની ઑફિસની યાત્રા કરી ત્યારે ત્યાંથી સ્વ. ન્યાયમૂર્તિ રાનડેનું લખેલું 'ધ રાઇઝ ઑફ મરાઠા પાવર'નું પુસ્તક લીધેલું. એમાંથી પૂનાની ભૂગોળ સાથે મરાઠા રાજ્યના ઉદય અને પેશ્વાઈની પડતીનો આખો ચિતાર એક ચિત્રપટની માફક મનમાં અંકિત થઈ ગયો. એ પછી આધુનિક ઇતિહાસ માટે લોકમાન્યનું ઘર જોવા ગયો. એમનાં પૌત્રવધૂ ઘેર હતાં એમણે આખું ઘર, લોકમાન્યનો ખંડ, એમના પિતા, માતા તથા પત્નીની છબિઓ, એમની પાઘડી તથા વસ્ત્રો, એમનો ખાટલો, ટેબલખુરશી અને અગાશીમાંની એમની આરસની મૂર્તિ વગેરે બતાવ્યાં. સ્વ. ગોપલકૃષ્ણ ગોખલેએ જે ટેકરી પર સેવાની પ્રતિજ્ઞા લીધી હતી તથા પોતાના મિત્ર દ્રવિડ ને દેવધરને જ્યાં દેશસેવાની દીક્ષા આપી હતી તે 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી' ('ભારત સેવક સમાજ') પાસેની ટેકરીની પણ યાત્રા કરી. અને, હિંદી સ્વાતંત્ર્યનો પ્રથમ

ઉદ્ઘોષ કરનારા એ બંને મહારાષ્ટ્રીય વીરોને તથા એ વાતાવરણને પ્રણામ કર્યા.

પૂનાની બાજુમાં ખેડ ને ચાકણ નામે બે ગામડાં છે. શિવાજી મહારાજે મૂળ જુન્નર ને ચાકણ એ બે જ કિલ્લાથી પોતાની કારકીર્દિ શરૂ કરેલી. એ ચાકણના અવશેષો જોયા. લાલા લજપતરાયને મારનાર પોલિસનું ખૂન કરવાને કારણે ફાંસીની સજા ભોગવનાર રાજગુરુ (ભગતસિંહ અને રાજગુરુવાળા)નું ગામ ખેડ. ત્યાં જે ઘરમાં રાજગુરુ રહેતા હતા તે, ભીમા નદીને કિનારે આવેલા સ્વચ્છ માટીના નાના ઘરમાં હું રાત રહી આવ્યો. ભાટગર ડૅમ અને ખડગવાસલા ડૅમ વડે, વહી જતી નદીઓનાં પાણી બાંધીને આધુનિક ઇજનેરી વિદ્યાએ જે ફળદ્રુપતા આસપાસના સેંકડો એકરોને આપી છે તે જોયાં. ભાટગર ડૅમ દોઢ માઈલ લાંબો છે, તેને લીધે પહાડોની તળેટીમાં એકઠું થતું પાણી પચીસ માઈલનો વિરાટ વિસ્તાર રોકે છે, અને ચાળીસ ફીટ ઊંડું રહે છે. એ બંધ ઉપર ફરવું, પાસેના બગીચામાંથી એ વિશાળ જળાશયને નીરખવું, ધોધ પાસેથી પડતાં પાણી જોવાં, એ જીવનનો એક લ્હાવો લાગ્યો.

સિંહગઢની યાત્રા એ પૂનાની છેલ્લી પણ મોંઘી મુસાફરી હતી. આખો ગઢ જાણે ખુદ પ્રતાપી શિવાજી મહારાજ વિરાટ દેહે ઊભા હોય, એવો ભવ્ય લાગે છે, અને રાષ્ટ્રીય સરકાર ત્યાં લશ્કરી કૉલેજ કાઢવાની જે યોજના કરે છે તે સર્વ રીતે યોગ્ય જ છે.

[૩૫]

ગઈ વર્ષા ઋતુને જાણે વિદાયમાન દેતાં હોય તેમ પૂનાનાં કેટલાંક રસિક નગરજનોએ ત્યાં હમણાં એમ્પ્રેસ બાગમાં ફૂલોનું સુંદર પ્રદર્શન ભર્યું હતું. આખો બગીચો –તેના ચોક ને ખૂણા સુદ્ધાં–રંગબેરંગી પાનોનાં કૂંડા ને વિધવિધ રંગોનાં અસંખ્ય ફૂલોને સુરુચિથી ગોઠવીને અલૌકિક રીતે શણગાર્યો હતો. એક મોટો મંડપ તો પ્રકારપ્રકારની ફૂલદાનીઓ, લોટા, કાચનાં અને રૂપાનાં ફૂલપાત્રો તથા નાનાવિધ ઘાટનાં સેંકડો કૂંડાથી એટલો બધો અલંકૃત કર્યો હતો કે, ત્યાંથી ખસવાનું મન જ ન થાય. એમ લાગતું હતું કે, પૃથ્વી પર જેટલા રંગો છે, અને જેટલી સુગંધીઓ છે તે બધાંથી એ આખો મંડપ જાણે ભરપૂર હતો. જે ફૂલો માત્ર પૈસા કે રૂપિયાના કદનાં સામાન્યતઃ જોવામાં આવે તે મોટા કટોરા જેવાં ખિલાવેલાં હતાં. ઘરોનાં આંગણાંને સૃષ્ટિસૌંદર્યથી કેમ દીપાવી શકાય એવી 'લૅન્ડસ્કેઈપ ગાર્ડનિંગ'ની કળા માટે ખાસ ઇનામો હતાં. તે ઉપરાંત, ગૃહશણગાર, ભોજનગૃહ અને શયનગૃહના શણગાર, મંદિરો અને અભ્યાસગૃહના શણગાર ઓટલા અને અગાશીઓના તથા ચોકના અને દીવાનખા-

નાના શણગાર, ખૂણાઓ અને છાજલીઓના શણગાર, ફૂલો, વેલા ને પાંદડાથી કેમ કરી શકાય, અરે, મોટરો અને બાઈસિકલો સુદ્ધાંને ફૂલોથી કેમ શણગારી શકાય, તે કળા ત્યાં જોવામાં આવતી હતી. શહેરના માળીઓને પોતપોતાનાં બાગોની હરીફાઈ કરવાની વર્ષ અગાઉથી ખબર આપવામાં આવી હતી, અને પરીક્ષકસમિતિને જે બાગ શ્રેષ્ઠ શોભાયમાન અને સુરુચિપૂર્વક અલંકૃત લાગ્યા તેને ઇનામો, ચાંદો અને બક્ષિસો વડા પ્રધાન ખેર સાહેબ પાસે અપાવ્યાં હતાં. સ્ત્રીઓ પણ ત્યાં વિધવિધ કળાથી પોતાના કેશને શોભાવતી વેણીઓ પહેરીને આવી હતી. સભાપતિ અને એમનાં પત્નીને માટે જે હારો બનાવ્યા હતા તે પણ કલામય અને ચિત્તાકર્ષક હતા.

સત્કારમંડળના પ્રમુખ એક વૃદ્ધ મોબેદ (પારસી ધર્મગુરુ) હતા. પારસી ધર્મગુરુઓ આમ તો સાદાં સફેદ વસ્ત્રો જ પહેરે છે. એમણે પણ એ તો પહેર્યાં હતાં; પણ, ઉપર સુનેરી કોરનો ધોળો દુપટ્ટો સુંદર રીતે ઓઢીને પોતે પણ બગીચાના આથમતા સૂર્ય જેવા તેજસ્વી બન્યા હતા. એમણે પોતાનાં ફળ, ફૂલ અને વૃક્ષોના મંડળનો તે દિવસે સો વર્ષનો ઇતિહાસ કહ્યો: ‘ ગુલ મહોરનાં વૃક્ષો હિંદુસ્તાનમાં અમારું મંડળ લાવેલું, યુકલિપ્ટસનાં ઝાડ અને મોગલવેલી પણ અમે પ્રસારી, મુંબઈ સંગ્રહસ્થાનનો વિકટોરિયા બાગ અને મુંબઈ, પૂનાનાં બીજાં ઉદ્યાનો અમારી દેખરેખ નીચે થયાં છે, એમ કહી અંતમાં પોતે તો ભિક્ષુ છે, અને નવી સરકાર પાસે બગીચાઓ કરવા અને તે દ્વારા લોકોને સુખી કરવાની ભિક્ષા માગવા હાથ

લંબાવે' છે, એમ જણાવીને 'સર્વે જનાઃ સુખીનો ભવન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ' વાળો સુપ્રસિદ્ધ સંસ્કૃત શ્લોક ગાઈને એમણે આશીર્વાદ આપ્યા. ખેર સાહેબે પણ નવી રાષ્ટ્રીય સરકારના અમલ નીચે આપણાં ગામડાં અને શહેરો વૃક્ષ-રાજિઓ તથા બાગબગીચાથી શોભી રહે, એવી પ્રાર્થના કરીને એ મંડળને, પોતે બ્રાહ્મણના પુત્ર હોવા છતાં, વર્ષોથી બંધ પડેલું સરકારી વર્ષાસન ફરી શરૂ કરી આપશે એવું વચન આપ્યું.

આ પૃથ્વી પર ઉતારેલી સ્વર્ગભૂમિ સમા, ફૂલોના એ પ્રદર્શનની હકીકતથી આ લેખમાળા હવે સમાપ્ત થાય, એ જ યોગ્ય છે. હજી વર્ષાઋતુમાં જોયેલો ભોરઘાટ, નીલા અને મૂઠા નદીના બંધો પાસેનું સૌન્દર્ય, દક્ષિણનાં પાદરે વહેતાં ઝરણો અને ભીમા નદી; રાજકોટનું સરોવર, જામનગરનો અમૂલ્ય અને અનન્ય ચિત્રસંગ્રહ મારે વર્ણવવાં હતાં. જામનગરના યુરોપી ચિત્રસંગ્રહમાં ખલીલ જિબ્રાનની 'વિદાય વેળાએ'નું ભવ્ય ચિત્ર છે એમાં, બાર વર્ષ લગી પર્વતના શિખર પર રહી એક તપસ્વી સાધુ (જે માનવજીવનનું રૂપક છે તે) એ ગ્રામવાસીઓની છેલ્લી વિદાય લઈને અંતિમ સફરે નીકળે છે એનું કરુણ-રસિક પણ પાવનકારી દૃશ્ય છે. દર વર્ષની માફક આ વર્ષની દીવાળીએ મારા નાનકડાં ઘરમાં ધ્યાન માટે જે ચિત્રો ગોઠવ્યાં છે તેમાં એક કનુભાઈ દેસાઈનું 'કામદેવ અને રતિ'નું ચિત્ર છે. એમાં, પૃથ્વી પરનાં રસિક યુવકો અને યુવતીઓનાં પ્રતિનિધિ સમાં કામદેવ અને રતિને હું

જોયા કરું છું, અને આ મોહક સંસારને નમન કરું છું. બીજાં બે ચિત્રોમાં પંજાબી ચિત્રકાર ચુઘતાઈની 'વિયોગિની,' પોતાના સ્વર્ગવાસી પતિની કબર ઉપર ફૂલ ચડાવવા આવી છે તે એની પાસે હૃદયતંતુ જેવી દિલરૂબાને વગાડતી, ગાનસમાધિમાં લીન છે. ત્રીજું ચિત્ર અવનીન્દ્રબાબુનું છે. તેમાં પુત્રને અંધ કરનાર અશોકની કામપિપાસુ રાણી, તિષ્યરક્ષિતા, બોધિવૃક્ષ પાસે પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતી છળી ઊઠેલી જોવામાં આવે છે.

પરંતુ, આ જીવનલીલાનાં રસદર્શનનો તો પાર નથી. મને ભય લાગે છે કે, વધુ લંબાવવાથી કદાચ ઘરડા લોકોના બકવાટરૂપ થઈને એ કંટાળો આપશે. પણ, વાચકને છેલ્લે એટલું જ કહું છું કે, વસ્તુનું સૌન્દર્ય કે રસદર્શન માણસ પોતાની દૃષ્ટિની સહૃદયતા અને રસાભિમુખતાથી કરી શકે છે. મજનુને કોઈએ કહ્યું હતું કે, 'તારી લયલા કંઈ તું કહે છે એવી તો સુંદર નથી; બધી સ્ત્રીઓ છે, એવી એ પણ છે.' એને મજનુએ જવાબ આપ્યો હતો કે, 'તમે એને મારી આંખથી જુઓ!' એમ, મારે પણ એટલું જ કહેવું છે કે, આ બધો સંસાર મારી આંખથી જુઓ. હું જે રીતે રસાભિમુખ થઈ શક્યો, અને આ સંસારના સૌન્દર્યનું પાન કરી શક્યો તેમ આ પુસ્તકના વાચનથી જો વાચક અભિમુખ થશે તો તેની હું કૃતાર્થતા સમજીશ.

શિશુવિહારથી જીવન શરૂ કર્યું હતું. પરંતુ, "એ નિર્દોષ બાળપણ, હાય રે, ચાલ્યું ગયું!' એવો શોક મેં કદી કર્યો

નથી. કિશોરાવસ્થા, યૌવન, પ્રૌઢાવસ્થા, બધાંએ મને પોતાના આનંદ આપ્યા છે. અરે, આ સંસારનાં સ્ત્રીપુરુષોમાંથી પણ કોઈની સામે કશી ફરિયાદ કરવાનું મને કારણ મળ્યુ નથી. કેટલાંકોએ તો મારા પર પ્રભુ જેવા પ્રેમ કર્યો છે. આ પૃથ્વી પાસેથી, જળ પાસેથી, આકાશ પાસેથી, તેજ પાસેથી અને વાયુ પાસેથી મેં જીવનભર રસ અને સૌંદર્ય જ મેળવ્યાં છે. શિશુવિહારથી જીવનરૂપી નાટકનો એકક-એક અંક, મને સુખદુઃખના નાના પ્રકારના અનુભવોનુ અત્તર આપી ગયો છે. હવે કલાકો ઘડપણના ગણાય. એ હવે બ્રહ્મવિહારના પરમ રસદર્શનમાં જાય, એવી મારી નમ્ર પ્રાર્થના છે. એ બ્રહ્મ કંઈ અહીંથી બહુ દૂર હોય, એમ મને લાગતું નથી. આ જડ ગણાતાં જગતમાં જ મને તો એ ઠસોઠસ ભરેલો લાગે છે.



બે બહુ વંચાતી નવલકથાઓ

ઘુવડ બોલ્યું   નારુ દેશાઈ   ૨-૪

મહાગૂજરાતનું માનીતું દૈનિક પત્ર 'સંદેશ' બેતાળીસની લોકક્રાન્તિની લડત પર મંડાયેલી આ ક્રાંતિકારક નવલ પર પ્રશંસાનાં પુષ્પો વેરતાં લખે છે:

'ગૂજરાતી પ્રજાની બહાદુરી અને સ્વદેશનિષ્ઠાના ચિહ્ન રૂપે ભાવી ઇતિહાસકાર આ પુસ્તકને સાચવશે, ને ક્રાન્તિની ઝાલરી જ્યાં સુધી નહિ બુઝાય ત્યાં સુધી ગૂજરાતી પ્રજા એને વાંચશે. એટલુ જ નહિ, એના વાંચનમાં ગૌરવ લેશે, એટલું તેજસ્વી એનું વસ્તુ છે, એટલું આકર્ષક એનું આયોજન છે!'

બહિષ્કાર   પલાશ   ૩-૦

ગૂજરાતનું અગ્રણી માસિક 'શિક્ષણ અને સાહિત્ય' આ સળંગ સામાજિક નવલકથાનું વિવેચન કરતાં લખે છે:

'વાંચવી શરૂ કરીએ તો પછી પૂરી ન કરીએ ત્યાં સુધી જંપ ન વળે એનું નામ રસિક કથા. એ લક્ષણ આ નવલકથાને પૂરેપૂરું લાગુ પડે છે.

'....હિંસાની સામે અહિંસાની, વેરની સામે પ્રેમની અને મૃત્યુની સામે જીવનની અદ્ભુત કલાની પ્રતિષ્ઠા કરાવનાર આ નવલકથા એક રીતે અસામાન્ય કોટિની છે.'

ઉત્તમ પુસ્તકો સસ્તે દામે આપવાનો શુભ હેતુ સારતી

મૃદુલ ગ્રંથાવલિ

વર્ષ ત્રીજું — વાર્ષિક લવાજમ રૂપિયા ૭

આ ગ્રંથાવલિમાં અપાયેલાં પુસ્તકોની યાદી :

ઘુવડ બોલ્યું	નીરુ દેસાઈ
પરિહાસ	સ્વ. પ્રો. નવલરામ જ. ત્રિવેદી એમ. એ.
અજ્ઞાતા	ચુ વ શાહ
નાના હતા ત્યારે	ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ
પ્રેમ પ્રતિજ્ઞા	સ્વ. પ્રેમચંદજી
વ્રજરાણી	,,
બહિષ્કાર	પલાશ
વિસર્જન	અનુ૦ પલાશ
વિવાહ મંદિર	નારાયણબાબુ
પ્રવાસી	પ્રો. ના. સી. ફડકે

આગામી આકર્ષણો

ર સ દ ર્શ ન	ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈ
પ તિ વ્ર તા	જૈનેન્દ્રકુમાર